# જીવન-પંચામૃત

મુકુલ કલાર્થી

હરિ: ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા-૪

# જીવન પંચામૃત

( પાંચ પ્રેરક જીવનચરિત્રો )

★

મુકુલભાઈ કલાર્થી

★

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતના લોકશિક્ષક સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ અમીનની શતાબ્દિનું વર્ષ ચાલતું હતું. મોતીભાઈ અમીન સાહેબને પ્રિય એવો સાહિત્ય-વિષય જીવનચરિત્રનો. જગતભરના મહાન પુરુષોનાં જીવનચરિત્રો વંચાવવાં, લખાવવાં, પ્રકાશિત કરવાં અને વાંચવા માટે ભલામણ કરવાં એ એમનો અંતર–ઊર્મિનો આનંદ. એટલે એક દિવસ સ્વ. પૂ. મોટા અને શ્રી. નંદુભાઈ સાથેની વાતચીતમાં આ વિષય મેં છેડયો અને જીવનચરિત્ર પ્રકાશન માટે કંઈક વ્યવસ્થા વિચારવા વિનંતી કરી. લોકઘડતર ને નવી પેઢીના ઘડતરમાં અદમ્ય ઉત્સાહ ને રસ ધરાવનાર પૂ. મોટાને આ વાત ગમી ગઈ અને તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને જીવન-ચરિત્રો પ્રકાશિત કરવા રૂ. ૨૫,૦૦૦ નું હરિઃૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર ટ્રસ્ટ સોંપ્યું.

આ શ્રેણીનું આ ચોથું પુષ્પ છે. એમા સર પુરષોત્તમદાસ ઠાકુરદાસ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, લાલા લજપતરાય, જવાહરલાલ નેહરુ અને સંત તુકારામ પર અમારી પસંદગી ઊતરી. એ પાંચેય રાષ્ટ્રરત્નોની પ્રસંગાત્મક અને પ્રેરણાદાયી ચરિત્ર-કથા સંક્ષિપ્તમાં શ્રી મુકુલભાઈએ લખી આપી એ આ માળાનું સદ્‌ભાગ્ય રહ્યું છે.

ભગવદ્‌કૃપા હોય તો આવા સુભગ સંયોગો સર્વત્ર પ્રાપ્ત થાય. સ્વ. પૂ. મોટાના આશીર્વાદ

એ અમારે મન ભગવદ્કૃપાનું વર્પણ છે. એમની પ્રેમમય શ્રદ્ધાને પાત્ર અમે સૌ નીવડતાં રહીએ તેવી પ્રાર્થના સહ સ્વ. પૂ. મોટાનો, ભાઈ નંદુભાઈનો, ભાઇ મુકુલભાઈનો તથા પ્રફુલ્લભાઈનો હું આભાર માનું છું.

આશા રાખું છું કે આ ચરિત્રપુષ્પ ગુજરાતી વાચકોને ગમશે અને આવાં અનેક પુષ્પો આપવાની પ્રેરણા આ પુષ્પોને વસાવી ગુજરાતની ગુણજ્ઞ પ્રજા અમને આપતી રહેશે.

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

## અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| ૧. | સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ | .. | .. | ૧ |
| ૨. | ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | .. | .. | ૨૮ |
| ૩. | લાલા લજપતરાય | .. | .. | ૫૩ |
| ૪. | જવાહરલાલ નેહરુ | .. | ... | ૭૪ |
| ૫. | સંત તુકારામ | .. | .. | ૯૮ |



પ્રકાશક :
શ્રી ચરોતર એજ્યુકેશન સોસાયટી
સ્ટેશનરોડ,
આણંદ.

: મુદ્રક :
જગદીશચંદ્ર સી. શાહ
પલક ટાઈપ સેટર
નગરશેઠનો વંડો,
ઘીકાંટા, અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮.

કિંમત : રૂા. ૩–૦૦

# ૧. સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ

મુંબઈમાં 'નારણદાસ રાજારામ એન્ડ કંપની' એ બહુ જાણીતી પેઢી. રૂનો બહુ મોટો વેપાર કરે.

એ પેઢીમાં એક ગ્રેજ્યુએટ જુવાન શિખાઉ તરીકે કામ કરતો હતો.

એક વાર પેઢીએ સારા બંગાળી રૂની ૫૦૦ ગાંસડી જાપાનીસ પેઢી પાસેથી કોઈને માટે ખરીદી હતી.

આમાંની કેટલીક ગાંસડીઓનો ડિલિવરી ઑર્ડર ટપાલ દ્વારા આવ્યો. પરંતુ આ નવાસવા શિખાઉ યુવાનને આવા કામના નિકાલની ખબર નહિ. એટલે આટલો ઑર્ડર ચોપડામાં નોંધી લઈ આવેલી રસીદને પોતાના મેજમાં મૂકી દીધી.

થોડા દિવસ પછી બીજી કેટલીક ગાંસડીઓનો ઑર્ડર આવ્યો. એ બાબતમાં પણ એ યુવાને એમ જ કર્યું.

આ અંગે તેણે પેઢીના મુખ્ય વ્યવસ્થાપક નારણદાસને કશી વાત કરી નહિ. યુવાનને મન એમ કે, બધી જ ગાંસડીઓનો ઑર્ડર આવી જાય પછી વાત કરીશ.

ચારેક દિવસ પછી દલાલે ઑફિસે આવીને નારણદાસને પૂછ્યું :

'તમે હજી ડિલિવરીના ઑર્ડર કેમ છોડાવ્યા નથી ?'

નારણદાસે કહ્યું :

'અમને તો હજી સુધી કશા ઑર્ડર મળ્યા નથી !'

દલાલે નવાઈ પામીને કહ્યું :

'અરે, એવું તે કંઈ બને, શેઠજી ? ચાર પાંચ દિવસ પહેલાં ઑર્ડર મોકલાવી દીધા છે. તેની મુદત પણ આજકાલમાં પૂરી થઈ જશે.'

નારણદાસે તરત જ પેલા યુવાનને બોલાવીને પૂછ્યું :

'કંઈ ડિલિવરી ઑર્ડર ટપાલમાં આવ્યા છે ?'

યુવાને સહજભાવે કહ્યું :

'હા જી, મને એ મળ્યા છે. પૂરેપૂરી ગાંસડીઓના ઑર્ડર ના આવે ત્યાં સુધી એને રાખી મૂકવાના હિસાબે મેં એને નોંધીને મેજમાં મૂકી રાખ્યા છે.'

નારણદાસ ખૂબ આકરા સ્વભાવના હતા. તેમનો પિત્તો ગયો. દલાલ અને બીજા વેપારીઓ વગેરેની દેખતાં જ તેમણે પેલા યુવાનને તમાચો ચોડી દીધો !

યુવાને એ શાંતિથી ખમી ખાધો, એટલું જ નહિ પણ સાંજે તે ઘેર ગયો તોયે પોતાના કાકાને એ બાબતમાં કશું કહ્યું સુધ્ધાં નહિ.

નારણદાસનો ગુસ્સો ઊતર્યો, એટલે એમને વિચાર આવ્યો કે, તે ઘેર જઈને કાકાને વાત કરશે જ.

એ યુવાનના કાકા એ પેઢીના મુખ્ય ભાગીદાર હતા. યુવાનને છેક નાનપણથી એમણે ઉછેર્યો હતો. એટલે નારણદાસને થયું કે, એના કાકા મારા પર જરૂર રોષે ભરાશે.

બીજે દિવસે સવારે કાકા પેઢીએ આવ્યા. નારણદાસે સંકોચ સાથે કહ્યું :

'ગઈ કાલે બનેલા બનાવ અંગે તમને કશું જાણવા મળ્યું કે ? તમારા ભત્રીજાએ વાત કરી હશે.'

કાકાએ કહ્યું :

'ના, મને તો કાલે શું બન્યું એની કશી ખબર નથી. એણે મને કશી વાત કરી નથી.'

નારાણદાસે બનેલો બનાવ એમને કહી સંભળાવ્યો.

સાંજે નારણદાસે પેલા યુવાનને પાસે બોલાવીને પૂછ્યું :

'તમે ગઈ કાલે બનેલા બનાવ અંગે તમારા કાકાને કેમ વાત નહિ કરી ?'

યુવાને સહજભાવે જવાબ આપ્યો :

'નારણદાસકાકા, એમાં ફરિયાદ કરવા જેવું શું હતું ? મેં ભારે ભૂલ કરી હતી. એને લીધે પેઢીને બહુ મોટું નુકસાન થાત. પરંતુ તમે એ ભૂલ કુનેહથી સુધારી લીધી. તમે પણ મારા મુરબ્બી જ છો. તમે તમારી રીતે એનું ભાન મને કરાવ્યું એમાં કશું ખોટું નથી. મને યોગ્ય કારણને લીધે સજા થતી હોય એ બાબતમાં ફરિયાદ કરવાનું મારા સ્વભાવમાં નથી. બીજું, તમારી ઉપરવટ જઈને કોઈની આગળ ફરિયાદ કરવાનું સૂઝ્યું પણ નહિ. જે થયું એ બરોબર જ હતું.'

આ સાંભળીને નારણદાસ ખૂબ પ્રસન્ન થયા. તે બોલી ઊઠ્યા :

'શાબાશ ! શાબાશ ! મારે તારા જેવા જુવાનિયાનું જ કામ છે.'

આવા ધન્યવાદને પાત્ર એ યુવાનને તમે ઓળખ્યા ? તે હતા ભવિષ્યમાં નામના પામનાર સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ. એમનું જીવન વેપારી–જગત તેમ જ નાગરિકો માટે આદર્શ પૂરો પાડે એવું ઉજ્જવળ અને પ્રતિભાસંપન્ન હતું.

## સંસ્કારસંપન્ન કુટુંબમાં જન્મ

સર પુરુષોત્તમદાસના દાદા શ્રી આત્મારામ ઇચ્છારામ હરિભાઈ સુરતના વતની હતા. એમની સ્થિતિ સાધારણ હતી. પરંતુ એમનું કુટુંબ વિદ્યા અને સંસ્કારથી શોભતું હતું.

આત્મારામદાદાના મોટા પુત્ર શ્રી ઠાકુરદાસ સૉલિસિટર થયા હતા. મુંબઈની એક સૉલિસિટરની પેઢીમાં જોડાયા હતા.

બીજા પુત્ર શ્રી વ્રજભૂષણદાસે મુંબઈમાં નોકરીથી જીવન-વ્યવસાયનો પ્રારંભ કર્યો. પછી તે 'નારણદાસ રાજારામ'ની પેઢીમાં ભાગીદાર થયા હતા. બહુ ઓછા સમયમાં તે આ ધંધામાં સફળ થયા.

પુરુષોત્તમદાસનો જન્મ સંવત ૧૯૩૫ના જેઠ સુદ નોમ, તા. ૩૦મી મે ૧૮૭૯ના રોજ સુરતમાં થયો હતો.

બંને ભાઈઓના બહોળા કુટુંબમાં તે પ્રથમ પુત્ર–સંતાન હતા. એટલે કુટુંબમાં 'નંદઘેર આનંદ ભયો' જેવો ઉત્સવ જ ઊજવાયો.

આ વખતની એક હકીકત નોંધવા જેવી છે.

પુરુષોત્તમદાસના જન્મ પહેલાં પિતા ઠાકુરદાસ માતા દિવાળીબાઈને હંમેશાં તુલસીદાસકૃત રામાયણની કથા વાંચી સંભળાવતા હતા. એ કથા પૂરી થઈ તેને બીજે જ દિવસે પુરુષોત્તમદાસનો જન્મ થયો.

આપણામાં એવી માન્યતા છે કે, માતાના વિચારો, સંકલ્પો અને સંસ્કારોની અસર બાળકના મન પર થયા વિના રહેતી નથી. પુરુષોત્તમદાસના જીવનમાં પણ 'રામાયણ'માં દર્શાવાયેલા ઉચ્ચ વિચારો અને નીતિના સિદ્ધાંતો મૂર્તિમંત થયેલા જોવા મળે છે.

## બાળપણમાં માતાપિતા ગુમાવ્યાં !

એમનું બાળપણ સુખ–આનંદમાં પસાર થતું હતું. માતાપિતાના તો તે આંખની કીકી જેવા હતા. ત્યાં તો એ પ્રેમભાજન બાળક પર આફત આવી પડી.

પુરુષોત્તમદાસ ચારેક વર્ષનો થયો, એવામાં એના પિતા ઠાકુરદાસ અકસ્માતમાં ગુજરી ગયા ! ઠાકુરદાસની ઉંમર તે વખતે ૪૨ વર્ષની હતી. હવાખાવાના સ્થળ માથેરાનમાં તે ઘોડેસવારી કરતા હતા. ત્યાં તેમને અકસ્માત નડ્યો અને તે અવસાન પામ્યા !

ઠાકુરદાસ પુરુષોત્તમદાસને નામે નાનકડી મિલકત અને લગ્ન વેળાએ ખરચવાના રૂપિયા ચાર હજાર તથા પોતાની દીકરીઓને તેમ જ પોતાના ભાઈની દીકરીઓને આપવા માટે દસ હજાર રૂપિયા મૂકતા ગયા.

પુરુષોત્તમદાસનાં માતુશ્રી દિવાળીબાઈ પતિવ્રતા હતાં. પતિના દુઃખદ અવસાન પછી તેમણે સંસારવ્યવહારમાંથી મન ખસેડી લીધું અને લગભગ એકાંતવાસમાં જ રહેવા લાગ્યાં. પોતાનાં સંતાનોની સારસંભાળ લેવા સિવાય તે કોઈ વાતમાં રસ લેતાં નહિ. પતિના અકસ્માત અવસાનની તેમના દિલ પર ખૂબ ઊંડી અસર થઈ અને બે વર્ષ પછી તે પણ પતિ પાસે પહોંચી ગયાં !

માતા છએક વર્ષના પુરુષોત્તમને કાકા–કાકીને સોંપી ગયાં. તેમને ખાતરી હતી કે તેઓ બાળક પુરુષોત્તમને પોતાના પુત્રની માફક જ સંભાળશે.

## કાકા–કાકીની શીળી છત્રછાયામાં

કાકા વ્રજભૂષણદાસને એક પુત્ર હતો. તેનું નામ ચૂનીલાલ. તે મોટપણે સર સી. વી. મહેતા તરીકે જાણીતા થયા.

વ્રજભૂષણદાસે અને અંબાલક્ષ્મીએ આપેલું વચન બરોબર પાળી બતાવ્યું. તેઓ પોતાના પુત્રની જેમ જ પુરુષોત્તમદાસને ઉછેરવા લાગ્યાં.

કાકા વ્રજભૂષણદાસે અંબાલક્ષ્મીને કહ્યું :

'એને બરોબર ખવડાવજે–પિવડાવજે અને સારી રીતે કપડાં પહેરાવજે. હું બીજું બધું સંભાળી લઈશ.'

વ્રજભૂષણદાસે એ કરી બતાવ્યું. તેમણે પુરુષોત્તમદાસને જિંદગીભર પુત્રસમ સંભાળ્યા. માબાપની ઓછપ જરાપણ વર્તાવા દીધી નહિ.

## વિદ્યાભ્યાસ

દિવાળીબાઈ હયાત હતાં, તે વખતે જ કાકાએ એક સારા સંસ્કારી શિક્ષકને પુરુષોત્તમદાસને ભણાવવા રોકયા હતા. માતા ઘણી વાર પડદા પાછળથી છાનાંમાનાં જોતાં કે, છોકરો બરોબર ધ્યાન દઈને ભણે છે કે નહિ ?

બાળક પુરુષોત્તદાસને રમતગમતમાં ખૂબ રસ હતો. છાપરા પર ચડીને પતંગ ચગાવવી એને બહુ ગમતું. એનાં બાને અને પછીથી કાકા–કાકીને એ છાપરા પરથી પડી તો નહિ જાયને ! એની ખૂબ ચિંતા થતી.

પુરુષોત્તમદાસ વધારે તરવરાટવાળો હતો. તેથી ટીખળ અને મસ્તીતોફાન કરવામાં તેને ખૂબ મજા પડતી.

પુરુષોત્તમદાસને મુંબાદેવીની શાળામાં અને તેજપાલ એંગ્લો–વર્નાકયુલર સ્કૂલમાં બહુ રસ પડયો નહિ. પરંતુ જયારે તેને એલ્ફિંસ્ટન હાઈસ્કૂલમાં મૂકવામાં આવ્યો, ત્યારે તે વખતની શાળાનો એને બરોબર અનુભવ થયો.

અહીં શિસ્તનું ધોરણ ખૂબ જ કડક હતું. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ'નું ત્યાં સામ્રાજય પ્રવર્તતું હતું. પુરુષોત્તમદાસ ખૂબ સાવધ રહીને અભ્યાસ કરવા લાગ્યો. જેથી તે શિક્ષકના વાંકમાં ન આવે.

નિશાળના શિક્ષકો અને ઘરનાં વડીલો એને જે સારી સલાહ-સૂચના આપતાં, એ મુજબ પુરુષોત્તમદાસ વર્તવા તૈયાર રહેતો.

એલ્ફિંસ્ટન હાઈસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક બહુ સારી રીતે ભણાવતા નહોતા. એટલે તેણે સંસ્કૃત છોડીને ફ્રેન્ચ લીધું. ફ્રેન્ચના શિક્ષક માયાળુ સ્વભાવના હતા.

એમના હાથ નીચે વિદ્યાર્થી પુરુષોત્તમદાસે સારી પ્રગતિ બતાવી મેટ્રિકની પરીક્ષામાં તેણે ફ્રેન્ચમાં પ્રથમ આવીને ઇનામ મેળવ્યું.

## વ્રજભૂષણદાસનું હૂંફાળું પ્રોત્સાહન

મેટ્રિક પછી પુરુષોત્તમદાસ એલ્ફિંસ્ટન કૉલેજમાં દાખલ થયા. અહીં તે ક્રિકેટ, ટેનિસ વગેરે રમતોમાં ઉત્સાહથી ભાગ લેવા લાગ્યા. આને કારણે તેમ જ પરીક્ષા પહેલાં માંદગી આવેલી હોવાથી પુરુષોત્તમદાસ કૉલેજની ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં નાપાસ થયા !

આ અંગે વાત નીકળતાં એક હિતેચ્છુ ભાઈએ વ્રજભૂષણદાસને કહ્યું :

'તમારે એને બહારની પ્રવૃત્તિમાંથી રોકવો જોઈએ. તે અભ્યાસમાં પ્રગતિશીલ બને એ જોવું જોઈએ.'

વ્રજભૂષણકાકાએ કહ્યું :

'પુરુષોત્તમ પોતાનો વિકાસ સારી રીતે કરી રહ્યો છે. હું નથી ઇચ્છતો કે, તે ઇનામો જીતવા માટે પુસ્તકિયો કીડો બને.'

વ્રજભૂષણકાકા પોતાના ભત્રીજા પુરુષોત્તમદાસની પ્રગતિમાં ખૂબ કાળજી લેતા હતા અને એમાં જરાય પક્ષપાત દાખવતા નહિ.

તે સમયમાં મુંબઈ હિંદુ જીમખાનાની સ્થાપના થઈ. એમાં વ્રજભૂષણદાસ આજીવન સભ્ય બન્યા. પરંતુ મોટી ઉંમરને કારણે જીમખાનાની પ્રવૃત્તિઓમાં તે ભાગ લઈ શકતા નહોતા. એટલે તેમને કોઈએ સૂચવ્યું:

'તમારા કુટુંબમાંથી કોઈ યુવાનને તમારી જગ્યાએ નીમી દો.'

વ્રજભૂષણદાસે સહજભાવે એ સ્થ ને પુરુષોત્તમદાસને પસંદ કર્યા.

આ જોઈને કોઈએ કહ્યું :

'પુરુષોત્તદાસ એટલા ખેલદિલ નથી. એ સ્થાને તમારા દીકરા ચૂનીલાલ વધારે શોભે. એ સ્થાન માટે તે જ વધારે લાયક છે.'

વ્રજભૂષણદાસ તરત જ બોલી ઊઠ્યા :

'હું તમારી સાથે સંમત થતો નથી. તેથી પુરુષોત્તમદાસ જ મારું સ્થાન લેશે.'

## વ્યવસાય અંગેનો નિર્ણય

એકવીસ વર્ષની વયે પુરુષોત્તમદાસ ૧૯૦૦ની સાલમાં બી. એ. થયા. કૉલેજમાં હતા એ વખતે તે સાથોસાથ એલ. એલ. બી. નો પણ અભ્યાસ કરતા હતા. અને બી. એ. ના પહેલા વર્ષ વખતે તેમણે એલ. એલ. બી. ની પહેલી પરીક્ષા પાસ કરી હતી.

હવે બી. એ. પછી પુરુષોત્તમદાસે વકીલાતનો ધંધો સ્વીકારવો કે તેમના કાકાની સાથે રૂનો વેપાર કરવો ? એ સવાલ આવીને ખડો થયો.

પુરુષોત્તમદાસના પિતા સ્વ. ઠાકુરદાસ ઇચ્છતા નહોતા કે, તેમનો પુત્ર પોતાના ધંધામાં પડે. તેથી તેમણે આ અંગે ખાસ સૂચના આપી રાખી હતી. વ્રજભૂષણદાસ આ વાત જાણતા હતા. છતાં પોતાના સ્વભાવ પ્રમાણે તેમણે આ બાબતમાં પુરુષોત્તમદાસ પોતે જ નિર્ણય કરે એમ વિચાર્યું.

પુરુષોત્તમદાસને તો પોતાના પિતાના ધંધામાં જ જવાની ઇચ્છા હતી. તેથી તેમણે કાકાને કહ્યું :

'કાકા, મને મારા પિતાજીની ફર્મમાં લઈ જાઓ.'

વ્રજભૂષણદાસે એ સામે કશો વાંધો લીધો નહિ. તે એમને ઠાકુરદાસની ઑફિસે લઈ ગયા. તે વખતે એ ઑફિસના મુખ્ય ભાગીદારોએ પુરુષોત્તમદાસને ઉમળકાથી આવકાર્યા નહિ. આ જોઈને તેમનો ઉત્સાહ ઓગળી ગયો અને તે નિરાશ બની ગયા.

આ જોઈને વ્રજભૂષણદાસે તેમને પ્રોત્સાહન આપતાં કહ્યું :

'તું શા માટે અમારી પેઢીમાં આવીને કામ કરવા માગતો નથી ? અમને પણ તારા જેવા જુવાનિયાઓની જરૂર છે. તારી ઇચ્છા હોય તો આવી જા.'

એટલે ૧૯૦૧માં પુરુષોત્તમદાસ તેમના કાકાની પેઢી 'નારણદાસ ઍન્ડ કંપની'-માં શિખાઉ તરીકે જોડાયા. જોકે આ પેઢીમાં વ્રજભૂષણદાસનું નામ પાટિયા પર લખાતું નહોતું. પરંતુ તે એ પેઢીના મુખ્ય ભાગીદાર અને વહીવટદાર હતા. નારણદાસ અને રાજારામ એ બે જણા તેમના ભાગીદાર હતા. તેઓ બંને પણ સુરતના હતા. નારણદાસ એ તો પુરુષોત્તમદાસના પિતાના જૂના મિત્ર હતા.

આ પેઢી રૂ અને તેલીબિયાંનો વેપાર કરતી હતી.

## કડક દેખરેખ નીચે તાલીમ

નારણદાસે યુવાન ગ્રેજ્યુએટ પુરુષોત્તમદાસને ભાવભર્યો આવકાર આપતાં કહ્યું :

'જો તું અમારી પેઢીમાં જોડાશે, તો હું ભલે આ ધંધામાંથી નિવૃત્ત થયો છું, છતાં બે એક વર્ષ પેઢીએ આવીશ અને તને ધંધો શીખવવામાં મદદ કરીશ. થોડા વખતમાં જ તું જાણકાર થઈ જશે.'

નારણદાસ એ પ્રમાણે પેઢીએ આવવા લાગ્યા. પરંતુ તે બહુ કડક શિક્ષક હતા. તે પુરુષોત્તમદાસ પર બરાબર ધ્યાન આપતા અને જરૂર પડે ધમકાવી પણ કાઢતા.

દરરોજ સવારે પુરુષોત્તમદાસ નારણદાસને ઘેર અચૂક પહોંચી જતા અને તેમની સાથે સિગરામમાં બેસીને ઑફિસે જતા.

પેઢીમાં નારણદાસ બધા દલાલોની સાથે ધંધા અંગે વાતચીત કરતા. એમાં ઘણી વાર પુરુષોત્તમદાસને સમજાતું નહિ. એટલે તે વચ્ચે પ્રશ્ન પૂછતા. આ જોઈને નારણદાસ તડૂકી ઊઠતા :

'આમ વચ્ચે ડબડબ કર નહિ અને સવાલો પૂછ નહિ. છાનોમાનો સાંભળ્યા કર.'

પુરુષોત્તમદાસ એ પ્રમાણે કરવા લાગ્યા. ધ્યાનપૂર્વક બધી વાત સાંભળવા લાગ્યા.

દલાલો જાય એટલે નારણદાસ પુરુષોત્તમદાસને કહે :

'ચાલ, બોલી જા જોઉં, તેં શી વાતો સાંભળી ?'

પુરુષોત્તમદાસની સ્મરણશક્તિ સારી હતી. એટલે તે બધી વાતચીત બરોબર કહી સંભળાવતા.

પરંતુ પુરુષોત્તમદાસને એ સમજાતું નહિ કે, નારણદાસે જુદા જુદા દલાલોને આપેલી માહિતી સરખી નહોતી ! એટલે તે એમને પૂછતા :

'તમે શા માટે બધાને જુદું જુદું કહેતા હતા ?'

આ સાંભળીને વેપારમાં રીઢા બની ગયેલા નારણદાસ કહેતા :

'હજુ તું બચ્ચું છે. હજી તું મારી સાથે ચૌદ દિવસ રહે, પછી ખબર પડશે. આવા મૂર્ખામીભરેલા સવાલો ન પૂછ.'

પુરુષોત્તમદાસ કુટુંબની આ પેઢીમાં કામ કરનાર પ્રથમ ગ્રેજ્યુએટ હતા. તેમણે જોયું કે, પેઢીમાં જેમ તેમ ચાલતા કારોબારને લીધે ઘણી વાર કામ બગડે છે અને માથાફોડ ઊભી થાય છે.

નારણદાસનું કામ ગણતરી વગરનું રહેતું. રાજારામ હિસાબનું કામ સંભાળતા હતા. તે એક પાઈની ખોટ માટે ખરખરો કરતા. પરંતુ રૂપિયાની ખોટ બીજી રીતે થતી તે એમના ખ્યાલમાં આવતી નહિ ! રાજારામ કચશની ટોપલીમાંથી ફાટેલું કવર કાઢીને તેને સરખું કરીને તેના ઉપર અઘરામાં અઘરા હિસાબ ગણતા. પરંતુ એની વ્યવસ્થિત નોંધ રાખતા નહિ.

પુરુષોત્તમદાસે એ પણ જોયું કે, રોજ કેટલાય કાગળો પોસ્ટમાં આવતા, તેમાંના ઘણા બધા ફોડ્યા કે વાંચ્યા વિના પડી રહેતા !

નારણદાસ પુરુષોત્તમદાસ પાસેથી બરોબર કામ લેતા. આખી ઑફિસમાં પુરુષોત્તમદાસ એકલા જ ગ્રેજ્યુએટ હતા. એટલે ઘણીવાર ઑફિસના બીજા માણસો અને ભાગીદારો પણ એમને ટોણો મારીને એમને ઉતારી પાડે એવી ટીકા કરતા. એમનાથી કંઈ ભૂલ થઈ જાય, એટલે તેઓ એમની મશ્કરી કરીને કહેતા :

'આ કંઈ ચોપડાઓ વાંચીને અને અન્ય પરીક્ષા પાસ કરીને ચલાવી શકાય એવું કામ નથી.'

વ્રજભૂષણદાસ પુરુષોત્તમદાસ પર પોતાના દીકરાની માફક જ ઘેર વહાલ અને ભાવ રાખતા. કેટલીક બાબતોમાં વધારે લાગણીશીલ પણ બની જતા.

પરંતુ ધંધાકીય બાબતમાં તેમણે પુરુષોત્તમદાસને નારણદાસની કડક દેખરેખ નીચે જ મૂકી દીધા હતા. પોતે એ અંગે કશી દખલગીરી કરતા નહિ. ઊલટા આ વિશે તે બહારથી કડક ચોકીદાર જેવા વર્તતા.

એક વાર નારણદાસે વ્રજભૂષણદાસને કહ્યું :

'પુરુષોત્તમનું કામકાજ સારું ચાલે છે. હવે આપણે એને દર મહિને કંઈક રકમ આપવી જોઈએ.'

વ્રજભૂષણદાસે તરત જ એ વાતને નકારી કાઢતાં કહ્યું :

'એવું તે કંઈ થાય? એના ઉપર કૌટુંબિક જવાબદારી જેવું છે શું? હું બધું એને આપું જ છું ને! ભલે એ આમ જ કામ કરતો. હજી એને બરોબર કેળવાવા દો.'

## લગ્નની બાબતમાં વ્રજભૂષણકાકાની સૂઝ

વ્રજભૂષણદાસ લગ્નની બાબતમાં પણ પુરુષોત્તમદાસના સ્નેહાળ વાલી તરીકે બરોબર ધ્યાન રાખતા હતા.

પુરુષોત્તમદાસ પંદર વર્ષના હતા, ત્યારે તેમનાં કાકી અંબાલક્ષ્મીએ પતિ આગળ પોતાના કુટુંબની એક કન્યા વિશે વાત મૂકીને કહ્યું :

'પુરુષોત્તમના વિવાહ એની સાથે ગોઠવીએ તો?'

આ સાંભળીને વ્રજભૂષણદાસે ગંભીરતાથી કહ્યું :

'સાંભળ, એના આપણે ટ્રસ્ટી જેવાં છીએ. તેથી આપણે આપણા બાળક કરતાં પણ સારી રીતે એની સંભાળ લેવી રહી. જ્યાં ત્યાં વિવાહ કરી નાખવાની શી ઉતાવળ છે? એને બરોબર ભણી લેવા દે.'

પછી જ્યારે પુરુષોત્તમદાસ ગ્રેજ્યુએટ થયા, ત્યારે વ્રજભૂષણદાસે કચ્છના દીવાનના સંબંધી દામજી ભાણજી કોઠારીની સુપુત્રી ધનકોર સાથે તેમનાં લગ્ન ૬ઠ્ઠી માર્ચ ૧૯૦૧માં કર્યાં. તે વખતે પુરુષોત્તમદાસની ઉંમર ૨૨ વર્ષની અને ધનકોરની ઉંમર ૧૯ વર્ષની હતી.

આ પ્રસંગે વ્રજભૂષણદાસની વડીલ તરીકેની ભાવના દેખાઈ આવે છે.

આમ તો, વ્રજભૂષણદાસ ખૂબ કરકસરિયા અને ગણતરીબાજ હતા. પરંતુ અહીં એમણે એવું જરાયે કર્યું નહિ. પુરુષોત્તમદાસના પિતા પુત્રના લગ્ન માટે

રૂપિયા ૪૦૦૦ મૂકી ગયા હતા. પરંતુ કાકાએ એમાંથી એક પાઈ પણ ખરચી નહિ. બધો ખર્ચ પોતે ખુશીથી ઉપાડી લીધો.

## વેપારમાં કાબેલિયત મેળવી

પુરુષોત્તમદાસ ત્રણ વર્ષમાં પેઢીનાં બધાં કામકાજથી વાકેફ થઈ ગયા. ચીવટ, ખંત, મહેનત અને ધંધાકીય અવનવી બાબતો સમજી લેવાની સજાગ વૃત્તિ એમનામાં હોવાથી તે યુવાન વયમાં પણ અનુભવી વેપારી માફક કોઈ પણ બાબતને સ્પષ્ટ સમજી અને જોઈ લેવાની શક્તિ ધરાવતા થઈ ગયા.

નારણદાસ એમના કામની કદર કરીને એમને રૂપિયા ૫૦૦૦ બોનસ તરીકે આપવા લાગ્યા. તેમની ઇચ્છા તો વધારે આપવાની હતી. પરંતુ વ્રજભૂષણદાસે એટલું પણ ખૂબ વધારે છે એવો અભિપ્રાય આપ્યો.

એવામાં વ્રજભૂષણદાસ પડી જવાથી એમના થાપાના હાડકાંને ઇજા થઈ. એટલે તે હવે પેઢીએ આવવા અશક્ત બની ગયા. એ જ વરસે પેઢી ભારે ખોટમાં આવી પડી. તેલીબિયાંમાં ત્રણ લાખની જબ્બર ખોટ આવી.

આ આફતને લીધે પેઢીની દાનત ખોરી થઈ ગઈ. એના ભાગીદારોએ પુરુષોત્તમદાસને પેઢીના આઠ આની ભાગીદાર થવા અને ચાલુ વરસની ખોટમાં સહભાગી બનવા સૂચવ્યું.

પુરુષોત્તમદાસે એ બાબતમાં વાંધો ઉઠાવ્યો. તેમણે દલીલ કરતાં જણાવ્યું :

'હું શા માટે વાર્ષિક ખોટમાં ભાગીદાર થાઉં? હું તો હજી શિખાઉ કર્મચારી જેવો છું અને આ ખોટમાં જવાબદાર ગણાઉં નહિ.'

નારણદાસે સામી દલીલ કરી :

'જો તમે ના પાડશો, તો અમારે પેઢીને બંધ કરવાનો વારો આવશે. અમે એકલા ચલાવી શકીએ એમ નથી.'

પુરુષોત્તમદાસ ધર્મસંકટમાં મુકાઈ ગયા. પોતાની સામાન્ય બુદ્ધિ એમને કહેતી હતી કે, તેમણે સાવધતાથી કામ લેવું જોઈએ. જ્યારે એમની કુટુંબ પ્રત્યેની લાગણી અને વ્રજભૂષણકાકા પ્રત્યેનો પ્રેમ એમ કહેતાં હતાં કે, તેમણે પેઢીની પડખે ઊભા રહેવું જોઈએ.

પુરુષોત્તમદાસે આ ઉપર ખૂબ વિચાર કર્યો. છેવટે કુટુંબ પ્રત્યેની લાગણીનો વિજય થયો. તેમણે કાકાને પોતાનો નિર્ણય જણાવ્યો અને તેમના આશીર્વાદ માગ્યા. વ્રજભૂષણદાસે પ્રસન્નતાથી એમને આશીર્વાદ આપ્યા.

પુરુષોત્તમદાસના પિતા એમને માટે વારસામાં મકાન–મિલકત મૂકી ગયા હતા. એનો અમુક ભાગ વેચી નાખીને તેમણે પેઢીનું દેવું ચૂકવી દીધું. આમ, ૧૯૦૭માં

પુરુષોત્તમદાસ ' નારણદાસ રાજારામ ઍન્ડ કંપની 'ના એક મુખ્ય ભાગીદાર બની ગયા.

છ વર્ષના કામથી કાબેલ અને અનુભવી બનેલા પુરુષોત્તમદાસ થોડા સમયમાં જ ' રૂના રાજા ' તરીકે દુનિયામાં જાણીતા થવાના હતા.

## અંગત ભેટ ન લીધી

આ સમયનો એક પ્રસંગ નોંધવા જેવો છે.

કૉટન ઍસોસિયેશનના ગ્લેઝબ્રુક સાહેબ પુરુષોત્તમદાસની કુશળ કામગીરીથી રાજી થયા હતા. તેમણે નારણદાસ રાજારામની પેઢીનો હિસાબ નક્કી થયા પ્રમાણે પૈસા ચૂકતે કરવા ચેક લખી આપ્યો અને પુરુષોત્તમદાસને સોંપ્યો.

ગ્લેઝબ્રુકે થોડીવાર વિચાર કરીને પાંચ હજાર રૂપિયાનો બીજો ચેક લખ્યો અને ' પૉકેટ મની ' તરીકે પુરુષોત્તમદાસને ચૅક આપતાં કહ્યું :

' આ તમારા માટે.'

બીજે દિવસે નારાયણદાસ રાજારામની પેઢી તરફથી ગ્લેઝબ્રુકને પત્ર મળ્યો. તેમાં હિસાબના ચૅકનો સાભાર સ્વીકાર કર્યો હતો અને સાથે વધારાના પાંચ હજાર રૂપિયા જમા કર્યાની નોંધ તથા રસીદ હતાં !

ગ્લેઝબ્રુક સાહેબે પુરુષોત્તમદાસને બોલાવ્યા અને હસતાં હસતાં કહ્યું.

' શા માટે તમે બીજા પૈસા પેઢીમાં જમા કરાવ્યા ? એ તો મેં તમારું કામ જોઈને ખુશ થઈને અંગત ભેટ તરીકે આપ્યા હતા. આ શું તમારું બાઈબલ છે ?

પુરુષોત્તમદાસે શાંત અને મક્કમ અવાજે કહ્યું :

' એમાં બાઈબલ જેવું કશું નથી. એ તો સામાન્ય જ્ઞાનની, સાદી સમજની વાત છે. મારાથી પેઢીના કોઈ પણ કામ અંગે અંગત ભેટ ન લેવાય.'

## પ્રામાણિકતાનું સુફળ

' પ્રમાણિકતા અમારો મુદ્રાલેખ છે ' એમ ઘણા બધા વેપારીઓ લખતા અને બોલતા હોય છે. પરંતુ એ જીવનસૂત્રને વ્યવહારમાં મૂકનાર આંગળીને વેઢે ગણાય એટલા જ હોય છે. કેટલાક એમ કહે છેઃ ' ભાઈ, આ પ્રમાણિકતા અને સચ્ચાઈનો જમાનો નથી. એ રીતે વેપાર કરવા બેસીએ, તો દેવાળું જ કાઢવું પડે ! '

પરંતુ પુરુષોત્તમદાસે આ જીવનસૂત્રને વ્યવહારમાં મૂર્તિમંત કરી બતાવ્યું. પ્રમાણિકતા તો વ્યાજ સાથે વળતર આપે છે, એ વાત તેમણે પોતાના વ્યવહાર પરથી સાર્થક કરી બતાવી છે.

સહેલાઈથી પૈસા કમાવાના એ સુવર્ણકાળ વેળાએ મુંબઈમાં જ્યારે વેપાર ધમધોકાર ચાલતો હતો, ત્યારે વ્યાપારી જગતમાં પ્રામાણિકતા અને સચ્ચાઈની ઓટ આવી હતી.

૧૮૬૧માં અમેરિકન આંતરવિગ્રહને કારણે બ્રિટનને રૂ મેળવવાની મુશ્કેલી ઊભી થઈ હતી. તે વખતે ભારતના રૂની માગ ખૂબ જ વધી ગઈ. એ કારણે રૂના ભાવ આસમાને ચડી ગયા. વેપારીઓ પણ આ તકનો લાભ ઉઠાવીને માલેતુજાર થવા લોભિયા બની ગયા. એ વિગ્રહ પછી પણ ભારતના વેપારીઓ માલમાં ઘાલમેલ કરીને વધારેમાં વધારે નફો મેળવવાની જ દાનત રાખતા હતા.

પુરુષોત્તમદાસ આવી સુવર્ણની માયામાં ફસાય એવા નહોતા. જ્યારે આવી ઘેલછામાં લોકો ભાન ભૂલીને ખેંચાતા હતા, ત્યારે પુરુષોત્તમદાસ પોતાના મનની સમતા જાળવી રાખવા સજાગ હતા.

પહેલાં પુરુષોત્તમદાસને જણાયું કે, પોતાના ઘરને જ સુવ્યવસ્થિત કરવાની જરૂર હતી. પેઢીને જો સધ્ધર બનાવવી હોય, તો નુકસાનીને કોઈ પણ હિસાબે અટકાવવી જોઈએ.

તેમણે તેલીબિયાંનો ખોટનો વેપાર બંધ કરી દીધો અને રૂના વેપાર પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું.

પુરુષોત્તમદાસે જોયું કે, વેપારીઓ વેપારમાં બહુ છેતરપિંડી કરતા હતા. પુરુષોત્તમદાસને એનો અનુભવ જ્યારે શિખાઉ તરીકે પેઢીમાં જોડાયા હતા એ દિવસોમાં જ થયો હતો.

તેમણે જોયું હતું કે, સુરત અને ભરુચનાં રૂ કેન્દ્રોમાં મબલખ રૂ પડ્યું હતું, જ્યારે મુંબઈનું બજાર રૂના અભાવે રૂ પરદેશ નિકાસ કરી શકતું નહોતું.

એક વાર પુરુષોત્તમદાસ પોતાની પેઢીના પ્રતિનિધિ તરીકે એવા એક કેન્દ્રમાં જઈ પહોંચ્યા. ત્યાં પડી રહેલા રૂના જથ્થાને જોઈને યુવાન પુરુષોત્તમદાસે ત્યાંના વ્યવસ્થાપકને પૂછ્યું :

'અહીં આટલું બધું રૂ છે, છતાં તમે કેમ અમને અમારા ઑર્ડરનું રૂ હજી મોકલતા નથી? તમે તરત જ રૂની ગાંસડીઓ મુંબઈ મોકલવાની વ્યવસ્થા કરો તો સારું.'

પેલા માણસે આ જુવાનિયાની વાતને કશું મહત્ત્વ ન આપ્યું. તેણે પુરુષોત્તમદાસને સામેથી પૂછ્યું :

'તમારી પેઢીના ઉપરી પાસેથી લેખિત સૂચના લખી લાવ્યા છો ?'

પુરુષોત્તમદાસે તરત જ મુંબઈ જઈને વ્રજભૂષણકાકાને બધી વાત કરી. વ્રજભૂષણદાસે તરત જ એમને પોતાની પેઢીના પ્રતિનિધિ તરીકે કામકાજ કરવાનું લેખિત પ્રમાણપત્ર આપ્યું.

પુરુષોત્તમદાસ એ કાગળ લઈને રૂના પેલા મથકે પહોંચી ગયા. કાગળ

પાંચાન પેલો માણસ એમની સાથે સારી રીતે વર્તવા લાગ્યો.

પુરુષોત્તમદાસે એને પૂછ્યું :

'મુંબઈમાં રૂની અછત છે, ત્યારે અહીં રૂનો આટલો મોટો ઢગ શા માટે ખડકી રાખ્યો છે ?'

એ દલાલે આ વાતનો ફોડ પાડતાં જણાવ્યું :

'શું કરીએ, ભાઈ? આ રૂ સારું છે. એમાં હલકી જાતનું રૂ ઉમેરવાનું હજી બાકી છે. એ આવ્યું નથી, એટલે આ બધું રૂ અહીં પડી રહ્યું છે. ભાઈ, અમે આ રીતે ન કરીએ, તો અમને વેપારમાં નફો શી રીતે થાય ?'

આ સાંભળીને પુરુષોત્તમદાસ હબકી ગયા ! તેમણે કહ્યું :

'પણ આ તો બહુ ખરાબ કહેવાય ! આ તો છેતરવાનો ધંધો છે !'

દલાલે પોતાના ખભા ઊંચા કર્યા. એને મન તો આવું કરવું એ દૂધવાળો દૂધમાં પાણી ભેળવે એના જેવું હતું !

પુરુષોત્તમદાસે ત્યાં ને ત્યાં એને હુકમ લખી આપ્યો કે, રૂની સારી જાતમાં કદાપિ હલકું રૂ ઉમેરવું નહિ.

દલાલે એ હુકમ વાંચીને આંખનાં ભવાં ચડાવ્યાં. તેને મન તો આવી વાત ખોટને નોતરવા જેવી કહેવાય. આથી પેઢી જોતજોતામાં પાયમાલ થઈ જાય !

પરંતુ પુરુષોત્તમદાસ એ વાતને વળગી રહ્યા. તેમણે એ જ ઘડીએ મનોમન નિશ્ચય કર્યો કે, હિંદી રૂના વેપાર પરનું આવું લાંછન કોઈ પણ હિસાબે દૂર કરવું અને જાતે એ પ્રમાણે વર્તીને દાખલો પૂરો પાડવો.

ભગવદ્ ગીતામાં કહ્યું છે ને—

'नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति ।'—શુભ કર્મ કરનારો મનુષ્ય કદી દુર્ગતિ પામતો નથી.

પુરુષોત્તમદાસને પણ એવી દૃઢ શ્રદ્ધા હતી કે, હું સન્માર્ગે જવા માંગું છું. માટે ભગવાન મારું કદી અહિત નહિ કરે. આખરે સત્યનો જ જય થશે.

અને આગળ જતાં પુરુષોત્તમદાસે એ પ્રમાણે કરી બતાવ્યું. તેમણે ચાલુ બજાર કરતાં ઊંચા ભાવે સારું રૂ આપવાનું શરૂ કર્યું.

## મોટા ઉદ્યોગપતિનું દિલ જીતી લીધું

તે વખતે મુંબઈમાં ઈ. ડી. સાસુન નામના મોટા મિલ ઉદ્યોગપતિ અગ્રગણ્ય અને કાબેલ ગણાતા હતા. તેમને કાને પુરુષોત્તમદાસના આ હિંમતભર્યા પગલાંની વાત આવી.

આમ તો ઈ. ડી. સાસુન પોતાને જોઈતું રૂ તે વખતની જાણીતી અને સધ્ધર ગણાતી 'વસનજી ત્રિકમજી ઍન્ડ કંપની' મારફતે ખરીદતા હતા.

વયોવૃદ્ધ ઉદ્યોગપતિ ઇ. ડી. સાસુને પુરુષોત્તમદાસને પોતાને ખાસ મળવા ઑફિસે બોલાવ્યા.

તે જમાનામાં વેપારી વર્ગ પણ અંગ્રેજી જાણતો ન હતો. કોઈક વેપારીને ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી આવડતું હતું.

એટલે સાસુને પુરુષોત્તમદાસ સાથે હિંદીમાં વાત કરવા માંડી. પણ પુરુષોત્તમદાસે એનો જવાબ શુદ્ધ અંગ્રેજીમાં આપતાં કહ્યું :

'હું ગ્રેજ્યુએટ છું અને અંગ્રેજી જાણું છું.'

એ સાંભળીને સાસુન રાજી થયા. પછી મૂળ વાત પર આવતાં તેમણે કહ્યું :

'હું માનું છું કે, રૂના વેપારમાં પ્રામાણિકતાને પૂરતો અવકાશ છે. પરંતુ તમારી પાસે હાલ તુરતમાં રૂનો કેટલો જથ્થો છે ?'

પુરુષોત્તમદાસે હિંમતપૂર્વક જવાબ આપ્યો :

'તમને જોઈએ એટલું રૂ આપી શકીશું. તમે ઑર્ડર આપો એટલી જ વાર.'

એટલે સાસુને પોતાના સૅક્રેટરી જીજીભાઈને કહ્યું :

'તમે શા માટે એમને ઑર્ડર આપતા નથી ?'

જીજીભાઈ થોડી મૂંઝવણમાં પડી ગયા.

વસનજી ત્રિકમજીની કંપનીએ રૂના જે ભાવ આપ્યા હતા તે માર્કેટના ભાવથાં ૧૦ કે ૧૫ રૂપિયા જેટલા ઓછા હતા, જ્યારે પુરુષોત્તમદાસે આપેલા ભાવ માર્કેટના ભાવ કરતાં પણ ઊંચા હતા !

પુરુષોત્તમદાસ હસતા હસતા બોલ્યા :

'જો તમને અમારા ભાવ ઊંચા લાગતા હોય, તો ભલે તમે ન ખરીદો.

'પરંતુ એટલું યાદ રાખજો કે, હું, સારા રૂનો વેપાર કરું છું. રૂની ગુણવત્તા — Quality પ્રમાણે એનો ભાવ હશે.'

આ વાત સાંભળીને વયોવૃદ્ધ સાસુન એમનાથી પ્રભાવિત થયા. સાસુન ઉંમરને કારણે આંખે દેખી શકતા ન હતા, પણ પોતાની આંખ પુરુષોત્તમદાસ તરફ ફેરવીને એમની વાતને તે આવકારવા લાગ્યા. તેમનો કરચલીભર્યો ચહેરો ખીલી ઊઠ્યો. તેમણે સૅક્રેટરી જીજીભાઈને કહ્યું :

'એમને ૫૦૦ ગાંસડીઓનો ઑર્ડર આપો.'

સાસુન આંખે દેખી શકતા ન હતા. પરંતુ હાથમાં રૂ પકડીને તેની જાત પારખી શકતા હતા.

પુરુષોત્તમદાસે મોકલાવેલા રૂને હાથમાં લઈને જોતાં જ સાસુનને ખાતરી થઈ કે, એ રૂ ખરેખર ઊંચામાં ઊંચી જાતનું છે.

એટલાથી સાસુનને સંતોષ ન થયો. એટલે મિલમાં જઈને ત્યાં કામ કરતા કામદારોને એ બતાવીને તેમણે પૂછ્યું. કામદારો પણ એ રૂનાં વખાણ કરવા લાગ્યા.

આ જોઈને સાસુને તરત જ પોતાને રૂ પૂરો પાડનારા વેપારીઓ અને દલાલોને બોલાવીને ઊંચે સાદે કહ્યું :

'હું તમારી પાસેથી શું ખરીદી રહ્યો હતો ? તમે મને બધું રદ્દી રૂ જ મોકલતા હતા કે શું ?'

તેમણે ગુસ્સાથી હુકમ કર્યો :

'આપણાં બધાં ગોડાઉનો ખોલી નાખો અને એમાં ભરેલ રૂની ચકાસણી કરો.'

તપાસ કરતાં જણાયું કે, પુરુષોત્તમદાસે આપેલા રૂ કરતાં એ બધું રૂ ખૂબ જ હલકી જાતનું હતું.

સાસુનનો પિતો ઉછળ્યો. તેમણે આગ્રહપૂર્વક હુકમ કર્યો:

'એ બધું રૂ એના વેપારીઓને પાછું મોકલાવી દો અને એની જગ્યાએ પુરુષોત્તમદાસની પેઢી પાસેથી સારામાં સારું રૂ ખરીદીને ભરો.'

## રાહત કાર્ય હાથ ધર્યું

૧૯૧૧ની સાલમાં ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર વગેરે સ્થળે દુષ્કાળ પડ્યો.

સર ફિરોઝશાહ મહેતાના પ્રમુખપદે દુષ્કાળ-રાહત સમિતિની રચના થઈ.

ફિરોઝશાહ મહેતાને પોતાના મદદનીશ તરીકે માણસની પસંદગી કરતાં સારું આવડતું હતું. તેમની નજરે પુરુષોત્તમદાસ ક્યારના ચડ્યા હતા. તેમણે એમનામાં રહેલું હીર પારખી લીધું હતું.

હજી પુરુષોત્તમદાસે જાહેર કાર્યમાં ઝંપલાવ્યું નહોતું. પરંતુ પ્રામાણિક અને નીડર વેપારી તરીકે તેમની ખ્યાતિ ફિરોઝશાહે સાંભળી હતી.

ફિરોઝશાહે પુરુષોત્તમદાસને મળવા બોલાવ્યા. વાતચીત અને વ્યક્તિત્વ પરથી તે એમના દિલમાં વસી ગયા. તેમણે પુરુષોત્તમદાસને દુષ્કાળની ગંભીર પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. માણસો કરતાં બિચારાં મૂંગાં ઢોરઢાંખરની બૂરી દશા થઈ હતી. તાત્કાલિક રાહતનાં પગલાં ભરવામાં નહિ આવે, તો એ બાપડાં પાણી અને ઘાસ-ચારા વિના ટળવળીને મરી જ જાય !

આવી બધી વાતોનો ખ્યાલ આપીને ફિરોઝશાહે મુદ્દાની વાત ઉપર આવીને કહ્યું :

'આવા મોટા અને જવાબદારીભર્યા રાહતકાર્ય માટે મને તમારા જેવા મંત્રી અને ખજાનચીની ખૂબ જ જરૂર છે. હું ઇચ્છું કે, તમે આ જીવદયાના કામમાં સહાયરૂપ થવા મારા મંત્રી અને ખજાનચી તરીકે જોડાવા ના નહિ પાડો.'

પુરુષોત્તમદાસ આવા જાહેર સેવાના કામથી ટેવાયેલા નહોતા. જે કામ હાથમાં લઈએ તેને પૂરેપૂરા વફાદાર રહીને સતત પરિશ્રમ ઉઠાવીને સફળ કરવું એવો તેમનો સ્વભાવ હતો. જે કામમાં તેમને ગતાગમ ન હોય, એ ભલેને કેટલુંય સારું અને લાભદાયક હોય, તોયે તે એ કામ હાથમાં લેતા નહિ.

એટલે પુરુષોત્તમદાસ આવી મોટી જવાબદારી લેવા ઝટ તૈયાર થયા નહિ.

ફિરોઝશાહ મહેતા પુરુષોત્તમદાસને આમ હાથમાંથી છટકવા દેવા માગતા ન હતા. એટલે તેમણે પુરુષોત્તમદાસને પ્રોત્સાહન આપતાં કહ્યું :

'અરે, આમ નાહિંમત શું થાઓ છો ? તમે જો આ કામ ઉપાડી લેશો, તો અમે બધા વડીલો તમને પૂરેપૂરી મદદ કરીશું.'

પુરુષોત્તમદાસે આ વિશે થોડોક વિચાર કર્યો. છેવટે તે એમનું કહ્યું માની ગયા.

ઘેર આવીને તેમણે વ્રજભૂષણકાકાને બધી વાત કહી સંભળાવી.

વ્રજભૂષણદાસે ઉમળકાથી એ વાત વધાવી લીધી અને કહ્યું :

'વાહ ! આ કામ કરવા જેવું છે. એમાં જો તને સફળતા મળશે, તો એના જેવું બીજું રૂડું શું હોય ?'

પુરુષોત્તમદાસે આ રાહત કાર્ય કઈ રીતે ઉપાડવું એ અંગે બેએક અઠવાડિયાં સુધી વિચારણા કરી. તેમના સ્વભાવ પ્રમાણે હાથમાં લીધેલું કામ સારી રીતે કેમ પાર ઉતારવું એનો તે બરોબર વિચાર કરી લેતા.

એક દિવસ પુરુષોત્તમદાસ મુંબઈની ચોપાટી પર એકલા ફરતા હતા. તે વખતે એક મુરબ્બી વેપારી શેઠ ભૂખણદાસ ભાણાભાઈ એમને સામે મળ્યા. ભૂખણદાસે તેમને કહ્યું :

'તમે કેમ આજકાલ ખોવાયેલા ખોવાયેલા લાગો છો ? કોઈ ભારે મુશ્કેલીમાં તો નથી આવી પડ્યા ને ?'

પુરુષોત્તમદાસે પોતાના મનની વાત કહી.

થોડીક ક્ષણ વિચાર કરીને ભૂખણદાસે કહ્યું :

'આ કોયડાનો ઉકેલ બે રીતે આવી શકે.

'એક તો તમે શહેરમાં બધે ફરીને ફંડ ભેગું કરો. મને ખાતરી છે કે, સારી એવી રકમ ભેગી થઈ શકશે.

'બીજો રસ્તો છે અનાજ અને ઘાસચારાની અછતને પહોંચી વળવા બનતા બધા પ્રયત્નો કરવા.'

પુરુષોત્તમદાસને આ બીજો માર્ગ ગમી ગયો. તેમણે આ અંગે શાં પગલાં લેવાં ઘટે એ બાબતમાં ભૂખણદાસની સલાહ પૂછી.

ભૂખણદાસે કહ્યું :

'હું તમને જોઈએ તેટલો ઘાસચારો પૂરો પાડીશ. એ મુંબઈથી ૮૦ માઈલના અંતરથી લાવવો રહ્યો. હું તમને હજાર રતલના ૮ થી ૧૦ રૂપિયાના ભાવે આપી શકીશ. તમારે માત્ર એ ઘાસચારો લઈ આવવા માટે વેગનની વ્યવસ્થા કરવી રહી.'

પુરુષોત્તમદાસને એમની વાત ખૂબ ગમી ગઈ. તે જાણતા હતા કે, દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં ઘાસચારાનો ભાવ હજાર રતલના ૧૮ થી ૨૦ રૂપિયાનો છે. એમને થયું કે, ભૂખણદાસની આ દરખાસ્ત સ્વીકારવામાં આવે, તો સસ્તા ભાવે ઘાસ મળશે, એટલું જ નહિ પણ એની બજારભાવ પર પણ અસર થશે અને ભાવ નીચે ઊતરશે.

પુરુષોત્તમદાસે તેમનો આભાર માનીને કહ્યું :

'આ અંગે વિચાર કરીને હું તમને બે–ચાર દિવસમાં ખબર આપીશ.'

હવે પુરુષોત્તમદાસે એ દિશામાં ચક્રો ગતિમાન કર્યાં. વેગનો માટે શું કરવું ?

તે મુંબઈના ગવર્નર પાસે પહોંચી ગયા અને આ બધી વાત કરી. ગવર્નર સર જ્યોર્જ કલાર્ક દુષ્કાળ રાહત કાર્યમાં રસ ધરાવતા હતા. તેમણે તરત જ તે વખતની બી. બી. ઍન્ડ સી. આઇ. રેલવેના મૅનેજરને બોલાવ્યા અને પુરુષોત્તમદાસને જોઈતાં વેગનો આપવા સૂચના આપી.

ગવર્નરનો શબ્દ આજ્ઞા બરોબર જ હતો. અધિકારીઓ પુરુષોત્તમદાસને જોઈએ એ મદદ આપવા તત્પર થયા. એમને દરરોજ દસ વેગન આપવાનું મંજૂર થયું.

સર ફિરોઝશાહ મહેતાને આ વાતની જાણ થતાં તે ખૂબ ખુશ થયા. તે બોલી ઊઠ્યા :

'પુરુષોતમદાસને તો મેં શોધી આપ્યા છે.'

પછી તો દુષ્કાર પીડીત પ્રદેશોમાં અનાજ અને ઘાસચારાની હેરીફેરી ઝડપભેર શરૂ થઈ ગઈ. લાખો રૂપિયા ફંડમાં મળવા લાગ્યા. રેલવેએ પણ દરરોજના ૧૦ થી ૩૫ વેગનો આપવા માંડયા.

પુરુષોત્તમદાસના કામથી સરકાર તેમ જ લોકોને ખૂબ સંતોષ થયો.

## પુરુષોત્તમદાસની ઠરેલ વિવેકશક્તિ

તે જમાનામાં પુરુષોત્તમદાસ જાહેર જીવનમાં જાણીતા ન હતાં. પરંતુ રાહત કાર્યમાં તેમનામાં રહેલી અદ્‌ભુત વ્યવસ્થા શક્તિ અને ખંતનો સૌને પરિચય થયો. સૌ તેમની પ્રશંસા કરવા લાગ્યાં.

તેમના દુષ્કાળ રાહત કામની કદર તરીકે ગવર્નરે તેમને 'કૈસરે-હિંદ'નો રૌપ્ય ચંદ્રક આપવાની હિમાયત કરી. ગવર્નરે પુરુષોત્તમદાસને પત્ર લખીને જણાવ્યું :

'તમારા કામની સરખામણીમાં આ માન ઓછું ગણાય. છતાં તમે એ સ્વીકારશો એવી આશા રાખું છું.'

સર ફિરોઝશાહ મહેતાને ગવર્નરની આ વાત બરોબર ન લાગી. તે રોષે ભરાઈને પુરુષોત્તમદાસને કહેવા લાગ્યા :

'તમારા કામની સરકારે યોગ્ય કદર ન કરી, એથી મને બહુ રોષ ચડે છે. હું તો તમને એવી સલાહ આપું છું કે, તમારે એ ચંદ્રકનો અસ્વીકાર કરવો. તમને સી. આઈ. ઈ. નો ઇલકાબ આપવો જ જોઈએ.'

જોકે આગળ જતાં ૧૯૧૯માં પુરુષોત્તમદાસને સી. આઈ. ઈ. નો ઇલકાબ મળ્યો હતો ખરો. પરંતુ આ વખતે તે હજી જાહેરજીવનમાં પહેલીવાર જ દાખલ થયા હતા. તેથી તેમણે વડીલ જેવા મુરબ્બી ફિરોઝશાહની સલાહ માન્ય ન રાખી.

પુરુષોત્તમદાસે નમ્રતાપૂર્વક વિવેકભર્યો જવાબ આપ્યો :

'મને માનમરતબાની બહુ પડી નથી. પણ જો હું હમણાં આ ચંદ્રક લેવાની ના પાડું અને ભવિષ્યમાં મોટો ઇલકાબ લેવા તૈયાર થાઉં, તો બધા એનો અર્થ એવો કરશે કે, મેં દુષ્કાળ ફંડ માટે જે તનતોડ કામ કર્યું એની પાછળ કંઈ માનમરતબો મેળવવાની આશા સેવી હશે અને ખરી રીતે મેં એવી કોઈ આશાથી આ કામ કર્યું નથી. તમે મને આ કામમાં જોડ્યો અને મેં મારી ફરજ સમજીને એ કામ કર્યું છે. આ ચંદ્રકની વાત તો પાછળથી આવી. એ બહુ મહત્ત્વનું નથી.'

ફિરોઝશાહ મહેતા આ નિખાલસ અને વિવેકી યુવાનનો આવો જવાબ સાંભળીને કશું બોલ્યા નહિ.

## લેજિસ્લેટિવ કાઉન્સિલમાં

૧૯૧૬માં પુરુષોત્તમદાસ મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં નિયુક્ત થયા.

એ અંગ્રેજ શાસન વખતે ઘણાખરા કાઉન્સિલરો સામાન્યપણે સરકારના કોઈ પણ પગલામાં જ્યાં ત્યાંથી વાંધાવચકા ઊભા કરીને સરકારના કામમાં વિઘ્નો ખડાં કરવાની વૃત્તિ રાખતા હતા.

પરંતુ પુરુષોત્તમદાસને આવું નકારાત્મક વલણ પસંદ નહોતું. તે જેમ બને તેમ સરકારના કામમાં ત્રુટિ હોય, એ બતાવી સક્રિય રસ્તો ચીંધવાનું રાખતા. તેથી એમની સલાહભરી વાત સરકારી અધિકારીઓ ધ્યાનમાં લેતા.

કેટલીક બાબતમાં એમણે દર્શાવેલા સુધારા ઉપયોગી થઈ પડતા. કોઈ કોઈ વાર શરૂ શરૂમાં એમનું વલણ સરકારી અધિકારીઓને ખંડનાત્મક લાગતું. પરંતુ છેવટે એ જ બરોબર હતું એવી સૌને ખાતરી થતી. અહીં એકાદ દાખલો જોઈએ.

એકવાર ગવર્નરે એવો ઠરાવ મુકાવ્યો કે, પોર્ટ ટ્રસ્ટ ફંડમાંથી પરદેશી મહેમાનોને અદ્યતન સગવડ પૂરી પાડે એવી આલીશાન હોટેલ ઊભી કરવી. પુરુષોત્તમદાસે પોર્ટ ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે તેમ જ કાઉન્સિલર તરીકે આ બાબતમાં વાંધો ઉઠાવ્યો.

તે વખતના ગવર્નર જ્યોર્જ લૉઇડને એમનું વલણ પસંદ ન પડ્યું. તેમણે પુરુષોત્તમદાસના ભત્રીજા ભાઈ અને કાઉન્સિલર સી. વી. મહેતા આગળ પોતાના મનની વાત કરતાં કહ્યું :

'પુરુષોત્તમદાસ એ ઠરાવનો વિરોધ કરશે એવી મને કલ્પના સુધ્ધાં નહોતી. તે વિરોધ પક્ષને ટેકો આપશે એવું પણ મેં કદી ધાર્યું નહોતું.'

સી. વી. મહેતાએ આ વાત પુરુષોત્તમદાસને કહી. એટલે પુરુષોત્તમદાસે એમને કહ્યું :

'તમે ગવર્નરને કહેજો કે, હું કોઈ પણ શરતે કાઉન્સિલના સભ્ય તરીકે જોડાયો નથી. કોઈએ પણ એવી શરત મારી આગળ રજૂ કરી નહોતી. જો ગવર્નર એવું ઇચ્છતા હોય, તો તેઓ મને લેખિત જણાવે તો હું ખુશીથી છૂટો થઈ જઈશ.'

ગવર્નરે ડહાપણ વાપરીને આ બાબત વિશે વધુ કશું કર્યું નહિ. છેવટે એ બિલ વાઇસરૉયે જ પસાર થતું અટકાવી દીધું.

## ગવર્નરની સાન ઠેકાણે આણી

એ દિવસોમાં મધ્યસ્થ સરકારે ખર્ચમાં કાપકૂપ કરવાની શક્યતા વિચારવા માટે લૉર્ડ ઇન્ચકેપના પ્રમુખપણા હેઠળ એક કમિટી નીમી. તેમાં પણ પુરુષોત્તમ-

દાસ સભ્ય નિમાયા. એ કમિટીની બેઠકોમાં તેમણે સરકારી ખર્ચના બોજા સામે અને ખાસ કરીને લશ્કર માટેના અસાધારણ ખર્ચ સામે વિરોધ કરી તેમાં કાપકૂપ મૂકી, હિંદની ગરીબ જનતા ઉપાડી શકે તેવી રીતે ખર્ચનો ભાર હળવો કરવા મજબૂત લડત ચલાવી હતી.

આ સંબંધમાં પુરુષોત્તમદાસે જે સચોટ અને વ્યવહારુ આર્થિક સૂચનો કર્યાં, એની સરકાર પર ઊંડી છાપ પડી હતી. પરિણામે મધ્યસ્થ સરકારના ખર્ચમાં વીસ કરોડ રૂપિયાનો બચાવ થયો હતો.

એ વખતનો એક પ્રસંગ પુરુષોત્તમદાસની અડગ નિર્ભયતા બતાવે એવો છે.

મુંબઈના ગવર્નર જ્યોર્જ લૉઈડ ઉગ્ર મિજાજના હતા. કોઈને પણ માત કરવા તે શાહી દમદમાટ અને પોતાના ઉગ્ર મિજાજનો ઉપયોગ કરતા.

અમુક મહત્ત્વની બાબત અંગે પુરુષોત્તમદાસ પર દબાણ લાવવાના ઈરાદાથી ગવર્નરે તેમને મળવા બોલાવ્યા.

મુંબઈના આલીશાન ગવર્નમેન્ટ હાઉસના હૉલમાં ગવર્નર એમને મળવા બેઠા. વાતચીત શરૂ થઈ ત્યાં તો પોતાની હંમેશની રીત મુજબ ગવર્નરે કડક વચનો બોલવાનું શરૂ કર્યું.

પુરુષોત્તમદાસ શાંતિથી સાંભળી રહ્યા.

પોતાનાં વચનોનો વધારે પ્રભાવ પાડવા માટે ગવર્નરે ટેબલ પર જોરથી પોતાના હાથથી મુક્કો પછાડ્યો.

સર પુરુષોત્તમદાસ તરત જ બોલી ઊઠ્યા :

'સર જ્યૉર્જ, તમે જો ફરીવાર ટેબલ પર મુક્કો પછાડશો, તો હું પણ તેમ કરીશ.'

ગવર્નર સાહેબ તો આ સાંભળીને સડક જ થઈ ગયા ! આવું રોકડું પરખાવી દેનાર આ પહેલો જ એમને મળ્યો હતો. ગવર્નરનો મિજાજ ક્યાંનો ક્યાં ગાયબ થઈ ગયો. તે ધીમે અવાજે શાંતિથી વાતો કરવા લાગ્યા.

પછી તો આગળ જતાં ગવર્નર પુરુષોત્તમદાસના મિત્ર જ બની ગયા.

## લાલચમાં ન ફસાયા

૧૯૨૪–૩૦ દરમિયાન પુરુષોત્તમદાસ 'હિંદી વેપારી મંડળ'ના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને મધ્યસ્થ ધારાસભામાં ગયા.

એ વખતે ત્યાં કોંગ્રેસના સ્વરાજ પક્ષમાંથી પંડિત મોતીલાલ નેહરુ, દેશબંધુ ચિત્તરંજન દાસ વગેરે પ્રતિભાશાળી અને ત્યાગી દેશભક્તો દાખલ થયા હતા. એટલે તે સમયની ચર્ચાઓમાં સરકાર સામે ઉગ્ર વિરોધ સાથે બરોબર રસાકસી જામતી હતી.

પુરુષોત્તમદાસે ધારાસભામાં જલાંવેંત હૂંડિયામણના દર અંગેની ઝુંબેશ ઉપાડી.

ધારાસભામાં એ અંગેની ચર્ચા જોરશોરથી ચાલતી હતી. વાતાવરણમાં ઠીક ઠીક ગરમી હતી.

એ દિવસોમાં એક જાણીતા શ્રીમંત વેપારી પુરુષોત્તમદાસના નિવાસસ્થાને એકવાર જઈ ચડયા. તેમણે ધીમેથી પુરુષોત્તમદાસને કહ્યું :

'બહાર બે માણસો આવ્યા છે. તેઓ કહે છે કે, તમે જો દસહજાર રૂપિયા આપવાનું કબૂલ કરો, તો તેઓ તમારી તરફેણમાં બે મત મેળવી આપવા તૈયાર છે.'

પુરુષોત્તમદાસે એમને ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું :

'આમ લાંચ આપીને કામ લેવામાં હું માનતો નથી. મારે પક્ષે સત્ય હશે, તો પછી ધારાસભામાં મારી હાર ભલે થતી, એથી હું હતાશ થવાનો નથી.'

એ જ દિવસે બપોરે એ બંને માણસો પાછા આવ્યા. પરંતુ પુરુષોત્તમદાસે તેમને હવે મળવાની જ ચોખ્ખી ના પાડી દીધી.

ધારાસભામાં પુરુષોત્તમદાસના પક્ષને હાર મળી. પાછળથી પુરુષોત્તમદાસને આધારભૂત રીતે માહિતી મળી કે, તે એક મેલી રમતના ભોગ બનતા બચી ગયા હતા ! એ બે માણસો સરકારના જાસૂસ હતા. એ સરકાર પક્ષે એવું છટકું ગોઠવ્યું હતું કે, જો પુરુષોત્તમદાસ એ બે માણસોને લાંચ આપે, તો ધારાસભામાં ચર્ચા વખતે નાણાપ્રધાન એ વાત જાહેર કરી દે અને પુરુષોત્તમદાસના પક્ષ પર આક્ષેપ મૂકી તેમને વિહ્વળ કરી મૂકે ! પછી એ પક્ષને સામી કશી દલીલબાજી કરવાની નૈતિક હિંમત જ ન રહે.

તે વખતના નાણાપ્રધાન સર બૅઝિલ બ્લૅકેટ હતા. તે નિવૃત્ત થઈને વિલાયત ગયા, પછી તેમણે પુરુષોત્તમદાસ પાસે આ મેલી રમત રમવા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી.

## લોભાવનારા પ્રલોભનને લાત મારી

પુરુષોત્તમદાસ માટે માન ઊપજે એવો આ પ્રસંગ આપણને પ્રેરણાનું પાન કરાવે છે.

૧૯૨૦માં સર વિલિયમ એક્વર્થના પ્રમુખપણા નીચે 'ઇંડિયન રેલવે કમિટી'-ની રચના થઈ. એમાં પુરુષોત્તમદાસને સભ્ય તરીકે લેવામાં આવ્યા.

આ કમિટી હિંદની રેલવેનો કારભાર સરકાર-હસ્તક કરવો કે ખાનગી કંપની હસ્તક રાખવો, એનો નિર્ણય કરવા રચવામાં આવી હતી.

આ કમિટીના ઘણાખરા સભ્યો કંપની હસ્તક રેલવે રહે, એમ માનતા હતા. જ્યારે પુરુષોત્તમદાસ સરકાર હસ્તક રેલવે આવે, એમ માનનારા હતા.

એવા સભ્યોની લઘુમતી હતી. છતાં પુરુષોત્તમદાસ એની તરફેણમાં બરોબર લડતા હતા.

જ્યારે આ કમિટીની બેઠક લંડનમાં મળી હતી, ત્યારે એક માણસ આવીને પુરુષોત્તમદાસને એકાંતમાં કહેવા લાગ્યો :

'જો તમે કંપની હસ્તક રેલવે રહે એની તરફદારી કરવા તૈયાર હો, તો થોડા વખતમાં જી. આઈ. પી. રેલવેની સનદ ૧૯૨૪માં પૂરી થશે, પછી એનો વહીવટ તમને સોંપવા અમે તૈયાર છીએ. એથી તમને વાર્ષિક સાત લાખ રૂપિયાની ઊપજ થશે.'

પરંતુ પુરુષોત્તમદાસ તો જુદી જ માટીના હતા. તે કંઈ આવા પ્રલોભનથી લોભાય એવા ન હતા. તેમણે એ માણસને ફટ દઈને સંભળાવી દીધું :

'આજની પરિસ્થિતિમાં હિંદી કંપનીઓના હાથમાં પણ રેલવેનો કારભાર આવે એમ હું ઇચ્છતો નથી. એટલું તમે ખ્યાલમાં રાખજો કે, કમિટીમાં મને જે મત આપવાનો અધિકાર છે એનો દુરુપયોગ કરી મારે તાલેવંત થવું નથી.'

પેલો માણસ હજી એમને લોભાવવા પ્રયત્ન કરતો કહે :

'વાર્ષિક સાત લાખ રૂપિયા એ કંઈ નાનીસૂની રકમ નથી. તમને વીસ ત્રીસ વરસ સુધી એટલું દર વરસે મળતું રહેશે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, તો મોં ધોવા શા માટે જાઓ છો? આવી તક જિંદગીમાં વારે ઘડીએ આવતી નથી. બોલો, તમે જો તૈયાર હો, તો આપણે સોદો નક્કી કરીએ.'

પુરુષોત્તમદાસ એ માણસની આવી બેહૂદી વાતથી અકળાઈ ગયા. તેમણે કહી દીધું :

'મને આવી બાબત જરાયે ગમતી નથી. માટે વાત અહીંથી જ અટકાવી દો.'

પરંતુ પેલો માણસ જક્કી હતો. તે બોલ્યો :

'તમે આવી સારી વેપારી ઑફરનું ગાંભીર્ય સમજતા હો એમ લાગતું નથી!'

પુરુષોત્તમદાસે એ બલાને દૂર કરવા કહ્યું :

'હું આવા વેપારી સોદામાં જરા પણ માનતો નથી. અને એવું મેં કદી કર્યું પણ નથી. માટે હવે આ વાત જ જવા દો !'

પેલા માણસે છેલ્લો પાસો નાખતાં કહ્યું :

'એમ કરો. તમે તમારાં પત્નીને આ બાબતમાં પૂછી જુઓ તો સારું.'

પુરુષોત્તમદાસે ખૂબ અકળાઈ જઈને કહ્યું :

'અરે ભાઈ, તમે હવે અહીંથી જાઓ તો બસ !'

ત્યાર બાદ પુરુષોત્તમદાસ સર વિલિયમ એક્વર્થને મળ્યા, ત્યારે તેમણે એમને બધી વાત કરી.

સર વિલિયમે કહ્યું :

'મને આ વાતની થોડીઘણી ખબર પડી હતી ખરી. તમે એવી લલચાવનારી ઑફરને વશ ન થયા, એ જાણી હું ખૂબ રાજી થયો છું.'

પુરુષોત્તમદાસના જીવનનો આ અવિચળ સિદ્ધાંત હતો કે, એમની જાહેર પ્રવૃત્તિઓમાં એમને જે માહિતી કે ખાનગી ખબર મળે તેનો અથવા પોતાના સ્થાનનો કે પોતાની સત્તાનો લાભ ઉઠાવીને તેમણે કદી સ્વાર્થ સાધ્યો ન હતો. એવાં પ્રકારનાં પ્રલોભનોને એમણે હંમેશાં ત્યાજ્ય ગણ્યાં હતાં. ઊલટું એમને નીતિમય જીવનમાં એવી ઊંડી શ્રદ્ધા હતી કે તે કહેતા :

'જેમ જેમ મેં પ્રલોભનો જતાં કર્યાં છે, તેમ તેમ ઈશ્વરે મને અનેકગણું વધારે આપ્યું છે.'

## ડાકોરના રણછોડજીમાં શ્રદ્ધા

પુરુષોત્તમદાસના જીવનનો પાયો માતાપિતા તથા કુટુંબ તરફથી વારસામાં મળેલા ભક્તિપરાયણ સંસ્કાર છે. છેવટ સુધી પુરુષોત્તમદાસ નિયમિત સેવાપૂજા કરતા.

દરરોજ સવારે સ્નાન કર્યા પછી ઘરના મંદિરમાં ઠાકોરજીની સેવા કરવાનો તેમનો નિયમ હતો. તે ઈશ્વરની શક્તિમાં માનતા અને દરેક માનવ ઈશ્વર–સેવા દ્વારા તેની શક્તિનો અંશ પ્રાપ્ત કરી શકે છે, એમ તે કહેતા.

પુરુષોત્તમદાસના કુટુંબમાં ડાકોરના રણછોડજી પ્રત્યે ખૂબ ભક્તિ હતી.

પુરુષોત્તમદાસના પિતા ઠાકુરદાસ પાંચેક વર્ષના હતા, ત્યારે તેમનાં માતા-પિતા બાળક ઠાકોરદાસને લઈને ડાકોર ગયાં હતાં.

મે મહિનો હતો. ગરમી ખૂબ સખત પડતી હતી. એવામાં ત્યાં શીતળાનો વાવર એકાએક ફેલાઈ ગયો. ઠાકુરદાસને ભારે શીતળા નીકળ્યા. એ જોઈને માતા ગભરાઈ ગયાં. પિતા આત્મારામભાઈએ દાકતરને બોલાવ્યા.

દાકતરે કહ્યું : 'શીતળા ભારે નીકળ્યા છે. બચવાની આશા ઓછી છે. કદાચ બચી જાય, તો આંખ જતી રહેશે !'

આ સાંભળીને માનો જીવ હાથમાં ન રહ્યો. પરંતુ આત્મારામભાઈએ એમને સમજાવીને કહ્યું :

'મને ડાકોરજીમાં વિશ્વાસ છે. તે આપણા દીકરાને ઉગારી લેશે.'

એ જ રાતે આત્મારામદાસને સ્વપ્નમાં ડાકોરજીએ દર્શન આપ્યાં.

સવારે ઊઠીને દાદાએ ધર્મપત્નીને કહ્યું :

'મને ડાકોરજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. તેમણે કહ્યું કે, તારો દીકરો બચી જશે. એને બાજુના ગામમાં લઈ જાઓ.'

એટલે ઠાકુરદાસને લઈને દાદાદાદી ગાડામાં બેસીને બીજે ગામ જવા નીકળ્યાં. ત્યાં તો રસ્તામાં ભારે વાવાઝોડું થયું અને તેઓ જંગલમાં ભૂલાં પડી ગયાં. બળદ પણ આગળ ચાલવા તૈયાર ન થયા.

હવે શું થાય ? દાદાદાદી મૂંઝાઈ ગયાં.

ત્યાં તો એક અજાણ્યો માણસ બે બળદ લઈને એ બાજુ આવ્યો. તેણે પૂછ્યું :

'તમે અહીં જંગલમાં શા માટે થોભ્યાં છો ? રાતવાસો અહીં કરવા જેવો નથી. જંગલી પશુઓનો ભય છે.'

દાદાએ એ અજાણ્યા માણસને બધી વાત કરી.

એટલે પેલા માણસે કહ્યું :

'ચિંતા ન કરો. હું મારા બળદ ગાડાને જોડી આપું અને હું જ તમને ગામ સુધી મૂકવા આવું.'

આ સાંભળીને દાદાદાદીને શાતા વળી. ગાડાને બળદ જોડીને પેલા માણસે ગાડું પૂરપાટ હાંકવા માંડ્યું. થોડાક જ વખતમાં ગામ આવી ગયું.

આત્મારામદાદાએ પેલા ભલા માણસને પૂછ્યું :

'ભાઈ, તમારું નામ શું ?'

માણસે જવાબમાં કહ્યું :

'રણછોડ.'

આ સાંભળીને દાદા એના સામું જોવા લાગ્યા. ડાકોરજીનું નામ 'રણછોડ' છે. તો ભગવાન પોતે જ ભક્તની વહારે તો નથી આવ્યા ને ?

આત્મારામદાદાએ એ ભાઈને જમી કરીને જવા કહ્યું. થોડીવારમાં જંગલમાં પાછળ રહી ગયેલો ગાડાવાળો પોતાના થાકેલા બળદોને લઈને આવી પહોંચ્યો.

ત્યાં તો પેલા ‘ રણછોડ ’ભાઈ બળદો લઈને ક્યાં ને ક્યાં અદૃશ્ય થઈ ગયા !

બધાંએ આજુબાજુ ખૂબ તપાસ કરી. પરંતુ એ ભાઈનો ક્યાંય પત્તો લાગ્યો નહિ !

આત્મારામદાદાને થયું :

‘ અરે, એ ભાઈ જમ્યા વિના કે કશું મહેનતાણું લીધા વિના જતા રહ્યા ! એ બીજા કોઈ નહિ પણ ડાકોરજી જ આવ્યા હશે ! ’

થોડા વખતમાં જ ઠાકુરદાસ પણ સાજા થઈ ગયા.

એ વખતથી દાદાની આસ્થા ડાકોરજીમાં ખૂબ વધી ગઈ.

પુરુષોત્તમદાસ પણ દર રવિવારે ડાકોર જતા. પછી તો તેમને ડાકોરજીના મંદિરના ટ્રસ્ટી નીમવામાં આવ્યા. તેમના બાપુજી ઠાકુરદાસ કહી ગયા હતા કે,

‘ જો મારો દીકરો મારી પાછળ કશું કરવા માગતો હોય, તો તેણે ડાકોરજીમાં મારે નામે કરવું.’

આ વચન પુરુષોત્તમદાસે બરોબર પાળ્યું હતું. ડાકોરજીના મંદિરની તે બરોબર સંભાળ રાખતા.

આગળ જતાં સરકારે હરિજન મંદિર પ્રવેશનો કાયદો પસાર કર્યો, ત્યારે ડાકોરજીના મંદિરના કેટલાક ટ્રસ્ટીઓ અને સનાતનીઓએ એનો ભારે વિરોધ કર્યો હતો.

પરંતુ પુરુષોત્તમદાસે એ સૌને ધીરજથી સમજાવ્યા અને હરિજનો માટે ડાકોરજીનાં દ્વાર ખુલ્લાં થયાં.

## વત્સલ પિતા

અહીં આપણે પુરુષોત્તમદાસના જીવનની કુમાશભરી બાજુ જોઈ લઈએ.

પુરુષોત્તમદાસનું ગૃહજીવન શાંત ને સુખી હતું. તેમનામાં સાદાઈ અને સંસ્કારિતા હતાં. પોતાનાં કુટુંબીજનો, સગાંસબંધીઓ અને મિત્રો તરફ તે ખૂબ મમતા ધરાવતા. એમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું, પણ હૃદય કોમળ ને પ્રેમાળ હતું.

પુરુષોત્તમદાસની એકની એક દીકરી પદ્માવતીનો જન્મ ૧૯૦૨ની જાનેવારીમાં થયો હતો. તેમણે દીકરીને સારી રીતે ભણાવી-ગણાવી હતી.

પદ્માવતીનાં લગ્ન શ્રી રમણલાલ ગોકળદાસ સરૈયા સાથે ૧૯૨૦માં થયાં હતાં.

રમણલાલભાઈનાં માતાપિતા સાથે પુરુષોત્તમદાસને ઘર જેવો સંબંધ હતો. રમણલાલભાઈ ભણવામાં હોંશિયાર હતા. મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં તે પ્રથમ આવ્યા હતા.

રમણલાલભાઈની ઇચ્છા ઈંગ્લૅંડ જઈ આઇ. સી. એસ. થવાની હતી. પરંતુ આઇ. સી. એસ. થયા પછી આખરે સરકારી નોકરી કરવી પડે, એ પુરુષોત્તમદાસને પસંદ ન હતું. તેથી એમની ઇચ્છા એવી હતી કે, રમણલાલભાઈ ભલે પરદેશ જાય, પણ કોઈ ધંધા—વેપારમાં પડે તો સારું.

એક દિવસ આ અંગે ચર્ચા નીકળતાં રમણલાલભાઈએ તેમને કહ્યું :

'મને પોતાને વેપારી વ્યવસાય પસંદ નથી. વેપારીઓ ખૂબ જૂઠાણું ચલાવે છે અને મારા પિતાએ મને ઘણીવાર કહ્યું છે કે, તેઓ ખોટાં વચનો આપવામાં ટેવાઈ ગયા હોય છે. હું કોઈ પણ હિસાબે એ વ્યવસાયમાં પડવા માગતો નથી.'

પુરુષોત્તમદાસ જરા ડઘાઈ ગયા. પણ એ વાતને હળવાશથી લઈને તેમણે કહ્યું :

'હું પણ વેપારી છું. શું તમે એમ માનો છો કે, મારે પણ આવું કરવું પડે છે? તમે અવશ્ય પ્રામાણિકપણે વેપારધંધો કરી શકો.'

શરૂમાં રમણલાલભાઈને આ વાત ગળે ઊતરી નહિ. પરંતુ આગળ જતાં તે વેપારમાં જોડાયા અને તેમણે કુશળ અને પ્રામાણિક વેપારી તરીકે સારી નામના મેળવી.

અહીં એક બાબત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. જ્યારે રમણલાલભાઈએ પુરુષોત્તમદાસ સાથે રૂના વેપારમાં જોડાવાની ઇચ્છા દર્શાવી, ત્યારે તેમણે પોતાના જમાઈને વિવેકથી કહ્યું.

'તમે વેપારમાં અમારી સાથે જોડાવા માગો છો, એથી અમને આનંદ થાય જ. પરંતુ તમારે એ વ્યવસાયનો અનુભવ ક્રમે ક્રમે પગથિયાં ચડીને લેવો રહ્યો. માટે તમારે પ્રથમ અમારા વેપારની લેવડદેવડ કરનારા despatch કલાર્કની સાથે બેસવું પડશે.'

રમણલાલભાઈએ એ ખુશીથી સ્વીકાર્યું. તે પોતાનાં પત્ની સાથે નાનું મકાન રાખીને રહેતા અને રોજ ટ્રામમાં કે રેલવેગાડીમાં બેસીને સામાન્ય કર્મચારીની માફક જ પેઢીએ જતા. ત્યાં રોજ સવારે દસ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી કામ કરતા. તેમણે સસરાજીની મોટરનો કે બંગલાનો જરાયે મોહ રાખ્યો ન હતો.

રમણલાલભાઈએ ખૂબ જ ચીવટથી અને ધ્યાનપૂર્વક એ વ્યવસાયનો અભ્યાસ કર્યો અને આગળ જતાં એમાં તે પારંગત થયા.

રમણલાલભાઈના પિતાના અવસાન વખતે પુરુષોત્તમદાસે જે આશ્વાસનભર્યો પત્ર લખ્યો હતો, એ તેમનામાં રહેલા પ્રભુપરાયણ અને વાત્સલ્યભર્યા હૈયાનો સારો પરિચય કરાવે છે.

'...હું તમને બંનેને એક જ સલાહ આપું છું, તમારે આ એક જ વાતમાં શ્રદ્ધા રાખવી : આત્મ-નિર્ભરતા અને ઈશ્વરમાં તથા સત્યમાં નિષ્ઠા.

'અને આ વાત માનજો : દરેક માણસ એકલો જન્મે છે ને એકલો જાય છે. આ જમાનામાં સાચાં સગાં અને સન્મિત્રો મળવાં દુર્લભ છે. અપવાદરૂપ એવાં મળી પણ જાય, પરંતુ એના ઉપર નિર્ભર રહેવું ઠીક નથી.

'સ્વાવલંબન અને પરમાત્મામાં તથા સત્ય અને સદ્‌વ્યવહારમાં નિષ્ઠા રાખી જીવન જીવવું એ જ સાચો રાહ છે. પરમાત્મા જ આપણો સાચો પથદર્શક, રાહબર છે.

'અમે વડીલ તરીકે તમારો વિકાસ જોઈને આનંદ પામીશું અને ગૌરવ અનુભવીશું. પરંતુ બધાં જ આખરે મરણને શરણ થનાર છે. મોટાં તેમ જ નાનાં સંબંધીઓમાં જે ઉદાત્ત ચરિતવાળાં છે એમના ઉપર જ વિશ્વાસ રાખવા જેવો છે.

'હું તો ઇચ્છું છું કે, તમે મારા આ થોડા શબ્દોને સચ્ચાઈભરી સલાહ રૂપે સ્વીકારશો અને જીવનમાં હતાશ કે નાસીપાસ થશો નહિ.

'પરંતુ જ્યારે તમે કોઈ વાર ભારે આપત્તિમાં કે દુ:ખમાં આવી પડો, ત્યારે એ અંધારકારભર્યા કાળમાં પણ ભગવાનમાં શ્રદ્ધા રાખજો અને તમારું બધું બળ વાપરીને એની સામે ટક્કર ઝીલજો.'

## દાન-ગંગાની સરવાણી

પુરુષોત્તમદાસ દાનશીલ હતા. વિદ્યાદાન એ ઉત્તમ દાન છે, એ તે સમજતા હતા. એટલે કેળવણી ક્ષેત્રે તેમણે ઉદાર હાથે દાન-ગંગાની સરવાણી વહાવી છે.

સુરત જિલ્લામાં તેમણે લગભગ ૧૪૦ શાળાનાં મકાન બંધાવી આપ્યાં છે, જે દ્વારા ગરીબ અને પછાત વર્ગનાં બાળકોને જ્ઞાનનો પ્રકાશ મળતો થયો.

'સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી'ના તે પ્રમુખ હતા. તેમણે પંચ-મહાલ તેમ જ સાબરકાંઠા જિલ્લામાં કૉલેજો સ્થાપી છે. ભાવનગરમાં છાત્રાલય તેમ જ ડાકોરમાં હાઈસ્કૂલ બંધાવ્યાં હતાં.

સુરતની જનતાને તબીબી રાહત માટે પોતાના પિતાનું આલીશાન 'ઠાકોર બાગ' નામનું મકાન પ્રસૂતિ ગૃહ હિંદુ ચેરિટી ફંડને આપ્યું છે.

સ્ત્રીસમાજ માટે કેળવણી આપવા તેમણે 'વનિતા વિશ્રામ'ને હજારો રૂપિયા આપ્યા છે.

પુરુષોત્તમદાસને વ્યાયામનો શોખ નાનપણથી હતો. ૬૫ વર્ષની ઉંમરે પણ તેમને મગદળ લઈ વ્યાયામ કરતા ઘણાયે જોયા હતા. તેઓ માનતા હતા કે,

'Healthy body has a healthy mind'. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહેલું છે. તેઓ ૭૫ વર્ષની ઉંમર સુધી રોજ નિયમિત ફરવા જતા.

પોતાના આવા શોખને લીધે તેમણે સુરત જિલ્લામાં ૨૧ વ્યાયામશાળાઓ બંધાવી આપી હતી.

તેમનો વાચન-શોખ પણ અદ્દભુત હતો. તે માનતા કે પુસ્તકો તો Never-failing friends જેવાં છે. એ એવા મિત્રો છે કે આપણને કદી છોડીને ન જાય. એટલે જ તેમણે સુરત જિલ્લાની ૪૦૦ જેટલી લાઇબ્રેરીઓને ઊભી કરવામાં મોટો ફાળો આપ્યો હતો.

પુરુષોત્તમદાસ કોઈ નબળા બાળકને જોતા, તો તરત જ પૂછતા : 'કસરત કરે છે ? દૂધ પીએ છે ? શું ખાય છે ?'

આ જ કારણથી બીજા વિશ્વયુદ્ધ વખતે સસ્તા દરે અનાજની દુકાનો ખોલવામાં તેમણે મોટો ફાળો આપ્યો હતો અને 'ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ'ને નાનાં બાળકોના પોષણ માટે દૂધ આપી શકાય એ સારુ હજારો રૂપિયા દાનમાં આપ્યા હતા.

મુંબઈની સર હરકીશનદાસ હોસ્પિટલને તેમણે સાડા સાત લાખની સખાવત કરી હતી.

આમ, ગણવા બેસીએ તો અહીં પાર આવે એમ નથી. અનેક ક્ષેત્રમાં તેમણે પચાસ લાખ કરતાં પણ વધુ રકમ સત્કર્મ માટે તેમના ઉદાર હાથે દાનમાં આપી છે.

એમની અનેકવિધ, વિશિષ્ટ સેવાઓની કદર થયા વિના રહે ખરી ? અંગ્રેજ સરકારે તેમને ઇલકાબો આપ્યા હતા. પ્રજા તરફથી કેટલાંય માનપત્રો મળ્યાં હતાં. બનારસ હિંદુ યુનિવર્સિટી તરફથી ડૉક્ટર ઑફ લિટરેચરની માનાર્હ પદવી પ્રાપ્ત થઈ હતી.

આમ, જિંદગીની છેલ્લી ઘડી સુધી તેઓ કંઈ ને કંઈ કામ કરતા જ રહ્યા. તેઓ તો કહેતા :

'જ્યાં સુધી આ શરીર કામ આપે છે, ત્યાં સુધી મારે સેવા આપવી જ જોઈએ. બેઠાં બેઠાં આરામ લઇ ને કાળ વિતાવવાનું મને ગમતું નથી.'

છેલ્લાં બે એક વર્ષ માંદગીને કારણે તેઓ બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતા નહિ. પરંતુ તેમનું ઘર સૌને માટે સલાહ માટેનું ધામ હતું.

આવું સમૃદ્ધ જીવન જીવીને સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ચોથી જુલાઇ ૧૯૬૧ને રોજ અવસાન પામ્યા !

છેલ્લે એમના ઉજ્જવળ જીવનની ચાવી સમજાવતો પ્રસંગ એમનાં સુપુત્રી પદ્માબહેનના શબ્દોમાં આપી એમને અંજલિ અર્પણ કરીએ :

"સને ૧૯૪૬માં બાપાજી બિમાર હતા, ત્યારે પૂજ્ય ગાંધીજી મળવા આવ્યા હતા. તેમની સાથે બાપાજીનો ખૂબ જ નીકટનો સંબંધ હતો. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ૧૯૩૪માં બાપાજીને 'અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ'ના સલાહકાર તરીકે નીમ્યા હતા અને કહ્યું હતું કે, તમારા જેવા કુશળ નાણાશાસ્ત્રી તેમ જ ઉદ્યોગપતિની વ્યાવહારિક સલાહની જરૂર છે, માટે ના પાડશો નહિ. ત્યારે બાપાજીએ પણ પોતાની શકિત મુજબ મદદ આપવા સંમતિ આપી હતી.

"જે દિવસે પૂજ્ય મહાત્માજી મળવા આવેલા, તે જ દિવસે પાછળથી મુંબઈના ગવર્નર પણ બાપાજીના સ્વાસ્થ્યના સમાચાર પૂછવા આવ્યા હતા.

"સરકાર પક્ષ તરફથી ગર્વનર સાહેબ તેમ જ જનતાના જનાર્દન સમાન પૂજ્ય ગાંધીજી મુલાકાતે આવતાં બાપાજીની આંખમાં આંસુ આવ્યાં, ત્યારે મેં તેમને કારણ પૂછ્યું.

"ત્યારે બાપાજીએ આંખમાં ઝળહળિયાં સાથે કહ્યું : 'એ ઈશ્વરની કૃપા થાય; ત્યારે જ વ્યક્તિ સરકાર તેમ જ પ્રજાની એકસરખી વિશ્વાસપાત્ર બને છે.'"

## ૨. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

'આજે તો હું સાગરને આવીને મળ્યો ! આટલા દિવસ સુધી તો નાળાં, તળાવ અને વધુમાં વધુ નદી જોઈ છે. પણ આ વખતે તો હું જોઉં છું કે સામે એકદમ સાગર જ છે !'

શ્રીરામકૃષ્ણ પરમહંસના આ ઉદ્દગારો છે. શ્રીરામકૃષ્ણે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં સદ્દગુણો અને સત્કાર્યોની ખ્યાતિ અનેક વાર સાંભળી હતી. વિદ્યાસાગર તેમના કરતાં સોળસત્તર વર્ષે મોટા હતા. એક વાર શ્રીરામકૃષ્ણ તેમને મળવા ગયા. વિદ્યાસાગરને જોતાં જ પરમહંસે હસતાં હસતાં ઉપરનાં વચનો ઉચ્ચાર્યાં હતાં.

વિદ્યાસાગર પણ હતા અતિ નમ્ર. પોતાનાં વખાણ શાના સાંભળી શકે ? તે પણ હસતા હસતા બોલ્યા :

'ત્યારે એ સાગરમાંથી થોડુંક ખારું પાણી કાઢી નાખો.'

શ્રીરામકૃષ્ણ કહે :

'ના રે, ના ! ખારું પાણી શાનું ? તમે કંઈ અવિદ્યાના સાગર નથી, તમે તો વિદ્યાના સાગર છો ! તમે તો ક્ષીર સમુદ્ર છો !'

વિદ્યાસાગર નમ્રભાવે બોલ્યા : 'એ આપ કહી શકો.'

શ્રીરામકૃષ્ણ હસતા હસતા કહે :

'તમે જે કાર્ય કરો છો, તે સાત્ત્વિક કર્મ છે. એ સત્ત્વગુણનું રાજાસક સ્વરૂપ છે. દયાનો ઉદ્‌ભવ સત્ત્વમાંથી થાય છે. દયાથી પ્રેરાઈને કરેલું કાર્ય પણ રાજસિક હોય છે, એમાં શંકા નથી. પરંતુ એ રાજસ્‌નો ઉદ્‌ભવ સત્ત્વમાંથી થયો હોય છે, એટલે એ અકલ્યાણ નથી કરતું. મનુષ્ય જાતિને ઈશ્વરનો ઉપદેશ કરવા માટે શુકદેવ વગેરેએ પણ કદી દયાવૃત્તિનો ત્યાગ કર્યો ન હતો.

'તમે જ્ઞાન અને અન્ન બંનેનું દાન કરી રહ્યા છો એ સારી વાત છે. તમે એવું કાર્ય નિર્લેપભાવે કરશો, તો ઈશ્વરદર્શનને પંથે જવામાં તમને એ સહાયરૂપ થઈ પડશે. કેટલાક લોકો એવું કાર્ય કીર્તિ અને પુણ્ય કમાવા માટે કરતા હોય છે. એવા લોકોના કાર્યને નિઃસ્વાર્થ કહી શકાય નહિ. વિશેષ કહું તો તમે તો સિદ્ધપુરુષ છો.'

વિદ્યાસાગરે પૂછ્યું : 'જી ! એ કેવી રીતે ?'

શ્રીરામકૃષ્ણ હસતા હસતા બોલ્યા :

'બટાટા અને બીજાં કેટલાંક શાકને આપણે બાફીએ એટલે તે 'સિદ્ધ' થાય છે, એટલે કે નરમ થાય છે. તેમ તમે સિદ્ધ, નરમ અંતઃકરણના છો, દયાળુ છો.'

વિદ્યાસાગર પણ હસતા હસતા કહે : 'પણ કેટલીક ચીજોને બાફીએ, તો તે કઠણ બની જાય છે. દાખલા તરીકે અડદના લોટનાં મૂઠિયાં.'

શ્રીરામકૃષ્ણ પરમહંસ બોલ્યા :

'ના ના; તમે એ પ્રકારના નથી. જેઓ એકલા પંડિત હોય છે, તેઓ નીચે ખરી પડેલાં ફળો જેવા હોય છે. એ ફળો કદી પાકવાનાં નહિ, તેમ ખાવામાંય બેસ્વાદ હોય. એ પંડિતો અડધે રસ્તે જ ભૂલા પડી ગયેલા છે.

'ગીધ પક્ષી ઘણું ઊંચે ઊડે છે. પરંતુ તેની નજર તો જમીન પર પડેલાં સડેલાં મડદાં પર ચોંટી હોય છે! કેવળ પંડિતો ફક્ત કહેવાના પંડિત જ હોય છે. કારણ કે તેઓ કામિની અને કાંચનમાં આસક્ત હોય છે; ગીધની માફક તેઓ પણ કામ–કાંચનરૂપી માંસના લોચાની શોધમાં ફર્યા કરે છે.

'આસક્તિ અવિદ્યામાંથી જન્મે છે; જ્યારે દયા, ભક્તિ, ત્યાગભાવના એ તો વિદ્યાનું ભવ્ય ઐશ્વર્ય છે.'

શ્રીરામકૃષ્ણ તો હતા મહાન પરમહંસ. એમની વાણીમાં સત્ય રહેલું હોય. સંસ્કૃતમાં એક સુભાષિત છે ને–' सदभिः लीलया प्रोक्तम् शिलालिखितम् वाक्यम् ।– સત્પુરુષો સહજ ભાવે હસતા હસતા પણ જે વચન બોલે એ પથ્થર પર લખેલા વાક્ય સમાન સત્ય છે, હમેશાં ટકી રહે એવું છે.

વિદ્યાસાગર ખરેખર દયાના–કરુણાના સાગર જ હતા. તેમની કરુણા અસીમ હતી. તેમનાં દાન મોટા પાયા ઉપર હતાં. એમની માનવતા ઊંડી ને અગાધ હતી. તેમનું જીવનકાર્ય ખરેખર આપણને પ્રેરણા આપે એવું છે.

## જન્મ – માતાપિતા

બંગાળમાં મિદનાપુર નામે જિલ્લામાં વીરસિંહ નામનું નાનકડું ગામ. ઈ. સ. ૧૮૨૦ની ૨૬મી સપ્ટેમ્બરને રોજ એક ગરીબ બ્રાહ્મણના સાદા ઝૂંપડામાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ થયો હતો.

ઈશ્વરચંદ્રના પિતાનું નામ હતું ઠાકુરદાસ બન્દોપાધ્યાય. માતાનું નામ હતું ભગવતીદેવી.

એમનું કુટુંબ સંસ્કૃત વિદ્યામાં પારંગત અને પોતાના પ્રાચીન સાંસ્કૃતિક વારસા માટે ગૌરવ લેતું કુલીન બ્રાહ્મણનું હતું. ઘરની સ્થિતિ સાવ ગરીબ હતી. પરંતુ ઘરનો આચારવિચાર અને નીતિ વગેરે ઉમદા હતાં.

ઈશ્વરચંદ્રના જન્મ વખતે બનેલો એક પ્રસંગ ધ્યાન ખેંચે એવો છે.

ઈશ્વરચંદ્રના દાદાજી રામજય તર્કભૂષણ ધર્મપરાયણ હતા. તે ઘર છોડીને કેટલાંય વર્ષોથી તીર્થાટન કરતા હતા.

એક રાતે તેમને સ્વપ્ન આવ્યું કે, તેમના વંશમાં એક પ્રતિભાશાળી મહાપુરુષનો જન્મ થનાર છે. એ સંતાન મોટો થઈને કુળદીપક નીવડશે. તેનાં સત્કર્મોથી દેશનું ગૌરવ વધશે. તે દયાનો અવતાર હશે.

એ સ્વપ્નમાં તેમને એવો આદેશ મળ્યો : ‘તમે અહીંથી પાછા ઘેર જાઓ અને સંતાનના શુભ આગમનની રાહ જુઓ.’

આદેશ પ્રમાણે દાદાજી પાછા ઘેર આવ્યા. પુત્રનો જન્મ થતાં દાદાજીએ તેની જીભ ઉપર અળના વડે કંઈક લખ્યું અને કહ્યું : ‘આ બાળક મોટો વિદ્વાન થશે. એનાં દયા દાક્ષિણ્યથી સૌ મુગ્ધ થશે. એનાં કેટલાંક કાર્યો ક્રાંતિકારી થશે.’

પિતાજી ઠાકુરદાસના ઘરની સ્થિતિ બહુ ગરીબ હતી. ઠાકુરદાસના પિતા રામજયે જ્યારે ગૃહત્યાગ કર્યો હતો, ત્યારે કુટુંબનો બધો ભાર દુર્ગાદેવી પર આવી પડ્યો હતો. બે પુત્રો અને પુત્રીઓ હજી નાની ઉંમરનાં હતાં. માતા દુર્ગાદેવી રેંટિયો કાંતીને એમાંથી થોડું કમાઈને બાળકોનું માંડ માંડ ભરણપોષણ કરી શકતાં હતાં.

દુર્ગાદેવીના પિતા અવારનવાર દીકરીને મદદ કરતા. દુર્ગાદેવી બહુ સમજદાર અને સ્વમાની હતાં. એટલે પિતાને ચિંતા ન થાય એ સારુ ઘરની સાચી સ્થિતિ કોઈને કહેતાં નહિ અને ખૂબ કષ્ટથી ઘરસંસાર ચલાવતાં હતાં.

સૌથી મોટા પુત્ર ઠાકુરદાસ પોતાનાં માતાની આવી ત્રાસદાયક દશા જોઈને મનમાં બહુ દુઃખી થતા. બાને કંઈક મદદરૂપ થવાય એવા વિચારથી તે નાની ઉંમરે જ છાનામાના કલકત્તા જતા રહ્યા. મહામહેનતે તેમને મહિને બે રૂપિયાના પગારની નોકરી મળી. આગળ જતાં મહિને આઠ રૂપિયાની નોકરી મળી. તેથી તેમનું કુટુંબ સુખે રહેવા લાગ્યું.

ઠાકુરદાસનાં ત્રેવીસ વર્ષની વયે ભગવતીદેવી સાથે લગ્ન થયાં હતાં.

ઈશ્વરચંદ્રનાં માતા ભગવતીદેવી ખૂબ દયાળુ સ્વભાવનાં હતાં. ઘરની સ્થિતિ ગરીબ હતી, છતાં ગરીબગુરબાંને કશું આપ્યા વિના તેમને ચેન પડતું નહિ. અતિથિને ખૂબ ભાવથી જમાડતાં. સૌની સાથે સુમેળથી અને સ્નેહભાવથી રહેતાં. ધર્મપરાયણ હતાં. આ બધા ગુણો વિદ્યાસાગરને વારસામાં મળ્યા હતા.

## પ્રાથમિક વિદ્યાભ્યાસ

વીરસિંહ ગામમાં કાલિકાંત ચટ્ટોપાધ્યાય નામના એક શિક્ષક પ્રાથમિક શાળા ચલાવતા હતા. એમની પાસે ઈશ્વરચંદ્રને પાંચ વર્ષની વયે ભણવા મૂકવામાં આવ્યો. આઠ વરસની ઉંમર થતાં સુધી તે ત્યાં જ ભણ્યો.

ઈશ્વરચંદ્રની મેધાશક્તિ, કુશાગ્ર બુદ્ધિ અને પરિશ્રમ જોઈને કાલિકાંત તેને બહુ ચાહતા. તે તેમનો સૌથી પ્રિય શિષ્ય હતો.

ગ્રામશાળાનું ભણતર પૂરું થતાં કાલિકાંતે ઠાકુરદાસને ભલામણ કરી : 'ઈશ્વરે અહીંનો બધો અભ્યાસ ખૂબ સરસ રીતે પૂરો કર્યો છે. તેના અક્ષર પણ ખૂબ સુંદર છે. એને તમારી સાથે કલકત્તા લઈ જાઓ અને અંગ્રેજીનો અભ્યાસ કરાવો તો સારું થાય. એ બાળક એવો મેધાવી છે અને એની સ્મરણશક્તિ એવી પ્રબળ છે કે ત્યાં પણ તે ઝળકી ઊઠશે.'

ઠાકુરદાસ ઈશ્વરચંદ્રને કલકત્તા લઈ જવા તૈયાર થયા. કાલિકાંત પણ એમની સાથે જોડાયા.

## કલકત્તા જતાં રસ્તામાં

૧૮૨૮ના નવેંબર માસમાં ઠાકુરદાસ, કાલિકાંત અને ઈશ્વરચંદ્ર કલકત્તે જવા નીકળ્યા. સાથે એક નોકરને પણ લઈ લીધો. વીરસિંહથી કલકત્તા વચ્ચે ૬૦ માઈલનું અંતર હતું. લાંબા અને થકવી નાખે એવા રસ્તે થઈને જવાનું હતું. બાળક ઈશ્વરચંદ્ર થાકી જતો ત્યારે વચ્ચે વચ્ચે એને ઉપાડી લેવો પડતો.

રસ્તે જતાં બાળક ઈશ્વરચંદ્રે જોયું કે, રસ્તા ઉપર અમુક અમુક અંતરે પથરા ઊભા કરવામાં આવ્યા છે. આ જોઈને તેણે કુતૂહલતાથી પિતાને પૂછ્યું :

'બાપુજી, મસાલા વાટવાના પથરા જેવા આ પથરા શા માટે ઊભા કરવામ આવ્યા છે ?'

પિતાએ હસીને કહ્યું : 'આ કંઈ મસાલા વાટવાના પથરા નથી. એ તે માઈલ–સ્ટોન છે.'

ઈશ્વરચંદ્રે પૂછ્યું : 'માઈલ–સ્ટોન એટલે શું ?'

પિતાએ કહ્યું : 'એ અંગ્રેજી શબ્દ છે. એ માઈલનું અંતર બતાવવા માટેના પથરા છે. સ્ટોન એટલે પથરો. આ પથરા ઉપર કલકત્તા અહીંથી કેટલું દૂર છે એ બતાવવા અંગ્રેજી અક્ષરોમાં માઈલના આંકડા લખેલા છે. આ પથરા ઉપર ઓગણીસનો અંક છે. એટલે અહીંથી કલકત્તા ૧૯ માઈલ દૂર છે એ સમજાય.'

આ જોઈને ઈશ્વરચંદ્રે પથરા પર લખેલા આંકડા પર હાથ મૂકીને કહ્યું : 'બાપુજી આ ૧ છે અને આ ૯ છે, ખરુંને ? ૧૯ અંગ્રેજીમાં આમ લખાય.'

ઠાકુરદાસે કહ્યું : 'હા, બરોબર છે.'

પછી ઇશ્વરચંદ્રે મનમાં નક્કી કર્યું કે, 'કલકત્તા જતા સુધીમાં અંગ્રેજી આંકડા હું શીખી લઈશ.' પછી ૧૯ થી ૧૦ સુધીના અંકવાળા પથરાને બરોબર ધ્યાનથી જોઈ જોઈને તેણે અંક પાકા કરવા માંડયા. પછી ૧૦ અંકવાળા પથરા આગળ તેણે પિતાને કહ્યું : 'બાપુજી, આ ૧૦નો અંક છે ને ? હું ૧ થી ૧૦ સુધીના, અંગ્રેજી અંક હવે શીખી ગયો છું.'

પિતાએ એની પરીક્ષા લેવા ૯ તેમજ ૮ના માઈલ–સ્ટોન વિશે પૂછ્યું, તો તેણે બરોબર આંકડા કહ્યા.

ઠાકુરદાસને મનમાં જરા શંકા ગઈ કે, ઈશ્વર અંદાજથી ૧૦ પછી ૯ અને ૯ પછી ૮નો આંકડો ઓળખી શક્યો હશે. એટલે તેમણે એની પરીક્ષા લેવા જ્યારે આગળ જતાં ૭ના અંક પછીનો ૬નો પથરો આવતો હતો, ત્યારે તેનું ધ્યાન બીજી બાજુ ખેંચીને ૬નો પથરો ચૂકવી દીધો. એ પછીનું સીમાચિહ્ન બતાવીને ઠાકુરદાસે એને પૂછ્યું : 'કહે જોઉં, તારા હિસાબ પ્રમાણે આ કેટલામો અંક છે ?'

ઈશ્વરચંદ્રે એ અંક જોઈને કહ્યું : 'બાપુજી, અહીં તો ૬નો અંક જોઈએ, એને બદલે ભૂલથી ૫ લખેલા છે !'

એ સાંભળીને ઠાકુરદાસ ખુશ થતા બોલ્યા : 'તને અંગ્રેજી અંક ઓળખતાં આવડયા છે ખરા. મેં જાણી જોઈને ૬ના અંકનો પથરો જવા દીધો હતો !'

બાળક ઈશ્વરચંદ્રની આવી મેધાશક્તિ જોઈને શિક્ષક કાલિકાંતબાબુ એની દાઢી પકડીને આશીર્વાદ આપતા બોલ્યા : 'શાબાશ ! દીકરા, શાબાશ !'

પછી તેમણે ઠાકુરદાસને કહ્યું : 'ઈશ્વરના વિદ્યાભ્યાસ માટે સારી વ્યવસ્થા કરવી જોઈએ. મોટો થઈને આ બાળક મહાન માણસ થશે, એમાં લેશમાત્ર પણ સંદેહ નથી.'

## કલકત્તામાં વિદ્યાભ્યાસ

ઠાકુરદાસ અને ઈશ્વરચંદ્રને કલકત્તામાં ભાગવતચરણને ઘેર આશ્રય મળ્યો. એમના પુત્ર જગતદુર્લભબાબુએ અને વિધવા પુત્રી રાયમણિએ ઈશ્વરચંદ્રને ભાવથી આવકાર્યા. રાયમણિએ તેમના પર દુર્લભ વાત્સલ્ય રેલાવ્યું.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર આ વાત્સલ્યને અને રાયમણિને જીવનભર ભૂલ્યા નહોતા. એના બાલવૈધવ્યે એમના ઊગતા મન ઉપર દુઃખની ઘેરી અસર પાડી હતી. મોટપણે વિદ્યાસાગરે એ સમયનાં સંસ્મરણોમાં લખ્યું છે :

'એ પરિવારમાં રહ્યાથી હું પારકે ઘેર છું એવું મને કદી લાગ્યું નથી. સૌ મારા પર સ્નેહ રાખતાં. તેમાં પણ નાનાં બહેન રાયમણિનો અદ્ભુત સ્નેહ અને સંભાળ કોઈ કાળે પણ હું ભૂલીશ નહિ. તે મારા પર પોતાના દીકરા જેવો જ સ્નેહભાવ રાખતાં. સ્નેહ, દયા, સૌજન્ય, સદ્વિવેક વગેરે સદ્ગુણોની બાબતમાં એ રાયમણિદીદી જેવી બીજી કોઈ સ્ત્રી આજ સુધી મારા જોવામાં આવી નથી.'

ઈશ્વરચંદ્રને અંગ્રેજીનું શિક્ષણ આપવું કે સંસ્કૃતનું એ બાબતમાં ઠાકુરદાસના મનમાં ગડભાંજ થવા લાગી. છેવટે તેમણે નક્કી કર્યું કે, ઈશ્વરચંદ્ર સંસ્કૃતનું થોડું જ્ઞાન મેળવીને પોતાના ગામમાં શાળા કાઢે અને ત્યાંનાં બાળકોને ભણાવે તો બસ. પોતે ગરીબ સ્થિતિને લીધે સંસ્કૃત ભણી શક્યા નહોતા, એનો તેમને વસવસો હતો. એટલે ઠાકુરદાસે જગતદુર્લભબાબુ વગેરેને કહ્યું : 'મારી ઇચ્છા તો ઈશ્વરને સંસ્કૃત કૉલેજમાં દાખલ કરવાની છે.'

એ સાંભળીને કોઈએ તેમને કહ્યું : 'તમારી માસિક આવક તો દસ રૂપરડી છે, તો એટલી આવકમાંથી તમે શી રીતે એને કૉલેજમાં દાખલ કરશો?'

પિતાએ જવાબ આપ્યો : 'એને ભણાવવાને સારુ મહિને પાંચ રૂપિયા આપીશ અને બાકીના પાંચ રૂપિયા ઘરખરચ માટે વાપરીશ.'

એટલે ૧૮૨૯ના જૂનમાં ઈશ્વરચંદ્ર સરકારી સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા.

ઈશ્વરચંદ્રે અગિયાર વર્ષની ઉંમરમાં વ્યાકરણ શ્રેણી પ્રથમ આવીને પસાર કરી. પછી તે સાહિત્ય શ્રેણીમાં દાખલ થયા. આટલી નાની ઉંમર જોઈ અધ્યાપકોએ વાંધો ઉઠાવ્યો, પરંતુ એમની બુદ્ધિમત્તાની કસોટી કરીને જોતાં તેઓ મુગ્ધ બની ગયા. તેમને દાખલ કરવામાં આવ્યા.

ઈશ્વરચંદ્રે સંસ્કૃત કૉલેજમાં બાર વર્ષ અભ્યાસ કર્યો. તે તેજસ્વી વિદ્યાર્થી તરીકે ઝળકી ઊઠયા. તેમને ઘણાં ઇનામો અને શિષ્યવૃત્તિઓ મળ્યાં. વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, વેદાંત, સ્મૃતિ, ન્યાય, જ્યોતિષ એ બધી શ્રેણીમાં તે પ્રથમ કક્ષાએ ઉત્તીર્ણ થયા.

વળી ઈશ્વરચંદ્ર ૧૮૩૯ના એપ્રિલમાં હિંદુ કાયદા સમિતિની પરીક્ષામાં બેઠા અને જજ–પંડિત માટે લાયક ઠર્યા.

બધો અભ્યાસ સફળતાથી અને ગૌરવભેર પૂરો કર્યા પછી ઈશ્વરચંદ્રને 'વિદ્યાસાગર'ની પ્રથમ પદવી આપવામાં આવી. પછી તો ઈશ્વરચંદ્ર એ નામથી જ દેશભરમાં અને જગતમાં જાણીતા થયા.

## વિદ્યાકાળની તપસ્યા

પિતા ઠાકુરદાસ ઈશ્વરચંદ્રના અભ્યાસ માટે ખૂબ કાળજી રાખતા હતા. તેમનો એવો નિયમ હતો કે, સવારે નવ વાગ્યે ઈશ્વરચંદ્રને ખવડાવી–પિવડાવીને પોતે સાથે જઈને વિદ્યાલયમાં મૂકી આવતા અને સાંજે ચાર વાગે પાછા ત્યાં જઈને તેમને ઘેર તેડી જતા. જેથી નાની ઉંમરમાં શહેરી નઠારા છોકરાની સોબતમાં પડવાનો વારો જ ન આવે. સામાન્યપણે બાળકબુદ્ધિનાં સરળ ચિત્તનાં બાળકો કુસંગમાં પડીને પોતાનું જીવન બરબાદ કરી નાખે છે; પોતાનો તેમ જ સંબંધીઓનો સર્વનાશ નોતરે છે. ઠાકુરદાસ જેવા ધર્મશીલ, કર્તવ્યપરાયણ અને પુત્રવત્સલ વાલીઓના અભાવે ઘણાં બાળકો દુરાચારી અને કુશિક્ષણને અવળે માર્ગે વળી જાય છે.

ઈશ્વરચંદ્ર સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રવેશ કર્યો ત્યારથી રોજબરોજ જે જે ત્યાં ભણતા એનું ઘેર આવીને પિતાની આગળ પુનરાવર્તન કરવું પડતું. એમાં એક શબ્દનો પણ હેરફેર થઈ જતો, તો તેમનું આવી જ બનતું. વળી કોઈ કોઈ વાર પાછલા પાઠ પણ બોલી જવા પડતા. એમાં પણ ભૂલ થતી, તો પિતા એમનો બરોબર ઊધડો લઈ નાખતા.

કોઈ વાર રાતે અભ્યાસ કરતાં કરતાં ઈશ્વરચંદ્ર થાકીને ઊંઘી જતા અને પિતા મોડી રાતે નોકરી પરથી ઘેર આવીને જોતા કે, દીવો અમસ્તો બળી રહ્યો છે અને ભાઈસાહેબ નીંદર ખેંચી રહ્યા છે, તો પિતા એમને ફટકાર્યા વિના રહેતા નહિ.

ઠાકુરદાસ ઈશ્વરચંદ્રને પરોઢિયે વહેલા જગાડતા અને અભ્યાસ કરવા બેસાડતા. અભ્યાસ બહારના સંસ્કૃત શ્લોકો પણ શીખવતા અને મોઢે કરાવતા. એ પ્રમાણે

ઈશ્વરચંદ્રને ઘણા શ્લોકો મોઢે થઈ ગયા હતા. મહાવિદ્યાલયમાં પણ અધ્યાપકો એમની તેજસ્વી મેધાશક્તિ જોઈને વિવિધ વિષયના સંસ્કૃત શ્લોકો શીખવતા અને મોઢે કરાવતા.

આવા તેજસ્વી અને આશાસ્પદ વિદ્યાર્થીને પિતાની નબળી આર્થિક સ્થિતિમાં કેવા કપરા દહાડા કાઢવા પડ્યા હતા! છતાં પણ ઈશ્વરચંદ્રમાં લઘુતાગ્રંથિ કદી આવી નહોતી. તે વખતની સ્થિતિનું વર્ણન કરતાં વિદ્યાસાગર મોટપણે લખે છે:

'પિતાની સામાન્ય આવકથી બહોળા પરિવારનું ભરણપોષણ બરાબર થતું નહોતું. તેથી બાલ્યકાળે અનેક વખતે અમારે ખાવાના સાંસા પડતા... કદી અન્ન મળે અને કદી નયે મળે અને જ્યારે અન્ન મળતું, ત્યારે પેટ ભરીને ખાવા પામતાં નહિ. જ્યારે પેટ પૂરતું અન્ન મળતું, ત્યારે દાળ શાક વગેરેના અભાવે કેવળ ભાત અને મીઠાથી દહાડો કાઢવો પડતો. જ્યારે શાકભાજી મળતાં, ત્યારે તેનો રસો તે દિવસે ખાઈને બાકીનો નક્કર ભાગ બીજા દિવસને માટે રાખી મૂકતાં. કેટલીક વાર આ પ્રમાણે રાખેલા શાક ઉપર જ બીજો દિવસ કાઢવો પડતો.'

ઈશ્વરચંદ્ર જેમ બને તેમ બીજા કોઈની મદદ લીધા વિના મહેનત કરીને શીખી લેવા પ્રયત્ન કરતા. કોઈ કોઈ વાર મોડી રાત સુધી અને કોઈ કોઈ વાર આખી રાત જાગીને પણ તે અભ્યાસ કરતા. કેટલીય વાર એમની તબિયત બગડતી. પરંતુ એની તે પરવા કરતા નહિ અને વિદ્યાભ્યાસમાં આગળ વધવા પ્રયત્નશીલ રહેતા.

સંસ્કૃત કોલેજમાં ઈશ્વરચંદ્ર અભ્યાસ કરતા હતા, એ અરસામાં ઠાકુરદાસે પોતાના વચેટ દીકરા દીનબંધુને પણ કલકત્તા ભણવા બોલાવી લીધો. વિદ્યાકાળમાં ઈશ્વરચંદ્રને દરરોજ સવાર-સાંજ રસોઈ કરવી પડતી. નોકર કે રસોઇયો જે કહો તે ઈશ્વરચંદ્ર જ હતા.

વહેલી સવારે ઊઠીને ગંગાસ્નાન કરીને આવતી વખતે ઈશ્વરચંદ્ર બજારમાંથી શાકભાજી લઈ આવતા. ઘેર આવીને મસાલો વાટવાનું કામ પણ તે જ કરતા. રસોઈ કરીને બધાને તે જમાડતા. પછી પોતે જમીને એઠવાડ વગેરે સાફસૂફ કરીને તે ભણવા જતા. પાછા સાંજે આવીને તે રસોઈ કરતા, સૌને જમાડતા, પોતે જમતા અને બધું સાફસૂફ કરીને અભ્યાસ કરવા બેસતા.

## નોકરીમાં સ્વમાન જાળવીને રહ્યા

'વિદ્યાસાગર'ની પદવી પામ્યા પછી ઈશ્વરચંદ્ર ૧૮૪૧માં ફોર્ટ વિલિયમ કોલેજમાં માસિક પચાસ રૂપિયાના પગારથી અધ્યાપક નિમાયા.

ફોર્ટ વિલયમ કૉલેજમાં વિદ્યાસાગરે ઘણા અગ્રગણ્ય અંગ્રેજોની ચાહના મેળવી હતી. એમાં કૉલેજના મંત્રી કૅપ્ટન માર્શલ તો એમના પર મુગ્ધ હતા. તે આ પ્રખર પંડિત વિદ્યાસાગરના સંપર્કમાં જેમ જેમ વધુ ને વધુ આવતા ગયા, તેમ તેમ તેમની તીવ્ર બુદ્ધિ, અગાધ જ્ઞાન, નિર્ભય અને ખંતીલો સ્વભાવ, અથાક શક્તિ અને તેમના ઉત્તમ શીલ તરફ વધુ ને વધુ આકર્ષાયા.

આ કૉલેજમાં વિલાયતથી આવતા અંગ્રેજ સિવિલિયનો દેશી ભાષા શીખી, તેની પરીક્ષા આપી, નોકરીમાં જોડાતા. એ પરીક્ષામાં નાપાસ થનારને પાછા વિલાયત જવું પડતું.

આ પરીક્ષા લેવાનું કામ યુવાન વિદ્યાસાગરને સોંપવામાં આવ્યું. વિદ્યાસાગર આ પરીક્ષામાં ન્યાયથી વર્તતા. કોઈ નાપાસ થતું હોય, તો તેને નાપાસ જાહેર કરતા.

હવે સિવિલિયન થઈને હિંદમાં નોકરી માટે આવતા અંગ્રેજોને દેશી ભાષાની પરીક્ષામાં નાપાસ થવાથી વિલાયત પાછા જવાનો વારો આવ્યો ! આવું પહેલાં થતું નહિ. એટલે એક દિવસ માર્શલ સાહેબે વિદ્યાસાગરને કહ્યું : 'આ લોકોની પરીક્ષા લેવામાં તમે જરા રહેમ નજર રાખતા રહો તો સારું.'

વિદ્યાસાગરે એમને સ્પષ્ટ કહી દીધું :

'મારાથી એમ થઈ શકશે નહિ. નોકરી છોડી દઈશ તેની હરકત નથી. પણ એવો અન્યાય હું સહન કરી શકું નહિ.'

જે દરિદ્ર બ્રાહ્મણ યુવાનને કેટલાં બધાં વર્ષો ખાવાપીવાના સાંસામાં કાઢવા પડ્યાં હતાં, એને તે જમાનામાં પચાસ રૂપિયા મળે એવી પ્રતિષ્ઠિત નોકરી મળી એ દુન્યવી સામાન્ય માણસને તો મહદ્ ભાગ્ય જ ગણાય. પરંતુ યુવાન વિદ્યાસાગરને મન એવી પ્રતિષ્ઠા કરતાં સત્યનિષ્ઠા મહત્ત્વની હતી.

વિદ્યાસાગરે નોકરી કરવા માંડ્યા પછી સૌથી પ્રથમ તેમના પિતાને કહ્યું : 'પિતાજી, તમારી નોકરી ખૂબ પરિશ્રમવાળી છે. એ નોકરી છોડી દો. ગામ જઈને શાંતિથી રહો. હું તમને પૈસા મોકલીશ.'

પ્રથમ તો પિતાએ એમ કરવાની આનાકાની કરી. પરંતુ વિદ્યાસાગરે ખૂબ ખૂબ આગ્રહ કર્યો. એટલે તેમણે નોકરી છોડી દીધી અને ગામ જઈને કુટુંબીઓ સાથે રહેવા લાગ્યા.

પોતાને મળતા ૫૦ રૂપિયામાંથી વિદ્યાસાગર ૨૦ રૂપિયા પિતાને મોકલતા. બાકીના ૩૦ રૂપિયામાંથી કલકત્તામાં તેમને ઘેર રહેતા તેમના ભાઈભાંડુઓ વગેરે એકંદર

૯ માણસોનું તે ભરણપોષણ કરતા. સૌમાં તે મોટા અને કમાનાર હતા, છતાં વારા પ્રમાણે રસોઈ વગેરે ઘરકામમાં મદદ કરવામાં તે જરાયે આળસ કરતા નહિ.

આગળ જતાં સંસ્કૃત કૉલેજના મંત્રી બાબુ રસમય દત્ત સાથે વિદ્યાસાગર સહમંત્રી તરીકે માસિક પચાસ રૂપિયાના પગારે જોડાયા. પોતે જે કૉલેજમાં ભણ્યા હતા એના ઉત્કર્ષ માટે જરૂરી સુધારાવધારા કરવા તે ઇચ્છતાં હતા. આ બાબતમાં રસમયબાબુ સાથે મતભેદ થતાં તેમણે રાજીનામું આપ્યું. તેમને થયું કે, જો તે પોતાના વિદ્યાના મૂર્તિમંત ધામને માટે કાંઈ પણ ઉપયોગી કાર્ય ન કરી શકે, તો માત્ર પૈસા રળી આપનાર નોકરીને શું કરવી ?

એ દિવસોમાં પચાસ રૂપિયાની નોકરીને છોડી દેવી એ કંઈ નાનીસૂની વાત ન કહેવાય. રસમય દત્ત બાબુએ અને બીજા હિતેચ્છુઓએ એમને આવું પગલું ન ભરવા સમજાવ્યા.

પરંતુ સ્વમાની વિદ્યાસાગરે હિંમતપૂર્વક કહ્યું :

'જોઈએ તો શાકભાજી વેચીશ. પણ જ્યાં સન્માન જળવાતું ન હોય ત્યાં નોકરી તો નહિ જ કરું.'

નોકરી છોડીને વિદ્યાસાગર દુ:ખી કે દિલગીર થયા ન હતા. તેમના ઘેર જે અનાથ વિદ્યાર્થીઓ જમતા હતા, તેમાંના કોઈને પણ તેમણે કાઢી મૂકયા નહોતા. પોતાના ભાઈ દીનબંધુને જે પગાર મળતો તેમાંથી કલકત્તાનું ખરચ ચલાવી, દર મહિને પચાસ રૂપિયાનું દેવું કરીને ઘેર પિતાને મોકલતા. એ દિવસોમાં ગ્રંથ રચવા તરફ તેમનું મન વિશેષ વળ્યું હતું.

આ જ વેળાએ એમની નિર્લોભ વૃત્તિનો પ્રસંગ બન્યો એ જાણવા જેવો છે.

સંસ્કૃત કૉલેજની શિક્ષણ સમિતિના મંત્રી મયટ સાહેબ વિદ્યાસાગરના એક મોટા પ્રશંસક હતા. વિદ્યાસાગરને નોકરી વિના પૈસાની તાણ પડતી હશે, એમ માનીને તેમને વિદ્યાસાગરને કહ્યું : 'કૅપ્ટન બેંક મારા મિત્ર છે. તેમને સંસ્કૃત, બંગાળી અને હિંદીનું શિક્ષણ આપવા તમે રોજ એક કલાક જાઓ તો સારું.'

વિદ્યાસાગર કૅપ્ટન બેંકને ભણાવવા જવા લાગ્યા. તે એમની શીખવવાની પદ્ધતિથી બહુ રાજી થયા. તેમણે દર માસના ૫૦ રૂપિયા પ્રમાણે આઠેક માસનો પગાર આગળથી આપવા માંડયો.

પરંતુ વિદ્યાસાગરે તે નહિ લેતાં કહ્યું: 'આપ મયર સાહેબના પરમ મિત્ર છો અને તે મારા મિત્ર છે. એ મિત્રના કહેવાથી હું આપને શીખવવા આવું છું, પગારને માટે આવતો નથી.'

એ ૩૦૦–૪૦૦ રૂપિયા વિદ્યાસાગરે લીધા હોત, તો તેમની એવી અડચણના વખતમાં બહુ ઉપયોગી થઈ પડત. પણ તેમનું નિર્લોભી મન એમ લલચાય તેવું ન હતું.

આ પ્રસંગને પણ ટપી જાય એવો પ્રસંગ આગળ જતાં બન્યો. વિદ્યાસાગર તે વખતે સંસ્કૃત કૉલેજના આચાર્યપદે હતા. તેમને ધીમે ધીમે માસિક ૫૦૦ રૂપિયા મળવા લાગ્યા હતા.

આગળ જતાં સંસ્કૃત કૉલેજના મુખ્ય અંગ્રેજ અધિકારીઓ સાથે મતભેદ થતાં વિદ્યાસાગરે આચાર્યપદેથી રાજીનામું આપી દીધું !

આ વાત જાણીને એમના એક સ્નેહીએ એમને કહ્યું : '૫૦૦ રૂપિયા માસિક પગારની નોકરી એકદમ છોડી દીધી એ આપે ઠીક ન કર્યું. હવે આપને પૈસાની કેટલી મુશ્કેલી પડશે !'

વિદ્યાસાગરે સહજ ભાવે કહ્યું :

'જે કામમાં પ્રતિષ્ઠાની હાનિ થતી હોય તે કામ કરવા હું ચાહતો નથી. પૈસા અને પદવી કરતાં પ્રતિષ્ઠાને હું વધારે મૂલ્યવાન સમજું છું.'

## અંગ્રેજ અધિકારીને પાઠ શીખવ્યો

આગળ જતાં ૧૮૫૧માં મયટ સાહેબની ભલામણથી વિદ્યાસાગરને માસિક દોઢસો રૂપિયાને પગારે સંસ્કૃત કૉલેજના આચાર્ય નીમવામાં આવ્યા.

એક દિવસ ખાસ કોઈ પ્રસંગે વિદ્યાસાગર હિંદુ કૉલેજના અધ્યક્ષ કાર સાહેબને મળવા ગયા.

તે જમાનામાં ઘણા ખરા અંગ્રેજો હિંદીઓને પોતાના ગુલામ જેવા ગણતા અને તેમને પોતાના કરતાં ઊતરતા માનતા. કાર સાહેબ પણ એવા તુમાખી હતા. તેમણે વિદ્યાસાગરને બેસવાને ખુરશી સરખી નહિ આપતાં પોતે ખુરશીમાં પડી રહી ટેબલ પર પગ લંબાવી રાખીને એવી અસભ્યતાથી એમની સાથે વાતચીત કરી! જુવાન વિદ્યાસાગરનો પિત્તો ખૂબ ઉછળી આવ્યો.

પરંતુ ગમ ખાઈ જઈને વખત વિચારીને એ વેળાએ તો વિદ્યાસાગરે જે કામે આવ્યા હતા તે ઊભા ઊભા જ પતાવી દીધું અને તે ત્યાંથી ચાલ્યા ગયા.

એ વાતને થોડાક દિવસ વીત્યા પછી એ જ કાર સાહેબને કોઈ કામ પ્રસંગે સંસ્કૃત કૉલેજમાં વિદ્યાસાગર પાસે આવવું પડ્યું.

વિદ્યાસાગરે પણ આ લાગ જોઈને એ ઘમંડી અંગ્રેજને બરાબર પાઠ શીખવવા વિચાર્યું.

એ કાર સાહેબની પેઠે વિદ્યાસાગર પણ પગરખાં પહેરેલા પગ ટેબલ પર લંબાવી અર્ધ–સૂતેલી અવસ્થામાં પડી રહ્યા અને ખુરશી ડોલાવતા ડોલાવતા કાર સાહેબની સાથે વાત કરવા લાગ્યા !

એ મોટા સાહેબને બેસવા માટે ખુરશી કે આસન પણ આપ્યું નહિ. તેમને ઊભા જ રાખ્યા.

આથી કાર સાહેબ મનમાં ખૂબ જ ગુસ્સે થઈ ગયા. વિદ્યાસાગર જેવા એક હિંદીએ પોતાનું અપમાન કર્યું એ માટે તેમને કંઈક સજા કરવા તલપાપડ થઇ ગયા. જેમ તેમ કરીને પોતાનું કામ પતાવીને ચાલતા થયા.

પછી કાર સાહેબે વિદ્યાસાગરના આવા અવિવેકી વર્તન અંગે મયટ સાહેબને ફરિયાદ કરી.

વિદ્યાસાગરને બોલાવી મયટ સાહેબે આવું ગેરવર્તન કરવાનું કારણ પૂછ્યું.

વિદ્યાસાગરે એના જવાબમાં કહ્યું :

'હું એમ ધારતો હતો કે હું અસભ્ય બંગાળી છું. તેથી કાર સાહેબ જેવા સુસભ્ય અંગ્રેજની રીત પ્રમાણે મળવા આવનારનો સત્કાર કરવો જોઈએ. એમ સમજીને મારે એ પ્રમાણે કરવું પડ્યું છે.

'હિંદુ કૉલેજના અધ્યક્ષ કાર સાહેબની પાસેથી જ એવો શિષ્ટાચાર હું શીખ્યો છું, અને અવસર મળ્યાથી એ જ સાહેબ પ્રત્યે એવું સન્માન દેખાડવામાં મેં જરાય કૃપણતા કરી નથી.

'હવે આમ વર્તવામાં જો મારો દોષ ગણવામાં આવે, તો એને માટે એવા વર્તનનું શિક્ષણ આપનાર કાર સાહેબ પોતે જ જવાબદાર ગણાય.'

વિદ્યાસાગરનો આવો નિખાલસતાભર્યો ખુલાસો સાંભળી મયટ સાહેબ સાચી હકીકત સમજ્યા. તેમણે કારસાહેબને એમની ભૂલ બતાવી.

## વિદ્યાસાગરની માતૃભક્તિ

વિદ્યાસાગરને માતા પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ હતો. મનની ઉદારતા અને કરુણામાં ભગવતીદેવી અસાધારણ હતાં. મોટે ભાગે વિદ્યાસાગરે આ ગુણો માતા પાસેથી વારસામાં મેળવ્યા હતા.

વિદ્યાસાગર માતાની આજ્ઞાનું પાલન કરવામાં સદા તત્પર રહેતા. વિદ્યાસાગર ૧૪ વર્ષના હતા, ત્યારે તેમનાં માતાએ એમનાં લગ્ન કરવાની વાત મૂકી. તે વખતે બાળલગ્નનો રિવાજ પ્રચલિત હતો. એ ઉંમરે વિદ્યાસાગરને લગ્ન કરવાની ઇચ્છા નહોતી. તે માનવકલ્યાણનાં કાર્ય અને શિક્ષણને જીવન અર્પણ કરવાનો વિચાર

સેવતા હતા. પરંતુ માતાને નારાજ કરવા તે તૈયાર ન હતા. તેમણે દિનમયીદેવી સાથે લગ્ન કરવાનું કબૂલ રાખ્યું.

એમની માતૃભક્તિનો એક પ્રસંગ નોંધવા જેવો છે.

વિદ્યાસાગર કૉલેજમાં અધ્યાપનકાર્ય કરતા હતા તે વખતે તેમના ત્રીજા ભાઈનાં લગ્ન વખતે માતાએ ખાસ આગ્રહ કરીને તેમને ઘેર બોલાવ્યા હતા.

એટલે વિદ્યાસાગર માર્શલ સાહેબ પાસે રજા લેવા ગયા. પરંતુ કામનો એટલો ભરાવો હતો કે, માર્શલ સાહેબ રજા આપી શક્યા નહિ.

કલકત્તામાં વિદ્યાસાગરની સાથે રહેતા ભાઈભાંડુઓ ગામ ગયા. પરંતુ તે જઈ શક્યા નહિ. એથી એમને ખૂબ દુઃખ થયું. માતાની ઇચ્છાને માન આપી શકાયું નહિ, એ વ્યથામાં તેમણે આખી રાત પસાર કરી.

સવાર થતાં જ વિદ્યાસાગર માર્શલ સાહેબ પાસે ગયા અને બધી વાત સમજાવીને બોલ્યા :

'મારી માએ મને ઘેર બોલાવ્યો છે. તેથી મારે જવું જ પડશે. હું નહીં જાઉં તો મારી રાહ જોઈને તે દુઃખી થશે. જો આપ રજા ન આપી શકતા હો તો હું મારી નોકરીનું રાજીનામું આપું છું. તે મંજૂર કરીને મને છૂટા કરવાની કૃપા કરો. ગમે તેમ થાય પણ માની આજ્ઞા માન્ય કરીને હું તો ઘેર જવાનો જ.'

વિદ્યાસાગરની આવી માતૃભક્તિ જોઈને માર્શલ સાહેબ પ્રસન્ન થયા. તે બોલ્યા : 'તમારે રાજીનામું આપવાની કંઈ જ જરૂર નથી. હું અહીંનું બધું સંભાળી લઈશ. તમે તમારી માને મળવા ખુશીથી જાઓ.'

વિદ્યાસાગર માર્શલ સાહેબનો આભાર માની પોતાના મુકામે આવ્યા. શ્રી રામ નામના ઘરના નોકરને લઇને તે વીરસિંહ જવા પગપાળા નીકળ્યા.

તે દિવસે ખૂબ વરસાદ પડયો હતો. રસ્તે કાદવ કાદવ થઈ ગયો હતો. જેમ તેમ કરીને તેઓ તારકેશ્વર પહોંચ્યા અને રાત પસાર કરી. બીજે દિવસે ઊઠીને તેઓ આગળ ચાલ્યા, પરંતુ તેમણે જોયું કે, શ્રીરામ ખૂબ થાકી ગયો છે અને મહાપરાણે આગળ ચાલે છે.

આ જોઈને વિદ્યાસાગરે શ્રીરામને એક ઠેકાણે બેસાડીને નાસ્તો કરાવ્યો. પછી થોડા પૈસા આપીને કહ્યું : 'તારું ગામ અહીંથી થોડેક જ દૂર છે. માટે તું ત્યાં જા.'

નોકર પણ વિદ્યાસાગર માટે આદર રાખતો હતો. એમને એકલા મૂકીને તૈયાર ન થયો. પરંતુ વિદ્યાસાગરે તેને સમજાવીને ઘેર મોકલી દીધો.

પછી વિદ્યાસાગર આગળ ગયા, તો દામોદર નદીમાં પૂર આવ્યું હતું ! હવે શું થાય ? કોઈ પણ હિસાબે એ દિવસે ઘેર તો પહોંચવું જ જોઈએ. ભાઈનું લગ્ન એ જ દિવસે હતું. એમને થયું, હું જો બરાબર સમયસર ઘેર ન પહોંચું તો માને દુઃખ લાગશે.

કિનારા પરની હોડી પણ સામે પાર હતી. તે પાછી ક્યારે આવે એનો ભરોસો નહિ. વિદ્યાસાગરે કચ્છ મારીને તરીને નદી પાર કરવાનો વિચાર કર્યો. કિનારે ઊભેલા લોકોએ એમને આવું સાહસ ન કરવા સમજાવ્યા. પણ તેમણે એ લોકોનું માન્યું નહિ અને નદીમાં ઝંપલાવ્યું. મહામહેનતે તરતાં તરતાં તે સામે પાર પહોંચી ગયા.

પછી સાંજને વખતે બીજી નદી આવી. એને પણ તે તરીને પાર કરી ગયા.

અંધારું થઈ ગયું હતું. જંગલનો રસ્તો હતો. ચોરનો પણ ભારે ભય. કોઈ એકલો અટૂલો મુસાફર એ રસ્તે થઈને જવાની હિંમત ન કરે. પરંતુ વિદ્યાસાગરે તો કશાનો વિચાર કર્યા વિના ચાલવા જ માંડ્યું.

મધરાતે વિદ્યાસાગર ગામ પહોંચ્યા. જાન તો ક્યારની નીકળી ગઈ હતી. પરંતુ ઘરમાં એમનાં બા એકલા બેઠાં બેઠાં વિદ્યાસાગરનો વિચાર કરતાં હતાં.

ત્યાં તો બારણે ટકોરા પડ્યા. વિદ્યાસાગરે હાક મારીને કહ્યું : ‘મા, મા, બારણું ઉઘાડો. હું આવ્યો છું.’

માએ બારણું ખોલ્યું, તો ભીને કપડે વિદ્યાસાગર ઊભા હતા ! મા એમને ભેટી પડયાં. થોડી વાર વાતચીત કર્યા પછી મા દીકરાએ ખાધું અને પછી નિરાંતે સૂતાં.

વિદ્યાસાગર ભણતા હતા તે વખતની વાત છે. એક વાર એક ગરીબ માણસ વિદ્યાસાગર પાસે યાચવા આવ્યો. તે બાપડો ખૂબ ભીડમાં હતો.

વિદ્યાસાગર ઘરમાં જઈને માતાને કહેવા લાગ્યા : ‘મા, મા, બારણે ગરીબ માણસ આવ્યો છે. તારી પાસે કંઈ હોય તો આપ.’

મા કહે : ‘દીકરા, ઘરમાં એકેય પૈસો નથી ! તું તો જે આવે તેને આપતો જ રહે છે. ઘરમાં હવે બાકી રહ્યું છે શું ?’

એટલામાં વિદ્યાસાગરની નજર માએ પહેરેલી સોનાની બંગડીઓ પર પડી. તે બોલ્યા : ‘મા, તારી પાસે આ સોનાની બંગડીઓ છે. એમાંની એક વેચીને પૈસા લઈ આવું. એટલે આ ગરીબ માણસને કંઈક આપી શકીશું. મા, તું ચિંતા કરતી નહિ. હું મોટો થઇ ને તને જેટલાં ઘરેણાં જોઈએ તેટલાં ખુશીથી આપીશ.’

મા વિદ્યાસાગરની હઠ જાણતાં હતાં. તેમણે તરત જ બંગડી કાઢી આપી.

વિદ્યાસાગર પછી કૉલેજમાં કામ કરતા હતા, તે વખતે એક દિવસ વિદ્યાસાગરે માને કહ્યું;

'મા, મા, મેં તને મોટો થઈને ઘરેણાં આપવા કહ્યું હતું ને ? બોલ, તારે હવે કેટલાં ઘરેણાં જોઈએ છે ?'

મા કહે 'દીકરા, હું પણ કેટલા વખતથી એનો જ વિચાર કરતી હતી. સારું થયું કે તેં જાતે જ મને એ વિશે પૂછ્યું. પણ દીકરા, એ ઘરેણાંની કિંમત બહુ ભારે છે, હાં કે?'

વિદ્યાસાગર કહે : 'અરે, મા, તું પૈસા સામું જોતી નહિ. તું કહે એટલે બસ.'

મા શાંત અવાજે બોલ્યાં :

'મારા દીકરા, સાંભળ. મારાં ઘરેણાં કંઈ સોના ચાંદીનાં નથી. એવાં ઘરેણાં તો માણસ વચ્ચે ઝઘડો કરાવે. મને હવે એ શોભે પણ નહિ.

'પણ બેટા, મારું પહેલું ઘરેણું તે જ્ઞાન. આપણા દેશમાં કેટલાંય બાળકો અક્ષરજ્ઞાન ન મળવાને કારણે અજ્ઞાન રહે છે. માટે એવાં ગરીબ બાળકો માટે તું આપણા ગામમાં એક શાળા કાઢ.

'મારું બીજું ઘરેણું તે સેવા. આપણા દેશમાં કેટલાંય ગરીબ સ્ત્રીપુરુષો તથા બાળકો દવા વિના રોગથી તરફડી મરે છે ! તેથી તેમને મફત દવા મળી શકે એ માટે તું એક ધર્માદા દવાખાનું ખોલ.

'મારું ત્રીજું ઘરેણું છે જીવન. આપણા દેશમાં કેટલાંય કંગાળ સ્ત્રીપુરુષો અને બાળકો અન્ન વિના ટળવળે છે ! તેથી એવાં ભૂખ્યાં માણસોનાં જીવન ટકાવવા તું એક અન્નક્ષેત્ર ખોલ. જેથી એ બાપડાં ભૂખે મરતાં બચે.'

અને કરુણાળુ વિદ્યાસાગરે બાની એ શુભ ઇચ્છા પૂરી કરવા જીવનભર જેટલું થઈ શક્યું એટલું કર્યું અને 'કરુણાસાગર' તરીકે પણ જાણીતા થયા.

એવાં સેવાકાર્યોની દીક્ષા આપનાર માતાને યાદ કરીને વિદ્યાસાગર નમ્રભાવે કહેતા :

'મેં જો મારી માના સેંકડો ગુણોમાંથી એક પણ ગુણ મેળવ્યો હોત, તો હું પોતાને સફળ થયેલો જાણત. હું એવી માતાનો પુત્ર છું, એ ગૌરવનો વિષય છે.'

## પરોપકારની પરખ

વિદ્યાસાગર નાનપણથી જ કરુણાસાગર હતા. દુઃખી, ગરીબ, રોગી, નિરા-
ધારની સેવા કરવાનું એમને નાનપણથી ગમતું.

વિદ્યાસાગરમાં અગાધ પરગજુતા હતી. તેમના અંગત જીવનમાં તે ખૂબ સાદા અને અપરિગ્રહી હતા. પરંતુ જ્યારે બીજાઓ માટે ખર્ચ કરવાનો આવતો, ત્યારે મર્યાદા છોડીને તે છૂટે હાથે ખર્ચ કરતા. કોઈ પણ દુઃખી વ્યક્તિ તેમની પાસેથી હતાશ બનીને પાછી વળી નહોતી. સેંકડો ગરીબ વિદ્યાર્થીઓ, અનાથ બાળકો અને વિધવાઓને નિયમિત રૂપે એમના તરફથી મદદ મળ્યા જ કરતી.

કોઈને સહાય કરવા માટે અંગત દેવું કરવા પણ વિદ્યાસાગર પાછી પાની કરતા નહિ. એમની નોકરી છૂટી ગયેલી અને માત્ર છાપખાનું તેમ જ પ્રકાશનોની આવક ઉપર તેમને નભવાનું હતું, ત્યારેય તે પહેલાંની માફક છૂટે હાથે મદદ કરતા રહ્યા હતા.

વિદ્યાસાગર પિતાની સાથે કલકત્તા ભણવા ગયા, ત્યારે ખૂબ જ મુશ્કેલીમાં દિવસો વિતાવતા હતા. પરંતુ સંસ્કૃત વિદ્યાલયમાં છ માસ પછી થયેલી પરીક્ષામાં તે પ્રથમ આવ્યા, તેથી એમને માસિક પાંચ રૂપિયા શિષ્યવૃત્તિ મળવા લાગી. તેમાંથી સમયે સમયે થોડું બીજા ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવામાં તે વાપરતા.

અભ્યાસકાળમાં વિદ્યાસાગર પોતે ઘરે કાંતેલાં ખરબચડાં કપડાં પહેરતા. પરંતુ પોતાની શિષ્યવૃત્તિમાંથી ગરીબ સહાધ્યાયીઓને સારો પોશાક ખરીદી આપતા.

વચ્ચે વચ્ચે વિદ્યાસાગર પોતાને ગામ જતા, ત્યારે ત્યાં કોઈ ગરીબ કે દુઃખી હોય તો તેને મદદ કરતા. આજુબાજુના પાડોશીઓ પાસે ફાટેલાંતૂટેલાં વસ્ત્રો હોય, તો કોઈ વાર તે પોતાના અંગ ઉપરનું વસ્ત્ર પણ આપી દેતા.

આગળ જતાં સંસ્કૃત કૉલેજમાં વિદ્યાસાગરને વધારે શિષ્યવૃત્તિ મળવા લાગી. પિતાની એવી ઇચ્છા હતી કે, ઈશ્વરચંદ્ર સંસ્કૃતનો અભ્યાસ પૂરો કરીને વીરસિંહ ગામમાં પાઠશાળા શરૂ કરે. એટલે તેમણે એક દિવસ વિદ્યાસાગરને કહ્યું : 'કૉલેજમાંથી તને જે શિષ્યવૃત્તિ મળે છે, એમાંથી થોડી થોડી રકમ એકઠી કરીને આપણા ગામમાં થોડીક જમીન વેચાતી લઈ લે. એ જમીનની આવકમાંથી આસપાસનાં ગામડાંઓનાં ગરીબ બાળકોના ભણવાનો અને જમવાનો પ્રબંધ કરી શકાશે.'

વિદ્યાસાગરને પિતાની વાત બહુ ગમી ગઈ. તેમણે થોડા થોડા પૈસા બચાવીને ગામમાં થોડીક જમીન ખરીદી લીધી.

વિદ્યાસાગર ગામ જતા ત્યારે દુઃખી ગરીબ દર્દીઓની સેવાચાકરી પણ કરતા.

આમ, બાળપણથી માંડીને જીવનના અંત સુધી વિદ્યાસાગરે કેટલાય દર્દીઓની સેવાચાકરી પોતાને હાથે કરી હતી. રસ્તે જતાં કોઈ કૉલેરાનો દર્દી જોવા મળે તો તે એની સેવા કરવા લાગી જતા.

વિદ્યાસાગર પોતાના સ્વાર્થનો વિચાર કરવાને બદલે બીજાને કઈ રીતે મદદ કરવી એનો જ વિચાર કરતા.

વિદ્યાસાગરની પાસે રૉબર્ટ કૉસ્ટ નામનો એક સિવિલિયન દેશી ભાષા શીખતો હતો. તેણે એક દિવસ વિદ્યાસાગરને કહ્યું : 'આપ જો મારા નામનો એક સંસ્કૃત શ્લોક બનાવી આપશો, તો મને ખૂબ આનંદ થશે.'

વિદ્યાસાગરે એકને બદલે બે શ્રુતિમધુર શ્લોકો તરત જ રચી આપ્યા અને તેનો ભાવાર્થ પણ સમજાવ્યો.

એ સાંભળીને તે ખૂબ રાજી થયો. તેણે પુરસ્કાર તરીકે ૨૦૦ રૂપિયા આપવા માંડયા.

વિદ્યાસાગરે એ લેવાની ના પાડીને કહ્યું : 'સંસ્કૃત કૉલેજનો જે વિદ્યાર્થી કાવ્યરચનામાં સર્વશ્રેષ્ઠ નીવડે, એને પચાસ રૂપિયાનું ઇનામ આપવું, એવી શરતે કૉલેજના અધ્યક્ષને એ રૂપિયા આપશો, તો મન ગમશે.'

સિવિલિયને એ પ્રમાણે કર્યું. તેથી ચાર વર્ષ સુધી એ રીતે ઇનામ અપાતું રહ્યું.

ઈ. સ. ૧૮૬૬–૬૭ની સાલમાં અનાવૃષ્ટિને લીધે બંગાળામાં ભારે દુકાળ પડયો. તે વખતે વિદ્યાસાગરે સરકાર તેમ જ જમીનદારો વગેરે ધનવાન લોકોને બહુ બહુ વીનવીને, સમજાવીને ભૂખે મરતા ગરીબોના પ્રાણ બચાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો.

તેમના એવા પ્રયત્નથી અને વગથી અનેક સ્થળે સરકારી જમીનદારોનાં અન્નસત્ર સ્થપાયાં. ત્યાં ગરીબોને ખાવાનું મળતું.

પરંતુ દયામય વિદ્યાસાગરને એટલાથી શાનો સંતોષ થાય ? પોતાના જન્મ-સ્થાન વીરસિંહ ગામમાં પોતાને ખરચે એક અન્નસત્ર ઉઘાડયું. એ સત્રમાં વીર-સિંહ અને આસપાસનાં ઘણાં ગામોના ગરીબોને લાગલાગટ પાંચ છ મહિના સુધી મફત ખવડાવ્યા, ઉપરાંત એ લોકોને પહેરવાનાં કપડાં અને ઓસડવેસડ વગેરેની પણ સંપૂર્ણ વ્યવસ્થા રાખી હતી.

વળી તે સત્રમાં જમતી સ્ત્રીઓમાંથી જે બેજીવે હતી, તેમને માટે પોતાના ઘરના કરતાં સારો બંદોબસ્ત કરી આપ્યો હતો.

એ સત્રમાં બધી વ્યવસ્થા બરોબર થાય એ માટે વિદ્યાસાગરે પોતાના ભાઈ શંભુચંદ્રને ત્યાં રોકયા હતા. તેમણે પોતાના ભાઈને ખાસ સૂચના આપી હતી :

'જેટલા પૈસા ખરચ થાય એટલા થવા દેવા. પણ કોઈ જરાયે ભૂખ્યું ન રહે; સૌને બરાબર પેટપૂરતું ખાવાની સાથે વસ્ત્ર, ઔષધ અને માથામાં નાખવાનું તેલ સુધ્ધાં બરાબર મળી શકે તેની ખાસ તકેદારી રાખતા રહેવી.'

વળી વચ્ચે વચ્ચે વિદ્યાસાગર કલકત્તેથી આવીને બધું જોઈ જતા.

પશ્ચાત વર્ગના લોકોનો કોઈ અનાદર કે તિરસ્કાર ન કરે તેને માટે વિદ્યાસાગર પોતે તેમનાં શરીરે હાથ ફેરવીને તેમની ખબર પૂછતા તથા પોતાના હાથે તેમના માથામાં તેલ ઘાલતા. તેથી સૌના મનમાંથી એ લોકો અંગેની સૂગ જતી રહેતી.

તેમના આવા પ્રેમભર્યા સેવાકાર્યથી બધા વર્ણના લોકો તેમને 'દયાસાગર' કહેવા લાગ્યા. સરકારે પણ તેમનાં આ સેવાકાર્ય અને પરિશ્રમની પ્રશંસા કરીને તેમનો લેખિત આભાર માન્યો હતો.

પારકાનાં દુઃખ દૂર કરવાને તથા તેમના સુખની વૃદ્ધિ કરવાને માટે જ જાણે વિદ્યાસાગરે જન્મ લીધો હતો.

કેટલીક વાર વિદ્યાસાગરના પરગજુ કાર્યમાં એમનામાં રહેલા શિક્ષકના ગુણ પણ નજરે ચડ્યા વિના રહેતા નથી.

એક દિવસ વિદ્યાસાગર પાલખીમાં બેસીને પરગામ જતા હતા. રસ્તામાં એક ગામ પાસે પાલખીવાળાઓએ થાક ખાવા પાલખી ઉતારી.

તે વખતે એક ગરીબ છોકરો ત્યાં આવ્યો. તેણે વિદ્યાસાગરને કરગરીને કહ્યું : 'સાહેબ, હું ભૂખ્યો છું. મને એક પૈસો આપો.'

વિદ્યાસાગરને છોકરાં બહુ વહાલાં હતાં. આવા નાના છોકરાને ભીખ માગતો જોઇને એમને દયા આવી. તેમણે છોકરાને વહાલથી પૂછ્યું : ' છોકરા, પૈસાનું તું શું કરીશ ?'

છોકરાએ કહ્યું : 'સાહેબ, પૈસાનું ખાવાનું લઈને ખાઈશ.'

વિદ્યાસાગરે હસીને કહ્યું : 'તને એક પૈસાને બદલે બે પૈસા આપું તો તું શું કરે ?'

છોકરાએ કહ્યુ 'એક પૈસાનું આજે ખાઉં અને બીજા પૈસાનું કાલે ખાઉં.'

વિદ્યાસાગરે કહ્યું : 'તને ચાર પૈસા આપું તો ?'

છોકરાએ જવાબ આપ્યો : 'હાટમાંથી કેરીઓ ખરીદીને ગામમાં વેચું. તેના આઠ–દસ પૈસા ઊપજે. તેમાંથી અડધા પૈસાનું ખાવાનું લઉં અને અડધા પૈસાની કેરીઓ લાવી બીજે દિવસે વેચું. આમ ઘણા દિવસ ચલાવું.'

છોકરાનો આ જવાબ સાંભળીને વિદ્યાસાગર ખુશ ખુશ થઈ ગયા. તેમણે એને વધારે પૈસા આપીને કહ્યું : 'તું કહે છે તે પ્રમાણે કેરીઓ વેચજે અને આ પૈસા વધારજે. તો પાછા ફરતી વખતે હું તને દુકાન કરવા માટે રૂપિયા આપીશ.'

આટલું કહી વિદ્યાસાગર પાલખીમાં બેસી ત્યાંથી ચાલ્યા ગયા.

આ વાતને ઘણા દિવસ થઈ ગયા. વિદ્યાસાગર પરગામથી પાછા ફરતી વખતે આ ગામમાં ખાસ રોકાયા. પેલા છોકરાની તપાસ કરી. તે છોકરો એમને મળવા આવ્યો. તેને આપવામાં આવેલા પૈસાના તેણે રૂપિયા કર્યા હતા.

એ જોઈને વિદ્યાસાગર ખૂબ રાજી થયા. એ પુરુષાર્થી છોકરાની તેમણે પીઠ થાબડી. વધારે રૂપિયા આપીને દુકાન કરાવી આપી.

આગળ જતાં તે છોકરો એક સારો વેપારી થયો.

## વિદ્યાસાગરની સાહિત્યસેવા

વિદ્યાસાગર સંસ્કૃત કૉલેજમાં અધ્યાપનકાર્ય કરતા હતા, ત્યારે બીજા વિદ્વાનો પણ સવાર-સાંજ એમની પાસે સંસ્કૃત શીખવા આવતા. એમાં રાજકૃષ્ણ બંદોપાધ્યાય નામના યુવાનને સંસ્કૃત જલદી શીખવાની ઇચ્છા હતી.

વિદ્યાસાગરને એના તરફ સદ્‌ભાવ હતો. તેમણે એને કહ્યું : 'મોટી ઉંમરના માણસો સરળતાથી સંસ્કૃત ભણી શકે એવી ચોપડીઓ નથી. તમને સરળ પડે એ રીતે વ્યાકરણ શીખવવું જોઈએ. તમે આવતી કાલે આવજો. એ માટે હું સગવડ કરી આપીશ.'

બીજે દિવસે એ ભાઈએ આવીને જોયું, તો વિદ્યાસાગરે તેને શીખવવા માટે વર્ણમાળાથી આરંભીને છેલ્લે સુધી એક નવું સંસ્કૃત વ્યાકરણ રાતોરાત લખીને તૈયાર કરી રાખ્યું હતું! પાછળથી એ જ વ્યાકરણ 'ઉપક્રમણિકા' નામે પ્રસિદ્ધ થયુ.

આમ, સાહિત્યક્ષેત્રે વિદ્યાસાગરનાં મંગળાચરણ થયાં. પછી એમણે સંસ્કૃત કૉલેજની નોકરી છોડ્યા પછી લખવાનું શરૂ કર્યું. એમણે ઘણું બધું લખ્યું છે. પરંતુ એમાં શાળોપયોગી અને લોકોપયોગી પુસ્તકો મહત્ત્વનાં છે.

વિદ્યાસાગરની સાહિત્યસેવાથી બંગાળી સાહિત્ય ખૂબ સમૃદ્ધ બન્યું. બંગાળી સાહિત્યને નવો વળાંક મળ્યો. ઘણા વિવેચકોએ એમની સાહિત્યસેવાને મુક્તપણે બિરદાવી છે.

મહાન નવલકથાકાર બંકિમબાબુએ લખ્યું છે :

'વિદ્યાસાગર મહાશય દ્વારા રચિત અને ગ્રથિત બંગાળી ભાષા જ અમારું મૂળ ધન છે. તેમની જ ઉપાર્જિત સંપત્તિ લઈને અમે ઘાલમેલ કરીએ છીએ અને ધૂમીએ છીએ.'

વિદ્યાસાગરે સરળ અને સુગમ ગદ્ય લખીને બંગાળી સાહિત્યમાં નવો ચીલો પાડ્યો હતો તેમણે એક પ્રેસ પણ શરૂ કર્યું હતું. વળી 'સોમ પ્રકાશ' નામનું પત્ર પ્રગટ કર્યું હતું.

## સ્ત્રીશિક્ષણના પુરસ્કર્તા

સ્ત્રીશિક્ષણના ક્ષેત્રમાં વિદ્યાસાગરે મહામૂલું પ્રદાન કર્યું છે. તે જમાનામાં કન્યાકેળવણી જેવું હતું જ નહિ. વિદ્યાસાગરે ખૂબ જહેમત ઉઠાવીને ઠેર ઠેર કન્યાશાળાઓ શરૂ કરાવી હતી. આગળ જતાં નમૂનેદાર 'બેથુન મહિલા કૉલેજ' પણ તેમણે શરૂ કરાવી હતી.

એ કૉલેજમાંથી કુમારી ચંદ્રમુખી બસુ અંગ્રેજી વિષય લઈને પ્રથમ એમ. એ. થઈ.

વિદ્યાસાગરે એને અંગ્રેજી સાહિત્યના મહાન નાટકકાર શેક્સપિયરની કૃતિઓનો સેટ ભેટ આપ્યો હતો.

સ્ત્રીશિક્ષણના તેમણે કરેલા અવિસ્મરણીય ધર્મકાર્યને યાદ કરીને તેમના અવસાન પછી બંગાળી સ્ત્રીઓએ પોતપોતાનું ઉઘરાણું કરીને ૧૬૭૦ રૂપિયા એકઠા કર્યા હતા. એ રકમ બેથુન કૉલેજની કમિટીને સોંપી હતી. એ રૂપિયાના વ્યાજમાંથી જે હિંદુ કન્યા શાળાની છેલ્લી પરીક્ષા પૂરી કરીને યુનિવર્સિટીની પ્રવેશક પરીક્ષાનો અભ્યાસ કરે, તેને વિદ્યાસાગરના નામથી બે વરસ સ્કોલરશિપ આપવાનું જણાવ્યું.

## બાળવિધવાઓની વહારે

પ્રખર સમાજસુધારક રાજા રામમોહનરાયના અથાક પ્રયત્નથી હિંદુ સમાજનો ગોઝારો રિવાજ સતીપ્રથા કાયદાથી નાબૂદ થયો. પરંતુ બીજો સળગતો પ્રશ્ન એવો ને એવો રહી ગયો. તે જમાનામાં બાળલગ્નો થતાં હતાં. જો કોઈ બાળા નાની વયે વિધવા થાય, તો એ બાપડીને આખી જિંદગી દુઃખ અને ત્રાસમાં જ પસાર કરવી પડતી! કારણ કે તે વખતે વિધવા ફરીને લગ્ન કરી શકતી નહોતી.

વળી તે વખતે પાંચ–૭ વર્ષની બાળાનાં ઊંચું કુળ જોઈને વયોવૃદ્ધ પુરુષ સાથે લગ્ન કરવામાં આવતાં. એ વૃદ્ધ મરી જાય, એટલે એવી વિધવાઓની દશા પણ દયાજનક થઈ જતી!

તદુપરાંત, તે જમાનામાં બહુપત્નીપ્રથા પણ ચાલુ હતી. એટલે સારી સ્થિતિનો કે પ્રતિષ્ઠિત પુરુષ એકથી વધારે પત્નીઓને લગ્ન કરીને રાખતો. એવો પુરુષ મરણ પામે, તો એની પાછળ કેટલીય બાપડી નિર્દોષ સ્ત્રીઓ વિધવા થઈ જતી!

વિદ્યાસાગરે નાનપણથી વિધવાઓની કારમી અવદશા નજરોનજર નિહાળી હતી. એટલે મોટપણે આ અમાનુષી રિવાજ સામે તે બરાબર ઝઝૂમ્યા.

વિદ્યાસાગરના જીવનની સૌથી મહાન સિદ્ધિ એ હતી કે વિધવાવિવાહને કાયદાનું સ્વરૂપ મળ્યું. તેમણે કીર્તિ મળે એવું બીજું કંઈ ન કર્યું હોત, તો પણ આ એક માત્ર ઉમદા અને પુણ્યકાર્યથી તેમનું નામ અમર થઈ ગયું હોત.

વિદ્યાસાગર બાલ્યાવસ્થામાં હતા તે વખતે તેમના ઘરમાં તેમની સાથે રમતી એક બાળવિધવાનું દુઃખ જોઈને તેમનું હૃદય ખૂબ વ્યથિત થયું હતું.

વિદ્યાસાગર સંસ્કૃત કૉલેજમાં ભણતા હતા, ત્યારે બનેલો કરુણ પ્રસંગ તેમના દિલ પર ઊંડી છાપ પાડી ગયો હતો.

શંભુચંદ્ર વાચસ્પતિ નામના એક વયોવૃદ્ધ અધ્યાપક હતા. તે વિદ્યાસાગર પર પુત્રસમાન ભાવ રાખતા હતા. વિદ્યાસાગર પણ તેમની ખૂબ સેવા કરતા. વૃદ્ધાવસ્થાને લીધે શંભુચંદ્ર ખૂબ નબળા પડી ગયા હતા અને એમાં બીમારીને લીધે એમનાથી ઉઠાતું—બેસાતું પણ નહોતું. તે વખતે વિદ્યાસગર એમની બધી સેવાચાકરી કાળજીપૂર્વક કરતા.

એક દિવસે શંભુચંદ્રે વિદ્યાસાગરને કહ્યું : 'મારી હવે અવસ્થા થઈ છે. મારાથી કશું કામકાજ થતું નથી. એટલે જો મારું કોઈ સંભાળનાર હોય તો સારું. તેથી મારી ઇચ્છા લગ્ન કરવાની છે.'

વિદ્યાસાગરને એ સાંભળીને ખૂબ આઘાત લાગ્યો. પરંતુ વયોવૃદ્ધ ગુરુજીને કશી શિખામણ આપવાનું યોગ્ય લાગ્યું નહિ. એટલે તે મૌન રહ્યા.

અધ્યાપક મહાશયે કહ્યું : 'જો તું સંમતિ આપે, તો જ મારાથી આ બાબતમાં કશું કરી શકાય. માટે તું તારો અભિપ્રાય કહે, તો જ મને સમજાય.'

છેવટે વિદ્યાસાગરે નમ્રતાથી કહ્યુ :

'બાબા, આપની આટલી વૃદ્ધ ઉંમરે હવે નવો સંસાર કરવો એ જરાય યોગ્ય નથી. હવે આપ આ દુનિયામાં ઘણા દિવસ રહેવાના નથી. તેથી લગ્ન કરીને એક નિરપરાધી બાલિકાને દુઃખના દરિયામાં ધકેલી દેવી એ યોગ્ય ન કહેવાય. એવું લગ્ન કરવાનું તો દૂર રહ્યું, પરંતુ એવો વિચાર કરવાથી પણ આપને પાપ લાગશે !'

એ સાંભળીને, જેમ કોઈ સાપ જોઈને બીધેલો માણસ જીવ બચાવવા ભાગી જાય, તેમ અધ્યાપક મહાશય વિદ્યાસાગરથી દૂર ખસી જઈને બોલી ઊઠયા : 'અરે, આ તો મોટા લાટસાહેબ કરતાં પણ વધારે સમજે છે !'

વિદ્યાસાગર મૌન ધારણ કરીને સાંભળી રહ્યા.

થોડી વાર અધ્યાપક મહાશયે ગદ્‌ગદ કંઠે પોતાની પરવશતા કહેવા માંડી. પરંતુ વિદ્યાસાગર હિમાલયની માફક અચળ રહ્યા અને શાંત ચિત્તે પોતાની અનિચ્છા દર્શાવતા રહ્યા.

સ્વાર્થથી અંધ બનેલા એ વૃદ્ધ અધ્યાપકે વિદ્યાસાગરનું માન્યું નહિ અને એક બે જમીનદારોની મદદથી એક ગરીબ બ્રાહ્મણની બાળા સાથે એમણે લગ્ન કર્યું !

વિદ્યાસાગરને આ સાંભળીને ખૂબ દુખ થયું. તેમણે તે દિવસથી વૃદ્ધ અધ્યાપક મહાશય સાથેનો સંબંધ ખૂબ ઓછો કરી નાખ્યો.

એક દિવસ એ વૃદ્ધે વિદ્યાસાગરને બોલાવીને કહ્યું :

'એક વાર પણ તારી માતાને જોવા કેમ આવ્યો નથી ?'

એ સાંભળીને વિદ્યાસાગરની આંખ આંસુથી છલકાઈ ગઈ. તેમણે કશો જવાબ આપ્યો નહિ.

પરંતુ એક દિવસ બળજબરીથી શંભુચંદ્ર મહાશય વિદ્યાસાગરને ખૂબ આગ્રહ કરીને પોતાને ઘેર લઈ જવા તૈયાર થયા.

વિદ્યાસાગરે કૉલેજના પટાવાળા પાસેથી બે રૂપિયા ઉછીના લઈ લીધા. ગુરુને ઘેર જઈને નીચી આંખે એ બાલિકાને પ્રણામ કર્યા અને તેનાં ચરણ આગળ બે રૂપિયા મૂકીને તે જલદી જલદી બહાર નીકળી જવા લાગ્યા.

એટલે અધ્યાપકે એમનો હાથ પકડીને કહ્યું : 'તારી માને જોઈને તો જા.' એમ કહીને અધ્યાપકે પોતાની પત્નીનો ઘુંઘટ ખોલી નાખવા દાસીને આજ્ઞા કરી.

વિદ્યાસાગર એ બાલિકા ભણી જોઇને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયા અને તરત જ બહાર નીકળી ગયા.

અધ્યાપકે તેમને રોકીને પાણી પીવા આપ્યું. પણ વિદ્યાસાગર એમનો હાથ ખસેડતાં બોલી ઊઠયા : 'આ કસાઈખાનામાં હવે પછી કદી પણ જલસ્પર્શ કરીશ નહિ.' એમ કહીને ચાલી ગયા.

આ બનાવના થોડા દિવસ પછી એ વૃદ્ધ મહાશય એમની નાનકડી બાલિકા પત્નીને વિધવા બનાવીને મરી ગયા !

આ બનાવની વિદ્યાર્થી વિદ્યાસાગર પર ખૂબ ઊંડી અસર પડી હતી. કેટલાય દિવસ સુધી એમને ચેન પડી ન હતી. પછી તો જ્યારે જ્યારે તે આવી કોઈ બાળવિધવાને જોતા, ત્યારે ત્યારે એમનું હૃદય કરુણાથી છલકાઈ જતું.

એકવાર વિદ્યાસાગરે સાંભળ્યું કે, તેમના જ ગામમાં એક બાળવિધવાને કોઈએ ફસાવી ! આ વાતની એનાં માબાપને ખબર પડતાં એ લોકોએ તેને ખૂબ મારી ! અને પોતાના કુટુંબ પર આવતું કલંક ધોઈ નાખવા બધા પ્રયત્ન કરી જોયા. પણ એ બધા નિષ્ફળ નીવડચા. એને પુત્ર અવતર્યો. એટલે એનાં માબાપે નાના નિર્દોષ બાળકને મારી નાખ્યું !

આ નિર્દય બનાવ સાંભળીને વિદ્યાસાગર ખૂબ રડચા. તેમણે મનોમન નિશ્ચય કર્યો કે, આવી નિર્દોષ બાળાઓનાં દુઃખ દૂર કરવા ભવિષ્યમાં કંઈક કરીને જ જંપીશ.

આવા કેટલાય કારમા પ્રસંગો જોઈ–સાંભળીને વિદ્યાસાગરે આ દુષ્ટ રિવાજને નાબૂદ કરવા બરોબર કમર કસી. એમાં એમનાં માએ પણ સારું પ્રોત્સાહન આપ્યું, પિતાએ પણ એમાં સૂર પુરાવ્યો.

પછી તો વિદ્યાસાગર ફરજિયાત બાળવૈધવ્યના સૌથી કપરા સામાજિક રિવાજનો વિરોધ કરવા સામી છાતીએ આવીને ઊભા રહ્યા. તેમણે વિધવા-વિવાહને પક્ષે ધર્મશાસ્ત્રોની માન્યતા શોધી કાઢવા અદમ્ય ખંતથી હિંદુ શાસ્ત્રોમાં ઊંડું અવગાહન કર્યું. તેમણે છેવટે શાસ્ત્રોમાંથી શોધી કાઢ્યું કે, વિધવાવિવાહ શાસ્ત્રોના આદેશોને સુસંગત છે.

તેમણે ખૂબ અભ્યાસ કરીને એક પ્રબંધ લખ્યો અને પ્રસિદ્ધ કર્યો. આ પ્રબંધે રૂઢિચુસ્ત વર્ગમાં ભારે ખળભળાટ મચાવ્યો. વિદ્યાસાગર પર ગાળોનો વરસાદ વરસ્યો. એમની વિરુદ્ધ લેખો લખીને એમની ઠેકડી ઉડાવવામાં આવી. વિદ્યાસાગર રસ્તા પરથી પસાર થતા, ત્યારે વિરોધી લોકો એમને ઘેરી વળી પજવવા લાગ્યા. અરે, એમને ઠાર મારી નાખવાની ધમકી પણ આપવા લાગ્યા.

પરંતુ વિદ્યાસાગર જુદી માટીના માનવી હતા. એ કંઈ આવા પ્રચંડ વિરોધથી ડરી જાય એવા નહોતા. ઊલટા તે બેવડા ઉત્સાહથી એ ધર્મકાર્યમાં મંડી પડચા.

એકવાર એક પૈસાદાર માણસે વિદ્યાસાગરને મારી નાખવા મારાઓને રોકચા.

વિદ્યાસાગરને આ વાતની ખબર પડતાં જ તે હિંમતભેર એકલા પેલા તાલેવંતને ત્યાં જઈને ઊભા અને બોલ્યા :

'મને મારવા સારુ તમારા માણસોને મારી પાછળ પાછળ ફરવું પડે છે એ મને ગમતું નથી. તેથી તમારી મુશ્કેલી દૂર કરવા હું જાતે જ તમારી સામે અહીં આવીને ઊભો છું. તમારે જે કરવું હોય એ ખુશીથી કરો.'

વિદ્યાસાગરની આવી નિર્ભય વાણી સાંભળીને પેલો શ્રીમંત ડઘાઈ ગયો !

વિદ્યાસાગરે લખેલા એ પ્રબંધની જનસમાજ પર ભારે અસર થઈ. સાત દિવસમાં તેની બે હજાર નકલો ખપી ગઈ. બીજી આવૃત્તિની ત્રણ હજાર નકલો પણ ઝડપથી ખપવા લાગી. પછી તો બીજી દસ હજાર નકલો છાપવી પડી.

ગામેગામ એની નકલો પહોંચી ગઈ. વિધવાવિવાહની તરફેણમાં સારી હવા ઊભી થઈ. દરેકની જીભ ઉપર વિદ્યાસાગરનું નામ રમતું થઈ ગયું. વિદ્યાસાગર અને વિધવાવિવાહ ઉપર લોકગીતો રચાવા લાગ્યાં.

પછી વિદ્યાસાગરે બીજો પ્રબંધ બહાર પાડયો. એને પણ સારો આવકાર મળ્યો.

સરકારે પણ એમાં સાથ આપ્યો. અને છેવટે ૨૬મી જુલાઈ ૧૮૫૬ ને રોજ વિધવાવિવાહને માન્ય કરતા કાયદા પર હિંદના ગવર્નર જનરલની મહોર લાગી.

પછી વિધવાવિવાહ થવા લાગ્યા. વિદ્યાસાગરના એકના એક સુપુત્ર નારાયણચંદ્રે પણ પોતાની ઇચ્છાથી વિધવાવિવાહ કરી પિતાની કીર્તિને વધારે ઉજ્જવળ બનાવી.

વિદ્યાસાગરને પોતાના પ્રિયમાં પ્રિય સામાજિક કાર્યને સફળ થયેલું જોઈને ખૂબ જ સંતોષ થયો હતો. તેમણે લખ્યું છે :

'વિધવાવિવાહ શરૂ કરવાનું કામ મારા જીવનમાં સૌથી ઉમદા છે. આ જીવનમાં એનાથી વધુ ઉમદા કામ હું કરી શકીશ કે નહિ એ જાણતો નથી. આ કામ માટે મેં મારું સર્વસ્વ હોમ્યું છે અને મારું જીવન સમર્પતાં પણ હું અચકાઈશ નહિ. આ સંદર્ભમાં સગાંવહાલાંથી વિખૂટા થવાનું આવે, તો તેને હું બહુ મહત્ત્વ નથી આપતો. હું કંઈ સામાજિક રિવાજોનો બધી રીતે ગુલામ નથી. મારા માટે કે સમાજને માટે મને જે હિતકારક લાગશે તે હું કરીશ. અને સગાં કે લોકો ટીકા કરશે એ ભયથી પાછી પાની નહિ કરું.'

## બહુપત્નીના કુરિવાજ સામે ઝઝૂમ્યા

વિદ્યાસાગર સમાજના કલંકરૂપ બહુપત્નીના કુરિવાજ સામે પણ બરોબર ઝઝૂમ્યા હતા. કહેવાતાં કુલીન કુટુંબો પોતાની શ્રેષ્ઠતાનો ગેરલાભ ઉઠાવી પવિત્ર વિવાહ–સંસ્કારને કેવો હાસ્યાસ્પદ બનાવતાં હતાં તેનો હૂબહૂ ચિતાર આપવા માટે વિદ્યાસાગરે એકલા હુગલી જિલ્લાના ૧૩૩ કુલીન કહેવાતા બ્રાહ્મણોની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરી હતી. આ પ્રથા કેટલી અમાનુષી હતી એના થોડાક દાખલા જોવા જેવા છે :

૫૫ વર્ષની ઉમ્મરના ભોલાનાથ બંદોપાધ્યાયને ૮૦ પત્નીઓ હતી; ૬૪ વર્ષના ભગવાન ચટ્ટોપાધ્યાયને ૭૨ પત્નીઓ હતી, ૫૫ વર્ષના પૂર્ણ મુખોપાધ્યાયને ૬૨ પત્નીઓ હતી; ૪૦ વર્ષના મધુસૂદન મુખોપાધ્યાયને ૫૬ પત્નીઓ હતી !

વિદ્યાસાગરની સામે આ વખતે પણ વિરોધી લોકોએ કાદવ અને ગાળો ઉછાળવામાં પાછી પાની કરી નહિ. પણ વિદ્યાસાગર એ લોકોથી જરાયે ડર્યા વિના છેલ્લે સુધી બરોબર ઝઝૂમ્યા.

## અંતિમ દિવસો

વિદ્યાસાગરના બહુવિધ સેવાકાર્યોની સુવાસ બધે ફેલાતી ગઈ.

૧૮૬૪ માં લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીએ વિદ્યાસાગરને પોતાના માનદ સભ્ય બનાવ્યા.

લિપ્ઝિગના વિદ્વાન શહેરીઓએ તેમનું બહુમાન કર્યું.

૧૮૮૦ માં હિંદની અંગ્રેજ સરકારે વિદ્યાસાગરની સમાજસેવાની કદરરૂપે એમને સી. આઇ. ઈ.નો માનવંતો ઇલકાબ આપ્યો.

૧૮૮૩ માં પંજાબ યુનિવર્સિટીના તે ફેલો બન્યા.

આ વર્ષો દરમિયાન વિદ્યાસાગર પર કૌટુંબિક આફત એક પછી એક આવવા લાગી.

વિદ્યાસાગરને મા પ્રત્યે અમાપ ભક્તિભાવ હતો. માએ કરેલા ઉપકારો તે જીવનભર યાદ કરતા રહ્યા. ૧૮૭૧ના એપ્રિલમાં માતા ભગવતીદેવી અવસાન પામ્યાં! તેમને માના અવસાનનો કારમો આઘાત લાગ્યો. મહિનાઓ સુધી વિદ્યાસાગરે એકાંતવાસ સ્વીકાર્યો હતો.

મોટી દીકરી વિધવા થતાં તેને અને તેનાં બે બાળકોને ઉછેરવાનો ભાર તેમણે ઉપાડી લીધો.

માતાના અવસાન પછી પાંચ વર્ષ બાદ પિતા પણ અવસાન પામ્યા !

વિદ્યાસાગરનાં ધર્મપત્ની દિનમયીદેવી પણ ૧૮૮૮ના ઑગસ્ટમાં અવસાન પામ્યાં !

વિદ્યાસાગરને એક પુત્ર અને ચાર પુત્રી હતાં. પોતાનાં વહાલાં સ્વજનો એક પછી એક વિદાય થયાં એનું તેમને ઊંડું દુઃખ થતું હતું. વળી એ દિવસોમાં એમની તબિયત પણ અખૂટ પરિશ્રમને કારણે બગડવા લાગી હતી.

આમ તો ૧૮૬૮માં વિદ્યાસાગરને અકસ્માત નડયો હતો, ત્યારથી એમની તબિયતને ધક્કો લાગ્યો હતો. ગાડીમાંથી પડી જવાને લીધે તેમના પિત્તાશયને એવી ગંભીર ઇજા થઈ હતી કે, તેની અસરમાંથી તે કદી પણ મુક્ત બની શકયા નહોતા.

ધીરે ધીરે એમની માંદગી ગંભીર બનતી ગઈ. તેમને શાની પીડા હતી એની તપાસ મોટા દાક્તરોએ કરી. તેઓએ નિદાન કર્યું કે, હોજરીનું કેન્સર છે અને એ ખૂબ વધી ગયું છે !

દેશી અને વિદેશી દાક્તરોએ સારવાર કરી. પણ કશું પરિણામ ન આવ્યું. તેમણે હોમિયોપથી અજમાવી. પરંતુ એ પણ વ્યર્થ ગઈ. છેવટે સિત્તોર વર્ષની વયે ૧૮૯૧ની ૨૯મી જુલાઇને દિવસે ભારતમાતાના એ એક મહાન સુપુત્ર ચિર-નિદ્રામાં પોઢી ગયા !

વિદ્યાસાગર જેવા મહાન પંડિત, સ્ત્રી-શિક્ષણના મહાન પુરસ્કર્તા, વિધવાઓનાં આંસુ લૂછનાર અને પ્રખર પરોપકારી દાનવીર મહાપુરુષના દુઃખદ અવસાનના સમાચાર દેશભરમાં જોતજોતામાં પ્રસરી ગયા.

સૌએ આંસુ સાર્યાં. એમાં સ્ત્રીસમાજે તો પોતાના વહાલસોયા વડીલ ભાઈને ખોયા જેટલું ઊંડું દુઃખ અનુભવ્યું. વિદ્યાસાગર તો ગયા, પણ એમના મહાન સેવાકાર્યોથી તેઓ જનહૃદયમાં અમર થઈ ગયા છે.

'नास्ति येषां यशः काये जरामरणजं भयम् ।'

## ૩. લાલા લજપતરાય

આપણો દેશ ત્યારે પરતંત્ર હતો. અંગ્રેજો આપણા પર રાજ કરતા હતા.

મા ભોમને ગુલામીની જંજીરોમાંથી છોડાવવા ઘણા સપૂતોએ જાતે ફનાગીરી વહોરી લીધી હતી.

એવા એક વીર સપૂતને તેમના હિતેચ્છુ મિત્રો કહેતા :

'તમે નિરાંતે સુખેથી રોટલો ખાઈ શકો છો. તો પછી આટલી બધી વિટંબણા શા માટે વેઠો છો ? શાંતિથી રહો, કમાઓ અને થાય એટલી થોડીઘણી દેશસેવા કરો. આમ હાથે કરીને દુઃખ શા માટે ભોગવો છો ?'

એ નરવીર મક્કમપણે જવાબ આપતા :

'ભાઈઓ, દેશના સાચા તારણહારો તો કઠણ અને સાદું જીવન ગાળે, એશઆરામ પર પાણી મૂકે. દોલતમંદ થવાના એકેએક માર્ગમાંથી પાછા વળે, પ્રતિષ્ઠા અને નેતાગીરીની બધી તૃષ્ણાઓને તિલાંજલિ આપે, લૂખો–સૂકો રોટલો ખાય, ભોંય પર પથારી કરે, જાડામાં જાડા ખાદીનાં ઓછાં કપડાંથી ચલાવી લે, પોતાના કામમાં અવિચળ શ્રદ્ધા રાખે અને ભવિષ્યની આશા પર જીવે.

'મેં મારું સ્વરાજ મેળવી લીધું છે. અને તે સ્વરાજ એ છે કે, સત્ય જાણવું, નીડરપણે બોલવું અને સત્યને જાહેર કરવા ખાતર મરણનો પણ ડર ન રાખવો.'

આવાં ખુમારીભર્યાં નિર્ભય વચનો બોલનાર બીજું કોઈ નહિ, પણ પંજાબ-કેસરી લાલ લજપતરાય હતા.

એમના એક ચરિતકાર શ્રી નવિન્સન લાલા લજપતરાય વિશે યોગ્ય જ લખે છે :

'લજપતરાયનું જીવન તપસ્યાયુક્ત અને ઉદારતાભર્યું હતું. કારણ નિર્ધન ને અશિક્ષિતોની સેવાને માટે એમણે ભારે સાંસારિક સફળતાઓને તિલાંજલિ આપી હતી. તે એવા પુરુષોમાંના એક હના જેમના દિલમાં પોતાનાં દેશબાંધવોનાં દુ:ખો હમેશાં પ્રવેશ કરી જતાં અને એને વલોવી નાખતાં.'

આવા દેશપ્રેમી લાલા લજપતરાયનું જીવન આપણને પ્રેરણાબળ આપ્યા વિના રહે એવું નથી.

## જન્મ–માતાપિતા

લાલા લજપતરાયનો જન્મ ઈ. સ. ૧૮૬૫ના જાનેવારીની ૨૮ મી તારીખે પંજાબના ફિરોઝપુર જિલ્લાના એક નાનકડા ગામમાં માતામહને ત્યાં થયો હતો.

પિતાનું નામ હતું રાધાકિશન. માતાનું નામ હતું ગુલાબદેવી.

રાધાકિશને સરકારી ફારસી શાળામાં શિક્ષણ લીધું હતું. તેમના મુખ્ય શિક્ષક ચુસ્ત મુસલમાન હતા. એમના પ્રભાવને લીધે ઘણા વિદ્યાર્થીઓ મુસલમાન બની ગયા હતા અને જે વિદ્યાર્થીઓએ પોતાનો ધર્મ છોડયો નહોતો તેવાઓને પણ પોતાના ધર્મ ઉપર વિશ્વાસ ન હતો. તેઓ ભલે ધર્મથી મુસલમાન ન હતા, પણ મનથી તો બન્યા જ હતા,

લજપતરાયના પિતા રાધાકિશન આવી રીતે મનથી મુસલમાન બનેલા હતા.

ધર્મથી ન બન્યા, એનું શ્રેય લાલાજીનાં માતુશ્રી ગુલાબદેવીને ફાળે જાય છે.

## સાધ્વી માતાએ પિતાને બચાવ્યા

લાલા લજપતરાયના શબ્દોમાં જ માતા વિશે સાંભળીએ :

'મારા પિતા રોજ નિયમિત નમાજ પઢતા, રોજા પાળતા, કુરાનનું પારાયણ કરતા. આવું બધું જાણીને કોઇ પણ માણસને તે મુસલમાન કેમ ન બન્યા, આશ્ચર્ય થયા વિના નહિ રહે.

'ખરું જોતાં તે કયારના મુસલમાન બની ગયા હોત અને હું તથા અમારુ. કુટુંબ પણ આજે મુસલમાન બની ગયું હોત.

'પરંતુ આ બધી આફત ટાળવાનું સઘળું શ્રેય મારી માતાને છે.

'લગ્ન થયા પછી થોડા દિવસમાં જ મારા પિતા મનથી મુસલમાન બન્યા હતા, એ મારી માતાના ધ્યાનનાં આવી ગયું હતું. મારા પિતાનો ઇસ્લામ ધર્મ ઉપરનો પ્રેમ જોઈ ને કોઈ પણ કારણે તેમને ઉઘાડી રીતે મુસલમાન બનવાની તક ન મળે, એની મારી માતા ખાસ કાળજી રાખતી.

'હિંદુ રહીને હિંદુનો વેશ રાખીને જ્યાં સુધી મારા પિતા પોતાની પસંદગીનો ધર્મ પાળતા હતા, ત્યાં સુધી મારી સાધ્વી માતા એમના ધર્માચરણની આડે ન આવતી. ઊલટું, પોતાનો પતિ પોતાના ધર્મ વિરુદ્ધ વર્તતો હતો, છતાંય તે એની સેવા કરતી અને પતિના પોતાને ન ગમતા ભળતા જ આચાર–વિચારને મૂંગે મોઢે સહન કરતી.

'કોઈ કોઈ વાર મારા પિતાના મુસલમાન મિત્રો અમારે ઘેર જમવા આવતા. આવે પ્રસંગે મનમાં દુઃખ થતું તોયે મારા પિતાના ધ્યાનમાં ન આવે તેમ વર્તતી અને એમનાં એઠાં વાસણો પણ માંજતી. અલબત્ત જે થાળીમાં તેઓ બધા જમતા તેને પોતાની માન્યતા મુજબ અગ્નિમાં નાખીને શુદ્ધ કરતી.

'અમારો કુટુંબગત ધર્મ જૈન હતો. જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસા. પણ મારા પિતા મનથી અને આચરણથી મુસલમાન બન્યા હોવાને લીધે કોઈ કોઈ વાર અમારે ઘેર માંસ રંધાતું અને કોઈ કોઈ વાર મુસલમાને રાંધેલું ભોજન ઘેર આવતું.

'પોતાના ધર્મ વિરુદ્ધ આવો ભયંકર અનાચાર થતો છતાંય મારી મા કાંઈ જ બોલતી નહિ. ઊલટું, તે પિતાની ઇચ્છા અનુસાર વર્તીને તેમને હંમેશાં ખુશ રાખવાનો પ્રયત્ન કરતી. મારી માતાનો સ્વભાવ ખૂબ ક્રોધીલો હતો. પોતે કહ્યું હોય તેની વિરુદ્ધ કોઈ એક પણ શબ્દ બોલે, તો એ તેનાથી સહન થતું નહિ. પરંતુ પોતાના બાળક તથા પતિ ઉપરના પ્રેમને લીધે જ જે વસ્તુ તરફ તેને અતિશય ધિક્કાર હતો તેને માતા મૂગે મોઢે સહન કરતી.

'મારી માતાના પિતાશ્રી, મારા મામા વગેરે ધર્મે શીખ હતા. તેઓ તે ધર્માનુસાર વાળ–દાઢી રાખતા અને નિયમિત ધર્મગ્રંથ જપજીનો પાઠ કરતા... પરંતુ કેવી નવાઈની વાત છે કે, આવા ચુસ્ત શીખ ધર્મીની એક પુત્રીનું જીવન-સૌભાગ્ય એક એવા પુરુષની સાથે જોડાયું, જે મનથી ઇસ્લામ ધર્મને જ ખરો ધર્મ માનતો, મુસલમાનોની સાથે દોસ્તી રાખતો અને વખતોવખત હું મુસલમાન બની જઈશ એવી ધમકી મારી માતાને આપતો !

'મુસલમાન લોકો પોતાના ધર્મને વિશે કેવા ચુસ્ત હોય છે, પોતાના ધર્મનો ફેલાવો કરવો એને તેઓ કેવું પરમ પવિત્ર કર્તવ્ય સમજે છે અને તેને માટે કેવી તનતોડ મહેનત કરે છે તથા તે પોતાના સકંજામાંથી છટકી ન જાય એ માટે કેવી ખબરદારી રાખે છે, એનું ચિત્ર મારી આંખ સામે ખડું થાય છે, ત્યારે મારા પિતાની ચાળીસ વર્ષની હયાતીમાં તેઓ મુસલમાન થાય એને માટે તેમના પર કેટલું દબાણ લદાયું હશે, તેને માટે કેટકેટલાં પ્રલોભનો આપવામાં આવ્યાં હશે, એ વિશે મને પૂરેપૂરી કલ્પના આવે છે. અને આવી ભયંકર સ્થિતિમાં તેઓ મુસલમાન શા માટે બન્યા નહિ તેની પણ મને ખૂબ નવાઈ લાગે છે.

'પરંતુ મારા પિતા આ બધા પ્રકારની જાળમાં ન ફસાયા હોય, તો તેનું શ્રેય મારી માતાને જ છે. માતાને લીધે જ અમે બધાં હિંદુ રહ્યાં છીએ.

'મારા નાનપણમાં મારા પિતાના અનાચારોને લીધે દુઃખી બનીને અને બીજો કંઈ ઉપાય ન સૂઝવાથી માતાને ડૂસકે ડૂસકે રડતાં મેં અનેક વાર જોઈ છે. કેટલીક વાર કંટાળીને મારી માતાએ અનેક દિવસો ઉપવાસ પણ કર્યા છે.... આવી અનેક વેળાએ માતાની આંખમાંથી દડદડ આંસુની ધારા વહેતી. દુઃખ સહન કરતાં છતાંયે માતાના મનમાં પતિને છોડી જવાનો વિચાર કદીયે આવ્યો નથી; એટલું જ નહિ પણ એ મારા પિતાથી દૂર પણ કદીયે બહુ દિવસ રહી નથી.

'હિંદુ ધર્મ અને રીતરિવાજો વગેરેની મારા પિતા હમેશાં ખૂબ ઠેકડી ઉડાવતા. કોઈ કોઈ વાર હિંદુ દેવ–દેવીઓની પણ અત્યંત અઘટિત મશ્કરીઓ કરતા. પોતાના ઘરમાં આવા વાર-તહેવારો પળાય એ તેમને જરાયે પસંદ ન હતું.

'પરંતુ મારી માતા મારા પિતાના બોલવા તરફ દુર્લક્ષ કરીને હિંદુ તરીકે બધા પ્રકારના રીતરિવાજો પાળતી. દરેક તહેવાર ઊજવતી, પૂજા અર્ચના કરતી અને શ્રાદ્ધદિનો પણ પાળતી. પરંતુ આ બધું મારા પિતા ન જાણે તેવી રીતે તેને કરવું પડતું.

'પરંતુ કોઈ વાર મારા પિતા અચાનક ઘેર આવી ચડતા ! આવે વખતે પિતા ખૂબ ચિડાતા અને માતાને અપમાન લાગે તેમ ફાવે એવા એલફેલ શબ્દો બોલતા. પરંતુ મારી માતા એ બધું મૂગે મોઢે સહન કરી લેતી.

'મારી માતાના આ પ્રકારે વર્તવામાં રહેલા ડહાપણનું અને બધું સહન કરવાની સહનશીલતાનું વર્ણન કરવું એ મારી શક્તિ મર્યાદા બહારની વાત છે.'

એક વાર લજપતરાયના પિતાએ તેમના એક મિત્ર દલીચંદ વકીલ સાથે વિધિસર મુસલમાન ધર્મ અંગીકાર કરવાનું નક્કી કર્યું. એ બંને જણા છાનામાના મસ્જિદે જવા નીકળી પડયા.

લજપતરાયનાં માતુશ્રી ગુલાબદેવીને કોણ જાણે કેમ આ વાતની જાણ થઇ ગઈ. તે બાળક લજપતરાયને કેડે લઈને મસ્જિદે પહોંચી ગયાં. તેમણે પગથિયાં પર જ સત્યાગ્રહ માંડયા.

માતાએ પોતાના માસૂમ બાળકના નામે પતિને વિનવણી કરવા માંડી. આ રકઝક દરમ્યિાન બાળક લજપતે જોરથી રડવા માંડ્યું. આ જોઈને પિતાનું દિલ પીગળ્યું અને તે મસ્જિદનાં પગથિયાં ઊતરી ગયા.

લાલા લજપતરાય પોતાની માતાને બિરદાવતાં પોતાની આત્મકથામાં લખે છે :

'મારા પિતાએ ઇસ્લામ ધર્મ અંગીકાર ન કર્યો, એ એક ભારે ચમત્કાર છે અને એની યશકલગી મારી માતાને ઘટે છે.'

## 'ઘરનું ઢાંકણુ નાર'

લજપતરાયનાં માતુશ્રી આર્થિક ભીડમાં પણ ઘરને કેમ સાચવતાં એની વાત કરતાં લાલાજી લખે છે :

'મારા પિતા સ્વમાની હોવાને લીધે તેમની નોકરી હમેશાં અનિશ્ચિત રહેતી. બીજું, મારા પિતાનો પગાર પણ ઓછો હોવાને કારણે અમારાં બધાંનું પાલન-પોષણ કરવામાં ખૂબ મુશ્કેલીઓ વેઠવી પડતી. આજે જયારે જયારે આ વિશેનો હું વિચાર કરવા માંડું છું, ત્યારે ત્યારે મારી માતાની મોટાઈનું, તેની મહત્તાનું યોગ્ય ભાન થતાં મારું હૃદય અને અંતઃકરણ આદરભાવથી ઉભરાઈ જાય છે. આવી માતાની યોગ્ય પ્રશંસા કરવા માટે હું અયોગ્ય છું, એમ મને લાગવા માંડે છે.

'જયારે મારો જન્મ થયો, ત્યારે મારા પિતાને રૂપિયા પચીસ માસિક પગાર મળતો હતો. તેઓ નિશાળમાં ફારસી ભાષા શીખવતા. સ્વભાવે સ્વમાની હોવાને કારણે તેમને કોઈની ખુશામત કરવી ગમતી નહિ. પરિણામે લગભગ દસ પંદર વર્ષ સુધી નોકરી કર્યા છતાં પગારમાં જરાય વધારો થયો નહોતો.

'મારી માતા આ પચીસ રૂપિયામાં જ ઘરનો બધો કારભાર, વાર-તહેવારની ઉજવણી, દાનધર્મ અને પોતાના દરજ્જા પ્રમાણે બાળકોનાં કપડાંલત્તાં વગેરેનો નિભાવ કરતી..'

એ દિવસોનું સ્મરણ કરીને લાલા લજપતરાય કહેતા :

'મોટો થયે મારી આવક જયારે હજારોની થઈ, ત્યારે પણ એ શરૂઆતની જિંદગીના કરતાં લેશમાત્ર વધુ સુખકર આબાદી અમે જાણી નથી. એટલો મારી માતાનો હાથ એ ટૂંકી આવકમાં બરકત અરે રસ પૂરતો.'

## વિદ્યાકાળ

લજપતરાય બાળપણથી તેજસ્વી વિદ્યાર્થી હતો. પિતા પણ બાળક લજપતને પ્રોત્સાહન આપતા હતા. વિદ્યાભ્યાસ ઉપરાંત ધર્મ અને ઇતિહાસ તરફ લજપતની રુચિ કેળવવામાં તે સહાયરૂપ થતા.

હોશિયાર વિદ્યાર્થી તરીકે લજપતને શાળામાં માસિક સાત રૂપિયાની શિષ્યવૃત્તિ પણ મળતી.

લજપત તેર વરસનો થયો હતો. તે જમાનાના રિવાજ પ્રમાણે તેનાં લગ્ન રાધાદેવી સાથે થયાં. પરંતુ એનો અભ્યાસ ચાલુ રહ્યો.

વિદ્યાકાળ દરમિયાન લજપતની તબિયત નરમ રહ્યા કરતી. અંબાલામાં લજપત ચાર મહિના ખૂબ બીમાર થઈ ગયો હતો. માતાપિતાએ ખૂબ સંભાળ લીધી અને તેને સાજો કરી દીધો.

લજપતરાય એ દિવસો વિશે લખતાં કહે છે :

'મારાં માતાપિતા માટે તો હું જીવનભર ચિંતા ને કષ્ટનું કારણ રહ્યો છું. પણ અંબાલાના એ વરસ દરમિયાન તો મારે લીધે એમને એટલાં કષ્ટ, ઉજાગરા અને ચિંતા રહ્યાં કે એને ભૂલી શકતો નથી.'

આ સમય દરમિયાન લજપતરાયના જીવન પર સ્થાયી અસર કરનારો પ્રસંગ બન્યો.

લજપત બાર વર્ષનો હતો, તે વખતે આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં પ્રવચનો તે સાંભળવા જતો. એની તેના જીવન પર ઊંડી અસર પડી. આગળ જતાં લજપતરાય આર્યસમાજના એક પ્રખર પુરસ્કર્તા બન્યા હતા. દેશભક્તિની ભાવનાનું સિંચન પણ એ કાળમાં જ થયું.

સોળ વર્ષની ઉંમરે મેટ્રિક થઈને લજપતરાય કૉલેજમાં જવા તૈયાર થયા.

પિતાને માસિક પચીસનો પગાર મળતો હતો. છ સંતાનોના ભરણપોષણ અને શિક્ષણની જવાબદારી હતી. છતાં પિતાએ લજપતરાયને કૉલેજમાં ભણવા મોકલ્યા.

લજપતરાયને લાહોર ગવર્નમેન્ટ કૉલેજમાં માસિક ત્રણ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી હતી. એમાંથી માસિક ફીના બે રૂપિયા અને હૉસ્ટેલના ભાડાનો એક રૂપિયો આપી દેવો પડતો.

લજપતરાય સાથોસાથ વકીલાતનો પણ અભ્યાસ કરતા હતા, એટલે એની ત્રણ રૂપિયા ફી આપવી પડતી. પિતા જેમ તેમ કરીને મહિને આઠ રૂપિયા મોક-

લતા. બધું ખર્ચ કાઢતાં કોઈ કોઈ વાર લજપતરાયને ભોજન વિના ચલાવી લેવું પડતું. પુસ્તકો કોઈ પાસે માગીને લઈ આવતા અથવા સસ્તી કિંમતે મેળવી લેતા.

આમ કરતાં કરતાં લજપતરાય વકીલાતની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને રોહતકમાં વકીલાત કરવા લાગ્યા.

કોલેજકાળ દરમિયાન લજપતરાય લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત અને રાજા નરેન્દ્રનાથ જેવા તેજસ્વી વિદ્યાર્થીઓના પરિચયમાં આવ્યા. આગળ જતાં મહાત્મા હંસરાજ, પંડિત ગુરુદત્ત અને લાલા લજપતરાય આર્યસમાજના અગ્રેસરો બન્યા.

આ ત્રણ યુવાનોના પરિશ્રમથી લાહોરમાં ઈ. સ. ૧૮૮૬માં ' દયાનંદ એંગ્લો વેદિક કોલેજ 'ની સ્થાપના થઈ.

## રાજકારણમાં પ્રવેશ

કોલેજજીવન દરમિયાન જ લજપતરાય જાહેર જીવનમાં પ્રવેશી ચૂક્યા હતા. તે વખતે એમને પ્રતીતિ થઈ હતી કે, દેશની સ્વતંત્રતા વિના ભારતવાસીઓની ઉન્નતિ થવી સંભવિત નથી.

હિસારમાં અને પછી લાહોરમાં લજપતરાયની વકીલાત જામતી ગઈ. દર મહિને હજારોની આવક થવા લાગી. સાથોસાથ સારા વક્તા અને રાજકીય ક્ષેત્રના એક ચમકતા સિતારા તરીકે પણ તે ઝળકી ઊઠયા. કોંગ્રેસમાં તે આગળ પડતો ભાગ લેવા લાગ્યા.

પછી તો લોકમાન્ય ટિળક, ગોપાળકૃષ્ણ ગોખલેજી વગેરે અગ્રગણ્ય દેશભક્તોના પણ તે ગાઢ સંપર્કમાં આવ્યા. લાલ, બાલ અને પાલની જોડી આપણી આઝાદીની લડતના ઇતિહાસમાં હંમેશને માટે અમર થઈ ગઈ છે. લાલ એ લાલા લજપતરાય, બાલ એટલે બાલગંગાધર ટિળક અને પાલ એટલે બિપિનચંદ્ર પાલ.

## વિદેશગમન

ઈ. સ. ૧૯૦૫ ની સાલમાં ગોખલેજીના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ ઇંગ્લેંડ મોકલવામાં આવ્યું. એમાં લાલા લજપતરાય પણ હતા.

ઇંગ્લેંડમાં લજપતરાયનાં ઠેર ઠેર પ્રવચનો થયાં. થોડો વખત યુરોપના અન્ય દેશોમાં તથા અમેરિકા પણ જઈ આવ્યા. ત્યાંથી પાછા ઇંગ્લેંડ આવી પ્રવચનો આપ્યાં. લજપતરાયની નીડરતા, સ્પષ્ટવક્તાપણું, સ્વતંત્ર વિચારસરણી, દેશદાઝ, સેવાભાવ વગેરે ગુણોની સૌને પ્રતીતિ થયા વિના ન રહી.

લાલાજીએ આ પ્રવાસ દરમિયાન વિદેશની ઘણી ખરી શિક્ષણસંસ્થાઓનો અભ્યાસ કર્યો. લાલાજી શિક્ષણપ્રેમી પણ હતા. દેશને ઉપર લાવવામાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે એ તે બરોબર જાણતા હતા.

વિદેશયાત્રાનાં સંસ્મરણોમાં લાલાજી લખે છે :

'કોઈ પણ દેશપ્રેમી હિંદી ઇંગ્લૅંડની કે યુરોપના બીજા દેશોની ચાહે તેટલી ટૂંકી યાત્રા કરીને પાછો ફરે, ત્યારે તેના મન ઉપર એક સુદૃઢ છાપ પડયા વિના ન જ રહે કે, યુરોપના વાતાવરણમાં રાજકીય સ્વાધીનતા અને સ્વાશ્રયની તીવ્ર ઝંખના ભરી છે અને એ જ લક્ષણ પશ્ચિમને પૂર્વથી જુદું પાડે છે.

'તમે લોકશાસિત ઇંગ્લૅંડમાં ભમો, તમે રાજાશાસિત જર્મની જુઓ, તમે આપખુદ રશિયામાં ફરો, તમે પ્રજાસત્તાક ફ્રાન્સમાં જાઓ, તમે જ્યાં જાઓ ત્યાં યુરોપમાં પ્રજાશાસનનો આદર્શ પૂજાઈ રહ્યો છે.

'ધર્મમંદિરની વ્યાસપીઠ ઉપર કે જાહેર સભાના મંચ ઉપર કે અખબારના લેખમાં બધે એક જ નાદ ગાજી રહ્યો છે.

'પ્રજાશાસનના માર્ગમાં અંતરાય નાખવા ઇચ્છતા કે મથતા જુલમગારોને અને આપખુદ સત્તાધારીઓને ફગાવી દો. પ્રજાના અભિલાષોને કચડી નાખવા માગતા કે પ્રગતિના રથને રોકવા ચાહતા સિતમગારોને ફેંકી દો.

'યુરોપ આખું એ યુદ્ધ-નાદથી ગાજી રહ્યું છે.'

## દુષ્કાળ રાહતના કામમાં

ઈ. સ. ૧૮૯૭ અને ૧૯૦૦ની સાલમાં દેશમાં ઘણે સ્થળે કારમો દુકાળ પડયો. અસંખ્ય માણસો પાણી અને અન્ન વિના ટળવળી મરવા લાગ્યાં. વૃદ્ધો અને બાળકોની બૂરી દશા હતી. ઢોરઢાંખરની તો વાત જ શી કરવી ?

લાલા લજપતરાયનું દયાળુ દિલ દ્રવી ઊઠયું. તેમણે જોયું કે, દેશ આગળ ભીષણ દુકાળનો સવાલ ઊભો છે. તેમણે પોતાના વ્યાખ્યાનમાં એ વિશે બોલતાં કહ્યું :

'આપણું અભાગી રાષ્ટ્ર ભીષણ દુકાળના પંજામાં સપડાઈ ગયેલું છે. જે રાષ્ટ્રની સેવા કરવાની આપણે ઇચ્છા સેવીએ છીએ, તે ઝૂંપડીઓમાં વસેલું છે અને ભયાનક સંકટથી ઘેરાયેલું છે.

'સરકાર પોતાનું કર્તવ્ય કરે છે કે કરવાનો દાવો કરે છે, ત્યારે આપણે એમના દેશબાંધવો, જે એમના પ્રાણનાય પ્રાણ છીએ, તે પાછળ પડીશું ?

'હું મારા મિત્રો અને સાથીઓને અપીલ કરું છું કે, તેઓ આ કાર્યમાં પોતાના હાથ મિલાવે અને દુષ્કાળપીડિત પ્રાંતોમાં બિનસરકારી રાહતકાર્યનું આયોજન કરે. હું સમજું છું કે, આ કામ ઘણું કઠણ છે અને તેમાં મુસીબતોનો પાર નથી, તેમ છતાં નિ:સ્વાર્થ દેશભકિતભાવે જીવનની તાલીમનો આ અવસર ગુમાવવાનું આપણને પાલવે એમ નથી.'

લાલા લજપતરાય દુષ્કાળગ્રસ્ત પ્રદેશોમાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમી વળ્યા. દયાનંદ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સ્વયંસેવક ટુકડીઓ બનાવીને બધે રાહતકાર્ય કરવા મોકલી દીધી.

લાલા લજપતરાયે જોયું કે, ખ્રિસ્તી મિશનરીઓ આ તકનો લાભ લઈને સંકટગ્રસ્ત ગરીબ અને અભણ સ્ત્રી, પુરુષોને અને ખાસ કરીને બાળકોને ખ્રિસ્તી બનાવવાની પ્રવૃત્તિ જ્યાં ત્યાં કરી રહ્યા હતા !

લજપતરાયે એ સામે બુલંદ અવાજ ઉઠાવ્યો. તેમણે કોર્ટનો આશરો લઈને આવો ધર્માંતર થતો અટકાવવા કડક પગલાં ભર્યાં. વળી આવાં અનાથ, પીડિત અને દુઃખી ભાઈભાંડુ માટે લજપતરાયે અનાથાશ્રમો શરૂ કર્યાં.

લજપતરાયે દેશવાસીઓને એ વાતની અપીલ કરી કે, આવા અનાથ અને નિરાધાર બાળકોને અન્નવસ્ત્ર આદિની સહાય કરવી પૂરતી નથી. તેઓને શિક્ષણ અને સંસ્કાર આપવા જોઈએ તથા કોઈ હુન્નર-ઉદ્યોગ પણ શીખવવા જોઈએ, જેથી તેઓ પોતાના પગ પર ઊભાં રહી શકે.

આ રાહતકાર્યમાં લાલાજી એટલા ગળાડૂબ રહેતા હતા કે, ખાવાપીવામાં અને સૂવા-રહેવામાં નિયમિતતા જાળવી શકયા નહિ. એથી એમને પરિશ્રમને કારણે તાવ લાગુ પડ્યો અને હૃદયમાં સોજો આવ્યો.

આ સેવાકાર્ય કરતાં કરતાં લાલાજીને થયું કે, આપણા દેશબાંધવોની સાચી સેવા કરવી હોય, તો પોતાના સ્વાર્થને બાજુએ મૂકવો જોઈએ. તન, મન અને ધનને દેશને ચરણે સમર્પી દેવું જોઈએ.

લાલાજીએ મહારાષ્ટ્રમાં ગોખલેજીના 'ભારત સેવક સમાજ'નું કામ જોયું. એ તેમને ખૂબ જ ગમી ગયું હતું. એટલે લાલાજીએ પણ વકીલાત વગેરે છોડી દઈને પોતાની જાતને ભારતમાતાની સેવામાં સમર્પણ કરી દેવાનો સંકલ્પ કર્યો.

આ વાતની એમના પિતા રાધાકિશનજીને જાણ થતાં, એ બહુ નારાજ થયા. કેટલાંય વર્ષોથી કારમી ભીંસમાં રહ્યા પછી હવે કુટુંબ કંઈક નિરાંત અનુભવવા લાગ્યું હતું, ત્યાં તો લાલાજીએ આ ધડાકો કર્યો !

લાલાજીએ પિતાને આશ્વાસન આપતાં સમજાવ્યું કે, પોતે ભાઈભાંડુઓને ભણાવી ગણાવીને ઠેકાણે પાડયાં છે. લગ્ન વગેરે પણ થઈ ગયાં છે. વળી થોડી પૂંજી જમા કરી છે, એથી કુટુંબનો નિર્વાહ ચાલ્યા કરશે.

લાલાજીએ પોતાના જીવનને દેશસેવાના કાર્યમાં સમર્પી દીધું.

# કાળાપાણીની કહાણી

લાલા લજપતરાયની વધતી જતી ખ્યાતિ અંગ્રેજ સરકાર સાંખી શકી નહિ. ઈ. સ. ૧૯૦૭ના મે મહિનાની ૯મી તારીખે લાલાજીને અચાનક ગિરફતાર કરવામાં આવ્યા અને સીધા બ્રહ્મદેશના માંડલે શહેરમાં કાળાપાણીની કેદમાં મોકલી દીધા.

એ પ્રસંગને યાદ કરીને લાલાજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે :

'સૌ પ્રથમ મેં પરમાત્માનો આભાર ખૂબ ખૂબ માન્યો કે, એણે મને ગિરફતારી પ્રસંગે સર્જાતી કરુણ, કૌટુંબિક રોકકળમાંથી ઉગારી લીધો. પત્ની અને બાળકો હાજર હોત, તો આવું કશું થયા વિના રહ્યું ન હોત. પિતા વૃદ્ધ હતા, પણ એમના ચારિત્ર્યબળ અને સામાન્ય સ્વસ્થતા પર મને એટલો વિશ્વાસ હતો કે, એમને વિશે મેં વ્યાકુળતા અનુભવી નહિ.

'આમ, કૌટુંબિક ચિંતામાંથી મનને વાળીને મેં અંતરાત્મામાં ડોકિયું કર્યું અને મારા પોતાના માનસિક તથા નૈતિક બળને ચકાસી જોયું. મને લાગ્યું કે, બળ તૂટવાની કે ખૂટવાની જરાયે ધાસ્તી ન હતી. આનું મૂળ નાનપણથી જગન્નિયંતાના ડહાપણમાં મારી આસ્થામાં હતું. મને સમજાયું કે, આ કટોકટીમાં મને ટટ્ટાર રાખનાર મારી આત્મશ્રદ્ધાની જલતી જ્યોત છે.

'આ પ્રકારે આત્મનિરીક્ષણમાંથી સંશુદ્ધ બનીને હું નિશ્ચયસહિત બહાર આવ્યો એ બદલ પ્રભુનો પાડ માની મેં એને પ્રાર્થના કરી કે, હે અંતરયામી ! મર્દની હિંમત રાખવાની મને શક્તિ આપજે અને મારા પ્યારા રાષ્ટ્રનું હિત જરીકે જોખમાય તેવું કશુંય જાણે-અજાણે કરવાના પ્રલોભનમાંથી તું મને ઉગારી લેજે.'

લાલ લજપતરાય પોતાના વતનથી ખૂબ દૂર, એકાંતવાસ ભોગવતી વખતે કેવી રીતે રહેતા હતા, વખત કેમ ગાળતા હતા; એનું વર્ણન તેમના જ શબ્દોમાં સાંભળીએ :

'૧૬મી મે, ૧૯૦૭ના રોજ મને માંડલે સ્ટેશનથી ઘોડાગાડીમાં કિલ્લા પર લઈ જવામાં આવ્યો. કિલ્લા વિશેની મારી પહેલી છાપ નિરાશાજનક નીવડી ! આ કિલ્લો તો એક સાદા મકાન જેવો જ લાગ્યો. તે શહેરના અન્ય ભાગોની સપાટીએ જ હતો. જોકે એને ફરતી ઊંચી દીવાલો હતી ખરી. એની બહાર પાણીથી છલોછલ પહોળી, ઊંડી ખાઈ આવેલી હતી...ત્યાં મારે માટે બે ઓરડા કામચલાઉ ફાજલ પાડવામાં આવ્યા હતા.'

'ઘરમાં મારા પર ખાસ જાપ્તો રાખવા માટે આઠ બર્મીઝ સિપાઈઓની એક ટુકડી રોકવામાં આવી હતી. ટુકડીનો વડો અંગ્રેજી ભાષા જાણતો એક

બર્મીઝ ઇન્સ્પેક્ટર હતો અને એ સૌનો ઉપરી એક યુરોપિયન સાર્જન્ટ હતો. રાતે પહેરો બેવડાતો.

'યુરોપિયન સાર્જન્ટ રાતમાં ઘણીવાર આવીને તપાસ કરી જતા કે હું ભાગી તો ગયો નથી ને! હું ભાગી નહિ જાઉં એવી બાંહેધરી મારી પાસેથી અંગત રીતે સુપરિન્ટેન્ડેન્ટ તરફથી માગવામાં આવી હતી, જે મેં જરાયે ખચકાટ વગર આપી હતી...

'માંડલેમાં હું જેટલો વખત બંદીવાસમાં રહ્યો તેટલો વખત, હકીકતમાં મારી ધરપકડ થઈ તે ક્ષણથી માંડીને મને મુક્ત કરવામાં આવ્યો ત્યાં સુધી, મારા પર ખૂબ જ સખત પહેરો રહેલો. ફરજ પરના અફસરો કે મારું કામ કરવા રાખેલા નોકરો સિવાય કોઈને મારી પાસે આવવા દેતા નહિ. આ સમય દરમિયાન મારાં સગાંસંબંધી કે મિત્રોમાંથી કોઈને મળવાની પરવાનગી મને મળી ન હતી..

'વર્તમાનપત્રો તો કોઈ પણ જાતના વાંચવાની છૂટ ન હતી. યુરોપિયન સાર્જન્ટને સુદ્ધાં ફરજ પર હોય ત્યારે પાસે છાપું રાખવાની મનાઈ હતી. ચોપડીઓ કાળજીપૂર્વક તપાસ્યા બાદ જ અંદર આવવા દેવામાં આવતી અને પરત કરતી વખતે પણ કાળજીપૂર્વક તપાસી લેવામાં આવતી...

'માંડલેમાં મારી દિનચર્યા આ પ્રમાણે હતી :

'સામાન્ય રીતે પરોઢિયે પાંચ—છ વાગે ઊઠી, શૌચ કાર્ય પતાવી, હાથ-મોં ધોઈ હું પ્રાર્થના કરતો. એ પછી એક કપ દૂધ પીતો. ત્યાર બાદ ફરવા જતો. ત્યાંથી પાછો આવી અંગ્રેજી અનુવાદ તથા હિંદી ભાષ્યોના આધારે નીચેના ગ્રંથોમાંથી ધાર્મિક વાચન કરતો—

૧. 'ભગવદ્ગીતા' ૨. 'મેસેજ ઑફ ધી વેદઝ' ૩. 'યોગદર્શન' ૪. માસ્તર દુર્ગાપ્રસાદના 'કલેક્શન ઑફ વેદિક હીમ્સ' અને અન્ય ભજનો વગેરે; તથા ૫. 'ધી તૈતિરીય ઉપનિષદ્.

'આ પછી હું પ્રકીર્ણ વાચનમાં કેટલોક સમય ગાળતો. ૧૧—૧૨ વાગ્યે સ્નાન કરી નાસ્તો લીધા પછી એકાદ—બે કલાક વિશ્રાંતિના રહેતા. તેમાં કોઈ સામયિક હોય તો તે વાંચતો. પછી સાંજના પાંચ—છ વાગ્યા સુધી અભ્યાસ.

'કેટલીક વાર કાગળો લખતો. .સાંજે પાંચેક વાગે ફરવા જતો...ત્યાર પછી સામાન્યતઃ હું કંઈક ઠંડું પીણું લેતો અને ચોગાનમાં કલાક બેસતો.

'ત્યાર બાદ સ્નાન કરી સાંજનું ભોજન લેતો. એ પછી કેટલીક વાર હું વાંચવા પ્રયત્ન કરતો. પરંતુ મીણબત્તીની આસપાસ એટલી બધી જીવાત અને ફૂદાં જમા થતાં કે બેસવાનું અકારું થઈ પડતું.'

'સાધારણ રીતે રાતના નવેક વાગે સૂઈ જતો. સાંજની પ્રાર્થનાની બાબતમ હું ઘણો અનિયમિત હતો. જોકે વેદની ઋચાઓ કે ભજનો સિવાય એકે સાંજ મેં વાતવા દીધી ન હતી.

'બંદીવાસ દરમિયાન મેં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં હતાં. . . . આમાં 'ભગવદ્ ગીતાનો સંદેશ' 'મોડર્ન રિવ્યુ' માસિકમાં પ્રગટ થયો હતો અને પછીથી પુસ્તક આકારે આ લખાણ છપાયું હતું.

'આ દેશનિકાલની મુખ્ય મુસ્કેલી એ હતી કે મને એકલું એકલું લાગ્યા કરતું. આટલું એકલવાયાપણું તો અગાઉ કયારેય અનુભવ્યું ન હતું.

'. . . . પણ મારા મકાનમાં મીંદડીનાં બે સુંદર બચોળિયાં આવતાં તે જોવામાં મારા મનને ઘણો કરાર વળતો. એમાંનું એક પીળચટા રંગનું વાઘણ જેવું લાગતું જયારે બીજું કાળાં ટપકાંવાળું હતું.

'મેં તેમને ખાવાનું આપવા માંડયું અને તેમને મારી માયા બંધાઈ ગઈ. તેમની સોબત મારા માટે એક સુખદ ફેરફારરૂપ બની ગઈ. એ બંને ખેલતાં હોય એ જોવામાં ઘણી વાર હું લાંબા સમય સુધી તલ્લીન બની જતો. તેઓ એકબીજાને ચાટે, બહેનો હોય એમ પરસ્પર ભેટીને પડી રહે. એકબીજા પ્રત્યેનો તેમનો પ્રેમ ધ્યાન ખેંચે તેવો હતો. કંઈ નહિ તો મારા માટે તો આ એક નવો જ અનુભવ હતો.

'દાદર પરના છાપરામાં પાટડા અને વળીઓ વચ્ચે મેના પંખીનું એક કુટુંબ વસતું હતું. એમના મધુર કલરવનું સંગીત મને માણવા મળતું. પણ એક સાર્જન્ટનું મન મેનાઓમાં લોભાયું. એમાં જે મા હતી તે એવી પાકી હતી કે, એના હાથમા ન આવી. પણ પેલો સાર્જન્ટ માની ગેરહાજરીમાં એનાં બે બચ્ચાંને પોતાને ઘેર ઉપાડી ગયો!

'મા પાછી આવીને જુએ, તો બચ્ચાં ન મળે! એના દુ:ખનો પાર ન રહ્યો. એણે કાળો કકળાટ કરી મૂકયો. થોડાક દિવસ તેણે માળાનો સગડ ન મૂકયો. માળા ફરતાં ચક્કર માર્યા કરે. આખરે હતાશ થઈને તે જતી રહી અને પછી ફરી કદી ન આવી. આમ, એક જેલરના ઘાતકીપણાને લીધે મારે એ પંખીડાંની સોબતથી વિમુખ થવું પડયું.'

લાલાજીને આમ દેશનિકાલની સજા થઈ એનો બહાર ખૂબ ઊહાપોહ થયો. વિના કોઈ કારણ આ રીતે સજા ઠોકી બેસાડવી, એ તો ભારે જુલમ અને હડહડતો અન્યાય જ કહેવાય. આખરે સરકારે હારીને લાલાજીને મુક્ત કર્યા.

એ મુક્તિના દિવસે પણ લાલજીનું પ્રેમાળ હૈયું મીંદડીનાં પેલાં બે બચ્ચાંને ભૂલી ગયું નહોતું. તેઓ લખે છે:

'૧૧ મી નવેમ્બર ૧૯૦૮ની સવારે સરસામાન સાથે મને સ્ટેશને લઈ જતા હતા, ત્યારે મેં જોયું તો પેલાં મીંદડીનાં બચોળિયાં ક્યાંક રખડવા ચાલ્યાં ગયેલાં. તેઓ પાછાં આવે તેની રાહ જોઈ શકાય તેમ નહતું. કારણ કમિશનરે કહેલું કે સ્પેશિયલ ટ્રેન તૈયાર છે. સુપરિન્ટેન્ડેન્ટ મને ઉતાવળ કરવા કહેતા હતા. એટલે માંડલેનું એ મકાન છોડતાં મારું મન ખિન્ન થયું હોય તો તે પેલાં બે બચોળિયાંથી પરાણે છૂટા થવું પડ્યું તેને કારણે.'

છેવટે લાલાજી એ જેલ–જીવનનાં સ્મરણોને સમેટી લેતાં કહે છે :

'આ પ્રકરણ પૂરું કરતાં પહેલાં મારા બે ગુરુ, કે જેમના સતત સાહચર્યે મને પ્રબળ શક્તિ અને આશ્વાસન આપ્યા કર્યાં હતાં, તેમનો ઉલ્લેખ ન કરું, તો હું અકૃતજ્ઞ કહેવાઉં.

'એમાંના એક હતા ભગવાન શ્રીકૃષ્ણ. ભારતના આ સર્વશ્રેષ્ઠ વિદ્યાગુરુ વ્યાવહારિક ડહાપણયુક્ત વાણીમાં મારા સાથે સંભાષણ કરતા.

'બીજા ગુરુ હતા શિરાઝના નામાંકિત કવિ હાફિઝ, તેઓ મને પ્રેમની અને એ પ્રેમના પંથે જતાં આવતી અનિવાર્ય મુશ્કેલીઓની વાતો કરતા. મને થયું કે, મારી મુસીબતો પ્રેમમાંથી–સિદ્ધાંતો પ્રત્યેના, દેશ પ્રત્યેના મારા પ્રેમમાંથી–ઉદ્ભવી છે. એટલે હાફિઝની અરજ, તેનું રુદન મારા અંતરાત્માને સ્પર્શી જતાં અને મને આશ્વાસનરૂપ બની રહેતાં.

'આ ઉપરાંત અન્ય મિત્રો તથા ગુરુજનોનો પણ હું ઋણી છું. કારણ, તેમનાં લખાણોએ મારા જોશને ટકાવી રાખવામાં તથા એકલતાના મારા આ પ્રથમ અનુભવ વખતે મારા મનને કામમાં પરોવી રાખવામાં સહાય કરી હતી.

'માનવીને તેના જીવનની કોઈ પણ અવસ્થામાં સેવા આપવા તત્પર એવા આ પ્રખર મેધાવી મહાનુભાવોનું જે માણસ સાહચર્ય સાધી શકે છે તેણે પોતા માટે કદી નિરાશ થવાની જરૂરત નથી.'

## અછૂતોદ્ધારના કાર્યમાં

માંડલેની જેલમાંથી આવ્યા પછી તેમણે જોયું કે, રાજકારણમાં પક્ષાપક્ષીનું જોર વધવા લાગ્યું હતું. આ લાલાજીને ગમનું નહોતું એટલે એ વાતાવરણથી અળગા થવા તે થોડો વખત વિદેશ જઈ આવ્યા.

ત્યાંથી આવીને લાલાજીએ પોતાના 'પંજાબી' પત્રમાં એક નિવેદન બહાર પાડી જણાવ્યું :

'હું સૌની ભલાઈ ઇચ્છું છું. કોઈ એક દળનો નિશ્ચયપૂર્વક પક્ષ લેવા જેવું મને લાગતું નથી. એટલે ડહાપણ મને એમ કહે છે કે, મારે આ બધાથી અળગા રહેવું.'

લાલાજી પાછા વકીલાત કરવા લાગી ગયા. વળી દયાનંદ હાઈસ્કૂલ માટે મહાત્મા હંસરાજની સ્મૃતિમાં એક વ્યાખ્યાન–ખંડ બાંધવા તેમણે દાન ઉઘરાવ્યું.

એ અરસામાં પોતાના જન્મસ્થાન જગરાંવ ગામમાં પોતાના પિતા શ્રી રાધાકિશનના સ્મારક નિમિત્તે મોટું દાન આપી એમણે રાધાકૃષ્ણ હાઈસ્કૂલનો પાયો નાંખ્યો.

વળી લાહોર મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈ આવી તેમણે નાગરિકોના હિતનું કાર્ય કર્યું.

આ બધું કામ કરતાં કરતાં લાલાજીને લાગ્યું કે, આપણા દેશમાં અછૂતો અને દલિતોની ખરેખર દુર્દશા છે. આપણા જ ભાઈઓ આવી કચડાયેલી દશામાં સબડતા હોય, તો દેશનો સમગ્ર રીતે ઉદ્ધાર થવો શક્ય નથી.

એટલે લાલજીએ એકલે હાથે અછૂતોદ્ધારનું કામ હાથ ધર્યું. એ માટે તેમણે પોતે પચાસ હજાર રૂપિયા આપ્યા. હજી મહાત્મા ગાંધીજીનું આપણા દેશના જાહેર જીવનમાં આગમન થયું ન હતું એ પહેલાં આ રચનાકાર્યનો વિચાર લાલાજીને સ્ફૂર્યો હતો.

પછી આગળ જતાં ગાંધીજી સાથે દેશસેવાના કામમાં જોડાયા પછી લાલાજીએ અસ્પૃશ્યતાનિવારણનું કામ પણ ઉત્સાહથી આગળ ધપાવ્યું હતું.

## ફરી પાછા વિદેશ યાત્રાએ

૧૯૧૩માં કોંગ્રેસે પોતાનો કેસ બ્રિટિશ પ્રજા આગળ રજૂ કરવા પ્રતિનિધિ મંડળ ઇંગ્લેંડ મોકલ્યું. એમાં લાલાજી પણ હતા.

પરંતુ વિદેશ ગયા ત્યાં તો પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. એટલે લાલાજીને સ્વદેશ જવાની બંદી કરી. હવે શું થાય?

લાલાજી એ વરસોમાં અમેરિકાનાં ઘણાં સ્થળોએ ફરી વળ્યા અને પ્રવચનો આપી તેમણે આપણા દેશની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો.

એ વખતે દેશમાં જલિયાંવાલાના હત્યાકાંડનો કરુણ બનાવ બન્યો. ભારતવાસીઓનાં દિલ કકી ઊઠયાં, અંગ્રેજ શાસને જે ક્રૂર વર્તાવ કર્યો એનો ઇતિહાસમાં જોટો મળે એમ નથી.

આ દુઃખદ સમાચાર સાંભળીને લાલાજીનું દિલ ખૂબ વ્યથા પામ્યું. તેમણે ત્યાંથી લખ્યું હતું :

'હિંદુસ્તાનમાં વેગવંત બનાવો બની રહ્યા છે અને હૈયામાં દેશદાઝ ધરાવતા અને દેશજીવનમાં ભાગ લેવા ઝંખતા પ્રત્યેક હિંદીને લાગવું જોઈએ

છે, મારું સ્થાન આ સમયે મારા દેશબંધુઓની વચ્ચે છે, નહિ કે બાર હજાર માઈલના અંતરે આવેલા પ્રમાણમાં સુખ, શાંતિ અને સલામતીના મુલકમાં.

'યુદ્ધના કાળમાં મારે અમેરિકામાં રહેવું પડ્યું એ માટે મને જરા પણ અફસોસ નથી થતો. પણ હવે અત્યારે મારાં દેશજનો જબ્બર અંતરાયોની સામે મહાન વિગ્રહ આરંભી રહ્યા છે. ત્યારે મારો હિસ્સો પૂરવાને હું હિંદમાં નથી, એ વિચારે હું બહુ અકળાઉં છું. હું કોઈ ભારે અપરાધ આચરી રહ્યો હોઉં એમ મને લાગે છે!

'હું મારા દેશબંધુઓને માટે અત્યારે કંઈ જ કરી શકતો નથી એ ખ્યાલે મને અત્યંત વેદના થઈ રહી છે. હિંદ સ્વરાજને માટે જગતની સહાનુભૂતિ મેળવવી એ સારું કામ છે. પણ સાચું કામ તો હિંદુસ્તાનમાં જ કરવાનું છે.

'હિંદના સ્વરાજ્યનો સંગ્રામ હિંદમાં જ ખેલાવો જોઈએ અને તે હિંદીઓએ જ ખેલવો જોઈએ.'

## સ્વદેશ પાછા ફર્યા

આખરે ૧૯૨૦ના ફેબ્રુઆરીની ૨૦મી તારીખે લાલાજી સ્વદેશ પાછા ફર્યા મુંબઈમાં એમનું ખૂબ ઉમળકાથી સ્વાગત કરવામાં આવ્યું.

મુંબઈની જાહેર સભામાં પોતાનું દિલ ખુલ્લું કરતાં લાલાજીએ કહ્યું:

'મારા કાર્યની પવિત્રતામાં પૂર્ણ શ્રદ્ધા સાથે હું પાછો સ્વદેશમાં આવું છું.

'પૃથ્વી પર એવી કોઈ શક્તિ નથી કે જે આપણને આપણા હક્કો પાછા મેળવતાં અટકાવી શકે. બીજાઓ આપણી ઇચ્છા વિરુદ્ધ આપણી પાસેથી ઝૂંટવી જાય એ કરતાં તો આપણે મેદાનમાં મરી ખૂટીશું,

'આપણને ટુકડા નથી જોઈતા, આત્મા જોઈએ છે.

'આ ૭ વર્ષ દરમિયાન હું આખી પૃથ્વી ઘૂમી વળ્યો છું. જગતની ત્રણ આત્મશાસિત મહાપ્રજાઓને—જાપાન, અમેરિકા અને ઇંગ્લૅંડને મેં નીરખી લીધી છે. અને હું તમને ખાતરી આપું છું કે, કદાચ વર્તમાન જ્ઞાનની આવશ્યકતા બાદ કરતાં આપણે એમાંના કોઈથી ઊતરતા નથી. જાહેર કે ખાનગી, કોઈ પણ જીવનના કોઈ પણ વિભાગ પરત્વે આપણે જગતની કોઈ પણ પ્રજા કરતાં કમ નથી.

'આપણે શામાં ઊતરતા છીએ? ઐક્ય સાધવાની શક્તિમાં, અર્વાચીન સાધનોને અનુકૂળ થવાની સમાધાન વૃત્તિમાં અને વર્તમાન રાજનીતિના કૌટિલ્યમાં.'

## લાલાજીનો પુણ્યપ્રકોપ

લાલજી લાવ્યા ખરા, પણ તેમનો જીવ તો ક્યારે પંજાબ પહોંચું અને જલિયાંવાલા હત્યાકાંડની જાતે તપાસ કરું એમાં જ હતો. તે તરત જ પંજાબ ગયા.

બધે ફરી વર્યા. હત્યાકાંડની હૃદયદ્રાવક અને અપમાનજનક કહાણી સાંભળીને લાલાજીનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠયો. પંજાબ કેસરી ગરજી ઊઠ્યા :

'જે સત્તાંધ અમલદારોએ આ હત્યાકાંડ રચ્યો છે, તેમની સાથે હિંદી પ્રજા સહકાર કરે એમ આ સરકાર માગે છે ?

'જે અમલદારોએ મારા દેશબંધુઓને ફટકા લગાવ્યા છે, જે અમલદારોએ દેશના જુવાનો પાસે નાકલીટીઓ ખેંચાવી છે, જે અમલદારોએ અનેક રીતે હિન્દી પ્રજાનું અપમાન કર્યું છે, તે અમલદારો સાથે હૃદયમાં મહોબત કેળવવા હું હરગીઝ તૈયાર નથી.

'મારા દિલમાં કારી જખમ થયો છે. હું હતાશ બન્યો છું. અસહકારનો ઝાંડો ફરકાવવો એ જ આજે અમારે માટે ધર્મ છે.'

૧૯૨૦ના સપ્ટેમ્બર માસમાં કલકત્તા મુકામે કોંગ્રેસનું ખાસ અધિવેશન થયું. એમાં લાલાજી પ્રમુખ બન્યા. તેમણે પોતાના દિલની આગ વ્યક્ત કરતાં કહ્યું :

'.... સ્વાધીનતાનો ફૂલછોડ જે ખોરાકથી પુષ્ટ બને છે, તે ખોરાક શહીદોનું રક્ત છે.

'ફાંસિયાનું દોરડું, જલ્લાદનો કુહાડો અથવા તો તોપચીનો ગોળો વ્યકિતના જીવનનો અંત આણે છે, પરંતુ તે સ્વાધીનતાની ધગશને વધારે ઉગ્ર અને વધારે ધારદાર જ બનાવે છે.

'હદપારીઓ, દેશપારીઓ, જેલખાનાંઓ, સતામણીઓ કે જપ્તીઓ એ સ્વાધીનતાને ગૂંગળાવી મારવાનાં, સ્વાધીનતા પ્રેમીઓને જમીનદોસ્ત કરવાનો જાલીમનાં સામાન્ય શસ્ત્રો સ્વાધીનતાની જ્વાલાને બુઝાવી નાખવાને માટે નિરર્થક નીવડયાં છે....

## લાલાજીની ગિરફતારી

તાતાં તીર સમાં લાલાજીનાં વચનોએ દેશના નવજુવાનોને સાબદા કરી મૂક્યા. સરકાર પણ આ સિંહને સળિયામાં જકડી લેવા બહાનાં શોધવા લાગી.

મહાત્માજીએ લાલાજીને સંદેશો પાઠવ્યો :

'લાલાજી ન તો ગિરફતારી ટાળવા પ્રયત્ન કરે, ન તો વહોરવા.'

આખરે સરકાર જે તે બહાનું ઊભું કરીને પંજાબકેસરીને જેલમાં પૂરી દીધા.

લાલાજી જેલથી ડરે એવા નહોતા. તેમણે સરકારને સીધું સંભળાવી દીધું :

'તમારા કેદી તરીકે તમારી પાસેથી કોઈ મહેરબાની કે છૂટછાટની હું આશા રાખતો નથી. જે કંઈ ખાવાનું આપશો તે હું ખાઈ લઈશ. જે કંઈ કામ સોંપશો તે હું કરીશ.'

મહાત્મા ગાંધીજીને પણ લાલાજીએ લખ્યું :

'હું પૂરેપૂરો પ્રસન્નચિત્ત અને પ્રફુલ્લિત છું. કોઈ પ્રકારની દાદફરિયાદ હું કરીશ નહિ.'

લાલાજીએ પંજાબની પ્રજાને સંદેશો પાઠવ્યો, એમાં તેમણે પોતાનું હૃદય-મંથન ઠાલવતાં લખ્યું :

'હું ઈશ્વરનો આભાર માનું છું કે, એણે આ સરકારની કૃપા દ્વારા નૈતિક સાધના કરવાનો મને સુઅવસર આપ્યો. હું પ્રયત્નશીલ છું કે, મારા આચરણમાં અહંકાર, મિથ્યાભિમાન, સ્વાર્થ, આત્મપ્રશંસાના જે અંશ છે તે કારાવાસ જીવનની ભઠ્ઠીમાં ઓગળી જાય અને હું પવિત્ર બની પાછો બહાર આવું.

'હું તો એક કમજોર માણસ છું. મારામાં મહાત્મા ગાંધીના જેવી પવિત્રતા નથી. ઘણીવાર હું મારા ગુસ્સાને રોકી શકતો નથી. હું એમ પણ નથી કહી શકતો નથી કે, મારા દિલમાં કોઈ વાંછના કામ નથી કરી રહી.

'અલબત્ત, હું આટલું કહી શકું છું કે, મેં મારા સ્વદેશની અને મારી જાતિની સેવાને હંમેશાં મારી નજર સામે રાખેલાં છે. અને જે કાંઈ કર્યું છે તે એ ધૂનમાં કર્યું છે....

'પંજાબના નવજવાનો! એએક શબ્દ હું તમને સંભળાવવા માગું છું. તે એ છે કે, પરીક્ષાઓ પસાર કરવી એ તમારી જિંદગીનો અંત નથી.

'જે માણસ પોતાની જ ઈજ્જત અને પોતાના જ આત્મ–સન્માનના ખયાલોમાં જકડાઈ રહેલો છે, તે માણસ નથી, હેવાન છે.

'જો ઉચ્ચ ભાવોને દબાવીને એશઆરામમાં જ જિંદગી વિતાવી નાખીશું, તો એ જિંદગી આપણે માટે મોતથી પણ અધમ બની જશે....

'પંજાબની દેવીઓ! મને ખબર છે કે, તમારા અંતરમાં પણ પ્રજા-સેવાનો અગ્નિ પ્રજળી રહ્યો છે અને એ સેવા ઉઠાવવામાં તમે તમારી સ્વતંત્રતાની પણ પરવા નથી કરતી. તમારામાંથી બહેનો કેદમાં જવા માટે પણ તૈયાર છે. પરંતુ બહેનો! અંગ્રેજી જેલખાનાં તો શયતાનનાં રહેઠાણ છે. ત્યાં બદમાશી અને હરામીનું વર્ચસ્વ છે. માટે તમે એ ખ્યાલ છોડી દઈને શુદ્ધ સ્વદેશીના પ્રચારથી તેમ જ ઉપયોગથી તમારા દેહને પવિત્ર બનાવો....

'દેશવાસી ભાઈઓ! હું હવે વિદાય લઉં છું. હું તો પરમ શ્રદ્ધા લઈને જાઉં છું કે, મારા પ્યારા દેશની અને પ્યારી કોમનાં ઈજ્જત તમારા હાથમાં છે.'

જેલમાં લાલાજીની તબિયત વધારે બગડી. અઢાર માસ જેલમાં પસાર થઈ ગયા. શરીર ક્ષીણ થવા લાગ્યું હતું. ફેફસાંની બીમારીને કારણે લાલાજીને છોડી મૂક્યા.

## ' લોકસેવક મંડળ '

અહીં આપણે લાલા લજપતરાયે સ્થાપેલા ' લોકસેવક મંડળ ' વિશે જોઈ જઈએ. એ વિશે લાલાજી પોતે લખે છે :

' માત્ર જીવનનિર્વાહના ધોરણે શિક્ષણસેવકો પેદા કરવાનું શ્રેય મહારાષ્ટ્રને ઘટે છે. ડેક્કન એજ્યુકેશન સોસાયટીએ સર્વ પ્રથમ એવી યોજનાને જન્મ આપ્યો, જેના હિસાબે અધ્યાપકો નિર્વાહ પૂરતું જ વેતન લઈ વીસ વરસ સુધી સંસ્થાને સેવા આપવા વચનબદ્ધ થતા.

' સ્વ. ગોખલેજી આ યોજનામાં જોડાયેલા. ફર્ગ્યુસન કૉલેજમાં પોતાની વીસ વરસની સેવામર્યાદા પૂરી કરી એમણે રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

' અહીં ગોખલેજીને એવો અનુભવ થયો કે, અન્ય ક્ષેત્રોની જેમ રાજકીય ક્ષેત્રને પણ પૂરા ચોવીસ કલાક આપનારા સેવકો પ્રાપ્ત થાય, તો ફુરસદનો સમય આ ક્ષેત્રને આપનારામાં જે કર્તવ્યપાલનની અધૂરપ વરતાય છે, તે ટાળી શકાય એવો સંભવ છે.

' માતૃભૂમિને ખાસ એવા કાર્યકરોની જરૂર છે જે પોતાનો બધો સમય એને અર્પણ કરતા હોય અને જેમણે આત્મત્યાગ અને ગરીબાઈનું જીવનવ્રત લીધેલું હોય.

' આવા ખ્યાલથી પ્રેરિત થઈ ગોખલેજીએ ભારતસેવક મંડળ સ્થાપ્યું.

' હું સર્વ પ્રથમ પૂના ગયો, ત્યારથી આવી યોજના મારા મનમાં ઘોળાતી હતી, પણ પરદેશગમન, યુદ્ધ વગેરે કારણે એ ખોળંભે પડતી રહી.

' લોકમાન્ય ટિળક મહારાજના અવસાન પ્રસંગે તક ઝડપી રાષ્ટ્રની સામાજિક કે રાજનૈતિક સેવા કરવા માગતા યુવાનોની તાલીમ અર્થે મેં 'તિલક રાજનીતિ વિદ્યાલય'ની સ્થાપના કરી. આ કાર્ય ભારત સેવક સમાજની માફક આજીવન સભ્યો મારફત હાથ ધરી શકાય એ હેતુસર આજીવન સભ્યોની એક યોજના બનાવી અને ઑક્ટોબર ૧૯૨૧ માં મહાત્મા ગાંધીજીના શુભ હસ્તે આ ' લોક-સેવક મંડળ'નો મંગળ પ્રારંભ થયો.'

મંડળની સ્થાપના પછી લાલાજીને જેલમાં જવું પડ્યું. લાલાજીએ જેલમાંથી મંડળના સભ્યો અને વિદ્યાલયના વિદ્યાર્થીઓને પત્ર લખી સૂચનાઓ લખી મોકલી હતી. એ વાંચીને લાલાજી એ સૌની પાસેથી કેવી આશા સેવતા હતા, એનો સહેજે ખ્યાલ આવે છે. એમાંથી કેટલીક સૂચનાઓ જોઈએ.

'......મંડળના સભ્ય અને વિદ્યાલયના વિદ્યાર્થી બનવાનો તમારો આશય તો આ દેશ અને તેની પ્રજાની સેવા કરવા માટે તમારી જાતને સર્વ રીતે

ઉપયોગી કરવાનો છે, જેથી તાલીમ સિવાય એ કાર્યમાં લાગેલા સૌની ક્ષતિઓ તમારાં કાર્યોમાં પ્રવેશે નહિ.

'જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં તાલીમની જરૂર છે. રાજનૈતિક ક્ષેત્રમાં પણ એની જરૂર છે. દેશની સ્વતંત્રતા તથા ઉન્નતિ એના રાજકીય કાર્યકર્તાઓની દૂરદર્શિતા, પવિત્રતા તથા ત્યાગની ભાવના પર અવલંબે છે. આ બધા ગુણ ધરાવતા છતાં એમનામાં ઉપયોગી જ્ઞાન અને યોગ્યતાનો અભાવ હોય, તો આ પ્રયત્નો સફળ થાય નહિ.

'રાજનૈતિક કાર્યકરોમાં યોગ્યતા, પ્રતિભા, વિવેક તથા જ્ઞાનની એટલી જ આવશ્યકતા છે, જેટલી આત્મત્યાગ અને દેશભકિતની.

'મારી પ્રબળ ઇચ્છા હતી કે, તમારા ચારિત્ર્યઘડતર તથા સદ્‌ગુણ વિકાસમાં હું પ્રત્યક્ષ રૂપે સહાયભૂત થાઉં. હવે તમારે સ્વાવલંબી બનવું પડશે, એટલે તમારી તાલીમને તમારા શિક્ષણ માટે હું મારા વિચારો રજૂ કરું છું :-

'....તમારામાંથી જેમને ધર્મમાં આસ્થા હોય તે નિયમપૂર્વક પૂજાપાઠ કરે.

'દરેક તાલીમાર્થીએ પોતાને અનુકૂળ એવો વ્યાયામ નિયમિત કરવો જોઈએ.

'આપણે દરેકે વાણી અને સ્વાદનો સંયમ કેળવવો ઘટે.

'આપણા મુખમાંથી ગંદી કે બીભત્સ ભાષા નીકળવી ન જોઈએ. આપણી વાતચીત તથા સંભાષણ સુમધુર હોવાં જોઈએ. એનો અર્થ એમ નહિ કે, આપણે દંભ કરવો. સ્પષ્ટ વકતવ્ય કે સત્યપ્રિયતાનો અર્થ વાણીની કર્કશતા અથવા કઠોરતા કરી શકાય નહિ.

'સ્વાદેન્દ્રિયનો સંયમ પણ એટલો જ જરૂરી છે. દીઠું ત્યારે કે ફાવે ત્યારે ખાવું એ ઠીક નથી. એમાં પણ નિયમિતતા અને નિયમન આવશ્યક છે.

'આપણને જે કામ સોંપાય તે ઇમાનદારી, ઉત્સાહ અને જવાબદારીપૂર્વક પૂરું કરવું ઘટે. જવાબદારીની ભાવના જન્માવવી એ સૌથી અગત્યની વાત છે. અને એમાં દરેકનો અંતરાત્મા એનો પોતાનો પથદર્શક બનવો ઘટે.

'.....હું ઇચ્છું છું કે, તમારું જીવન નિયમિત, સુંદર, સ્વાવલંબી બને. નોકરો પર અવલંબન રાખવાની આદત તમે છોડી દો અને યથાસંભવ પોતાનાં બધાં કામ આપમેળે પતાવો. નોકરો સાથેનો વર્તાવ પ્રેમ અને સમાનતાનો રાખો. ઓરડાની સફાઈ માટે નોકરની કે કપડાં ધોવા ધોબીની આવશ્યકતા ન સેવો. આપણા તાબાનાં માણસો સાથે પ્રેમભર્યો વ્યવહાર ન રાખીએ, તો આપણા જીવનમાં હલકાપણું પ્રવેશે અને કટુ વાણી, મિથ્યાભિમાન, અહંકાર, અન્યાય કે અત્યાચારની આદતોનો પાયો નંખાય.

'આપણી તાલીમ માટે આપણા આચરણને અંગભૂત સેવાભાવના કેળવણી અનિવાર્ય છે. કશા પુરસ્કાર, બદલા કે સ્વાર્થસિદ્ધિની આશા સિવાય નિષ્કામ ભાવે કામ કરવાની વૃત્તિ આપણે જન્માવવી જોઈએ.

'રોગીઓની સેવા, કેદીઓની સેવા, નિર્ધન, ગંદાંગોબરાં જનોનાં બાળકો પ્રત્યે પ્રેમ, સ્ત્રીજાતિ માટે સન્માન વગેરે કેળવવા પ્રયત્નશીલ અને પ્રવૃત્ત રહેવું ઘટે.'

લાલાજી જેલમાંથી આવીને પાછા રચનાકાર્ય અને દેશસેવામાં લાગી ગયા. જોકે તેમનું શરીર નબળું પડયું હતું, પણ આત્મા એટલો જ ધગશવાળો હતો.

તેમણે પોતાની સાધ્વી માતાની સ્મૃતિમાં પોતાના જન્મસ્થળ જગરાંવ ગામમાં સ્ત્રીઓ માટે ઇસ્પિતાલ સ્થાપવાનો વિચાર કર્યો. પરંતુ ડૉકટર મિત્રોની સલાહથી લાહોરમાં જ બહેનો માટે ક્ષયની ઇસ્પિતાલ કરવાનું લાલાજીએ કબૂલ રાખ્યું. એ માટે તેમણે પોતાના તરફથી એક લાખ અને દસ હજાર આપ્યા.

આમ, લાલાજી માનવસેવાના કાર્યમાં ગળાડૂબ હતા, ત્યાં તો અણધારી કારમી ઘટના બનવા પામી!

## જીવલેણ ફટકો!

ઇ. સ. ૧૯૨૮માં અંગ્રેજ સરકારે આપણા દેશની પરિસ્થિતિની તપાસ કરવા એક કમિશન નીમ્યું. એ કમિશનના મુખ્ય જોન સાઇમન હતા. એટલે એ કમિશન 'સાઇમન કમિશન' તરીકે જાણીતું થયું છે.

'સાઇમન કમિશન'ના બધા સભ્યો અંગ્રેજો હતા. એટલે મહાત્મા ગાંધીજી, લાલાજી, મોતીલાલ નેહરુ વગેરે અગ્રગણ્ય નેતાઓએ એનો વિરોધ કર્યો. એમાં આપણા દેશની સ્થિતિનો ખ્યાલ આપે એવા આપણા થોડા તટસ્થ માણસોને પણ લેવા જોઈએ, એમ તેઓ કહેતા હતા.

પરંતુ અંગ્રેજ સરકારે એ માન્ય ન રાખ્યું. એટલે આપણા દેશના સૌ નેતાઓએ એ કમિશનનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો. જયાં જયાં એ કમિશન જતું, ત્યાં ત્યાં એની સામે 'સાઇમન, પાછો જા!' એવા વિરોધી પોકારો કરવામાં આવતા.

એ કમિશન લાહોર આવ્યું. ૩૦ મી ઑકટોબર ૧૯૨૮નો એ દિવસ હતો. લાહોર સ્ટેશન પાસે બુઝુર્ગ નેતા લાલાજીની સરદારી હેઠળ પ્રચંડ સરઘસ ભેગું થયું અને 'સાઇમન, પાછો જા!' એ વિરોધી પોકારોથી આકાશ ગજાવી મૂકયું.

એ પછીનું વર્ણન શ્રી જવાહરલાલ નેહરુજીના શબ્દોમાં જ સાંભળીએ. તેઓ પોતાની આત્મકથામાં લખે છે:

'લાહોરમાં આંચકો આપનારો બનાવ બન્યો અને તેને પરિણામે દેશભરમાં રોષની લાગણી વ્યાપી ગઈ. ત્યાં સાઇમન વિરોધી દેખાવોનું નેતૃત્વ લાલા લજપતરાયે લીધું હતું. દેખાવ કરનારા હજારો લોકોની હરોળમાં તે ઊભા હતા.

'ત્યાં એક જુવાન અંગ્રેજ અફસરે લાલાજી પર હુમલો કર્યો અને છાતી ઉપર દંડાના પ્રહાર કર્યા.

'ટોળાએ કોઈ હિંસક પગલું માંડ્યું ન હતું અને લાલાજી તો શાંતિની મૂર્તિ હતા. તોયે શાંતિથી ઊભેલા લાલાજી અને એમના સાથીઓ ઉપર પોલીસે હુમલો કર્યો.....

'જે રીતે આ હુમલો થયો અને એમાં જે બિનજરૂરી પાશવી અત્યાચાર થયો, તેથી દેશભરમાં અસંખ્ય લોકોને ભરે આંચકો લાગ્યો. દેશના મોટામાં મોટા આગેવાનો ઉપર અને પંજાબના તો સર્વોપરી નેતા ઉપર આવો અત્યાચાર થાય થાય એ રાક્ષસી છે, એમ લોકોને લાગ્યું અને દેશભરમાં અને ખાસ કરીને ઉત્તર હિંદમાં જનતામાં ઊંડા રોષની લાગણી વ્યાપી ગઈ. આપણા શ્રેષ્ઠ નેતાઓનું આપણે જો રક્ષણ ન કરી શકીએ, તો આપણે કેવા અસહાય અને તિરસ્કારને પાત્ર લેખાઈએ ?

'લાલાજીને જે શારીરિક ઇજા થઈ હતી એ ગંભીર હતી અને લાંબા કાળથી તે હૃદયરોગથી પીડાતા હતા. એટલે છાતી ઉપરની ઇજા જોખમકારક હતી. કોઈ જુવાન તંદુરસ્ત માણસને એ ઇજા થઈ હોત, તો એટલું જોખમ ન હોત. પણ લાલાજી ન જુવાન હતા કે ન તંદુરસ્ત હતા....'

## વીર શહીદની વિદાય !

લાલાજી આ હુમલા પછી પામી ગયા હતા કે, તે આમાંથી પાછા બેઠા નહિ થાય ! એટલે જાણે પોતાનો અંતિમ સંદેશો આપતા હોય, એમ તેમણે કહ્યું હતું :

'મને મારેલી પ્રત્યેક લાઠી બ્રિટિશ સામ્રાજ્યના કફનનો એક એક ખીલો પુરવાર થશે...

'એ ઘા અમારા આત્મામાં ઊંડો ઊતરી ગયો છે. હું આ સરકારને ચેતવવા માગું છું કે, જો આ દેશમાં રક્તપાતભરી રાજક્રાંતિ થાય, તો એવો દિવસ લાવવાની જવાબદારી આજના જેવું વર્તન કરનારા તેના અંગ્રેજ અમલદારોને શિરે રહેશે. સરકાર અને તેના અમલદારો આજની રીતે વર્તવા માગતા હોય, તો અમારા જુવાનોને અમારો કાબૂ ફેંકી દેતા અને તેમના સ્વદેશની સ્વાધીનતા સર કરવા મરજી મુજબનો માર્ગ લેતા જોઇ ને હું તાજુબ નહિ થાઉં.

'એ દિવસ જોવાને હું જીવતો હોઉં કે ન હોઉં તોયે સરકાર મારા દેશના જુવાનોને એવો માર્ગ લેવાની ફરજ પાડશે, તો મારો આત્મા અંતરીક્ષમાંથી, તેમના એ સંગ્રામમાં વિજય મળો એવી આશિષો વરસાવશે.'

અને ૧૭મી નવેંબર ૧૯૨૮ ને રોજ વહેલી સવારે પંજાબ કેસરી લાલા લજપતરાય અવસાન પામ્યા!

હિંદના એ વીર સપૂતને ગુમાવતાં આખો દેશ કલ્પાંત કરી ઊઠ્યો.

મહાત્મા ગાંધીજીએ લાલાજીને ભવ્ય અંજલિ આપતાં કહ્યું છે:

'લાલા લજપતરાયનો દેહાન્ત થયો.

'લાલજી અમર રહો!

'જ્યાં સુધી હિંદુસ્તાનના આકાશમાં સૂર્ય પ્રકાશે છે, ત્યાં સુધી લાલાજીનું મૃત્યુ સંભવતું નથી...'

આવા મહાન શહીદને આપણાં વંદન હો!

## ૪. જવાહરલાલ નેહરુ

'હું અનેક રીતે ઘણો મહત્ત્વાકાંક્ષી માણસ રહ્યો છું. પરંતુ મને ખબર નથી કે હવે હું મારી જાતને, સામાન્ય રીતે માણસને જે અર્થમાં મહત્ત્વાકાંક્ષી કહે છે તે અર્થમાં, મહત્ત્વાકાંક્ષી કહી શકું.

'પણ એક મહત્ત્વાકાંક્ષા મારામાં હજી છે અને તે આ છે:

'જે કંઈ થોડાં વરસ ભવિષ્યમાં મારે માટે રહ્યાં હોય, તેમાં હું મારામાં રહેલી તમામ પ્રાણશક્તિથી હિંદના નિર્માણકાર્યમાં ઝંપલાવું. મારી શક્તિનું ટીપેટીપું ખલાસ થઈ જાય અને નિરર્થક વસ્તુને કચરાના ગંજમાં નાખી દે છે એમ હું ફેંકાઈ જાઉં, ત્યાં સુધી હું લગાતાર છેલ્લી ક્ષણ સુધી એમાં રચ્યોપચ્યો રહેવા માગું છું.

'મારા મૃત્યુ પછી મારા વિશે તમે કે બીજું કોઈ પણ શું વિચારશે તેની ચિંતા નથી. મારા માટે પૂરતા સંતોષની વાત એ જ છે કે, મેં મારી સઘળી શક્તિઓ ભારતની સેવામાં ખર્ચી છે.

'મારા મૃત્યુ પછી મારી ખ્યાતિ કેવી હશે તેની મને તમા નથી. પણ ત્યારે જો કોઈ મારા વિશે વિચાર કરે, તો તેઓ આમ કહે એમ હું ઇચ્છું છું:

'આ એક એવો માણસ હતો જે પોતાના હૃદય—મનના પરિપૂર્ણ સમર્પણ-પૂર્વક ભારતને અને ભારતના લોકોને ચાહતો હતો. અને સામેથી લોકો પણ તેની ખામીઓ દરગુજર કરી તેની ઉપર માઝા મૂકીને અઢળક પ્રેમ વરસાવતા હતા.'

આવી મહત્ત્વાકાંક્ષા સેવનાર બીજું કોઈ નહિ પણ 'હિંદના જવાહર' તરીકે ચાહના પામનાર શ્રી જવાહરલાલ નેહરુ હતા.

મહાત્મા ગાંધીજીએ ૧૯૨૯માં જવાહરલાલજી વિષે યોગ્ય જ કહ્યું છે :

'વીરતામાં જવાહરલાલને ટપી જાય એવું કોઈ નથી. અને સ્વદેશપ્રેમમાં એમની આગળ જવાની કોની મજાલ છે ?

'...સ્ફટિક જેવા એ સ્વચ્છ છે, અને એમની સત્યશીલતા વિશે કોઈ શંકા કરી શકે એમ નથી.'

'એ નિર્મળ, નિષ્કલંક ક્ષત્રિય છે.'

'એમના હાથમાં રાષ્ટ્ર સુરક્ષિત છે.'

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે પણ જવાહરલાલને બિરદાવતાં કહ્યું છે :

'જવાહરલાલ નેહરુ તરુણ ભારતના સિંહાસન માટે નિઃશંક અધિકારી છે.

'...જોખમને પ્રસંગે તેમણે કદી પણ સત્યને ઉવેખ્યું નથી તેમ જ સગવડભર્યું થઈ પડે એવે વખતે જૂઠ સાથે તેમણે કદાપિ મિત્રાચારી કરી નથી.

'...સ્વતંત્રતા માટેની તેમની લડતમાં સત્યનો ઉદાત્ત આદર્શ એ જવાહરલાલનો સૌથી મોટો ફાળો છે.

'...યૌવનની ઋતુના — વસંત ઋતુના — અને વિજયવંત આનંદના, લડતની અજેય ભાવનાના તથા સ્વતંત્રતાના ધ્યેય પ્રત્યેની અડગ વફાદારીના પ્રતિનિધિરૂપ જવાહરલાલ ઋતુરાજ છે.'

આવા જવાહરલાલ નેહરુનું જીવન યુવાનોને અનેરી પ્રેરણા આપે એવું છે.

## શ્રીમંત કુટુંબમાં જન્મ

જવાહરનો જન્મ અલ્લાહાબાદમાં ૧૪મી નવેમ્બર ૧૮૮૯ને રોજ થયો.

તેમના પિતાશ્રીનું નામ મોતીલાલ નેહરુ. તેમનાં માતુશ્રીનું નામ હતું સ્વરૂપરાણી.

જવાહરલાલ પોતાની આત્મકથામાં બાળપણ વિશે લખે છે :

'સુખી ઘરમાં એકનો એક છોકરો મોઢે ચડાવેલો જ હોય — હિંદુસ્તાનમાં તો વિશેષે કરીને. તેમાંયે જો અગિયાર વરસનો થતાં સુધી એકનો એક જ રહ્યો, તો તો લાડની ખરાબીમાંથી તે ન જ બચી શકે.'

જવાહરનાં બે બહેનો સરૂપ અને કૃષ્ણા પૈકી પહેલાં જવાહર અગિયાર વરસના થયા ત્યારે અને બીજી તો એ પછી ઘણાં વરસ બાદ, જવાહરલાલ અભ્યાસ માટે ઈંગ્લેંડ ગયા એ સમયમાં જન્મી હતી.

એટલે આવડા મોટા ઘરમાં જવાહરનું બાળપણ એકલવાયી સ્થિતિમાં જ વીત્યું. જવાહર આ બાબતમાં લખે છે :

'તેથી શરૂનાં વર્ષોમાં હું એકલવાયો જ ઊછર્યો. મારી ઉંમરનો કોઈ સાથી મારે ન હતો. નિશાળના ગોઠિયા પણ કોઈ ન હતા. કેમ કે, મને કોઈ બાળમંદિરમાં કે કોઈ શાળામાં મૂકવામાં આવ્યો નહોતો.'

## માતાપિતા

માતાપિતા વિશે જવાહરલાલે આત્મકથામાં લખ્યું છે :

'મને મારા પિતા વિશે ખૂબ જ માન હતું. મને તો તેઓ બળ, હિંમત અને હોંશિયારીની મૂર્તિ લાગતા. બીજા બધા એમની સરખમણીમાં તુચ્છ લાગતાં. અને હું મોટો થઈને એમના જેવો જ થઈશ, એવું સ્વપ્ન હું સેવતો.'

'પણ નોકરો અને બીજાઓ ઉપર એમનો પિત્તો ઊછળતો હું જોતો, ત્યારે હું ભયથી ધ્રૂજી ઊઠતો. એમનો મિજાજ તો ખરેખર તોબા પોકરાવે એવો હતો. અને પાછલાં વર્ષોમાં પણ એવો વિકરાળ મિજાજ મેં કોઈનો જોયો હોય એમ મને યાદ નથી.'

'પરંતુ સારા નસીબે પિતાની વિનોદશક્તિ તીવ્ર હતી. અને વજ્ર જેવા સંકલ્પબળને લીધે સામાન્ય રીતે તેઓ પોતાના ઉપર કાબૂ રાખી શકતા. જેમ જેમ ઉંમર થતી ગઈ, તેમ તેમ તેમની સંયમશક્તિ પણ વધતી ગઈ. અને પહેલાના જેવું ભીષણ સ્વરૂપ તેઓ કવચિત જ ધારણ કરતા જોવામાં આવતા.

'પિતાના કરતાં મારો વધારે સમય માતાની સાથે જ જતો. એટલે તેની સાથે હું વધારે નિકટતા અનુભવતો. અને જે વસ્તુ પિતાને કહેવાની સ્વપ્ને પણ મારી હિંમત ન ચાલે તે હું સુખેથી માતાની આગળ ઠાલવતો.

'મને માતાની જરાય બીક ન લાગતી. કારણ કે, હું જાણતો હતો કે, હું ગમે તે કરું તોપણ તે કાંઈ ન બોલે. અને આ એના અત્યંત અને આંધળા પ્રેમને લીધે હું એના ઉપર શિરજોરી પણ ચલાવતો.'

## મુનશીચાચા

માતા ઉપરાંત એક બીજા પણ હતા, જેમની આગળ તે વેળા બાળક જવાહર પોતાનું દિલ ઠાલવી શકતો હતો.

તે હતા જવાહરના પિતા મોતીલાલજીના મુનશી મુબારકઅલી.

જવાહરની બાળક આંખને એમની ધોળી દાઢી કોઈ અતિ પ્રાચીન પુરુષનો અને પ્રાચીન કથાઓના ભંડારનો ખ્યાલ આપતી.

બાળક જવાહર ઘણીયે વાર મુનશીચાચાની સોડમાં ભરાઈને એમની અખૂટ વાતો કલાકોના કલાકો સુધી સાંભળતાં ધરાતો નહિ. એ વાતોમાં અરેબિયન નાઇટ્સમાંની કે એવી જ બીજી હોય, અથવા તો ૧૮૫૭ના જમાનામાં બનેલા કિસ્સાઓનું વર્ણન હોય.

જવાહરનાં માતા અને કાકી રામાયણ અને મહાભારતમાંથી તેમ જ હિંદુ પુરાણોમાંથી અનેક કથાઓ એને સંભળાવતાં. જવાહરને ખૂબ મજા પડતી.

## ઉત્સવોનો આનંદ

તે વખતે ધર્મ વિશેના જવાહરના ખ્યાલો બહુ જ ઝાંખા હતા. ધર્મ તો સ્ત્રીઓ માટે જ હોય એમ તે માનતો. પિતા મોતીલાલજી અને જવાહરના વડીલ પિતરાઈ ભાઈઓ એ પ્રશ્નને હસી કાઢતા.

કુટુંબનો સ્ત્રીવર્ગ તો વખતોવખત અનેક ધર્મક્રિયાઓ કરાવે અને પૂજા-પાઠ પણ કરે. આ બધામાં બાળ જવાહરને આનંદ પડતો. આપણાં કેટલાંય નાનાંમોટાં પર્વો અને વાર-તહેવારો, જેવા કે રક્ષાબંધન, ભાઈબીજ, દિવાળી વગેરે એમને ત્યાં ઊજવાતાં હતાં.

પરંતુ આ બધા ઉત્સવો કરતાં જવાહરને બાળપણમાં વધુ રસ પડતો એવો તો એક જ હતો—જેમાં એમને જ મુખ્ય ભાગ ભજવવાનો રહેતો. એ હતો એમની વરસગાંઠનો ઉત્સવ દિન. એ વિશે જવાહરલાલ કહે છે :

'તે દિવસે મારા જેટલું કામ કોઈને નહિ! સવારે વહેલો એક મોટા ત્રાજવામાં મને તોળવામાં આવે. એક પલ્લામાં ઘઉં અને બીજી ચીજો, અને બીજા પલ્લામાં હું. ઘઉં અને બીજી ચીજો ગરીબોને વહેંચાય. અને પછી નવાં નવાં કપડાંમાં શણગારાઈને મારે વડીલો પાસેથી ભેટો લેવાની હોય. સાંજના તો ઘરમાં મિજબાની અપાય. હું તો જાણે તે દિવસનો રાજા!

'મને દુઃખ ખાસ એ વાતનું હતું કે, આ જન્મગાંઠ માત્ર વર્ષને એકાદ વચલે દિવસે જ આવતી. મેં તો જન્મદિવસો વારંવાર ઊજવવામાં આવે એ માટે ચળવળ ઉઠાવવાનું પણ કલ્પ્યું હતું. તે વખતે મને થોડી જ કલ્પના હતી કે એક દિવસ એવો આવશે કે જ્યારે જન્મદિવસ એ જિંદગીમાંથી ઓછાં થયેલાં વરસોની દુઃખદ સ્મૃતિરૂપ લાગશે?'

## 'ભારે ચબરાક છોકરો !'

જવાહર નાના હતા ત્યારનો એક પ્રસંગ મજાનો છે.

જવાહરના પિતા મોતીલાલજી એક દિવસ કોઈ રાજકીય નેતા સાથે મહત્ત્વની ચર્ચા કરતા હતા. તેમણે જવાહરને સૂચના આપતાં કહ્યું :

'તું બહાર દરવાજા આગળ બેસ, અંદરના ઓરડામાં કોઈને પણ આવવા દેતો નહિ.'

જવાહર તો ઓરડાની બહાર બેઠો બેઠો પહેરો ભરવા લાગ્યો.

ત્યાં તો એક મોટા જમીનદાર આવી ચડયા. મોતીલાલજી બહુ મોટા જાણીતા વકીલ હતા. એક અગત્યના કેસની બાબતમાં પેલા જમીનદાર તેમની ખાસ સલાહ લેવા આવ્યા હતા. તેમણે જવાહરને પૂછ્યું :

'કેમ, તારા બાપુજી ઘરમાં છે કે ?'

એમ કહીને તે ઓરડામાં દાખલ થવા લાગ્યા. પરંતુ જવાહરે એમને અંદર જતા રોકીને હિંમતભેર કહ્યું :

'આપ અંદર ન જઈ શકો. બાપુજી મહત્ત્વના કામમાં રોકાયેલા છે. કોઈને પણ અંદર જવાની મનાઈ કરી છે. આપ અહીં બેસો. તેઓ થોડીવારમાં જ બહાર આવશે.'

એમ કહીને જવાહરે તેમને બેસવા માટે એક ખુરશી આપી.

જમીનદાર ઉતાવળમાં હતા. પણ શું થાય ? તે તો મનમાં અકળાતા ખુરશી પર બેઠા.

અડધો કલાક થયો, એક કલાક પસાર થઈ ગયો. પણ મોતીલાલજી બહાર ન આવ્યા.

પેલા જમીનદાર ઊંચાનીચા થવા લાગ્યા. એમને થયું કે, આ વટાણિયા જેવડો છોકરો મને અહીં બેસાડી રાખે એ કેમ ચાલે ? શું અમે કંઈ નવરા છીએ કે અહીં વખત બગાડતા બેસી રહીએ ? એટલે તે રોષમાં આવી જઈ બોલી ઊઠયા :

'એય છોકરા, તું કોની સાથે વાત કરે છે એનું તને ભાનબાન છે કે નહિ ?'

જવાહરે મક્કમતાથી કહ્યું :

'જી હા. આપ ખૂબ મોટા માણસ હશો. પણ પિતાજીની આજ્ઞા એટલે આજ્ઞા. એમાં ફેરફાર ન થાય. આપ જો મોટા હો, તો એકને બદલે જોઈએ તો બે ખુરશી લો. પરંતુ આપ અંદર નહિ જઈ શકો.'

પેલા મોટા જમીનદાર તો સમસમીને બેસી રહ્યા. એમની તો બોલતી જ બંધ થઈ ગઈ! એમને થયું કે, છોકરો તો ભારે ચબરાક છે!

## પ્રાથમિક વિદ્યાભ્યાસ

બાળક જવાહરને ભલે બાલમંદિર કે કોઈ શાળામાં ભણવા મૂક્યો નહોતો. પરંતુ ઘરમાં એની સાથે રહી એને શીખવનાર શિક્ષિકા અથવા બહારના ખાનગી શિક્ષકો દ્વારા એને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અગિયાર વર્ષની ઉંમરે જવાહરને માટે ફર્ડિનન્ડ બ્રુક્સ નામના શિક્ષકને ઘરમાં રાખવામાં આવ્યા. એ શિક્ષકે જવાહરમાં વાંચવાનો શોખ ઉત્પન્ન કર્યો. જવાહરે એ રીતે ઘણાં અંગ્રેજી પુસ્તકો વાંચી નાખ્યાં, બાળકોનું અને કુમારોનું સાહિત્ય પણ તેણે સારી પેઠે વાંચ્યું. કાવ્યો તરફ પણ રુચિ પેદા થઈ.

બ્રુકસે વિજ્ઞાનની ખૂબીઓમાં પણ જવાહરને ચંચુપાત કરાવ્યો. બંનેએ મળીને એક નાનકડી પ્રયોગશાળા બનાવી દીધી હતી. ત્યાં પ્રાથમિક પદાર્થવિજ્ઞાન અને રસાયણના પ્રયોગોમાં જવાહર કલાકોના કલાકો તલ્લીન બની જતો.

એ વખતે જવાહરના બીજા કોઈ શિક્ષક હોય તો તે એક જ. તે હતા, એક વયોવૃદ્ધ પંડિત. એમને જવાહરલાલ કદી ભૂલ્યા નહોતા. જવાહરને હિંદી અને સંસ્કૃત શીખવવાનું એ પંડિતજીને સોંપાયેલું હતું. પણ કેટલાંય વર્ષના પ્રયત્ન પછી પણ એ જવાહરને ઝાઝું ભાથું આપી શકયા નહોતા. તે એ બાબતમાં કહેતા :

'આમાં દોષ બેશક મારો હતો. ભાષાઓ શીખવવામાં હું કુશળ ન કહેવાઉં અને વ્યાકરણ તો મને કદી ગમ્યું જ નથી.'

## દેશદાઝની ચિનગારી

આ જ વય દરમિયાન જવાહરના મન ઉપર અંગ્રેજી શાસન વિરોધી સંસ્કારો પણ પડચા. એ તેને તેના પિતરાઈ ભાઈઓ તરફથી મળ્યા. તેઓ જવાહરને અંગ્રેજો અને યુરોપિયનોના હિંદીઓ પ્રત્યેના તુમાખીભર્યા વર્તાવની તથા તેમની અપમાનભરી રીતભાતની તેમ જ આપણા દેશમાં તેઓ વિશિષ્ટ પ્રકારના હકો અને સુખસગવડો ભોગવતા હતા એની અનેક વાતો કહેતા.

આ વાતોની જવાહરના બાળમાનસ પર ઊંડી અસર થવા પામી. જવાહરલાલ એ વિશે લખે છે :

'મારા દેશ ઉપર વિદેશી કાર્યકર્તા આવીને આ પ્રકારની ગેરવર્તણૂક ચલાવે તેની સામે મને ચીડ ચડતી અને જ્યારે કોઈ હિંદી થપાટની સામે થપાટ ઠોકતો ત્યારે હું રાજી થતો.'

આમ, પરદેશી અમલ સામેના વિરોધની તથા તેનો પ્રતિકાર કરવાની ભાવનાનાં બીજ જવાહરના અંતરમાં છેક બાળપણથી જ રોપાયાં હતાં.

આમ છતાં, જવાહરને અંગ્રેજો તરીકે અંગ્રેજો સામે કોઈ પણ જાતનો દ્વેષભાવ ન હતો. તેમને ભણાવવા માટે અંગ્રેજ શિક્ષક–શિક્ષિકાઓ રાખવામાં આવ્યાં હતાં. મોતીલાલજીના અનેક અંગ્રેજ મિત્રો તેમને વારંવાર ઘેર મળવા આવતા. એને પરિણામે જવાહરના દિલમાં અંગ્રેજોને માટે માન હતું જ.

આ અરસામાં બીજી એક ઘટનાની અસર જવાહરની ઉપર થયેલી. તે એ કે રશિયા અને જાપાન વચ્ચેનું યુદ્ધ. જવાહર જાપાનની જીતોની વાતો સાંભળતા ત્યારે તેમના ઉત્સાહનો પાર ન રહેતો. રોજ રોજ નવી નવી ખબરો જાણવાને તે ઉત્સુક રહેતા. જાપાન વિશે અનેક પુસ્તકો પણ તેમણે ખરીદ્યાં અને તેમાંનાં કેટલાંક વાંચવાનો પ્રયત્ન પણ કર્યો હતો.

આથી, રાષ્ટ્રીયતાના વિચારો જવાહરના મનમાં ઊભરાવા લાગ્યા. હિંદની સ્વતંત્રતાના અને યુરોપની ગુલામીમાંથી એશિયાની મુક્તિના વિચારો તેમને આવતા. વીરોચિત પરાક્રમોનાં સ્વપ્નાં તે સેવવા લાગ્યા. અને 'ક્યારે હું તલવાર લઈને હિંદમાતા માટે રણમેદાનમાં ધૂમી વળી તેને મુક્ત કરું,' એમ જવાહરને થવા લાગ્યું.

## વધુ અભ્યાસ માટે વિલાયત

જવાહર પંદર વર્ષના થયા, ત્યારે ૧૯૦૫ના મે માસમાં મોતીલાલજીનું કુટુંબ વિલાયત જવા ઊપડ્યું.

લંડન નજીક પહોંચતાં પહોંચતાં જવાહરે છાપામાં વાંચ્યું કે, રશિયા સાથેના નૌકાયુદ્ધમાં જાપાને યુગપ્રવર્તક વિજય મેળવ્યો છે. એ સમાચાર વાંચીને જવાહરનું દિલ આનંદથી નાચી ઊઠ્યું.

વિલાયત જવાનું મુખ્ય કારણ તો જવાહરને ત્યાંની શાળામાં ભણવા મૂકવાનું હતું.

તે જમાનામાં હિંદના ધનિક અને કેળવાયેલા વર્ગના લોકોમાં એવી માન્યતા હતી કે, ઉત્તમ કેળવણી તો ઇંગ્લેંડમાં જ મળી શકે.

જવાહર આમ તો મોતીલાલજીનો એકનો એક પુત્ર હતો અને તેમણે પુત્રને ભારે લાડકોડથી ઊછેર્યો હતો, તેમ છતાં મોતીલાલજીએ જવાહરને ઇંગ્લેંડ ભણવા મોકલવાનો નિર્ણય કર્યો.

લંડનની હેરોની શાળામાં જવાહરને દાખલ કરવામાં આવ્યા. શરૂઆતમાં તેમને નીચલા ધોરણમાં મૂકવામાં આવ્યા. કારણ તેમનું લૅટિનનું જ્ઞાન ઓછું હતું. પછી થોડાક વખતમાં તેમને ઉપર ચડાવવામાં આવ્યા.

હેરોની શાળામાં ઘણા વિષયોમાં કદાચ, અને ખાસ કરીને સામાન્ય જ્ઞાનમાં એમના સમોવડિયા વિદ્યાર્થીઓ કરતાં જવાહર આગળ હતા. એમને પોતાના ઘણાખરા સહાધ્યાયીઓ કરતાં ઘણા વધારે વિષયોમાં રસ પડતો. પુસ્તકો અને છાપાં પણ તેમના કરતાં બહુ વધારે તે વાંચતા. તે વેળાએ જવાહરે પિતાને લખ્યું હતું :

'અહીંના છોકરાઓ તો એવા ઢ જેવા છે કે એમને રમતગમત સિવાય બીજા એકે વિષય વિશે વાતો કરતાં આવડતું નથી !'

તે વખતનો એક પ્રસંગ છે. ૧૯૦૫ની સાલની આખરમાં ઈંગ્લેંડમાં સામાન્ય ચૂંટણી થઈ હતી.

જવાહર પ્રથમથી છાપાં ખૂબ રસપૂર્વક વાંચતા હતા. આ ચૂંટણીમાં થતો ભાતભાતનો પ્રચાર અને ચૂંટણીનાં પરિણામો પણ તે ખૂબ જ રસથી વાંચતા હતા.

આ ચૂંટણીનું પરિણામ બહાર પડયા પછી એક મહિનો વીતી ગયો હતો. એક વાર વર્ગશિક્ષકે વર્ગમાં ચૂંટણી અને તેનાં પરિણામો વિશે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછ્યા.

વર્ગમાં જવાહર સિવાય બધા જ વિદ્યાર્થીઓ અંગ્રેજ હતા. પરંતુ કોઈપણ અંગ્રેજ વિદ્યાર્થી એકે પણ પ્રશ્નનો સંતોષકારક જવાબ ન આપી શક્યો !

આખરે જવાહરનો વારો આવ્યો. જવાહરે એક પછી એક બધા જ પ્રશ્નોના સચોટ જવાબ આપ્યા. પ્રધાનો, પ્રધાનોનાં ખાતાં વગેરેથી માંડીને ચૂંટણીની ઝીણામાં ઝીણી વિગતો પણ તેમણે આપી. વર્ગશિક્ષક એમનું સામાન્ય જ્ઞાન જોઈને રાજી થયા.

જવાહર ત્યાર બાદ કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં ૧૯૦૭ ના ઑક્ટોબર માસમાં દાખલ થયા. અહીં તે ત્રણ વર્ષ રહ્યા. ૧૯૧૦ માં ડિગ્રી લઈને એમણે કેમ્બ્રિજ છોડયું. પછીનાં બે વરસ તે લંડનની આસપાસ બધે ફરી આવ્યા.

૧૯૧૨ ના ઉનાળામાં જવાહર બૅરિસ્ટર થયા. પછી શિયાળો આવતાં વિલાયતમાં સાત વર્ષ પૂરાં કરીને તે હિંદ પાછા આવ્યા,

## ભગવાને ઉગારી લીધા

જવાહર લંડનમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની ડિગ્રી મેળવીને કેટલાક મિત્રો સાથે દરિયાઈ સહેલગાહે નોર્વે ગયા હતા. તે વખતે જવાહર જીવલેણ અકસ્માતમાંથી કેવા ઊગરી ગયા હતા, એ જાણવા જેવું છે.

મિત્રો સાથે જવાહર નોર્વેના પહાડી પ્રદેશોમાં પર્યટન કરતા હતા. તેઓ જયાં ઊતર્યા હતા તે હોટેલમાં એક વાર તેમણે સ્નાનાગારની માગણી કરી.

ત્યાં એવી કશી વ્યવસ્થા હતી નહિ. એટલે નજીકમાં એક ઝરણું હતું ત્યાં જઈને નાહવાનું હોટેલના મૅનેજરે એ લોકોને સૂચવ્યું.

એટલે જવાહર એક અંગ્રેજ મિત્રને સાથે લઈને નાહવા માટે એ ઘૂઘવતા ઝરણા ઉપર પહોંચ્યા.

ઝરણાનું પાણી બરફ જેવું ઠંડું હતું. વળી કોઈ કોઈ જગ્યાએ તળિયું ખૂબ લપસણું હતું.

એ બંને જણ અજાણ્યા હતા. તેમને એ લપસણી જગ્યાની કયાંથી ખબર હોય?

એટલે જવાહર ઝરણામાં નાહવા પડતાંવેંત લપસ્યા અને ઝડપભેર વહેતા પ્રવાહમાં ઘસાડવા લાગ્યા.

બરફ જેવા ઠંડા પાણીમાં તેમનું શરીર ઠરીને લાકડા જેવું બની ગયું. હાથ-પગ હલાવવાની હોંશ પણ તેમને રહી નહિ. હવે શું થાય?

આ જોઈને અંગ્રેજ મિત્રે ઝડપથી બહાર નીકળીને ઝરણાને કિનારે કિનારે દોટ મૂકી અને જવાહરનો પગ પકડીને તેમને બહાર ખેંચી કાઢ્યા.

જવાહર કેવા ભયાનક જોખમમાં હતા એની ખબર તો તેમને બહાર નીકળ્યા પછી જ પડી.

ત્યાંથી બસો કે ત્રણસો વાર દૂર એ ઝરણું એક ભેખડ ઉપરથી ધોધના રૂપમાં નીચે પડતું હતું!

પરંતુ ભગવાને તેમને એ ભીષણ આપત્તિમાંથી આબાદ ઉગારી લીધા.

## સ્વદેશમાં આવ્યા પછી

જવાહરલાલે દેશમાં આવીને જોયું કે, અહીંનું રાજકારણ સાવ ફિક્કું હતું. કોંગ્રેસ એટલે દર વરસે ભેગા થઈ થોડા નજીવા ઠરાવ પસાર કરીને છૂટા પડનારા ખોખા જેટલા મધ્યમ–માર્ગીઓ. એની ભાગ્યે જ કોઈને ખબર પડી હતી.

જવાહરે કંટાળીને વકીલાત શરૂ કરી. તે હાઈ કોર્ટમાં જવા લાગ્યા. શરૂ શરૂમાં તેમને એ કામ અમુક અંશે ગમતું હતું. પણ ધીમે ધીમે એમને તેમાં શુષ્કતા લાગવા માંડી. જવાહરને થયું કે, 'હું નિરર્થક અને હેતુ વિનાના જીવનના લૂખા ક્રમમાં ખૂંચતો જાઉં છું!'

જવાહરલાલ આસપાસના જીવનથી કંટાળવા લાગ્યા.

એ દિવસોમાં બનેલા બે એક પ્રસંગો જોવા જેવા છે.

જવાહર વિલાયતથી આવ્યા પછી કોઈ કોઈવાર નવરાશનો ઘણોખરો વખત રમણીય પ્રદેશોમાં ફરવામાં ગાળતા. એ જ અરસામાં તેમને શિકારનો શોખ લાગ્યો.

એક વાર જવાહર કાશ્મીરનાં રમણીય જંગલોમાં ફરવા નીકળ્યા હતા. સાથે બંદૂક તો હોય જ. તે શિકારના શોધમાં ફરતા હતા.

ત્યાં તો એમની નજરે એક સાબર પડ્યું. દોડતે ઘોડે જવાહરે એ સાબર પર નિશાન તાક્યું.

થોડીવારમાં જ બિચારું સાબર ગોળીના ઘાથી ઘાયલ થઈને જમીન પર પછડાઈ પડ્યું ! જમીન પર પડ્યું પડ્યું તે તરફડિયાં મારવા લાગ્યું.

શિકાર હાથ લાગતાં જવાહર આનંદ પામતાં સાબર પાસે પહોંચી ગયા.

પણ.. તરફડતા સાબરને જોઈને એમનો આનંદ ક્યાંનો ક્યાં ઊડી ગયો. એમના દિલમાં કંઈનું કંઈ થવા લાગ્યું. સાબરનો તરફડાટ એમને અસહ્ય થઈ પડ્યો !

થોડીવાર તરફડીને સાબર ચિરનિદ્રામાં પોઢી ગયું !

સાબરની આંખો ભયથી ફાટીને પહોળી થઈ ગઈ હતી.

એ કરુણાજનક દ્રશ્ય જોઈને જવાહરનું હૃદય દ્રવી ઊઠ્યું. તે કારુણ્યભરી નજરે મરી ગયેલા પેલા બિચારા સાબરને નિહાળી રહ્યા.

સાબરની પહોળી ભયભીત નિશ્ચેતન આંખો જાણે જવાહરને કહી રહી હતી :

'મેં તારું શું બગાડ્યું હતું, ભલા ! કે તેં મારા પ્રાણ હર્યા ?....

જવાહરની આંખો ભીની થઈ ગઈ. તેમણે ત્યાં ને ત્યાં બંદૂક ફેંકી દીધી અને સાથોસાથ શિકારને હમેશને માટે તિલાંજલિ આપી દીધી.

* * *

એકવાર મોતીલાલજી એક મહત્ત્વના કેસમાં વકીલ હતા. સામા પક્ષના વકીલ શ્રી કૈલાસનાથ કાત્જુ પણ બાહોશ વકીલ હતા.

એ કેસ બહુ લાંબો ચાલ્યો.

એક વાર મોતીલાલજીને ખાસ કામ અંગે બહારગામ જવાનું થયું. જવાહર આમ તો વિલાયત જઈને બૅરિસ્ટર થઈ આવ્યા જ હતા. એટલે તેમણે પિતાને બદલે વકીલ તરીકે કોર્ટમાં જવાનું સ્વીકાર્યું.

સર હેનરી રિચાર્ડ નામના એક અંગ્રેજ ન્યાયાધીશ તરીકે બેઠા હતા. તેમણે જવાહરને વકીલ તરીકે આવેલા જોયા. તેમને મનમાં થયું કે, 'આ વળી નાનકડો છોકરો કાત્જુ જેવા બાહોશ વકીલ સામે શી દલીલબાજી કરવાનો હતો !'

એટલે જવાહર જ્યારે પોતાની દલીલો રજૂ કરવા ઊભા થયા, ત્યાં તો ન્યાયાધીશ સાહેબ ઝોકાં ખાવા મંડી પડ્યા.

જવાહરે જે કહેવાનું હતું એ બધું લંબાણથી કહ્યા કર્યું. ન્યાયાધીશ ઊંઘી રહ્યા છે એની તેમણે પરવા ન કરી.

ભાષણ લાંબું ચાલ્યું. એટલે હેનરી સાહેબ તો લહેરથી ઊંઘી જ ગયા!

પછી જવાહર બેસી ગયા, કોર્ટમાં શાંતિ ફેલાઈ ગઈ. ન્યાયાધીશ સાહેબને ઘસઘસાટ ઊંઘતા જોઈને બધા અંદરોઅંદર મરક મરક હસવા લાગ્યા.

થોડી વારમાં સાહેબ ઝબકીને જાગ્યા. તે તરત જ પરિસ્થિતિ પામી ગયા. જરા ભોંઠા પડી જઈને તેમણે જવાહરને પૂછ્યું : 'હા, તમે શું કહ્યું ?'

જવાહરે સ્વસ્થતાથી કહ્યું :

'મેં કશું જ કહ્યું નથી. પણ હવે આપ જો સ્વસ્થ થયા હો, તો હું મારી દલીલ આપ આગળ રજૂ કરું.'

એ જમાનો અંગ્રેજી રાજનો હતો. એટલે જવાહરનું કહેવું સાંભળીને કોઈ ખડખડાટ હસવાની હિંમત ક્યાંથી કરે ? પણ બધા મૂછમાં હસવા લાગ્યા. સૌને થયું કે, અંગ્રેજ ન્યાયાધીશને આમ રોકડું પરખાવી દેવું એ કંઈ જેવી તેવી વાત ન કહેવાય !

થોડા દિવસ પછી સર હેનરી રિચાર્ડ પંડિત મોતીલાલજીને મળ્યા. વાત પરથી વાત નીકળતાં ન્યાયાધીશ સાહેબે કહ્યું : 'પેલો તમારો જ છોકરો હતો કે ? ભારે જબરો છે ! ઊંઘ ઉડાડી દે એવો જબરો !'

## કમલાદેવી સાથે લગ્ન

જવાહરલાલને ધીમે ધીમે પોતાના જીવનને વકીલાત જેવા ધંધામાં બદ્ધ કરી રાખવાનું ગમવા ન લાગ્યું. ખાવું, પીવું અને લહેર કરવી એ કંઈ જીવનનો હેતુ નથી. દેશ ગુલામીના જંજીરમાં જકડાયેલો હોય અને પોતે હાથ જોડીને બેસી રહે એ જવાહરના જુવાન દિલને ક્યાંથી ગમે ?

જવાહરલાલ કોંગ્રેસમાં જોડાયા અને એની બેઠકમાં વખતોવખત ભાગ લેવા લાગ્યા.

એ વરસોમાં જવાહરના ઘરમાં રાજકીય પ્રશ્નો પર ગરમાગરમ ચર્ચા ચાલતી અને જ્યારે કોઈ એવા પ્રશ્નો ઉપાડતું, ત્યારે વાતાવરણ તંગ બની જતું.

ગરમ રાજકારણ તરફ ઢળતો જતો જવાહરનો ઝોક, વાણીના રાજકારણ વિશેની તેમની આકરી ટીકા અને કંઈ પણ અમલી કાર્ય કરવા માટેનો તેમનો

આગ્રહ પિતા મોતીલાલજી બહુ જ ચિંતાથી નિહાળી રહ્યાં હતા. તેમને ચિંતા એ હતી કે, જવાહર તે વખતના બંગાળી યુવકોની હિંસક નીતિના પ્રવાહમાં ખેંચાઈ તો ન જાયને? તેમના પોતાના દિલમાં પણ એ અરસામાં ભારે મનોમંથન ચાલી રહ્યું હતું.

આ મનોમંથનના ગાળામાં જવાહરને લગ્નબંધનમાં બાંધવાનો વિચાર માતાપિતા કરવા લાગ્યાં.

જવાહરના લગ્નપ્રસંગની મજાની વાત શ્રીમતી કમલાદેવીજીના મોઢે જ સાંભળીએ :

"લગ્ન પહેલાં એમણે ખૂબ ધમપછાડા માર્યા. બીજું તો કંઈ નહિ, પણ એમને એવી આદત જ પડી ગઈ છે!

"પરંતુ તે વખતે એમનામાં એટલું સાહસ ન હતું કે પિતાજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરે. એ જઈને માતાજી પાસે હાથપગ પછાડવા લાગ્યા. માને કહે, 'મા, મા, અત્યારે લગ્નની એવી તે શી ઉતાવળ છે? તું જઈને બાપુજીને સમજાવતી કેમ નથી?'

"મા કરુણ હસતાં બોલ્યાં, 'દીકરા, મારામાં જો એટલી હિંમત હોત, તો તને દરિયાપાર વિલાયત ભણવા જવા દેત ખરી?'

"એ કહે, 'આ તો ભારે મુશ્કેલી! મને તો સમજાતું નથી કે આ બધું શું થઈ રહ્યું છે? લોકોને શા માટે આટલી ચિંતા છે? મારી મરજીમાં આવત ત્યારે હું લગ્ન કરી લેત. આ તો ચોખ્ખો જોરજુલમ જ છે!' એમ બોલતાં બોલતાં ગુસ્સામાં આવી જઈ ત્યાં પડેલાં પુસ્તકો ઉઠાવી એ અહીંતહીં ફેંકવા લાગ્યા.

"ખબર પિતાજી પાસે પહોંચ્યા. તેઓ ગર્જી ઊઠયા, 'એને અહીં મારી પાસે મોકલો.'

"ત્યાં એ ગયા, એટલે પિતાજીએ પૂછ્યું, 'શી ધમાલ કરતો'તો ઉપર?'

"એ કહે, પે... પેલો .. નો...કર દરવાજા ઉઘાડા મૂકીને આવ્યો હતો. બગીચામાંથી એક વાંદરો અંદર ઘૂસી આવ્યો. એણે બધું ઊથલપાથલ કરી દીધું!'

"પિતાજીએ પૂછ્યું, 'ભગાડી દીધો એને?'

"એ કહે, 'હા, ના, એ ભાગીને ક્યાં જશે? એ તો બાજુમાં એક ઝાડની ડાળ પર ચડી ગયો છે;

"પિતાજીએ કહ્યું, 'હં..., તો પછી એ વાંદરાને બાંધીને રાખવો પડશે. છૂટો હશે તો રોજ ધાંધલ કરશે.'

"તે સાંભળીને એ બિચારા દબાતે પગલે પોતાની રૂમમાં પાછા ફર્યા. છેવટે અચકન અને પાઘડી પહેરીને એમને દિલ્હી જવું જ પડ્યું."

ઇ. સ. ૧૯૧૬ની સાલમાં વસંતપંચમીને દિવસે દિલ્હી શહેરમાં ત્યાંના એક કાશ્મીરી કુટુંબની કમલાદેવી નામની કન્યા સાથે જવાહરનું લગ્ન થયું. મોતીલાલજી જેવા મહાનુભાવના એકના એક દીકરાના લગ્નનો પ્રસંગ, પછી એમાં ઠાઠમાઠ, ભપકો, ધામધૂમ અને રંગરાગની શી મણા હોય ?

૧૯૧૭ના નવેંબર માસમાં જવાહરની એકની એક દીકરી ઇંદિરાનો જન્મ થયો.

## મહાત્મા ગાંધીના સમાગમમાં

મહાત્મા ગાંધીજીને જવાહર પ્રથમવાર ૧૯૧૬ની નાતાલમાં લખનૌ મહાસભા વખતે મળ્યા.

દક્ષિણ આફ્રિકાની ગાંધીજીની વીરતાભરી લડતને કારણે તેમને વિશે જવાહર તેમ જ બીજા યુવાનોના દિલમાં અપાર આદર હતો. પરંતુ ગાંધીજીની તેમને નહિ જેવી જ ઓળખ હોવાથી જવાહર ગાંધીજી તરફ આકર્ષાયા નહોતા.

પરંતુ પછી ચંપારણમાં ત્યાંના નીલવરોના કિસાનો તરફથી ગાંધીજીએ લડત ઉઠાવી અને વિજય મેળવ્યો, તેથી જવાહર વગેરે નવજુવાનોની છાતી ફુલાઈ ગઈ અને તેઓ બધા ગાંધીજીની મહત્તા સમજવા લાગ્યા.

તે જમાનાનું અને ગાંધીજીનું જવાહરે સુરેખ ચિત્ર આલેખ્યું છે :

'.... ગાંધીજી આપણને આળસ મરડીને ઉઠાડે અને ઊંડો શ્વાસ લેવાને પ્રેરે એવા વાયુના પ્રવાહ સમાન હતા. અંધકારને વીંધતા પ્રકાશના કિરણની પેઠે તેમણે આપણી આંખો પરનાં પડળ દૂર કર્યાં; અને વસ્તુઓને ઉથલાવી નાખનાર વંટોળની પેઠે, વિશેષે કરીને, લોકોના મનોવ્યાપારમાં તેમણે ઊથલપાથલ કરી નાખી.

'તેઓ આભમાંથી કે સમાજની ટોચ પરથી આવ્યા નહોતા; હિંદની કરોડોની આમજનતામાંથી તેઓ બહાર આવતા લાગતા હતા. તેઓ એ આમજનતાની જ ભાષા બોલતા હતા અને નિરંતર તેની તરફ તેમ જ તેની અતિશય ભયંકર સ્થિતિ તરફ સૌનું લક્ષ ખેંચતા હતા. તેમણે આપણને કહ્યું કે, આ ખેડૂતો અને મજૂરોના શોષણ પર જીવનારા તમે સૌ તેમની પીઠ ઉપરથી ઊતરી જાઓ.' આ ગરીબાઈ અને દુઃખ પેદા કરનારી પદ્ધતિ દૂર કરો.

'રાજકીય સ્વતંત્રતાએ પણ ત્યારે નવું સ્વરૂપ ધારણ કર્યું; અને તેમાં નવું તત્ત્વ દાખલ થયું.

'નિર્ભયતા અને સત્ય તેમ જ જનતાનું કલ્યાણ સદાયે નજર આગળ રાખીને એ બંનેને અનુરૂપ કાર્ય, એ તેમના ઉપદેશનું હાર્દ હતું. આપણા પ્રાચીન ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે, પ્રજા શું કે વ્યક્તિ શું, અભય એ સૌને માટે સર્વોત્તમ ગુણ છે. અને એમને અભય એટલે કેવળ શારીરિક હિંમત નહિ, પણ ચિત્તમાંથી ભયનો સર્વથા અભાવ.

'પરંતુ બ્રિટિશ અમલ નીચે હિંદમાં ભયનું સર્વવ્યાપી, ગૂંગળાવનારા અને ત્રાસજનક ભયનું સામ્રાજ્ય પ્રવર્ત્યું હતું. લશ્કરનો ભય, પોલીસનો ભય, સરકારી અમલદારોનો ભય, પ્રજાને દબાવવા માટે કરવામાં આવેલા કાયદાઓનો અને જેલખાનાંનો ભય, જમીનદારના મહેસૂલ ઉઘરાવનાર ગુમાસ્તાનો ભય તથા આંગણામાં સદાયે ખડાં રહેતાં ભૂખમરો અને બેકારીનો ભય!

'આ સર્વવ્યાપી ભયની સામે ગાંધીજીએ શાંત પણ નિશ્ચયપૂર્વક સૂરે ઘોષણા કરી ડરો નહિ...'

આમ, ભારતની પ્રજા લાંબા કાળની પરાધીનતાને કારણે હતવીર્ય થઈ ગઈ હતી અને લાચારી અનુભવી રહી હતી તથા પોતાની અપાર દુર્દશામાંથી નીકળવાનો કોઇ આરો તેને દેખાતો ન હોવાથી તે નિરાશામાં ડૂબી ગઈ હતી, તે વખતે ગાંધીજીએ આવીને હિંદવાસીઓમાં નવો પ્રાણસંચાર કર્યો અને રાષ્ટ્રનું સુકાન એમના હાથમાં સોંપવામાં આવ્યું. આપણા સ્વાતંત્ર્ય-સંગ્રામને નવું જ સ્વરૂપ પ્રાપ્ત થયું.

ત્યાર પછી તો ગાંધીજીએ દેશમાં ચલાવેલી સ્વાતંત્ર્યની ચળવળમાં જવાહરે સંપૂર્ણપણે ઝંપલાવ્યું. મોતીલાલજી પણ એ માર્ગે વળ્યા અને આગળ જતાં આખું નેહરુ કુટુંબ આઝાદીની લડતમાં જોડાઈ ગયું.

### હિંદનું સાચું દર્શન થયું

જવાહર ગાંધીજીએ શરૂ કરેલી લડતમાં જોડાયા હતા. તે વખતે ૧૯૨૦ માં તેમને હિંદનું સાચું દર્શન થયું. જવાહર લખે છે:

'૧૯૨૦ સુધી કારખાનાંઓ અને ખેતરોમાં કામ કરનાર શ્રમજીવી વર્ગની સ્થિતિનું મને કશું જ જ્ઞાન ન હતું. અને મારી રાજકીય દૃષ્ટિ પૂરેપૂરી મધ્યમ વર્ગની હતી. દેશમાં ભયાનક ગરીબી અને દુ:ખ છે અને હિંદુસ્તાન રાજકીય રીતે સ્વતંત્ર થાય કે નરત તેણે ગરીબીના પ્રશ્નને પ્રથમ જ ઉપાડવો જોઈશે, એટલું તો હું જાણતો હતો.

'મારું મન ૧૯૨૦ માં રાજપ્રકરણી નવાજૂનીના અને ક્ષિતિજ ઉપર ઝઝૂમી રહેલા અસહકારના જ વિચારમાં મશગૂલ હતું. તે જ વેળાએ મારા જીવનમાં એક નવો રસ પેદા થયો, જેતી ભવિષ્યમાં મારા જીવન પર મોટી અસર થનારી હતી.

'મને યાદ છે ત્યાં સુધી ૧૯૨૦ના જૂનમહિનામાં બસો કિસાનો પરતાપગઢ જિલ્લાનાં ગામડાંઓમાંથી અલ્લાહાબાદ પચાસ માઈલ ચાલતા આવ્યા. એવા હેતુથી કે ત્યાં જાણીતા કાર્યકર્તાઓનુ ધ્યાન તેઓની દયાજનક સ્થિતિ તરફ ખેંચાય.

'કેટલાક સાથીઓને લઈને હું ત્યાં ગયો અને રેલવે કે પાકી સડકથી બહુ દૂરનાં ગામડાંઓમાં અમે ત્રણ દિવસ કાઢચા.

'આ મુલાકાતથી અમારી આંખ ઊઘડી ગઈ. એ લોકોનું દુઃખ અને તેમની ઊભરાતી કૃતજ્ઞતા જોઈને મારી શરમ અને દુખનો પાર ન રહ્યો.

'શરમ મારા એશઆરામી અને નચિંત જીવન માટે તેમ જ આપણાં આ અર્ધનગ્ન લાખો ભાંડુઓનાં દુખનો વિચાર કર્યા વિના ચાલતાં આપણાં રાજકાજ માટે. દુઃખ હિંદુસ્તાનની આ અધોગતિ અને ભયાનક દરિદ્રતા માટે.

'મારી આંખ ઊઘડી અને ભારતમાતાનુ નવું ચિત્ર મારી આગળ ખૂલવા લાગ્યું—વસ્ત્રહીન, અન્નહીન, દલિત અને અત્યંત પીડિત ભારતમાતાનું.

'ગામડાંઓમાં ત્રણ દિવસ ગાળી હું અલ્લાહાબાદ પાછો ફર્યો અને વળી પાછો ત્યાં ગયો. આ ટૂંકી મુલાકાત દરમિયાન ખેડૂતોની સાથે ખાતા, તેમનાં માટીનાં ઝૂંપડાંમાં રહેતા, કલાકોના કલાક સુધી તેમની સાથે વાતો કરતા, અને અનેક નાનીમોટી સભાઓ આગળ ભાષણ આપતા એક ગામથી બીજે ગામ અમે ભટકચા.

'સખત ગરમીના દિવસો હતા. વિલાયતથી આવ્યો ત્યારથી દરેક ઉનાળાનો ઘણોખરો ભાગ હું પહાડોમાં ગાળતો અને હવે આખો દિવસ તડકાટોપી પણ પહેર્યા વિના તડકામાં હું રખડતો, માથા પર નાનકડો ટુવાલ વીંટતો. બીજી બધી વસ્તુઓથી મારું મન એટલું ભરેલું હતું કે ગરમી હું સાવ ભૂલી ગયો હતો. અને જયારે અલ્લાહાબાદ આવીને મે જોયું કે મારી ચામડીએ સરસ શામળી રતાશ લીધી હતી. ત્યારે મને યાદ આવ્યું કે હુ કેવા કેવા અનુભવો લઈ ચૂકચો હતો.

'આ ખેડૂતોએ અમારી ભીરુતા હરી લીધી અને મને જાહેરમાં બોલતાં શીખવ્યુ. ૧૯૨૧ના બારે માસ મેં ગામડાંઓની મારી મુલાકાત ચાલુ રાખી. પણ મારું કાર્યક્ષેત્ર એટલુ'' વધતું ગયુ કે આખરે આખો પ્રાંત એમાં આવી ગયો.'

## પિતાજીનુ અવસાન

પછી તો નેહરુ કુંટુંબ માટે કાંગ્રેસના કામમાં ગળાડૂબ રહેવું, ગાંધીજીની સત્યાગ્રહની લડતમાં ભાગ લેવો અને જેલમાં જવું એ સહજ બની ગયું.

પિતા મોતીલાલજીને ૧૯૩૦ની મીઠા સત્યાગ્રહ વખતે પકડવામાં આવ્યા. જવાહરને પણ પકડવામાં આવ્યા. પિતા–પુત્રને નૈની જેલમાં રાખવામાં આવ્યા. ત્યાં મોતીલાલજીની તબિયત ખૂબ બગડી ગઈ એટલે તેમને છોડી મૂકવામાં આવ્યા.

પરંતુ મોતીલાલજીની તબિયત દિવસે દિવસે વધારે ને વધારે બગડતી ગઈ.

૨૬મી જાનેવારી ૧૯૩૧ને રોજ જવાહરને જેલમાંથી એકાએક છોડી મૂકવામાં આવ્યા. મોતીલાલજીની તબિયત વધારે બગડી હતી. ગાંધીજી અને કોંગ્રેસની કારોબારી સમિતિના બધા સભ્યોને પણ એ જ દિવસે છોડી મૂકવામાં આવ્યા.

ગાંધીજી મોતીલાલજી પાસે પહોંચી ગયા. મોતીલાલજી ગાંધીજીને જોઈ ને રાજી થયા અને બોલ્યા :

'મહાત્માજી, હું તો હવે તુરતમાં ચાલ્યો. સ્વરાજ જોવાનું મારા નસીબમાં નથી. પરંતુ હું જાણું છું કે, તમે તો તે જીતી ચૂક્યા છો.'

અને ૧૯૩૧ની ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે મોતીલાલજીનુ લખનૌમાં અવસાન થયુ ! અલ્લાહાબાદમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ત્યાર પછીનું વર્ણન જવાહરલાલજી પાસેથી જ સાંભળીએ :

'અને પછી અમે ચુપચાપ ઘેર પાછા ફર્યા. વહાલામાં વહાલાને વળાવી એકલા, એકલવાયા અમે ઘેર પહોંચ્યા.

'તેમના દિલદાર હૃદયનો તેમ જ સર્વને આવરી લેતી તેમના સ્નેહની હૂંફનો અનુભવ અમને તેમનાં બધાં સ્વજનોને એટલો બધો સ્વાભાવિક થઈ ગયો કે, અમે તેમના વિનાની દુનિયાની કલ્પના કરી જ શકતાં નહોતાં.

'મારી માતાને અને મને સહાનુભૂતિના હજારો સંદેશાઓ મળ્યા. લેડી અને લોર્ડ અર્વિને પણ મારી માતાને ઉદ્દેશીને એક સદ્ભાવ ભરેલો સંદેશો મોકલ્યો. સહાનુભૂતિ અને સદ્ભાવનાના આ વિશાળ પ્રવાહમાં અમારા દુઃખની વેદના કંઈક અંશે હળવી થઈ. પરંતુ સૌથી વિશેષ તો, અદ્ભુત શાંતિ આપનારી અને દુઃખના ઘા રુઝવનારી ગાંધીજીની સહાયથી જ મારી મા અને અમે બધાં અમારા જીવનની પરમ વેદનાને સહન કરી શક્યાં.'

## કમલાદેવી પણ ગયાં !

પછી પાછા જવાહર લડતમાં જોડાયા અને જેલમાં પુરાઈ ગયા. આમ ને આમ ચાલતું હતું. એ અરસામાં કમલાદેવીની તબિયત બગડવા લાગી. જવાહરને તો થોડોક વખત છૂટા રાખીને સરકાર પાછા જેલમાં મોકલી દેતા હતા. પિતાજીનું અવસાન, માતાજી અને કમલાદેવીની માંદગી, ઘરની આર્થિક વ્યવ-

સ્થાની ચિંતા વગેરે બાબતોની જવાહરની તબિયત પર પણ અસર થઇ. નૈની જેલમાં તેમને ઝીણો તાવ લાગુ પડયો.

કમલાદેવીની તબિયત વધારે બગડતાં તેમને હવાફેર અને સારવાર માટે ભોવાલીની ટેકરી પર લઈ જવામાં આવ્યાં.

ત્રણ અઠવાડિયાં પછી જવાહરને નૈની જેલમાંથી આલ્મોડાની જેલમાં ખસેડવામાં આવ્યા. ત્યાંથી ભોવાલી નજીક જ હતું. એક મહિના બાદ જવાહરને કમલાદેવીને મળવા ભોવાલી લઈ જવામાં આવ્યા અને પછી દર ત્રીજે અઠવાડિયે ત્યાં લઈ જવામાં આવતા.

પછી તો કમલાદેવીને યુરોપમાં સ્વિટ્ઝરલૅન્ડમાં લોસાં પાસેના એક સૅનિટોરિયમમાં લઈ જવામાં આવ્યાં. જવાહરને જેલમાંથી છોડીને એમની પાસે જવા દેવામાં આવ્યા.

આખરે ૧૯૩૬ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે કમલાદેવીએ પ્રાણ છોડયો !

કમલાદેવીના અવસાનથી જવાહરના દિલમાં ભારે શૂન્યતા વ્યાપી ગઈ. જવાહર કહે છે :

'મારા અંતરમાં કંઈક તૂટી ગયું હતું, કંઈક ભાંગી ગયું હતું...'

કમલાદેવીને યાદ કરતાં જવાહર કહે છે :

'મારું ચિત્ત અમારાં લગ્નના દિવસથી આજ સુધીનાં બધાં વર્ષોના બનાવો પર ફરી વળ્યું.

'..અઢાર વરસનું લગ્નજીવન ! પણ એમાંનાં કેટલાંયે લાંબાં વરસો મેં જેલની કોટડીમાં અને કમલાએ ઇસ્પિતાલો તથા આરોગ્ય–ભવનોમાં ગાળ્યાં છે !'

'ભૂતકાળના જીવનનો પટ મારી સામે ખડો થયો. અને તેમાં કમલા હમેશાં મારે પડખે ખડી હતી. મારે માટે તે હિંદની સ્ત્રીઓના અથવા ખુદ સ્ત્રીજાતિના પ્રતીક સમી બની ગઈ હતી.'

'અનેક દોષો અને દુર્બળતાઓ છતાં જેના પર આપણને આટઆટલો પ્રેમ છે, અને જે અનેક ગૂઢતાઓથી ભરેલી છે, તથા કેમે કરીને જેનો પાર પામી શકાતો નથી એવી આપણી ભારતમાતાના મારા ખ્યાલો સાથે કમલા કેટલીક વાર વિચિત્ર રીતે ભેળસેળ થઈ જતી..'

## આઝાદ ભારતના વડાપ્રધાન

છેવટે આપણો ભારત દેશ ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ને રોજ આઝાદ થયો. પાકિસ્તાન અલગ રાષ્ટ્ર તરીકે સ્થપાયું.

આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ બન્યા.

દેશ આઝાદ થયો ખરો, પણ હજી કોમી રમખાણો ઠેર ઠેર થતાં રહ્યાં! મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરે દેશનેતાઓ કોમી એકતા સાધવા તનતોડ પ્રયત્નો કરવા લાગ્યા.

પરંતુ ૩૦મી જાનેવારી ૧૯૪૮ને રોજ મહાત્મા ગાંધીજીની હત્યા થઈ!

દેશમાં હાહાકાર વ્યાપી ગયો!

જવાહરલાલજી વગેરે વિમાસણમાં પડી ગયા.

રેડિયો ઉપરથી જવાહરલાલજીએ મહાત્માજીને જે અંજલિ આપી એમાં એમનું હૃદય ઠલવાયેલું જોવા મળે છે. તેઓ બોલ્યા :

'મિત્રો અને સાથીઓ! આપણા જીવનમાંથી પ્રકાશ અદૃશ્ય થયો છે અને સર્વત્ર અંધકાર છવાયો છે. મને ખબર નથી કે, તમને શું કહેવું અને કેવી રીતે કહેવું. આપણા પ્યારા નેતા, જેને આપણે બાપુ કહેતા તે રાષ્ટ્રપિતા, હવે આપણી વચ્ચે નથી!

'કદાચ એમ કહેવામાં હું ખોટો છું. આમ છતાં આ ઘણાં વર્ષો સુધી આપણે એમને જોયા છે તેવા ફરી જોઈશું નહિ. આપણે સલાહ માટે એમની પાસે દોડી જશું નહિ અને તેમનું આશ્વાસન પામીશું નહિ. મારા એકલા માટે જ નહિ, આ દેશના લાખો કરોડો લોકો માટે આ એક દારુણ ફટકો છે. હું કે અન્ય કોઈ આપને જે બીજી કોઈ સલાહ આપી શકીએ તે વડે એ ઘાને હળવો બનાવવાનું કઠિન છે.

'પ્રકાશ બુઝાઈ ગયો છે એમ મેં કહ્યું, અને છતાં હું ખોટો છું. કારણ આ દેશમાં ઝળહળી ઊઠેલી એ કોઈ સામાન્ય જ્યોતિ ન હતી. અનેક વર્ષો સુધી આ દેશને અજવાળનાર એ પ્રકાશ ઘણાં વધુ વર્ષો સુધી આ દેશને અજવાળશે અને હજાર વર્ષ પછી પણ એ પ્રકાશ આ દેશમાં જોઈ શકાશે અને જગત એ જોશે અને અગણિત હૃદયોને એ શાતા આપશે.

'કારણ એ પ્રકાશ સમકાલીન વર્તમાન કરતાં કંઈક વિશેષનું પ્રતીક હતો. જીવંત અને શાશ્વત સત્યોનો એ પ્રતિનિધિ હતો. આપણને સન્માર્ગે દોરતો, ભૂલભર્યા માર્ગેથી પાછાં વાળતો એ આ પ્રાચીન રાષ્ટ્રને સ્વાતંત્ર્ય બક્ષી ગયો...'

ત્યારબાદ દિલ્હીમાં બંધારણસભા આગળ રાષ્ટ્રપિતાને યાદ કરીને કહ્યું છે :

'... એક ઉજ્જવળ ભવ્યતા વિલીન થઈ છે અને આપણા જીવનને હૂંફ અને ઉજાશ આપતો સૂરજ અસ્ત પામ્યો છે અને ઠંડી તથા અંધકારમાં આપણે ધ્રૂજી રહ્યાં છીએ. છતાં, આપણે આ રીતે દુઃખ અનુભવીએ એ એમને ન ગમે.

અંતે તો, આ બધાં વર્ષોમાં આપણે જોયેલી એ ભવ્યતાએ, દૈવી આતશ ધરાવતા એ પુરુષે આપણને પણ પલટચાં છે—અને આપણે જેવાં છીએ તેવાં, આ વર્ષો દરમિયાન એમને જ હાથે ઘડાયાં છીએ: અને એ દૈવી આતશની ચિનગારી આપણમાંનાં ઘણાં પામ્યાં છે અને એના બળે જ થોડે અંશે એમણે આંકેલે માર્ગે આપણે કાર્ય કરી શકયાં છીએ..

'.....આપણી વચ્ચેથી ચાલ્યા ગયેલા આ મહાન ગુરુનો આપણે જ્યારે વિચાર કરીએ, ત્યારે કાર્ય અને શ્રમ તથા બલિદાનની ભાષામાં જ, એમણે આપણી સમક્ષ ધરેલા સત્યને વળગી રહેવાની ભાષામાં જ, અનિષ્ટ જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાં તેની સામે લડવાની ભાષામાં જ એ વિચાર કરીએ અને આપણે એમ કરીશું તો, આપણે ગમે તેટલાં અપાત્ર હોઈશું તોપણ આપણે આપણી ફરજ બજાવી હશે અને તેમના આત્માને યોગ્ય અંજલિ અર્પી હશે..

'... આપણે એમને પાત્ર બનીએ!'

## વડાપ્રધાનોની પરિષદમાં

ભારત આઝાદ થયા પછી લંડનમાં રાષ્ટ્રસમૂહના બધા વડાપ્રધાનોની પરિષદ મળી હતી. એમાં આપણા વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પણ ગયા હતા.

એ વેળાએ એક જર્મન પત્રકારે જવાહરને એક સવાલ પૂછ્યો:

'આટઆટલી મોટી જવાબદારીઓ અને મોટાં મોટાં વિકટ કાર્યોનો ભાર આપને માથે છે, છતાં આપ આટલા શાંત, સ્વસ્થ, હસમુખા અને સ્ફૂર્તિવાળા શી રીતે રહી શકો છો? એનું રહસ્ય આપ સમજાવશો?'

જવાહર હસતા હસતા બોલ્યા:

'જ્યારે જ્યારે હું રાજકાજના કામથી કંટાળી જાઉં છું યા તો થાકી જાઉં છું, ત્યારે ત્યારે એ બધું કામ કેટલુંયે મહત્ત્વનું હોય તોયે, છોડી દઉં છું અને લોકો પાસે દોડી જાઉં છું. આમ જનતાની વચ્ચે જતાં જ મારો બધો થાક, કંટાળો અને નિરુત્સાહ કોણ જાણે કયાં અદૃશ્ય થઈ જાય છે. આ રીતે નવું જોમ અને નવી તાકાત મેળવીને હું પાછો મારે કામે લાગી જાઉં છું.

'મને લોકોનો સંપર્ક જ આત્મવિશ્વાસ, નવું બળ નવીન આશા અને નૂતન પ્રેરણા આપ્યા કરે છે.'

જવાહરલાલજીએ એ પરિષદ વેળાએ એક અખબારી સંમેલનમાં દુનિયાના ભલભલા તાત્ત્વિક અને બાહોશ મુત્સદ્દીઓને અકળાવે એવા સવાલોના સચોટ છતાં સહૃદયતાભર્યા ઉત્તરો આપ્યા હતા. એ જોઈને બધા તાજુબ થઈ ગયા હતા. તેઓને થયું કે, 'આવો માનવી તો કરોડોમાં માંડ એકાદ જડે!'

એ સૌને આશ્ચર્યમાં ગરકાવ થયેલા જોઈને જવાહર ખડખડાટ હસતાં હસતાં કહે :

'એક વાર મદ્રાસના કૉંગ્રેસ કાર્યકરોની સભા હતી, ત્યારે મેં કાર્યકરોને પડકાર કર્યો હતો કે, તમારામાંથી કોઈ પણ જે કહે તે રમતમાં હું એને હરાવવા તૈયાર છું. બોલો, છો કોઈ તૈયાર ? પરંતુ મારો એ પડકાર ઝીલનાર આજ સુધી મને કોઈ મળ્યું નથી !'

એ પરિષદ વેળાએ એક પત્રકારે જવાહરને પૂછ્યું :

'ભારતના મહત્ત્વના પ્રશ્નો કયા અને કેટલા છે ?'

જવાહરે જવાબ આપ્યો :

'ભારતમાં સાડત્રીસ કરોડની વસ્તી છે. અને એની પ્રત્યેક વ્યક્તિ એક પ્રશ્ન છે.'

## ભારતના ભાવિની ફિકર નથી

જવાહરલાલજી ૧૯૪૮ના નવેંબરમાં પેરિસ ખાતે યુનોની મહાસભામાં ગયા હતા. ત્યાં વડાપ્રધાનના વિચારો જાણવા સૌ ઉત્સુક હતા. જવાહરલાલજીએ ભારતના ઉચ્ચ આદર્શને વ્યક્ત કરતાં કહ્યું :

'હું ભાવિની ફિકર કરતો નથી. ભારત લશ્કરી બાબતોમાં ભલે સામર્થ્ય ધરાવતું નથી, તેમ છતાંય મને ભારતના ભાવિની બાબતોમાં જરાયે ફિકર નથી.

'દુનિયાની મહાન સત્તાઓ અને તેઓનાં સૈન્યો, તેઓનાં જંગી યુદ્ધ-જહાજો અને અણુબોંબની પણ મને ભીતિ નથી.

'હમેશાં નિર્ભય રહેવાનો આ સબક મને મારા ગુરુએ–ગાંધીજીએ–શીખવ્યો છે.

'અમે એક મહાન દેશનો–એક મહાન શક્તિશાળી સત્તાનો નિઃશસ્ત્ર પ્રતિકાર કર્યો. અમને અમારી લડત દરમિયાન ટેકો મળ્યો અને અમને તેમાં નિરંતર નવી તાકાત મળતી રહી તેનું કારણ એ હતું કે, દુષ્ટ તત્ત્વોને, દુષ્ટ રીતરસમને તાબે ન થવું એ અમારો મક્કમ નિર્ણય હતો.

'સ્વાતંત્ર્યની લડત પરથી હું તો આ પાઠ શીખ્યો છું અને માનું છું કે આ પાઠ હજી પણ આપણે શીખી શકીએ. હરેક પ્રશ્નને આ માર્ગે ઉકેલવો શક્ય છે કે કેમ તે હું જાણતો નથી.

'પરંતુ જો આપણે ભયની લાગણીઓ મિટાવી દઈએ અને જો આપણામાં આત્મવિશ્વાસ હોય, તો આપણે હિંસક વાગ્પ્રહારો, હિંસક કૃત્યો અને છેવટે

યુદ્ધનો પણ ભય વહોરી લેવા કરતાં પરસ્પર વિશ્વાસ રાખવામાં જો કોઈ જોખમ હોય, તો તેટલું જોખમ વહોરી લઈએ તે મારી દૃષ્ટિએ યોગ્ય જણાય છે.'

## સિદ્ધહસ્ત સાહિત્યકાર

અહીં આપણે જવાહરલાલની સાહિત્યપ્રતિભાનો પણ વિચાર કરી લઈએ. જવાહર અચ્છા સાહિત્યકાર હતા. એમનાં ઘણાંખરાં પુસ્તકો જેલ–જીવન દરમિયાન જ લખાયેલાં છે.

આ અંગેનો એક મજાનો પ્રસંગ છે.

જવાહરલાલજી વડાપ્રધાત થયા પછી અમેરિકાના પ્રથમ પ્રવાસે ગયા હતા. તે વખતે ન્યૂયોર્ક શહેરની એક જાણીતી પુસ્તક–પ્રકાશન સંસ્થાએ જવાહરને પોતાની સંસ્થાની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું.

એ સંસ્થા જોવા જવાહર ગયા. સંસ્થાનાં મુખ્ય સંચાલિકા બહેને ભારતના વડાપ્રધાનનું ભાવભીનું સ્વાગત કર્યું. પછી તે જવાહરલાલને સંસ્થાની પ્રવૃત્તિઓ બતાવવા લાગ્યાં. ફરતાં ફરતાં જવાહર સંસ્થાની લાઈબ્રેરી જોતા હતા. ત્યાં એમનાં પણ પુસ્તકો હતાં. એ બતાવતાં બતાવતાં સંચાલિકા બહેને મોં પર ગંભીર ભાવ લાવીને કહ્યું :

'જવાહરલાલજી, હવે આપને તાબડતોબ જેલમાં મોકલી દેવા જોઈએ. આપ એને જ લાયક છો!'

એ સાંભળીને જવાહર જરા વિમાસણમાં પડી ગયા. જવાહર સાથે આવેલા અને એમની દેખભાળ કરવા રોકાયેલા અમેરિકન અધિકારીઓ પણ છોભીલા પડી ગયા. એ લોકોને થયું, આપણા આવા માનવંતા મહેમાનનું આ રીતે અપમાન કરવું એ ભારે અવિવેક કહેવાય!

ત્યાં તો જવાહર મોં પર હાસ્ય ફેલાવી બોલ્યા :

'એટલે શું? તમારું કહેવું હું સમજ્યો નહિ! તમે આમ શા માટે કહો છો? મારાથી એવો કયો દોષ થઈ ગયો?'

એટલે પેલાં સંચાલિકા બહેન હસતાં હસતાં કહે :

'આપનાં પુસ્તકોની અમારે ત્યાં ખૂબ જ માગ છે. તમે ખૂબ સુંદર લખો છો. તમારું લખાણ અમે હોંશે હોંશે વાંચીએ છીએ. અમને તો એમ જ થયાં કરે છે કે તમારું નવું પુસ્તક ક્યારે બહાર પડે અને અમને વાંચવા મળે!

'પરંતુ તમે ભારતના વડાપ્રધાન બન્યા પછી એકેય પુસ્તક લખ્યું નથી! એટલે તમારા પ્રિય વાચકો અમારી આગળ ઘણીવાર પોતાનો અસંતોષ વ્યક્ત

કરે છે. અને અમને પણ એ બાબતોનો વસવસો હંમેશા રહે છે. તેથી અમને ઘણીવાર થઈ આવે છે કે, તમને જેલમાં જ પૂરી રાખવા જોઈએ, એટલે તમે ત્યાં બેઠા બેઠા અમને સારાં સારાં પુસ્તકો લખીને આપતા રહો.

એ સાંભળીને જવાહર પણ ખડખડાટ હસી પડ્યા. આજુબાજુના બધા જ ખડખડાટ હસવા લાગ્યા. એ લોકોને પણ થયુ કે, વાત તો તદ્દન સાચી છે. જવાહરલાલનાં મોટા ભાગનાં પુસ્તકો જેલમાં જ લખાયેલાં છે.

એમનાં 'જીવનકથા', 'જગતના ઇતિહાસનુ રેખાદર્શન', 'ઇન્દુને પત્રો', 'મારુ હિંદનુ દર્શન' વગેરે પુસ્તકો જગપ્રસિદ્ધ છે.

## બાળકોના નેહરુચાચા

જવાહર આમ તો આપણા આઝાદ ભારત દેશના માનીતા વડાપ્રધાન હતા. પરંતુ બાળકોના તો તેઓ વહાલા નેહરુચાચા જ હતા.

નેહરુચાચા સાથે બાળકો છૂટથી હળીમળી જતાં. નેહરુચાચા પણ બાળકો સાથે બાળક જેવા જ બની જતા. જવાહરે પોતાના જન્મદિનને 'બાળ દિન' તરીકે ઊજવવાનુ જાહેર કર્યું હતુ, એમાં પણ તેમનો બાળપ્રેમ દેખાઈ આવે છે.

નેહરુચાચાને ઘણાં બાળકો પત્રો પણ લખતાં. નેહરુચાચા ખૂબ ખૂબ કામમાં ખૂંપેલા હોય, દેશના અને વિદેશના જાતજાતના તથા ભાતભાતના જટિલ પ્રશ્નો બધાને મૂંઝવતા હોય, છતાં બાળકોને નેહરુચાચા બાળકો સમજી શકે એવી મીઠી અને સરળ ભાષામાં અચૂક જવાબ આપતા.

એક વાર એક બાળકે નેહરુચાચાને પ્રશ્ન પૂછ્યો :

'નેહરુચાચાજી, આપની કઈ કઈ ઇચ્છાઓ હજી અધૂરી છે ?'

નેહરુચાચાએ જવાબમાં લખ્યુ :

'૧. મને થાય છે કે હુ છાનોમાનો કોઈ શેરડીના ખેતરમાં ઘૂસી જાઉં અને શેરડીના સાંઠા તોડીને ચૂસ્યા કરું.

'૨. ટાંગામાં બેસીને દિલ્હીના ચાંદની ચોકમાં દશ્યો જોતો નીકળુ.

'૩. કોઈ ચાની હોટેલ પાસે ઊભો રહીને ક્રિકેટની કોમેન્ટ્રી સાંભળ્યા કરું.

'૪. રાતે છાનોમાનો ઘરમાંથી નીકળી જઈને કોઈ બગીચામાં બેઠો બેઠો કવિતા લખુ.

'એક મજાનુ માસિક કાઢું, જેના પર લખેલુ હોય—સંપાદક જવાહરલાલ નેહરુ'.

## જવાહરની અંતિમ વિદાય !

આઝાદ ભારતની સામે કેટલાય પ્રશ્નો હતા. એ સૌને હલ કરવા નેહરુ સરકાર પ્રયત્નો કર્યા કરતી હતી. વિદેશોમાં પણ ભારતનું ગૌરવ વધ્યું હતું.

ત્યાં તો ૧૯૬૨માં ઑક્ટોબર–નવેમ્બરમાં લાલ ચીને ભારતની ઉત્તર સરહદ પર આક્રમણ કર્યું ! એટલે નેહરુ સરકાર સામે દેશની સલામતી જાળવવાનો અતિવિકટ પ્રશ્ન આવીને ખડો થયો,

પછી ૧૯૬૪ના જાનેવારીમાં ભુવનેશ્વરમાં કોંગ્રેસ અધિવેશન મળ્યું. તે વખતે જવાહરને પક્ષાઘાતનો હુમલો એકાએક થયો ! ત્યાર પછી તેમની તબિયત ઝડપથી કથળવા લાગી.

પરંતુ કંઈક સારું જણાતાં જવાહરે મે માસમાં મુંબઈમાં કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં હાજરી આપી.

ત્યાર બાદ આરામ લેવા જવાહર ૨૩મી થી ૨૬મી મે સુધી દહેરાદૂન રહેવા ગયા. ત્યાંથી સાંજના સમા ૨૬મી એ દિલ્હી આવી ગયા.

૨૬ મી મેની રાત પણ જવાહરે સારી રીતે પસાર કરી. પરંતુ ૨૭ મીની વહેલી સવારે વાંસો દુખવાની વાત જવાહરે એમની સેવામાં રહેલા અંગત નોકરને કરી. તેણે ઇંદિરાજીને આ વાતની જાણ કરતાં તેમણે ડૉક્ટરને બોલાવ્યા.

થોડીવાર પછી જવાહરલાલજી બેભાન થઈ ગયા. છેવટે બુધવાર તા. ૨૭મી મે ૧૯૬૪ ને રોજ બપોરે બે વાગે જવાહર અવસાન પામ્યા !

બીજે દિવસે વિરાટ માનવમેદની વચ્ચે સ્મશાનયાત્રા નીકળી. જમુનાને તીરે રાજઘાટ પરની મહાત્મા ગાંધીજીની સમાધિથી થોડે દૂર આવેલા સ્થાને જવાહરનો અગ્નિસસ્કાર થયો.

ત્યાર બાદ જવાહરલાલજીના અવસાનના બારમા દિવસે તા. ૮ મી જૂનને દિને જવાહરની ઇચ્છા અનુસાર, તેમના વસિયતનામામાં દર્શાવ્યા પ્રમાણે—

'...મારાં થોડાંક અસ્થિફૂલ ગંગા નદીમાં પધરાવવાં અને બાકીનાંનું નીચે જણાવ્યા પ્રમાણે વિસર્જન કરવું. મારાં અસ્થિફૂલને બિલકુલ જાળવી રાખવાં નહિ.

'મારાં થોડાંક અસ્થિફૂલ અલ્લાહાબાદ ખાતે ગંગા નદીમાં પધરાવવાની મારી ઇચ્છા પાછળ કોઈ ધાર્મિક ભાવના રહેલી નથી.

'છેક મારા શૈશવકાળથી હું અલ્લાહાબાદની ગંગા અને જમના નદી સાથે સ્નેહભાવથી બંધાયો છું અને હું જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ આ

સ્નેહબંધન પણ દૃઢ થતું ગયું છે. બદલાતી ઋતુઓ સાથે એમનાં પલટાતાં રૂપો મેં નિહાળ્યાં અને માણ્યાં છે. તેમ જ યુગોથી તેમની સાથે સંકળાયેલાં અને એમનાં વહેતા જળપ્રવાહના અંગરૂપ બની ગયેલાં ઇતિહાસ, દંતકથા, પરંપરાઓ, સંગીત અને કહાણીઓનો મેં અનેકવાર વિચાર કર્યો છે...

'અને તેથી મારી આ ઇચ્છાની સાક્ષી તરીકે તેમ જ ભારતના સાંસ્કૃતિક વારસાને મારી અંતિમ શ્રદ્ધાંજલિ તરીકે, હું એવી વિનંતિ કરું છું કે, મારાં થોડાંક અસ્થિફૂલનું અલ્લાહાબાદમાં ગંગા નદીમાં વિસર્જન થાય, જેથી કરીને એ ભારતનાં ચરણ પખાળતા મહાસાગરમાં ભળી જાય.

'પરંતુ મારાં મોટા ભાગનાં અસ્થિફૂલનું વિસર્જન બીજી રીતે કરવું.

'હું ઇચ્છું છું કે, એ અસ્થિફૂલ એક વિમાનમાં ખૂબ ઊંચે લઈ જવામાં આવે અને ત્યાંથી, જે ખેતરોમાં ભારતના કિસાનો પસીનો વહાવી રહ્યા છે, તે ખેતરો ઉપર વેરવામાં આવે, જેથી કરીને એ ભારતની ધૂળ અને ધરતી સાથે એકરૂપ બની જાય તથા ભારતના અવિભાજ્ય અંગરૂપ બની જાય.'

એ રીતે થોડાંક અસ્થિફૂલ ત્રિવેણીના (ગંગા, જમુના અને સરસ્વતી નદીના) પવિત્ર સંગમમાં તેમ જ ભારતની બીજી બધી નદીઓમાં પણ પધરાવવામાં આવ્યાં અને એમનાં મોટા ભાગનાં અસ્થિફૂલ આખા દેશમાં વિમાનોમાંથી વેરવામાં આવ્યાં.

આ રીતે આપણા પ્યારા ભારત દેશ માટે પોતાનું આખું જીવન સમર્પણ કરીને જીવનની છેલ્લી ઘડી સુધી કાર્યરત રહીને જવાહર સૌના દિલમાં અમર થઈ ગયા.

આપણા એ વડાપ્રધાન જવાહરલાલનું પ્યારું સૂત્ર છે:

'आराम हराम है ।'

એ સૂત્રને જવાહરે પોતે જીવનમાં ઉતાર્યું હતું. તેઓ રાતદિવસ ભારતના નવનિર્માણ માટે કામ કરતા જ રહ્યા.

એમના અવસાન પહેલાંની રાતે મોડે સુધી જવાહરે દોઢેક કલાક ફાઇલો જોવામાં અને એનો નિકાલ કરવામાં ગાળ્યો હતો. એમણે બે ત્રણ સરકારી કાગળો પણ લખાવ્યા હતા.

જવાહરના લગભગ છેવટના શબ્દો આ હતા:

'મેં તમામ ફાઇલો અને કાગળિયાંનો નિકાલ કરી નાખ્યો છે.'

એમના અવસાન બાદ એમના કામકાજના ટેબલ પરથી એક પેડ મળી હતી. એના ઉપર જવાહરે પોતાના હસ્તાક્ષરમાં જાણીતા અમેરિકન રૉબર્ટ ફ્રૉસ્ટના એક કાવ્યની નીચેની પંક્તિ ઉતારેલી હતી:

'The woods are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep.'

—'અરણ્યો છે સોહામણાં, પણ તેટલાં જ શ્યામ અને ગાઢ.

'મારે તો આપેલાં વચનો પાળવાનાં છે.

'એટલે એ અરણ્યોમાં માઈલોના માઈલ સુધીનો પંથ કાપીને જ મારે જંપવાનું છે.'

એવું જ આપણને જવાહરના જીવનમાં પણ જોવા મળે છે.

આમ, ભારતના લાડીલા નેતા, બાળકોના પ્યારા નેહરુચાચા ક્ષર દેહે આપણને છોડીને ચાલ્યા ગયા. પરંતુ એમના અમર આત્માની સુવાસ આપણી વચ્ચે સદા મહેકતી રહેશે. માતૃભૂમિ માટે તન, મન, અને ધન અર્પનાર નેહરુ ચાચાને આપણાં વંદન હો!

## ૫. સંત તુકારામ

આપણા એક પ્રખર સ્વતંત્ર વિચારક શ્રી કેદારનાથજીએ સંત તુકારામ વિશે કહ્યું છે:

"સંત તુકારામના જેટલી ખ્યાતિ મહારાષ્ટ્રમાં કોઈ પણ સંતને પ્રાપ્ત થયેલી નથી. સંસારનો ત્યાગ ન કરતાં તેમણે પરમાર્થ–પ્રાપ્તિ કરી લીધી. સાદી લોકભાષામાં અભંગો રચીને લોકોને ઉપદેશ કર્યો. ઉત્કટ ભક્તિ-ભાવના, નિરપેક્ષતા, સરળતા વગેરે તેમના મહાન ગુણોથી લોકો તેમના તરફ આકર્ષાયા; લોકોને તેઓ અત્યંત પૂજનીય થયા. તેમનો એક પણ અભંગ જેને આવડતો ન હોય તથા તેમના એક પણ અભંગની માહિતી જેને ન હોય એવો શિક્ષિત કે અશિક્ષિત, શ્રીમંત કે ગરીબ માણસ મહારાષ્ટ્રમાં મળશે નહિ. ભીખ માગતો ભિખારી પણ સંત તુકારામના અભંગને જાણે છે. તેમના અભંગોમાં, તેમના ઉદ્ગારોમાં ઈશ્વર-પ્રાપ્તિની વ્યાકુળતા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે અને જ્ઞાન આપીને તેને શાંત કરવાની પણ શક્તિ છે. જેઓ તેમનો અભ્યાસ કરશે, તેમને આ પ્રકારનો અનુભવ આવ્યા વગર રહેશે નહિ.'

સંત તુકારામનો જન્મ સાધારણ કણબી કુટુંબમાં થયો હતો. તેમને વિશેષ શિક્ષણ પણ મળ્યું ન હતું. એવી સ્થિતિમાં પોતાનો ધંધોરોજગાર ચલાવતાં ચલાવતાં નાનપણથી જ એક પછી એક આવેલા આપત્તિઓને લીધે મૂળના

સાત્ત્વિક સ્વભાવમાંથી વૈરાગ્યની જ્વાળા સંત તુકારામના હૃદયમાં ઉદ્ભવી. આગળ જતાં સંસારની આપત્તિઓ જેમ જેમ વધતી ગઈ, તેમ તેમ તેમનો વૈરાગ્ય, તેમની ઈશ્વરનિષ્ઠા વધતાં ગયાં.

તે અવસ્થામાં તેમનું મનોમંથન વધારે તીવ્રતાથી થતું રહ્યું અને તેમાંથી જ માનવી જીવનને અત્યંત ઉપયોગી એવાં અનુભવનાં બોધવચનો બહાર પડ્યાં. સંત તુકારામનું જીવન અનેક મહાન અનુભવો પ્રાપ્ત કરવામાં ગયું.

આવા મહાન સંતનું જીવન આપણને પ્રેરણાદાયી થઈ પડે એવું છે.

## ભક્તિપરાયણ કુટુંબ

'पवित्र तें कुळ पावन तो देश ।
जेथें हरिचे दास जन्म घेती ॥'
'પવિત્ર તે કુળ, પાવન તે દેસ;
જ્યાં હરિના દાસ ધરે જન્મ.'

મહારાષ્ટ્રના સુવિખ્યાત સંત તુકારામનો જન્મ પૂના શહેરથી થોડે દૂર ઈંદ્રાયણી નદીને કિનારે આવેલા દેહૂ ગામમાં ઈ. સ. ૧૫૯૮ના અરસામાં થયો હતો.

તેમના પિતાશ્રીનું નામ બોલાજી કે બોલ્હોબા. માતુશ્રીનું નામ કનકાઈ કે કનકાબાઈ હતું.

તુકારામનું કુટુંબ સુખી, આબાદ અને આબરૂદાર હતું. દેહૂ ગામમાં તેમના કુટુંબની સારી પ્રતિષ્ઠા હતી.

સંત તુકારામ શ્રીવિઠ્ઠલ—વિઠોબા પ્રત્યેના તેમના ઉત્કટ ભક્તિભાવથી જાણીતા થયા છે. પરંતુ તેમનું કુટુંબ પણ ભક્તિભાવ માટે દેહૂ ગામમાં જાણીતું હતું. તેમના કુટુંબમાં વિઠ્ઠલભક્તિ વંશપરંપરાથી ચાલી આવી હતી.

સંત તુકારામના આઠમી પેઢીના પૂર્વજ વિશ્વંભર બુવા હતા. તેઓ વિઠોબાના અનન્ય ભક્ત હતા. સાધુ-સંતોનો તથા અતિથિઓનો આદરપૂર્વક સત્કાર કરતા. ભજનકીર્તનમાં પણ તેમને ખૂબ રસ હતો.

આ જોઈને વિશ્વંભર બુવાના માતાજીએ તેમને એક વાર કહ્યું :

'દીકરા, તારા બાપદાદાઓ પંઢરીની વારી—યાત્રા નિયમિત કરતા આવ્યા છે. તું પણ આ નિયમને ન છોડે, તો તારું સદા કલ્યાણ થશે.'

વિશ્વંભર બુવાએ પોતાની માતાનું આ વચન માન્ય કર્યું. તે દર એકાદશીએ પંઢરપુર જવા લાગ્યા. ત્યાં શ્રીવિઠોબા—રખુમાઈનાં ભક્તિભાવથી દર્શન કરી તે ભારે હૈયે ઘેર આવતા.

એક વર્ષ તેમણે આઠ મહિનામાં સોળ વારી કરી. ત્યાર બાદ એક રાતે તેમને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં શ્રીવિઠ્ઠલે દર્શન દીધાં અને કહ્યું :

'તારે હવે પંઢરપુર આવવાની જરૂર નથી. હું જાતે જ તારે ઘેર આવીને રહીશ.'

સ્વપ્નમાં સૂચવ્યા મુજબ વિશ્વંભર બુવા વહેલી સવારે ગામના કેટલાક લોકોને લઈને દેહૂ ગામની પાસે આવેલી આંબાવાડીમાં ગયા.

ત્યાં એક સ્થાને તુલસીપત્ર વગેરે પૂજાદ્રવ્યો જમીન પર પડેલાં જોયાં. તેમણે એ જગ્યાએ ખોદકામ કર્યું. એટલે જમીનમાંથી વિઠોબા-રખુમાઈની મૂર્તિ હાથ લાગી.

વિશ્વભંર બુવા અને તેમના સાથે આવેલા લોકો આ જોઈને રાજી રાજી થઈ ગયા.

વિશ્વભંર બુવા તે મૂર્તિને દેહૂ લઈ આવ્યા અને પોતાના ઘરની પાસે ઇંદ્રાયણીના કિનારા પર તેમણે તેની પ્રતિષ્ઠા કરી. ત્યારથી એ મૂર્તિ હજીય દેહૂ ગામમાં છે.

આમ, પૂર્વજ વિશ્વભંર બુવાના વખતથી પંઢરીની યાત્રા અને વિઠોબા–રખુમાઈની પૂજાભક્તિ કુટુંબનો રિવાજ જ બની ગયાં હતાં.

એટલે જ સંત તુકારામે ગાયું છે : 'विठ्ठल कुळींचे दैवत'— વિઠ્ઠલ અમારા કુળદેવતા છે: અને 'पंढरीची वारी आहे माझे घरीं ।'— પંઢરીની યાત્રા કરવાનો નિયમ મારા ઘરમાં ચાલ્યો આવે છે.

## ભકિતપરાયણ માતાપિતા

સંત તુકારામનાં માતાપિતા પણ વિઠોબાનાં પરમ ભક્ત હતાં. પ્રેમથી અને ભાવપૂર્વક ભગવાનની પૂજા કરવી તથા દાનધર્મ કરવાં, એ તેઓને ખૂબ જ ગમતું.

સંત તુકારામના પિતાએ પંઢરપુરની આષાઢી–કાર્તિકી વારી સતત ચાળીસ વર્ષ સુધી કરી હતી. વળી તેમની એવી શાખ હતી કે, તે સંસાર-વ્યવહાર ચલાવતાં કદી જૂઠું બોલતા નહિ.

માતુશ્રી કનકાબાઈ પણ ખૂબ જ ભગવત્પરાયણ હતાં. તુકારામના જન્મ પહેલાં કનકાબાઈને વૈરાગ્યની લગની લાગી હતી. તે ઘણી વાર એકાંતમાં બેસતાં, કોઈની પણ સાથે વધારે બોલતાં નહિ અને સંસાર–વહેવાર તરફ બહુ ધ્યાન પણ આપતાં નહિ. વળી તે દિવસોમાં કનકાબાઇને સંત નામદેવના અભંગો સાંભળવાનું ખૂબ જ ગમતું. ઘણી વાર તે હરિકીર્તન સાંભળતી વેળાએ અથવા મંદિરમાં વિઠોબા-

રખુમાઈ તરફ મીટ માંડીને બેઠાં હોય ત્યારે, કલાકો સુધી ધ્યાનસ્થ અવસ્થામાં આવી જતાં.

માતાપિતાના આવા ભક્તિપરાયણ જીવનની અસર તુકારામ પર બાળપણથી પડી હતી.

## સંત તુકારામની બાલ્યાવસ્થા

બાળક તુકારામને હુતુતુ વગેરે રમતો રમવી ગમતી. પણ તેમની સૌથી પ્રિય રમત તો માટીનાં વિઠ્ઠલ–રખુમાઈ બનાવી તેમની પૂજા કરવી એ હતી. પોતાના બાલમિત્રોને ભેગાં કરી ભજનો ગાવાં અને ભજનનો કાર્યક્રમ પૂરો થાય એટલે સૌને પ્રસાદ વહેંચવો, એમાં તુકારામને ખૂબ મજા પડતી.

બાળક તુકારામની શ્રીવિઠ્ઠલ માટેની આવી ભકિત જોઈને માતાપિતાને આનંદ થતો.

વળી ઘેર પધારેલા સાધુસંતોની સેવાચાકરી કરવી, બારણે કોઈ ભિખારી આવી ચડે, તો તેને ભિક્ષામાં કંઈક આપવું તેમ જ પોતાને કશું ખાવાનું આપવામાં આવે, તો પોનાના મિત્રોમાં વહેંચીને ખાવું–એવું એવું કરવામાં તુકારામને નાની વયમાં રસ પડતો.

તુકારામ વિદ્યાર્થી તરીકે પણ હોશિયાર હતા. ભણવાની બાબતમાં તેમને ખૂબ જ ખંત હતી : ગુરુજી પ્રત્યે પણ તેમને અત્યંત આદર હતો. ગુરુજીના તે પ્રિય વિદ્યાર્થી બની ગયા હતા. તુકારામમાં સારા સંસ્કારો અને સદ્‌ગુણો જોઈને ગુરુજીએ એક વાર કહ્યું હતું :

'મોટપણમાં આ તુકો મોટો પંડિત થવાનો છે.'

## સંસારજાળમાં તુકારામ

બાર વર્ષની વયે તુકારામનાં લગ્ન થયાં હતાં. તેમની પત્નીનું નામ રખુમાઇ હતું. રખુમાઈ બહુ શાંત અને સરળ સ્વભાવની હતી. પરંતુ બેએક વર્ષમાં તેને દમનો રોગ લાગુ પડ્યો. તે સાજી થશે કે કેમ એની બધાંને શંકા ગઈ. એટલે તુકારામનાં માતાપિતાએ તુકારામનું બીજું લગ્ન કર્યું. તેમની બીજી પત્નીનું નામ જિજાઈ હતું. તે પતિપરાયણ હતી. પરંતુ બહુ જ ઉગ્ર સ્વભાવની હતી. તેથી તુકારામને ઘણી વાર સહન કરવું પડતું.

સંત તુકારામને બે ભાઈઓ અને એક બહેન હતાં. એમના મોટાભાઈ સાવજીને નાનપણથી જ સંસાર પ્રત્યે વિરકત ભાવ પ્રગટ્યો હતો.

તુકારામનાં બીજાં લગ્ન પછી તેમના પિતાને લાગવા માંડ્યું કે, 'હવે ઘડપણ આવ્યું, માટે ઘરકારભાર છોકરાઓને સોંપી દઈ મનને પ્રભુભકિતમાં પરોવવું" એમ વિચાર કરીને તેમણે મોટા દીકરા સાવજીને બોલાવીને એ વિશે કહ્યું :

એ સાંભળીને સાવજીએ કહ્યું : 'બાબા, મને આ સંસારની જંજાળમાં ન ફસાવો. હું તો હવે તીર્થ-યાત્રાએ જવા માગું છું, આ તો તમે હયાત છો, એટલે ઘરસંસાર છોડીને જવાતું નથી. મને આશીર્વાદ આપો કે આ શરીર કૃતાર્થ થાય.'

પિતાએ સાવજીને ખૂબ સમજાવ્યો. પરંતુ તે એકનો બે ન થયો, એટલે છેવટે હારીને પિતાજીએ ઘરનો સઘળો ભાર સાવજીથી નાના તુકારામના માથે નાખ્યો. તે વખતે તુકારામની ઉંમર પંદરેક વર્ષની જ હતી. એટલી નાની ઉંમરે ઘરડાં માબાપ તેમ જ આખા કુટુંબનો ભાર તુકારામ પર આવી પડ્યો. તેમને પિતાના વેપારમાં જોડાવું પડ્યું. ધીમે ધીમે તેમણે બધું કામ સંભાળી લીધું.

## પિતાની શિખામણનો મર્મ

તુકારામને સારી રીતે વેપારરોજગાર કરતા જોઈને પિતા ખુશ થયા. તેમણે તુકારામને શિખામણ આપતાં કહ્યું :

'દીકરા, લેણદેણ અને બધું કામકાજ એવી કુશળતાથી તપાસ્યા કરવું જોઈએ કે નફાનુકસાન હંમેશાં નજર સામે રહે અને એવાં જ કામ કરવાં કે જેમાં અંતે આપણને લાભ થાય.'

પિતાશ્રીનાં આ વચનનો બીજો જ મર્મ સંત તુકારામને હૃદયમાં ઉદ્‌ભવ્યો ! તેમને થયું કે—

'સંસારમાં જે કંઈ લાભ છે તે શ્રીહરિ છે અને દુન્યવી સંપત્તિ છે તે નુકસાન છે. આમ લાભ-હાનિને ધ્યાનમાં રાખીને શ્રીહરિપદ રૂપ પરમ લાભ પ્રાપ્ત કરી લેવો જોઈએ. આ જ મનુષ્યનું સાચું કર્તવ્ય છે.'

તુકારામે ગંભીર ભાવે પિતાશ્રીને કહ્યું : 'બાબા, હું એ પ્રમાણે જ કરીશ.'

ચારેક વર્ષ ઘરકારભાર બરોબર ચાલ્યો. પરંતુ થોડા વખતમાં જ તેમનાં માતાપિતાનું અવસાન થયું ! માબાપના અવસાનનું દુઃખ હજુ હળવું ન થયું ત્યાં તો મોટાભાઈની પત્ની પણ ગુજરી ગઈ! એટલે સાવજી સંન્યાસી બનીને ચાલ્યો ગયો.

આથી આખા કુટુંબની જવાબદારી તુકારામ પર આવી પડી. આ વખતે એમની ઉંમર ત્રીસેક વર્ષની જ હતી. સ્વજનોના અવસાનથી અને મોટાભાઈના ગૃહત્યાગથી તુકારામને સંસારનો ભાર અસહ્ય જણાવા લાગ્યો.

## સંત તુકારામનો ઉદાર સ્વભાવ

સંત તુકારામ બહુ ઉદાર અને સરળ દિલના હતા. પ્રામાણિક પણ હતા. તેમની આ ઉદારતાનો ઘરાકો અને બીજા વેપારીઓએ ખોટો લાભ ઉઠાવ્યો.

તેથી વેપારમાં ખોટ આવી. પિતાજીની બધી મિલકત એમાં ખલાસ થઈ ગઈ.

પછી તુકારામે એક નાની દુકાન કાઢી. 'વિઠ્ઠલ, વિઠ્ઠલ' એવું સ્મરણ કરતા તે દુકાને બેસવા લાગ્યા. પરંતુ એમાં તે બહુ ફાવ્યા નહિ.

જિજાઈ પણ તેમને આથી વારે વારે પજવવા લાગી. લોકો પણ એમને અણઘડ કહી એમની ઠેકડી ઉડાવવા લાગ્યા.

ઘેર ચાર બળદ હતા. તેમાંના ત્રણ કોઈ રોગથી એકાએક મરી ગયા !

એક વખતે તુકારામે સાહસ ખેડીને મરચાં ખરીદ્યાં. એ વેચવા માટે કોથળા ભરીને તે કોંકણ ગયા. ત્યાં રસ્તામાં ઠગોએ એમના ભોળપણાનો દુરુપયોગ કરી એમને ઠગ્યા !

એકવાર જિજાઈએ તેમને બસો રૂપિયા ઉછીના અપાવ્યા. તેનું મીઠું ખરીદી તુકારામ ગામ બહાર કોઈ બીજે સ્થળે વેચવા ગયા. મીઠું વેચીને અઢીસો રૂપિયા લઈ તે ઘેર પાછા આવતા હતા.

રસ્તામાં તેમણે જોયું કે, કેટલાક વેપારીઓ એક ગરીબ બ્રાહ્મણને પકડીને ધમકાવતા હતા. પેલો બાપડો કરગરીને કંઈક કહેતો હતો.

સંત તુકારામ એ બ્રાહ્મણ પાસે પહોંચી ગયા. તેમણે વેપારીને કહ્યું : 'ભાઈઓ, તમે આ ગરીબ બ્રાહ્મણને શા માટે પજવો છો ?'

વેપારીઓ કહે : 'કેટલાય દિવસથી એ વાયદા કર્યા કરે છે અને દેવું ચૂકવવાની બાબતમાં ગલ્લાંતલ્લાં કરે છે, અમે ક્યાં સુધી આવું ચલાવી લઈએ ?'

બ્રાહ્મણ બોલ્યો : 'મહારાજ, હું એ લોકોની પાઈએ પાઈ ચૂકવી દઈશ, પણ આજે હું લાચાર છું !'

સંત તુકારામે પેલા વેપારીઓને પૂછ્યું : 'એમનું કેટલું દેવું છે ?'

પેલા વેપારીઓએ કહ્યું : 'અઢીસો રૂપિયા.'

સંત તુકારામે તરત જ અઢીસો રૂપિયા ગણી આપ્યા અને પેલા ગરીબ બ્રાહ્મણને મુક્ત કર્યો.

આ વાતની જ્યારે જિજાઈને ખબર પડી, ત્યારે તેણે તુકારામનો બરોબર ઊધડો લીધો. સંત તુકારામે એ બધું શાંતિથી સાંભળી લીધું.

## સંસાર પ્રત્યે વૈરાગ્ય

અધૂરામાં પૂરું તે વખતે મહારાષ્ટ્રમાં ભારે દુષ્કાળ પડ્યો. એમાં તુકારામની પહેલી પત્ની રખુમાઈ બીચારી અન્ન વિના ટળવળતી મરણ પામી !

આવી બધી દુન્યવી આફતોને લીધે સંત તુકારામને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો.

દુનિયાદારીનું દુઃખ વીસરી જવા તે એકાંતવાસ સેવવા લાગ્યા. ભીમનાથના ડુંગર પર જઈ તુકારામ ધ્યાન ધરવા લાગ્યા. તેમની બીજી પત્ની આમ તો માયાળુ સ્વભાવની હતી. તે રોજ ભીમનાથના ડુંગર પર જતી અને તુકારામને સમજાવીને ખવરાવતી.

ઘરની તેમ જ તુકારામની જવાબદારી સંભાળવા જતાં જિજાઈને ઘણી મુશ્કેલી પડતી.

પોતાના પતિને આમ ઘરસંસાર તરફ વિરક્ત કરવા બદલ તે શ્રી વિઠ્ઠલ પર પણ ખૂબ રોષે ભરાઈ હતી. પરંતુ તેણે તુકારામની સંભાળ લેવાનું ચાલુ રાખ્યું.

એક દિવસે જિજાઈએ ખૂબ ગળગળી બનીને તુકારામને સમજાવ્યું કે, તમે ઘેર રહીને જ શ્રી વિઠ્ઠલનું ભજનકીર્તન કર્યા કરો. પછી તે તુકારામને સાથે લઈ ઘેર આવી.

## ખાતાં પાણીમાં ડુબાડયાં

ઘેર આવીને સંત તુકારામે પહેલું આ કામ કર્યું.

પિતાના સમયથી જે જે લોકોને ત્યાં પોતાનું માગતું લેણું હતું, તે બધાનાં ખાતાં તુકારામે બહાર કઢાવ્યાં. એ બધાં ખાતાંને ઇંદ્રાયણી નદીમાં ડુબાડી દેવા તે તૈયાર થયા.

પરંતુ તુકારામના નાના ભાઈ કાન્હોબાએ તેમને હાથ જોડીને કહ્યું : 'મોટાભાઈ, તમે તો સાધુ જેવા થઈ ગયા છો. પણ મારે હજુ મારાં બાળ-બચ્ચાંને મોટાં કરવાનાં છે. જો તમે બધાં ખાતાં આમ પાણીમાં ડુબાડી દેશો, તો મારે ભીખ માગવાનો જ વખત આવશે! માટે કૃપા કરી મારા ભાગનાં ખાતાં મને આપી દો. તમારા ભાગનાં ખાતાંઓનું તમારે પછી જે કરવું હોય તે કરો.'

સંત તુકારામને નાના ભાઈની વાત બરોબર લાગી. એટલે તેમણે પોતાના અડધા ભાગનાં જ ખાતાં ઈંદ્રાયણીના પાણીમાં ડુબાડી દીધાં.

## જીવનસાધનાને પંથે

દુનિયારીની ચિંતામાંથી મુક્ત થઈ તુકારામ આત્મવિકાસને માર્ગે વળ્યા.

તુકારામ વહેલી સવારે બધી પ્રાતર્વિધિ પતાવીને શ્રી વિઠ્ઠલ–રખુમાઈના મંદિરમાં જતા. ત્યાં પૂજાપાઠ કરતા અને પછી ઇંદ્રાયણીને પેલે પાર કોઈ વાર ભંડારાના ડુંગર પર તો કોઈ વાર ગોરાડાના ડુંગર પર જઈને ત્યાં જ્ઞાનેશ્વરી ગીતા અથવા સંત એકનાથના ભાગવતનું પારાયણ કરતા, પછી આખો દિવસ નામસ્મરણ કરતા. સાંજ પડે એટલે ઘેર પાછા ફરતા.

ત્યાર બાદ મંદિરમાં ભજનકીર્તન સાંભળવા જતા. ત્યાંથી પાછલી રાતે આવીને તે થોડુંક સૂઇ લેતા.

વળી સંત તુકારામ વારકરીઓનો પણ સત્સંગ કરવા લાગ્યા.

વારકરી સંપ્રદાય મહારાષ્ટ્રના ભાગવત ધર્મનું જ બીજું નામ છે. એ લોકો વારી–યાત્રા કરતા હોવાથી તેઓનું નામ 'વારી' ઉપરથી 'વારકરી' પડ્યું છે. તેઓ દર અગિયારશે પંઢરપુરની વારી કરે છે.

વારકરીઓના સત્સંગથી પંઢરીની વારી, એકાદશી વ્રત, અહોરાત્ર જાગરણ, ભજન કીર્તન અને નામસ્મરણ તથા હરિકીર્તનમાં હમેશાં લાગ્યા રહેવું, પુરાણ વગેરેના શ્રવણનો અવસર જવા ન દેવો. કોઈ ભજન કે કીર્તન કરવા ઊભું હોય તો ભાવથી ચિત્તને શુદ્ધ કરી તેની પાછળ ઊભા રહેવું, ધ્રુવપદ ગાવું, હાથમાં તંબૂરો લઈને પોતે ધીરે ધીરે કીર્તનમાં જોડાવું વગેરે સત્પ્રવૃત્તિઓમાં સંત તુકારામ રચ્યાપચ્યા રહેવા લાગ્યા.

વળી સંત તુકારામે ધ્યાનપૂર્વક ખૂબ ભક્તિભાવથી ગીતા, ભાગવત, કેટલાંક પુરાણો, ભર્તુહરીનાં શતક, મહિમ્નાદિ સ્તોત્રો વગેરે સંસ્કૃત ગ્રંથો તથા જ્ઞાનેશ્વરી, નાથ–ભાગવત, નામદેવના અભંગો વગેરે મરાઠી ગ્રંથો તેમ જ કબીરાદિ ભક્તોનાં પદો વગેરેનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો હતો. આ સૌ સદ્‌ગ્રંથોની અસર તેમના અભંગો પર સહેજે દેખાઈ આવે છે.

## સંત તુકારામે ખેતર સાચવ્યું !

સંત તુકારામ ઘણી વાર ગામ બહાર એકાંતમાં જઈને ભજન કરતા. પ્રભુ-ભક્તિમાં તલ્લીન બની જતા.

એક વખત તે આમ ભજન કરતા હતા. એવામાં પાસેના ખેતરના ખેડૂતે આવીને કહ્યું :

'બુવા, તમે અહીં ભજન કરો છો, તો બેઠા બેઠા મારું ખેતર સાચવજો. ચલિયાં વગેરે ખેતર પર આવે છે તે હાંકશો, તો મારુંયે કામ થશે. હું બે દિવસ બહારગામ જનાર છું. માટે મારા ખેતરે બેસીને ત્યાં જ ભજન કરશો એટલે થયું.'

ખેડૂત બહારગામ ગયો. તુકારામ દરરોજ ખેતર પર જઈને બેસવા લાગ્યા; ત્યાં જ ભજન વગેરે કરતા.

ખેતરમાં અનાજનાં કણસલાં તૈયાર થયાં હતાં. પંખીઓ આવીને ત્યાં બેસવા લાગ્યાં. કણસલાંમાંથી દાણા ખાવા લાગ્યાં.

સંત તુકારામે આ જોયું. તેમને થયું :

'પંખીઓને કેવો આનંદ થાય છે; ઘેર કંઈ લઈ પણ જતાં નથી. કેટલાં નિર્લોભી છે! પેટ તો આપણને છે તેમ તેમનેય છે. ભલે તેઓ ખુશીથી ચણે.'

એમ વિચાર કરી સંત તુકારામે પંખીઓને ઉડાડ્યાં નહિ. આજુબાજુના ખેડૂતો પોતપોતાના ખેતરમાં પંખીઓને જરાય બેસવા દેતા ન હતા, તેથી પંખીઓનાં ઝૂંડનાં ઝૂંડ આ ખેતર પર જ આવીને બેસવા લાગ્યાં.

ખેડૂત બહારગામથી આવ્યો. જુએ છે તો ખેતરની આ દશા!

તે તુકારામ પર ખૂબ જ ગુસ્સે થઈ ગયો. તુકારામને ગામના મુખી પાસે ખેંચી જઈ તેણે ન્યાય માગ્યો. ખેડૂતે મુખીને કહ્યું:

'મારા ખેતરમાં બે ખાંડી અનાજ ખુશીથી પાકત. તુકારામ પંખીઓને પાક ચણવા દીધો ન હોત, તો એટલું અનાજ ઊતર્યું જ હોત. માટે હવે તુકારામે મને એટલું જ અનાજ આપવું રહ્યું, ખેતરમાં રહ્યું સહ્યું અનાજ પાકે તે તુકારામનું.'

મુખીએ સંત તુકારામને કહ્યું:

'આ ખેડૂતની વાત વાજબી છે. આ ખેડૂતને તારે બે ખાંડી અનાજ આપવું અને ખેતરમાં જે કંઈ થોડુંઘણું અનાજ ઊતરે એ તારું.'

તુકારામે કહ્યું: 'વિઠોબાની જેવી મરજી.'

વખત જતાં તુકારામે અને જિજાઈએ પેલા ખેતરમાંથી રહ્યુંસહ્યું અનાજ લણીને એકઠું કર્યું. પણ આ શું? એ ખેતરમાં બે ખાંડી કરતાં પણ ઘણું બધું અનાજ પાક્યું!

સંત તુકારામે પ્રભુનો આભાર માન્યો. જિજાઈ રાજી રાજી થઈ ગઈ. તે બોલી:

'આમાંથી બે ખાંડી અનાજ પેલા ખેડૂતને આપી દઈશું. ઘણા દિવસ સુખેથી ખાઈશું.'

એ સાંભળીને સંત તુકારામે કહ્યું:

'ના, ના, એવું આપણાથી ન થાય. આ તો વિઠોબાની કૃપાનો પ્રસાદ છે. આપણે એમાંથી જે પૈસા ઊપજશે એ વડે આપના ગામના વિઠોબાના જૂના મંદિરને સમરાવીશું.'

જિજાઈ બાપડી શું બોલે! તે મનમાં ને મનનાં સમસમીને બેસી રહી. તે પોતાના પતિને ક્યાં નહોતી ઓળખતી?

## સ્વપ્નમાં ગુરુદર્શન

સંત તુકારામે પોતાનું જીવન પ્રભુમય બનાવવા શક્ય એટલા બધા પ્રયત્નો કર્યા. પરંતુ હજી તેમને કોઇ ગુરુનો સમાગમ થયો ન હતો.

એમ કહેવાય છે કે, એક વાર તુકારામને સ્વપ્નામાં બાબા ચૈતન્યે ગુરુમંત્ર આપ્યો. ત્યારથી તુકારામ 'રામકૃષ્ણ હરિ' નો જપ કરવા લાગ્યા. તેથી કરીને તેમને ઘણી શાંતિ મળવા લાગી.

વળી એક દિવસ સંત તુકારામે શ્રી વિઠ્ઠલ અને નામદેવ મહારાજ સ્વપ્નમાં દેખાયા. તેઓએ તુકારામને એવી આજ્ઞા કરી કે, 'હવે તું અભંગો લખતો જા. તને જે વાણી મળી છે તે ફોગટ જવા ન દઈશ. અમારી તારા ઉપર પૂરેપૂરી કૃપા છે.'

તે વખતથી સંત તુકારામ અભંગો લખવા લાગ્યા.

## સંત તુકારામના અભંગો

મહારાષ્ટ્રમાં અનેક સંતો, મહંતો થઈ ગયા છે. પરંતુ સંત તુકારામ જેટલી ખ્યાતિ તેમાંના કોઇને પણ પ્રાપ્ત થઈ નથી.

તેમની ખ્યાતિ જુદા જુદા પ્રસંગોએ તેમના મુખમાંથી નીકળેલા અભંગો પરથી મનાય છે.

અભંગ એ મરાઠી ભાષામાં ઘણા જૂના કાળથી પ્રચલિત થયેલો એક સાદો છંદ છે. સંત તુકારામનું લખાણ આ અભંગ છંદમાં જ છે.

સંત તુકારામના અભંગોના સંગ્રહને 'ગાથા' કહે છે. એમાં લગભગ ૪૦૮૦ અભંગો છે.

સંત તુકારામના અભંગો જુદા જુદા પ્રસંગોએ જુદી જુદી ભાવનાઓની ઉત્કટ અવસ્થામાં તેમના હૃદયમાંથી નીકળેલા ઉદ્‌ગારો છે.

એ અભંગો સંત તુકારામની અનેક શુદ્ધ મનોવૃત્તિઓનો, ભાવનાઓનો, શ્રદ્ધાનો અને જીવના અનુભવોનો નિચોડ છે.

સંત તુકારામનો એકનિષ્ઠ ભક્તિભાવ, પોતાના દોષોનું તેમણે કરેલું પૃથક્કરણ, તે વિષેની તેમની અનુતાપપૂર્વક સ્પષ્ટતા, તેમની નિર્દંભતા અને નિરંહકારિતા, જનકલ્યાણ વિષેની તમામ ઉત્કટતા, ઈશ્વર વિષેની તેમની વ્યાકુળતા, તેમની નમ્રતા, સદાચાર વિષેનો તેમનો આગ્રહ વગેરે બાબતો તેમના અભંગોમાં ઓતપ્રોત ભરેલી છે.

એટલા માટે સંત તુકારામના જીવનને બરોબર સમજવા માટે એમના અભંગોનો અભ્યાસ કરવો જરૂરી છે. તેમના ઘણાખરા અભંગો ભાવનાની

ઉત્કટતા અને ભવ્યતાની કોઈ દૃઢભૂમિકા ઉપરથી પ્રગટ થયેલા હોવાથી અભ્યાસી સાધકોને પોતાના અભ્યાસ અને ઉન્નતિ માટે તે માર્ગદર્શક થાય એવા છે. અંતર્મુખ થઈ પોતાના દોષ શોધી કાઢી ચિત્તની શુદ્ધિ સાધવાનો પ્રયત્ન કરનારને તે પરમ સહાયક છે. આધ્યાત્મિક માર્ગમાં રસ્તો શોધનાર સાધકને પ્રકાશ આપનાર છે.

સંત તુકારામના અભંગોની મહત્તા સમજાવતાં એક હિંદી સંતે કહ્યું છે :

'तुकाराम तुक रामसे दोनो सेतु अभंग ।
उनका सेतु भंग गया इनका सेतु अभंग ॥'

—રામચંદ્રજી અને તુકારામ એ બંનેએ સેતુ બાંધ્યો; રામચંદ્રજીનો સેતુ તૂટી ગયો, પરંતુ તુકારામનો ( અભંગો રૂપી ) સેતુ અભંગ છે.

એ દર્શાવતો પ્રસંગ ખરેખર પાવનકારી છે.

## અભંગ ખરેખર અભંગ જ રહ્યા

સંત તુકારામે વિઠોબા અને સંત નામદેવ તરફથી મળેલા આદેશને માથે ચડાવીને અભંગો રચવા માંડયા. તેઓ એમ જ માનતા હતા કે, ભગવાન પોતે મારા મુખમાંથી બોલે છે. એક અભંગમાં સંત તુકારામ કહે છે :

आपुल्या बळें नाही मी बोलत ।
सखा कृपावंत वाचा त्याची ॥

— હું મારા બુદ્ધિબળથી બોલતો નથી. મારો સખા કૃપાળુ ભગવાન છે. તેની આ વાણી છે.

સંત તુકારામના અભંગોમાં જે ઉપદેશ વણી લેવામાં આવ્યો હતો એમાં સમગ્ર વેદાંતનો સાર આવી જતો હતો. તુકારામ જાતે કણબી હતા. તે જમાનામાં બ્રાહ્મણ સિવાય કોઈને ધર્મનો ઉપદેશ આપવાનો અધિકાર ન હતો. એટલે ઘણા બધા બ્રાહ્મણોને લાગ્યું કે, તુકારામ અબ્રાહ્મણ હોવા છતાં ઉપદેશ દે છે. ઉપદેશ આપવાનું કામ તો અમે બ્રાહ્મણોનું. વળી તેમના ઉપદેશમાં વેદાંતનો અર્થ નીકળે છે. એ વેદાંત સ્પૃશ્ય અસ્પૃશ્ય બધી હીન જાતિઓને તે કહે છે. આ તો ભારે અધર્મ કહેવાય !

એટલે એ બ્રાહ્મણો સંત તુકારામને કહેતા :

' અલ્યા તુકયા, તું તો હીન જાતિનો છે, તું લોકોને વેદાંતનો ઉપદેશ શાનો આપતો ફરે છે ? તને અધિકાર નથી, વેદાંત કહેવાનો અધિકાર તો અમારો જ છે.'

પોતે બ્રાહ્મણ નથી પણ કણબી છે અને ભગવાને પોતાને કણબી બનાવ્યો એ માટે તુકારામ મહારાજને સંતોષ હતો. ભગવાનને સંત તુકારામ કહેલાં :

'હે પ્રભો ! તેં મને કણબીમાં જન્મ આપ્યો એ કેટલું સારું કર્યું છે! નહિ તો હું દંભમાં ને દંભમાં જ મરી ગયો હોત. ઉચ્ચ વર્ણમાં મને જન્મ ન આપતાં હીન વર્ણમાં મને જન્મ આપ્યો એમાં તેં મારું કેટલું બધું ભલું કર્યું છે.

'મને કાંઈ વિદ્યા નથી એ સારું થયું. કારણ કે વિદ્યા હોત તો તે મારા અહિતનું કારણ થાત. સંત-સેવા મારાથી થઈ ન હોત; મારી નકામી હાનિ જ થઈ હોત. ગર્વ, ઘમંડ, અહંકાર અને મોટાઈને લીધે યમપંથે માત્ર લાગ્યો હોત. મોટાઈ અને તેના અભિમાનથી નરક સિવાય બીજું શું પ્રાપ્ત થાત? આ બધા અનર્થોમાંથી બચાવવા માટે, હે પ્રભુ, તેં મને કણબી કર્યો એ સારું કર્યું !'

વળી સંત તુકારામ એ બ્રાહ્મણોનો ઘમંડ જોઈને ચોખ્ખેચોખ્ખું કહી પણ દેતા :

'वेदाचा अर्थ तो आह्मांसीच ठावा। येरांनी वाहावा भार माथा।'— 'વેદોનો અર્થ અમને જ સાચો ખબર છે, બીજાઓને તે અર્થ સમજાતો નથી. તેમને વેદોનો માત્ર ભાર માથા પર વહન કરવો.'

આ સાંભળીને બ્રાહ્મણો તેમના પર ગુસ્સે થતા. તેઓ પોતાની વાતને પકડી રાખીને કહેતા :

'તુ ભલે કંઈ પણ કહે, પણ ઉપદેશ આપવાનો અધિકાર અમારો છે. કારણ અમે બ્રાહ્મણ છીએ.'

સંત તુકારામ કહેતા :

'તમે જ બ્રાહ્મણ શાના ? જે વૈષ્ણવ છે તે બ્રાહ્મણ જ છે. જે પરમેશ્વરનું ચિંતન કરે છે, શાંતિ, દયા, ક્ષમા જેનામાં છે, કઠણ પ્રસંગે જે અડગ ધૈર્યવાન છે એવો અંત્યજ પણ બ્રાહ્મણ છે. ब्राह्मण तो याती अंत्यज असतां । मानावा तत्त्वता निश्चयेसीं ।।

'આવો અંત્યજ પણ બ્રાહ્મણ છે. અને તમે તો બ્રાહ્મણ કેવા ? મહારના— અંત્યજના સ્પર્શથી તમને ક્રોધ આવે છે. તમે બ્રાહ્મણ શાના ? તમને ક્રોધ આવે છે એ માટે દેહત્યાગ સિવાય તમને પ્રાયશ્ચિત્ત નથી. કામ, ક્રોધ એ જ ખરા ચાંડાળ છે. એવાનો સ્પર્શ પણ થવો ન જોઈએ; એને તો તમે હૃદયમાં સંઘર્યા છે. જેના હૃદયમાં ક્રોધનો—ચાંડાળનો સંગ તે એ જ જાતિનો સમજવો જોઈએ, હૃદયમાં ચાંડાળની સોબત; તમે બ્રાહ્મણ શાના ?'

આમ સંત તુકારામે અભંગ દ્વારા ચાબખા મારી એ લોકોની આંખ ઉઘાડવા પ્રયત્ન કરી જોયો. પરંતુ વિરોધીઓ આથી વધારે ઉશ્કેરાયા. એ લોકોએ રામેશ્વર ભટ્ટ નામના દશગ્રંથી બ્રાહ્મણને પોતાનો આગેવાન બનાવ્યો.

પૂનાની પાસે વાઘોલી નામના ગામમાં રામેશ્વર ભટ્ટ રહેતો હતો. તે મોટો પંડિત હતો. સંત તુકારામની કીર્તિ બધે ફેલાયેલી જોઈને તે તેમની ઈર્ષા કરવા લાગ્યો હતો. વિરોધીઓનો સાથ મળતાં તે રાજી રાજી થઈ ગયો.

રામેશ્વર ભટ્ટે સંત તુકારામને તરત જ પોતાને તાબડતોબ મળી જવા કહેણ મોકલ્યું.

તુકારામ મહારાજ તો બહુ સરળ હૃદયના હતા. રામેશ્વર ભટ્ટ જેવા મોટા પંડિત મળવા બોલાવે અને તુકારામ ન જાય, એ બને જ શી રીતે? એટલે ભટ્ટજીને મળવા સંત તુકારામ તરત જ વાઘોલી ગયા.

સંત તુકારામને આવેલા જોઈને રામેશ્વર ભટ્ટે તોછડાઈથી કહ્યું;

'અલ્યા તુકા, તું વેદની વાતો કરી લોકોને ઊંધે રસ્તે લઈ જાય છે. તું જન્મે શૂદ્ર. વેદ અને ધર્મની વાતો કરવાનો તને શો અધિકાર છે? માટે આજથી તું અભંગો લખવાનું અને લોકોને ઉપદેશ આપવાનું છોડી દે, સમજ્યો કે?'

સંત તુકારામ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા :

'મહારાજ, હું શ્રીપાંડુરંગની આજ્ઞાથી જ અભંગો લખતો હતો. પણ જ્યારે આપ આજ્ઞા કરો છો, ત્યારે હવે આજથી હું અભંગો નહિ લખું. પણ આજ સુધી મેં જે અભંગો લખ્યા છે તેનું શું કરું?'

રામેશ્વરે કઠોરતાથી હુકમ કર્યો :

'એ બધા અભંગો તું ઇંદ્રાયણીમાં ડુબાડી દે.'

સંતને શિરે વજ્રઘાત થયો! ભારે હૈયે આ કઠોર આજ્ઞા માન્ય કરી તુકારામ મહારાજ ઘેર આવ્યા.

આજ સુધી તુકારામે જે કંઈ લખ્યું હતું એ અભંગોમાં જ લખ્યું હતું. પરમાત્માની પ્રાર્થના, લોકોને ઉપદેશ વગેરે બધું તેમાં જ હતું, તે બધા અભંગો ભેગા કરી, એક કપડામાં વીંટાળી, તેના ઉપર મોટો પથરો બાંધી સંત તુકારામે તે બધા અભંગોને ઈંદ્રાયણીમાં પધરાવી દીધા!

સંત તુકારામનું દિલ દુઃખી દુઃખી થઈ ગયું. તેઓ ભારે હૈયે પાછા ફર્યા. ઘેર ન જતાં તેઓ મંદિરે ગયા.

શ્રીવિઠ્ઠલની ઇચ્છા આ રીતે ભજનકીર્તન કરાવવાની નથી, તો પછી મારે જીવીને કરવુંયે શું? એટલે તુકારામ અન્ન અને પાણીનો ત્યાગ કરી શ્રીવિઠ્ઠલના મંદિર સામે ભગવાનનું નામ જપતા આંખો બંધ કરીને એક પથ્થર પર બેઠા.

તુકારામ મહારાજ જ્યારે આવી દુઃખદ સ્થિતિમાંથી પસાર થતા હતા, ત્યારે કેટલાક અભાવિક લોકો એમની પાસે આવીને એમને મહેણાં મારવાં લાગ્યા :

'કેમ તુકોબા, પહેલાં દેવાદારોનાં ખાતાં ડુબાડીને તમે સંસાર ડુબાડયો. ઈશ્વરભક્તિની પાછળ લાગીને અભંગો બનાવ્યા હતા તે પણ હવે ડુબાડયા! સંસાર અને પરમાર્થ એ બંને ડુબાડયા! જન્મીને સાધ્યું શું? અમે પહેલાંથી તમને કહેતા હતા કે, જે ઈશ્વરની પાછળ ઘેલો થયો તે બધી રીતે ડૂબ્યો એમ સમજવું.'

લોકોના આવા ઉપાલંભોથી સંત તુકારામના મનમાં ઘણું કષ્ટ અને ઉદ્વેગ વધવા લાગ્યાં. પણ એ ત્યાં ને ત્યાં શ્રીવિઠ્ઠલનું નામ જપતા શાંત બેસી રહ્યા.

આમ ને આમ તેર દિવસ પસાર થયા. સંત તુકારામ અન્નપાણી વિના એ પથ્થર પર આંખો બંધ કરીને તેમ ને તેમ સ્તબ્ધ બેસી રહ્યા હતા. મોઢામાંથી વિઠ્ઠલનું નામ મંદ મંદ સ્વરે નીકળતું હતું. એટલી જ ફક્ત પ્રાણ હોવાની નિશાની હતી.

ચૌદમે દિવસે ગામમાં ખબર પડી કે, અભંગની વહીઓ નદીમાં પાણી પર તરે છે! ભાવિક લોકો હર્ષઘેલા બનીને સંત તુકારામ પાસે દોડી આવી કહેવા લાગ્યા :

'મહારાજ, ચાલો, ચાલો! આપના અભંગોની પોથી ઈંદ્રાયણીના પાણી ઉપર તરે છે!'

સંત તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને પાંડુરંગનું નામ જપતા જપતા આનંદ પામતા દોડયા. ઈંદ્રાયણીના પાણી ઉપર પોથીને તરતી જોઈને તે ઘેલા જેવા બની ગયા. ખૂબ આનંદથી તેમણે પોથી પાછી ઉપાડી લીધી.

પરંતુ થોડી જ વારમાં સંત તુકારામને પોતાના ઉદ્વેગ માટે ઘણું દુઃખ થવા લાગ્યું. તેમને ખૂબ પસ્તાવો થયો. આ વખતે તેમના મુખમાંથી જે અભંગો બહાર આવ્યા તે અત્યંત હૃદયસ્પર્શી છે. એમાનાં થોડાંક વચનો પરથી જ આપણને ખ્યાલ આવશે કે એમને કેટલો ઊંડો પસ્તાવો થતો હતો :

'घोर अन्याय केला । હે પ્રભો! મેં બહુ મોટો અન્યાય કર્યો! મેં તારો અંત જોયો. લોકોના કહેવા પરથી મેં મારા ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો. મેં તને કેટલું કષ્ટ આપ્યું! તને કેટલો શ્રમ આપ્યો! હું કેટલો અધમ, કેટલો જાતિહીન ચાંડાળ! મારી ભૂખ તરસનું બધું સંકટ તારા પર નાખીને આંખો બંધ કરીને તેર દિવસ રહ્યો અને તારા પર બધો યોગક્ષેમ ચલાવવાનું નાખ્યું. તને મેં કેટલી મુંઝવણમાં નાખ્યો! મારો અન્યાય કેટલો મોટો છે! પણ તેં તારું બિરુદ સાચું કર્યું. પાણીમાં કાગળનું રક્ષણ કર્યું. અને લોકાપવાદ વ્યર્થ કર્યો. तुका म्हणे ब्रीद साच केलें आपुलें ।'

આ તરફ રામેશ્વર મહારાજને પોતાના દુષ્કૃત્ય બદલ પસ્તાવો થવા લાગ્યો.

સંત તુકારામે તેમને ઉપદેશ આપતાં કહ્યું : 'चित्त शुद्ध तरी शत्रु मित्र होती। ચિત્ત શુદ્ધ હશે તો શત્રુ મિત્ર થશે. વાઘ કે સાપ તેને ખાશે નહિ. વિષ તેને અમૃત જેવું લાગશે. આઘાત હિતરૂપ થશે.

... દુઃખ પણ તેને સર્વ સુખફળ આપશે...'

એમને સતાવનાર રામેશ્વર ભટ્ટ એમનો કાયમનો ભક્ત બની ગયો.

## શત્રુ ભક્ત બન્યો

દેહૂ ગામમાં શ્રીવિઠ્ઠલ મંદિરને અડીને જ મંબાજી નામના ગોસાંઈનું ઘર હતું. તે સંત તુકારામની દિનપ્રતિદિન વધતી જતી ખ્યાતિ જોઈને મનમાં ખૂબ જ સમસમી જતો. ગામલોકોને મનમાં ઓછું ન લાગે અને પોતાનું બૂરું ન દેખાય એ માટે કમને તુકારામનું કીર્તન સાંભળવા તે મંદિરે જતો.

સંત તુકારામને મંબાજીના મનની વાત સમજાઈ હતી. તોયે તે તો તેના પર પ્રેમભાવ જ રાખતા. જો કોઈ વાર મંબાજીને આવતાં મોડું થાય, તો તુકારામ મહારાજ કીર્તન શરૂ કરવામાં વિલંબ કરતા અને કોઈ વાર તેને બોલાવવા માણસને પણ મોકલતા.

પરંતુ એની અસર મંબાજી પર જરાય પડતી નહિ, તે તો સંત તુકારામ પર વધારે ને વધારે દ્વેષભાવ જ વધારતો ગયો. ક્યારે લાગ મળે અને તુકારામને સીધોદોર કરી મૂકું એની જ રાહ જોતો હતો.

એક વાર શ્રીવિઠ્ઠલ મંદિરને પરિક્રમા કરવાનો પર્વ હતો. મંબાજીએ પોતાના મકાન અને મંદિરની વચ્ચેના ભાગમાં ફૂલછોડ રોપી નાનો બગીચો બનાવ્યો હતો. એ ફૂલછોડનું રક્ષણ કરવા માટે તેણે કાંટાની ફરતી વાડ બનાવી હતી.

સંત તુકારામને થયું કે, લોકો પરિક્રમા આ રસ્તે થઈને ફરશે, તો આસપાસ પડેલા કાંટા તેમને પગમાં ભોંકાશે. તેથી કાંટાને વીણીને એકઠા કરતા હતા.

આ જોઈને મંબાજીને લાગ્યું કે, વઢવાડ કરવાનો આ ઠીક લાગ છે. એટલે તે તરત જ ત્યાં જઈને વાડને નુકસાન કરવાનું બહાનું કાઢીને સંત તુકારામને કાંટાળી વાડનાં ઝાંખરાં વડે મારવા લાગ્યો! સાથોસાથ એમને એલફેલ પણ બોલ્યે જતો હતો.

મારતાં મારતાં સંત તુકારામને અધમૂઆ જેવા કરી મૂક્યા.

સંત તુકારામે તો આ બધું શાંતિથી સહન કરી લીધું. મુખેથી એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. તે મૌન સેવીને પોતાને ઘેર ગયા.

સંત તુકારામ રસ્તે જતાં જતાં અભંગમાં પોતાના મનના ભાવ દર્શાવતાં કહેવા લાગ્યા :

'હે ભગવાન, મારા શરીર પર ગમે તેટલું દુઃખ આવી પડો, શસ્ત્રના ઘાથી આ દેહના સો ટુકડા થઈ જાય, તો યે હું બીવાનો નથી. હું તારાં ચરણ છોડવાનો નથી.

'દુઃખના પ્રસંગે તેં મારી બુદ્ધિ દૃઢ અને સાવધ રાખી. પ્રભો, તેં કેટલું સારું કર્યું ! મેં કાંઈ અપરાધ કર્યો નહોતો. કાંટાથી ભરેલો રસ્તો હું સાફ કરવા ગયો હતો. પણ જાણે મારી ક્ષમા જોવા માટે જ હોય નહિ એ માટે તેં મને ગાળો ખવડાવી, કાંટાથી મરાવ્યો અને છેવટે ક્રોધમાંથી મને છોડાવ્યો, એ કેટલું સારું કર્યું તેં !

'ખેર ! મને મારાં સંચિત પ્રમાણે પ્રાપ્ત થયું. હવે દુર્જનનો સંગ બહુ થયો ! મારું મન તારા ગુણો ગાતાં, સાંભળતાં તલ્લીન થઇ જાય એમ કર.

'દૂર દેશ ગયેલા દીકરાના શુભ સમાચાર સાંભળતાં માતાને જેમ આનંદ થાય છે અથવા નાદથી મુગ્ધ થયેલું હરણ પોતાનું દેહભાન ભૂલે છે અથવા કાચબાના બચ્ચાને મા તરફ જોતાં જે સ્થિતિ થાય છે, તે પ્રમાણે હે ભગવન્ ! તારા ગુણો ગાતા, સાંભળતાં મારા મનની સ્થિતિ થાઓ એ જ મારે તારાં ચરણોમાં માગવાનું છે.'

એ દિવસે સાંજે મંદિરમાં કીર્તન હતું. સંત તુકારામ કીર્તન સમયે ત્યાં વખતસર પહોંચી ગયા. પરંતુ મંબાજીને હજી આવેલા ન જોઈને તેને તેડવા તે પોતે તેને ઘેર ગયા.

તે વખતે મંબાજીની તબિયત અચાનક બગડી ગઈ હતી. સંત તુકારામે તેને પથારીમાં પડેલા જોઈને તેના પગ આગળ બેસી જઈને તેના પગ દાબતાં દાબતાં દીન સ્વરે કહ્યું :

'મહારાજ, દોષ તો મારો જ છે. મેં તમારી વાડને નુકસાન થાય એવું ન કર્યું હોત, તો તમને પણ ગુસ્સો ન આવત. મને બહુ દુઃખ થાય છે કે, આપના હાથ અને મોંને મારે લીધે તકલીફ પડી !'

આમ કહેતાં કહેતાં તુકારામ બુવાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમનું હૃદય આવું દયાળુ અને ક્ષમાશીલ હતું.

સંત તુકારામનું આવું સૌજન્ય જોઈને મંબાજીનું હૃદય પીગળ્યું. તેને પોતાના દુષ્કૃત્ય માટે ખૂબ પસ્તાવો થવા લાગ્યો. તે ખૂબ શરમાઈ ગયો. સંત-પુરુષની માફી માગી. તે પોતાનું શારીરિક દુઃખ ભૂલી ગયો અને તેમની સાથે કીર્તનમાં ગયો. પછી તો મંબાજી સંત તુકારામનો ભક્ત બની ગયો.

## સંત તુકારામનો અદ્ભુત ક્ષમાભાવ

એક વાર સંત તુકારામને ભારે કષ્ટમાંથી પસાર થવાનો અવસર આવ્યો. દેહૂ ગામ પાસે લોહગામ નામનું એક ગામ. ત્યાં શિવજી નામનો એક માણસ તુકારામ મહારાજની સાધુતા જોઈને તેમના ભજનમાં જવા લાગ્યો.

આથી એની પત્નીને ચિંતા થવા લાગી. તેને થયું કે, તુકારામના સંસારની જેવી કફોડી સ્થિતિ થઈ તેવી મારી પણ થશે! એ વિચારથી તેને પોતાના પતિ કરતાં તુકારામ મહારાજ પર વધારે રોષ ચડ્યો. એકવાર મારા હાથમાં આવે પછી એ તુકયાની વાત છે.

એક દિવસે એ બાઈએ તુકારામ મહારાજને પોતાને ઘેર સ્નાન કરવા બોલાવ્યા. તુકારામ પણ થાકેલાપાકેલા હતા. એટલે તેમણે પોતાના ભક્તને ઘેર સ્નાન કરવાનું આમંત્રણ સ્વીકાર્યું.

એ ભક્તની પત્નીએ તુકારામને ઓટલાની નીચે પાટલા પર બેસાડ્યા. પછી તેણે ઘરમાંથી ગરમ ગરમ પાણી લાવી તેમના શરીર પર સીધું રેડી દીધું!

ગરમ ગરમ પાણી શરીર પર અચાનક પડવાથી તુકારામ મહારાજ દુઃખી દુઃખી થઈ ગયા. આખા શરીરે લાહ્ય બળવા લાગી.

પરંતુ સંત તુકારામે એ બાઈ પર ક્રોધ ન કરતાં ભગવાનને પ્રાર્થના કરી :

'હે ભગવન્, આ દુઃખ સહન થતું નથી! મારી કાયા બધી બળી ગઈ. તું હવે શીતળ ઉપચાર કર. બધી રોમાવલી બળીને શરીરની હોળી થઈ. શરીર ફાટું ફાટું થાય છે. તું મારી માઉલી છે. આવા કઠણ પ્રસંગે હું તારા સિવાય કોની રાહ જોઉં?'

આવો કઠણ પ્રસંગ અને એ પ્રસંગે તુકારામ મહારાજની ક્ષમાવૃત્તિ, એ બંનેનો વિચાર કરીએ તો લાગે છે કે, જે પ્રકારનો ઉપદેશ તે લોકોને કરતા હતા તે પ્રકારની પોતાની સ્થિતિ કરવાનો પ્રયત્ન તેઓ કરતા હતા. આવા સંતપુરુષો ધન્ય છે!

## જિજાઈને સદુપદેશ

સંત તુકારામ પોતે સંસાર તરફ ઉદાસીન રહેવા લાગ્યા. એટલે ઘરસંસારનો બધો ભાર તેમનાં ધર્મપત્ની જિજાઈ પર આવી પડ્યો.

કુટુંબનો બધો વ્યવહાર સારી રીતે ચાલવો જોઈએ એવી તેની ઇચ્છા. એમાં તેનો કશો દોષ ન હતો. કોઈ પણ સ્ત્રીની સ્વાભાવિક રીતે એવી જ ઇચ્છા રહે.

પરંતુ તુકારામ મહારાજ અત્યંત વિરક્ત. જગત એ પોતાનું કુટુંબ–'વસુધૈવ કુટુમ્બકમ્' એવી તેમની ભાવના. સર્વ ભૂતો પ્રત્યે તેમની દયાવૃત્તિ. ઘરમાં જે કંઈ હોય તે, પોતાના કુટુંબનો વિચાર ન કરતાં ગરીબગુરબાંને—જેને જરૂર હોય તેને આપીને તેનું દુઃખ નિવારણ કરવું એવો તેમનો સ્વભાવ. જ્યારે જિજાઈની ગૃહસંસારની ભાવના. ઘરનાં માણસો સારી રીતે રહે, સુખી થાય, પૈસેટકે સંપન્ન થાય એમ તે તો ઇચ્છે.

આવી એ તદ્દન જુદી જુદી ભાવના અને ભૂમિકાને લીધે તેમની વચ્ચે વિરોધના પ્રસંગો અવારનવાર આવતા હતા. તેને લીધે જિજાઈ ઘણી દુઃખી થતી.

બંનેનો એક વિચાર ન હોવાથી આવું બને છે, એ જાણીને સંત તુકારામે જિજાઇને પ્રેમથી સમજાવતાં ઉપદેશ આપ્યો :

'તું આ સંસારમાં કેમ ગૂંથાઈને રહી છે? જે મળે તેમાં સમાધાન રાખવું. કશાની આશા કરવી નહિ. બાળકોની ચિંતા ન કરવી. તેમને માટે બધું નિર્માણ થયેલું છે. તું આ બંધનમાંથી મુક્ત થા. સજ્જન તને માન આપશે. જગતમાં તારી કીર્તિ થશે.

'તું તારા જન્મનું સાર્થક કરી લે. હરિભક્ત બન. સર્વ ઇચ્છા—વાસના છોડી દે. ઘરમાં જે કંઈ તારું છે એ બધું ગરીબોને અને બ્રાહ્મણોને આપી દે. ઢોરઢાંખર, બાળક, વાસણ કે કશાની આશા ન રાખ. ઢોર મરી ગયાં, વાસણ ચોરો લઈ ગયા, બાળકો થયાં ન હતાં એમ સમજ.

'મન એક વાર કઠણ વજ્ર જેવું કર. તને પરમેશ્વરી આનંદ થશે. તું મારું સાંભળ. આપણે બંને સુખી થઈશું. દેવ અને ઋષિ આપણું ગૌરવ કરશે. સંત, મહંત, સિદ્ધ પુરુષ આપણી પાસે આવશે. તે વખતના સુખનું વર્ણન હું શું કરું?

'જો, તું એકવાર નિશ્ચય કર. મનને બધામાંથી ખેંચી લે. કાલે સોમવાર દ્વાદશીનું પર્વ છે. મન શુદ્ધ કર. બ્રાહ્મણોને બોલાવીને તેમને બધું અર્પણ કરી દે. તું સુખી થઈશ. આ બધી જંજાળમાંથી નીકળીશ.

'અમને આ સંસારસુખનો કંટાળો કેમ આવ્યો, કયા બળને લીધે અમારે તે સંસારસુખ નથી જોઈતું એમ લાગ્યું તે તું જાણતી નથી શું? વિચાર કર મારી ભૂખ-તરસ કેવી શમી ગઈ! ચંચળ મન કેવું સ્થિર થઈ ગયું! લોકોને ધન એ પોતાના પ્રાણ કરતાંયે વહાલું હોય છે, તે અમને પથરા કરતાંયે હીન કેમ લાગવા માંડ્યું? સગાંસંબંધી, જન અને વન એ બધું જ અમને એકસરખું. બધી જગ્યાએ અમને સમભાવ. આ બાબતો કેમ બની? આ કોનો પ્રભાવ? આ કોનું બળ?

'પરમાત્મા અમારી પાસે છે અને તે જ અમારું બધું સુખદુઃખ સહન કરે છે. તેણે મારો અંગીકાર કર્યો છે. તું પણ તેવી થા. વૈષ્ણવો વિશે સદ્ભાવ રાખ. નામસ્મરણ કર. મન કઠણ કરીને આ સંસારના દુઃખમાંથી મુક્ત થા.'

આવી રીતનો ઉપદેશ સાંભળીને જિજાઈનું મન કંઈક વળ્યું. પરંતુ બંને વચ્ચે પૂરેપૂરો મેળ છેવટ સુધી થઈ ન શક્યો. પણ જિજાઈ પહેલાંના કરતાં ઘણે અંશે બદલાઈ હતી ખરી. જિજાઈ ઘણી મહેનતુ હતી. તે તુકારામની ઘણી સંભાળ લેતી. અત્યંત દુઃખના વખતે પણ તે કદી તુકારામને છોડીને પિયર ગઈ નહોતી.

## સંતો પ્રત્યે પૂજ્યભાવ

સંત તુકારામને સંતો વિશે ખૂબ પૂજ્યભાવ હતો. સત્સંગની તેમને ઘણી ઇચ્છા રહેતી. સંતોના સહવાસથી જ સદાચાર વિશે પ્રીતિ ઉત્પન્ન થાય છે અને મન પરમેશ્વરની ભક્તિ તરફ વળે છે એવો તેમને વિશ્વાસ હતો.

સંત કોને કહેવા, એ વિષે તુકારામ પોતાના એક અભંગમાં કહે છે :

'जे का रंजले गांजले । त्यांसि म्हणे जो आपुले ॥ तोचि साधु ओळखावा ।... मृदु सबाह्य नवनीत । तैसें सज्जनाचें चित्त ॥ — જે પીડિત, રિબાયેલા, દુઃખી હોય તેમને જે પોતાના ગણે છે, જેનું ચિત્ત માખણ જેવું મૃદુ હોય છે; પરાધીન અને નિરાધારને જે પોતાના હૃદય સાથે ચાંપે છે, પોતાના કરી રાખે છે; પોતાના દીકરા તેમ જ દાસદાસી પર સરખી જ દયા રાખે છે; તેને જ સંત તરીકે ઓળખવા અને ત્યાં જ દેવ છે એમ માનવું. હું બીજું શું કહું ? એવો પુરુષ એટલે ભગવંતની મૂર્તિ છે.'

દયા અને સમભાવ એ સાધુના મહાન ગુણો છે, એવી સંત તુકારામની ખાતરી હોવાથી તેમણે આ ગુણો પર ખૂબ ભાર મૂકયો.

બીજા એક અભંગમાં સંત તુકારામ કહે છે :

'જે સજ્જન છે તેમનું બળ, બુદ્ધિ બધું ઉપકાર માટે જ ખર્ચાય છે. દેવોની પેઠે તેમના હૃદયમાં દયા ભરેલી હોય છે. આવા સંત સજ્જનનો જીવ એ જ દેવ અને જ્યાં તેઓ રહે છે તે સ્થાન વૈકુંઠ છે.'

આ વચનો પરથી સંત તુકારામની સંત વિશેની વ્યાખ્યા કેવી હતી એ દેખાઈ આવે છે.

દુઃખી માટે, તેમનું દુઃખ નિવારણ કરવા માટે જે દુઃખ સહન કરે છે તે જ સંત. દુઃખી વિશે જેના મનમાં અપાર કરુણા ભરેલી છે, સ્વ-પર ભાવ જેનામાં નથી તે જ સંત. કરુણા એ સંતનું સ્પષ્ટ લક્ષણ છે. તે જ પ્રમાણે અડગ ધૈર્ય, નિર્ભયતા પણ સંતનું મહત્ત્વનું લક્ષણ છે.

સંત માટેની તેજાબી કસોટી સંત તુકારામ એક અભંગમાં વર્ણવે છે :

'એરણ પર મૂકેલો જે હીરો ઘણના મારથીયે તૂટતો નથી તે જ સાચો હીરો. બનાવટી હીરો ઘા સામે ટકી શકતો નથી, તેના ચૂરેચૂરા થઈ જાય છે.

'જેની સોયનમાં સૂતર અગ્નિમાં બળતું નથી તે જ ખરો મોહરો.

'તે પ્રમાણે ધૈર્યથી જગતના આઘાત જે સહન કરે છે, તે જ ખરા સંત. तुका म्हणे तो चि संत । सोसी जगाचे आघात ॥'

સંત એટલે ધૈર્યની મૂર્તિ. નિર્ભયતા સંતમાં હોવી જ જોઈએ. જે જગતનો ભય રાખે છે, તે સંત જ નથી, એવું સંત તુકારામનું ખાતરીપૂર્વક કહેવું હતું.

'धन्य तो चि प्राणि क्षमा ज्याचे अंगी । न भंगे प्रसंगीं धैर्यबळ ॥— તે જ મનુષ્ય ધન્ય છે જેનામાં ક્ષમા છે અને કઠણ પ્રસંગે જેનું ધૈર્ય બળ ભાંગતું નથી.

વળી સંતના હૃદયમાં અપાર કરુણા, અડગ ધૈર્ય, નિર્ભયતા, ક્ષમા, સહિષ્ણુતા, અત્યંત કોમળતા વગેરે અનેક સદ્‌ગુણો હોવા જ જોઈએ. સર્વ સદ્‌ગુણોનો સમુચ્ચય એટલે સંતપણું.

આવું સંતપણું શી રીતે પ્રાપ્ત થાય? એ બાબતમાં સંત તુકારામ એક અભંગમાં કહે છે:

'આવા પ્રકારનું સંતપણું જેને જોઈએ તેને એ કેવી રીતે પ્રાપ્ત થાય? કયાં પ્રાપ્ત થાય?

'તે બજારમાં મળતું નથી. ગિરિકંદરાઓમાં—જંગલમાં ભટકવાથી મળતું નથી. ધનના ઢગલા આપવાથી તે મળતું નથી. નથી તે આકાશમાં કે નથી પાતાળમાં.

'પોતાના જીવની કિંમત આપીને જ તે મળી શકે છે. જીવની આશા રાખીને—સ્વસુખની આશા રાખીને સંતપણું મળતું નથી.

'પ્રાણની કિંમત આપવાની જેની તૈયારી ન હોય, તેણે સંતપણાની વાત કાઢવી નહિ.'

દયા, ક્ષમા, શાંતિ, નિર્ભયતા, સત્ય, પાવિત્ર્ય, વૈરાગ્ય એ સંતનાં લક્ષણો. એ લક્ષણો ન હોય તો ઈશ્વર કશાથીયે ફસાતો નથી, એમ તુકારામ સ્પષ્ટપણે માનતા હતા.

પરમેશ્વર— સત્યજ્ઞાન વિશે તેમના ચિત્તમાં ભારે વ્યાકુળતા હોવાથી તેમના પોતામાં કે બીજામાંયે દંભ, અસત્ય ઇત્યાદિ દોષો તેમને જરાય સહન થતા ન હતા. એટલે જ પોતાની નિર્દય આત્મપરીક્ષા કરતા સંત તુકારામ ઈશ્વરને કહે છે:

'હું બહારથી દેખાઉં છું તેવો નથી. મનમાં સંસાર અને બહારથી ઈશ્વરભક્તિ એવી મારી ખરી સ્થિતિ હોવાથી મને તારી પ્રાપ્તિ થતી નથી!

'તેમાં હે પ્રભુ, તારો કોઈ દોષ નથી. હું જ દંભના પ્રવાહમાં ડૂબેલો છું! ભક્તિની માત્ર વાત બોલું છું. તારું નામસ્મરણ કરીને ગાઉં છું, નાચું છું અને લોકોને બતાવું છું. પણ અંતરમાં તારે માટે ખરો પ્રેમ નથી!'

આ પ્રમાણે સંત તુકારામ પોતાની સ્થિતિ સ્પષ્ટપણે બતાવતા હતા અને તે સાથે લોકોનેયે ઉપદેશ આપતા કે, હૃદયમાં સંસારની કામના રાખી બહારથી ભક્તિનો ડોળ કરવાથી ભગવાન મળતો નથી.

## સંત તુકારામની પરોપકારવૃત્તિ

સંત તુકારામમાં પરોપકારની વૃત્તિ પણ એવી જ પ્રબળ હતી. परोपकाराय सतां विभूतयः। એ ઉક્તિમાં દર્શાવાયેલું સત્ય બીજા સંતોની માફક તુકારામના જીવનમાં પણ જોવા મળે છે.

રસ્તે ચાલતાં કોઈ વટેમાર્ગુ માથે ભાર લઈને જતો મળે, તો તુકારામ મહારાજ તેનો બોજો ઉપાડી લેતા અને થોડી વાર તેને વિશ્રાંતિ આપતા.

વરસાદમાં કોઈ ભીંજાઈ ગયેલું મળે, તો તેને વિશ્રાંતિ આપતા. જાત્રાએ નીકળ્યા હોય, ત્યારે ચાલતાં ચાલતાં જાત્રાળુના પગ થાકી કે સૂજી જાય, તો તુકારામ તેના પગ દાબી આપતા અથવા ગરમ પાણી કરી શેક કરતા. કોઈ જાત્રાળુ

બીમાર પડી ગયો હોય, તો તેની સેવા—ચાકરી કરતા હતા અને જરૂર જણાય તો ઘેર પહોંચાડી આવતા.

કોઈ દુર્બળ ગાય, બળદ કે બીજું કોઈ જનાવર જોવા મળે, તો તેને દાણોપાણી ખવડાવતા. નદીએથી કોઈ પાણી ભરીને આવતાં જો થાકેલું કે માંદલું દેખાય, તો તેનું બેડું પોતે ઉપાડી લેતા. કોઈ ઘરડાં આડોશીપડોશી કશી ચીજ મંગાવે, તો તરત લાવી આપતા.

કોઈ વખતે આવા પરોપકારના કામમાં તે પોતાના ઘરનો પણ ખ્યાલ કરવાનું ભૂલી જતા. એવો એક પ્રસંગ જાણવા જેવો છે.

આમ તો તુકારામ મહારાજના ઘરની આર્થિક સ્થિતિ સારી તો નહોતી. જિજાઈ પાસે પણ સાજાંસમાં પૂરતાં વસ્ત્ર નહોતાં. કયું લૂગડું પહેરવું એની જ એને ચિંતા રોજ થતી.

આવી દશામાં પણ એક વાર સંત તુકારામ ઘર બહાર બેઠા બેઠા ભજન કરતા હતા. તે વખતે એક ગરીબ હરિજન બાઈ ભીખ માગતી કરગરતી ત્યાં આવીને ઊભી.

તે બાઈની સાડી સાવ ચીંથરેહાલ હતી. એ જોઇને સંતનું હૃદય દયાથી ભીનું થઈ ગયું. બહાર જિજાઈની એક સાડી સુકાવા નાખી હતી. તુકારામ મહારાજનું ધ્યાન એ ઉપર પડ્યું. તેમણે તરત જ એ સાડી પેલી બાપડીને આપી દીધી !

## ‘પરસ્ત્રી જેને માત રે’

સંત તુકારામ ભજનકીર્તન દ્વારા પણ લોકોને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરતા હતા. ‘પરસ્ત્રી જેને માત રે’ એ વૈષ્ણવજનનું લક્ષણ પણ સંત તુકારારના જીવન સાથે ઓતપ્રોત હતું. તેમણે એક અભંગમાં ગાયું છે :

‘पराविया नारी माउलीसमान ।
मानिलिया धन काय वेचे ॥

—પારકી સ્ત્રીને માતા સમાન માનતાં શું તમારું ઓછું થઈ જશે? એટલે કે શું તમે દરિદ્ર બની જશો ?

અને ખરેખર સંત તુકારામને એવા એક કપરા પ્રસંગમાંથી પસાર થવું પડ્યું હતું.

એક વાર એક જુવાન સ્ત્રી મોહવશ થઈ સંત તુકારામ પાસે આવી. એ કામાસક્ત બાઈનું અવિચારી વર્તન જોઈને સંત તુકારામે દુ:ખી અવાજે તેને કહ્યું :

‘માઈ, મારે મન તું મારી માતા સમાન છે. તારું આવું અનીતિમય વર્તન તને જરાયે શોભતું નથી. ભગવાને તને જે રૂપ આપ્યું છે તે શું બીજાને આમ ખોટે માર્ગે લઈ જવા માટે ? માઈ, તારા આ સુંદર શરીરનું અભિમાન વાસરી જઇ શ્રીવિટ્ઠલની ભક્તિ કરીશ, તો આ સુંદર દેહ વધુ સારી રીતે દીપી ઊઠશે’!

સંત તુકારામનાં આવાં બોધવચનો સાંભળીને પેલી બાઈની આંખ ઊઘડી ગઈ. તે ખૂબ શરમાઈ ગઈ. તે સંતને પગે પડીને માફી માગવા લાગી. પછી તે સન્માર્ગે વળી ગઈ.

## શિવાજી મહારાજનું નજરાણું પાછું મોકલ્યું

લોકોમાં સંત તુકારામની કીર્તિ દિવસે દિવસે વધતી જતી હતી. શિવાજી મહારાજે સંત તુકારામની સાધુત્વની ખ્યાતિ સાંભળી. શિવાજી મહારાજને સાધુ-સંતો પ્રત્યે ખૂબ ભક્તિભાવ હતો. શિવાજી મહારાજે પોતાના દીવાન સાથે નજરાણું, પોશાક, પાલખી, છત્રી, ઘોડા વગેરે મોકલાવ્યું અને ઘણા સન્માનથી સંત તુકારામને ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું.

પરંતુ સંત તુકારામે તેમાંથી એક પણ વસ્તુ લીધી નહિ. તે બધું પાછું મોકલ્યું. શિવાજી મહારાજ પાસે ન જતાં તુકારામે પરમેશ્વરને અભંગમાં પ્રાર્થના કરી :

'મશાલ, છત્રી, ઘોડા એ બધું માન એ કાંઈ સારું કરનારી વસ્તુઓ નથી; એમાં કલ્યાણ નથી. પ્રભુ, તું મને આમાં કેમ ગૂંચવે છે? માન, દંભ આ બધી ચેષ્ટા કુક્કરની વિષ્ટા જેવી છે. પ્રભુ, મને આમાંથી છોડાવવા દોડીને આવ!'

દીવાન સાથે છત્રપતિ શિવાજી મહારાજને સંદેશો અને ઉપદેશ આપ્યો :

'તમે અમારે માટે આ શું મોકલ્યું ? અમને પરમાત્મા સિવાય બીજા કશાની જરૂર નથી. અમને પથરા આપીને તેના બદલામાં અમારો પારસમણિ લેવાની તમારી ઉદારતા અમે સમજ્યા. જીવ—પ્રાણ આપવો પડે તોયે મારા વચનમાં ફેરબદલી થશે નહિ. ધન અને ગોમાંસ અમને સમાન છે.'

બીજા એક અભંગમાં સંત તુકારામે ઉપદેશ આપ્યો :

'તમે રાજા છો. પણ અમને રાજા અને કીડી બંને સરખાં છે. કારણ કે અમારા ચિત્તમાંથી મોહ અને આશા નીકળી ગયાં છે. મોહ અને આશા એ કળિકાળનો ફાંસો છે. સોનું અને માટી અમને સમાન છે.

'અમારી પાસે ધન શા માટે મોકલ્યું ? અમારે ઘેર કોઈ પણ ચીજની ઊણપ નથી. અમારા ઘરમાં આખું વૈકુંઠ ભરેલું છે.

'રાજગૃહમાં માનની આશાએ આવવું; પણ એવી આશા અમને નથી. અમે તમારી પાસે એક જ અપેક્ષા રાખીએ છીએ. પરમેશ્વરનું નામસ્મરણ કરો અને સદ્ધર્મથી ચાલો.'

આવો સંદેશો છત્રપતિ શિવાજી મહારાજને મળતાં સંત તુકારામ પ્રત્યેના પૂજ્યભાવમાં વધારો થયો.

એકલો રહેતો સંન્યાસી કે જંગલમાં રહેનારો એકાકી માણસ આવું બધું ન સ્વીકારે; તેનો ત્યાગ કરે એમાં કંઈ વિશેષતા રહેલી નથી. પરંતુ તુકારામ જેવા જેને સ્ત્રીપુત્રાદિ પરિવાર છે અને જેના ઘરમાં ગરીબી છે તે સન્માનપૂર્વક ઘેર

ચાલી આવેલા રાજદ્રવ્યનો—સત્કારનો સ્વીકાર ન કરે, એ ખરેખર નાની સૂની વાત ન કહેવાય. સંત તુકારામના હૃદયમાં ઈશ્વરભક્તિને લીધે કેટલો દિવ્ય સંતોષ ભરેલો હતો ને આ પ્રસંગ પરથી સ્પષ્ટ સમજાય છે.

### મહાપ્રયાણ

નામસ્મરણ, ઈશ્વરનિષ્ઠા, પરમાત્મા વિશે ઉત્કટ વ્યાકુળતા, સત્યપરાયણતા ઇત્યાદિ આધ્યાત્મિક સાધનોથી છેવટે સંત તુકારામ ઉચ્ચ અવસ્થાને પામ્યા. તેમનું ચિત્ત પ્રસન્ન થઈ ગાઈ ઊઠયું :

'સર્વ જગત ઉજ્જવળ થયું. હવે અંધારું ક્યાંય રહ્યું નથી. હવે છુપાઇ જવા માટે જગ્યા જ રહી નથી. અંધારું જ નથી તો પછી સંતાવાનું ક્યાં?

'સર્વત્ર પરમાત્મા જ ભરેલો છે—બધે જ તેનો પ્રગટ પસારો છે, વિસ્તાર છે.

'સત્યનો સતત વધનારો દિવસ આવ્યો, હવે રાત્રિ આવવાની જ નથી. જ્ઞાનના દિવસે રાત્રિ ક્યાં? જ્ઞાનનો દિવસ એટલો વધ્યો કે શબ્દોથી તે વર્ણવી શકાતો નથી.

'જીવને સમર્પીને પ્રમુખ એવા જે પરમાત્મા છે તેની સાથે મેળાપ થયો—તેનું દર્શન થયું— તેનું જ્ઞાન થયું. હવે જગદાકાર ધવળ—ઉજ્જવળ થયો અને અંધારું રહ્યું જ નહિ.'

બીજા એક અભંગમાં સંત તુકારામ પ્રભુ સાથેની પોતાની અભેદ અવસ્થા વર્ણવતાં કહે છે :

'લવણ—મીઠું પાણીમાં ભળી ગયું. હવે જુદું શું રહ્યું? તેમ હે પ્રભો, હું તારી સાથે સમરસ થઈ ગયો. તારામાં હું સમાઈ ગયો; લોપ પામ્યો; લય પામ્યો.

'અગ્નિ અને કપૂર એ બંનેનો સંયોગ થયા પછી તેની પાછળ કાજળ શાનું રહે? તેમ હું તારામાં લય પામ્યો, સમરસ થયો.

'પ્રભો, તારી મારી એક જ્યોત થઈ હવે જુદાપણું ક્યાં રહ્યું?'

આવા પ્રકારની સંત તુકારામની સ્થિતિ થયા પછી તેમને ધન્યતા લાગવા માંડી.

પછી ધીમે ધીમે સંત તુકારામને લાગવા માંડયું કે, 'હવે હું વૃદ્ધ થઇ ગયો. આ જીવનનું મારું કાર્ય હવે પૂરું થવા આવ્યું.'

એક દિવસે સંત તુકારામે ભક્તજનોને ભેગા કર્યા અને છેવટના અભંગો સંભળાવી કહ્યું: 'હવે હું મારે ગામ જાઉં છું. મારા રામ રામ સ્વીકારો.'

એમ સૌની વિદાય લઈને ઈ. સ. ૧૬૫૦ના અરસામાં સંત તુકારામે શ્રીવિઠ્ઠલનું નામ જપતાં જપતાં સમાધિ લીધી.

આમ, મહારાષ્ટ્રના એક મોટા સંત તુકારામ મહારાજે પોતાની જીવનલીલા પૂરી કરી. પરંતુ એમના અભંગો જ્યાં સુધી મરાઠી ભાષા જીવતી રહેશે ત્યાં સુધી ગવાતા રહેશે.

---